
# પવિત્ર આત્મા વિષે વિચાર



તૈયાર કરનાર

રેવ. ડૉ. જી. કે. સત્વેદી

પ્રિન્સિપાલ, બાઈબલ ટીચર્સ ટ્રેઈનીંગ સ્કૂલ, વલસાડ

CC
PBGP2

# પવિત્ર આત્મા વિષે વિચાર
# [THOUGHTS ON THE HOLY SPIRIT]

તૈયાર કરનાર
રેવ. ડૉ. જી. કે. સત્વેદી
*પ્રિન્સિપાલ, બાઈબલ ટીચર્સ ટ્રેઈનીંગ સ્કૂલ, વલસાડ*

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

પ્રકાશક :
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવા સદન, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.

- **પવિત્ર આત્મા વિષે વિચાર**

- પ્રકાશક :
  **ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**
  સાહિત્ય સેવા સદન, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
  ફોન : ૬૪૪૫૨૮૧

- તૈયાર કરનાર :
  **રેવ. ડૉ. જી. કે. સત્વેદી**
  (પ્રિન્સિપાલ, બાઈબલ ટીચર્સ ટ્રેઈનીંગ સ્કૂલ, વલસાડ)

- પ્રથમ આવૃત્તિ : ૧૯૪૮ પ્રત : ૧૦૦૦
  છાપનાર અને પ્રસિધ્ધ કરનાર :
  રેવ. જે. બ્રોલી, મિશન પ્રેસ, સૂરત.
  બીજી આવૃત્તિ : ૨૦૦૨ પ્રત : ૧૦૦૦

- કિંમત રૂા. : ૫૦/-

- મુદ્રક : નોએલ પ્રિન્ટીંગ પ્રેસ,
  જમાલપુર, અમદાવાદ.

# બે બોલ...

બાઈબલ ત્રિએક ઈશ્વર વિશેની સ્પષ્ટ અને ઊંડી સમજ આપે છે. ત્રિએક ઈશ્વરમાં કોઈનું સ્થાન ઉતરતુ નથી.

પવિત્ર આત્મા ઉત્પત્તિ અગાઉથી અસ્તિત્વ ધરાવે છે, પરંતુ પવિત્ર આત્માનું મૂલ્ય જાણતા કે અજાણતા આજે ઓછું અંકાય છે. જે દુઃખદ છે. પવિત્ર આત્મા વિશે પ્રર્વતતી સમજ પણ બધી જ સાચી નથી. પવિત્ર આત્મા વિશે અનેક મતો પ્રવર્તે છે. જેમાંથી ઘણો દુર્મત પ્રર્વતે છે. એવામાં પવિત્ર આત્મા વિશેની સાચી સમજ પવિત્ર આત્મા પોતે જ આપી શકે, બાઈબલ પણ આપી શકે અને ત્યારબાદ પ્રભુના કેટલાંક સેવકો-સેવિકાઓએ પવિત્ર આત્મા વિશે સાચી સમજ ફેલાવવાનો પ્રયત્ન કર્યો છે અને કરી રહ્યા છે આવા પ્રભુના સેવકો-સેવિકાઓના માટે પ્રભુનો આભાર માનીએ.

પવિત્ર આત્મા અસ્પૃશ્ય વિષય નથી. પ્રભુની સનાતન વ્યવસ્થામાં આપણને મળેલી અદ્ભુત ભેટ છે. જે આપણી સાથે છે અને મદદ કરે છે. જો કે પવિત્ર આત્માનું જીવન અને કાર્ય ખૂબ વિસ્તૃત છે.

તેથી આજના વર્તમાન સમયમાં અને પરિસ્થિતિમાં મદદરૂપ તથા ઉપયોગી નિવડે એવું આ પુસ્તક સમાજ આગળ ફરીથી મુકતા આનંદ અનુભવીએ છીએ.

રેવ. ડૉ. જી. કે. સત્વેદી સાહેબ એ બાઈબલના ઊંડા અભ્યાસી રહ્યા હતા તેઓએ બ્રધરન મંડળીની બાઈબલ સ્કૂલમાં પ્રિન્સિપાલ અને શિક્ષક તરીકેની ઉમદા સેવા પોતાના સમયકાળ દરમિયાન આપી હતી. તેઓએ સાહિત્ય ક્ષેત્રે મોટી સેવા પણ કરેલી છે. જે તેમના લખાયેલા પુસ્તકો પરથી જોઈ શકાય છે.

આવા પ્રભુના સેવક રેવ. ડૉ. જી. કે. સત્વેદી સાહેબે લખેલા આ પુસ્તકને માટે આપણે તેમના ઋણી છીએ. આ પ્રસંગે મારી આશા તથા પ્રાર્થના છે કે પ્રભુ તેના વાચકોને તેનો આશીર્વાદ આપે તથા પવિત્ર આત્મા વિશેની સાચી સમજમાં દોરે તથા વધુ મજબૂત કરે.

આ પ્રસંગે રેવ. ડૉ. જી. કે. સત્વેદી સાહેબના દીકરા શ્રી વિનુભાઈ સત્વેદી તરફથી આ પુસ્તકના પ્રકાશનના તમામ ખર્ચ પેટે રૂા. ૨૫,૦૦૦/- મળ્યા છે, માટે તેમનો તથા પરિવારનો ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી તરફથી આભાર માનું છું. પ્રભુ તમને તેની પુષ્કળ આશીષ આપે એ જ પ્રાર્થના છે.

રેવ. હેમંતકુમાર જે. પરમાર
સેક્રેટરી

In loving memory of our beloved Father & Mother

**LATE REV. Dr. G. K. SATVEDI**
**D.D. (U.S.A.)**

**LATE MRS. KANKUBAI G. SATVEDI**



## રેવ. ડૉ. જી. કે. સત્વેદી

સંસ્થાએ રેવ. ડૉ. જી. કે. સત્વેદી, અમારા માનનીય પિતાજીનું આ પૂસ્તક ફરી એકવાર - જે તે હાલતમાં જ પ્રસિદ્ધ કરી ગુજરાતની ખ્રિસ્તી પ્રજા સમક્ષ રજુ કરવાનો જે નિર્ણય લીધો તે બદલ અમે સત્વેદી પરિવાર વતી સંસ્થાનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

From :

**MR. & MRS. VINUBHAI G. SATVEDI**
A-1, Satvedi Apts., Mission Colony,
Valsad-396 001.
Phone : 02632-41092

# પ્રસ્તાવના

જે ચાર જુદાં જુદાં પુસ્તકો રેવ. જી. કે. સત્વેદીએ અત્યાર સુધી લખીને પ્રસિદ્ધ કર્યાં છે, તે ચારે પુસ્તક ખ્રિસ્તી મંડળીના પાળકો તથા ઉપદેશકોને વિશેષ ઉપયોગી થઈ પડે એવાં છે, પણ હાલ તેમણે એક પાંચમું પુસ્તક તૈયાર કર્યું છે, કે જે સમસ્ત મંડળીનાં સર્વ ભાઈબહેનોના કામમાં આવે એવું છે. તે ઘણી અગત્યની બાબત સંબંધીનું વિવેચન છે. તે તો પવિત્ર આત્માના સંબંધીનું પુસ્તક છે. ઉત્થાન પામેલા ખ્રિસ્તે પોતાના શિષ્યોને પ્રથમ આપેલું દાન તો પવિત્ર આત્મા છે (યો. ૨૦:૨૦). પવિત્ર આત્માના પ્રતાપથી ખ્રિસ્તી મંડળીનો જન્મ થયો (પ્રે. ૨:૪૧), પવિત્ર આત્માના પ્રતાપથી મંડળી જીવે છે (યો. ૧૫:૧૬,૨૭). પવિત્ર આત્માથી તે કેળવાય છે (યો. ૧૬:૪). પવિત્ર આત્મા ખ્રિસ્તી મંડળીને સર્વ સત્યમાં દોરી લઈ જાય છે (યો. ૧૬:૧૩). પવિત્ર આત્મા વડે ખ્રિસ્તી મંડળી સામર્થ્યથી બળવાન કરાય છે. (એફે. ૩:૧૬). મંડળીમાં જે જે શુભ ફળ દેખાય છે તે સર્વ પવિત્ર આત્માનું જ ફળ છે. (ગલા. ૫:૨૨). આવી જુદી જુદી રીતે ખ્રિસ્તી મંડળીની સંસ્થાપના તથા ઉન્નતિનો આધાર પવિત્ર આત્માના સાન્નિધ્ય તથા તેમના પરાક્રમ પર રહેલો છે. પ્રભુ ઈસુનું સ્વર્ગારોહણ થયા બાદ તેમના સહવાસમાં તથા તેમની સંગતમાં શિષ્યોએ જે થોડો સમય ગાળ્યો હતો, તે સમય જ્યારે તેઓના ધ્યાનમાં આવ્યો, ત્યારે "ઈમાનુએલ" - દેવ આપણી સાથે - એવા નામથી તેઓએ તેમને સંબોધ્યા. તે જ રીતે પવિત્ર આત્મા આપણો ઈમાનુએલ છે. તેના દ્વારા દેવ આપણી સાથે છે. તેથી તેમને ઓળખવાની તથા દિનપ્રતિદિન તેમના વિષેના જ્ઞાનમાં આગળ વધવાની આપણામાંનાં દરેકની ફરજ છે. આ પુસ્તક એવું આત્મિક જ્ઞાન પ્રાપ્ત કરવાનું એક કિંમતી સાધન છે. તેમાં શાસ્ત્રના પ્રથમ પૃષ્ઠથી માંડીને પવિત્ર આત્માની જુદી જુદી પ્રવૃત્તિઓનું વિસ્તૃત વર્ણન કરેલું છે. પરંતુ તે એક ખાલી પાઠ્યપુસ્તક નથી. તે તો અનુભવસિદ્ધ આત્મિક શિક્ષણથી ભરપૂર છે. આખું પુસ્તક બોધદાયક છે, પણ તેનો છેલ્લો વિભાગ વિશેષ અસરકારક છે. તેનાં જુદાં જુદાં પ્રકરણોનું ગાંભીર્યપૂર્વક અને ઘૂંટણે પડીને આપણે અધ્યયન કરવું ઘટારત છે.

G. W.

# આભાર દર્શન

*જળ વિહોણી માછલી, પ્રાણવિહોણો દેહ,*
*એ જ ગતિ માનવતણી, વિણ સંબોધક જેહ.*

જેના વગર જીવન કે જીવનની કોઈ પ્રવૃત્તિ સંભવિત નથી, જે ખ્રિસ્તી મંડળીનો ને ખ્રિસ્તીમાત્રનો પ્રાણ અને આધાર છે, જેના વગર નથી સમજાતી કે અમલમાં મૂકાતી ઈશ્વરેચ્છા, યા નથી દૂર થતી દુર્દશા; એવા સર્વસમર્થ ઈશ્વરી દાનને જાણવા અને પામવા કોણ આતુર ન હોય!

યાદ રાખીએ કે એ વિદ્વાનોનો વારસો નથી કે સંતોનો ઈજારો નથી. એ દ્રવ્યથી ખરીદાતો નથી કે પુણ્યવિધિથી પામી શકાતો નથી; એ તો જે કોઈ પ્રભુ ઈસુને પોતાના તારનાર તરીકે સ્વીકારે છે, તેને ઈશ્વરપિતા તરફથી કેવળ દાન તરીકે જ મળે છે.

માનવપણામાં જે પવિત્ર આત્માથી પ્રભુ ઈસુ ઐશ્વર્યવાન હતા, તે જ પવિત્ર આત્મા પ્રત્યેક વિશ્વાસ કરારને ઈશ્વરે મદદગાર તરીકે આપ્યો છે. કેવી ધન્યતા! એ આપણા જ હિતાર્થે ચોવીસે કલાક આપણી સાથે રહે છે, તેમ છતાં આપણે તેનો કેટલો થોડો લાભ લઈએ છીએ! આ પ્રકરણોમાં પ્રાપ્ત થયેલા ખપજોગા ખ્યાલ માટે ઈશ્વરપિતાનો આભાર માનું છું, અને આશા રાખું છું, કે પ્રત્યેક અભ્યાસકને એ કોઈ પણ રીતે મદદરૂપ નીવડશે.

આ વિષયની પ્રથમ નોંધ અને છેલ્લો હસ્તલેખ તપાસી જોવા તથા પ્રસ્તાવના લખવા માટે ડૉ. જ્યોર્જ વિલ્સન સાહેબને મેં ખૂબ તસ્દી આપી છે. એ પછી ડૉ. જે. એમ. બ્લાઉ અને ડૉ. ડબલ્યુ. જી. મલ્લિગન સાહેબોને પણ ઓછી તસ્દી આપી નથી. હા, રેવ. ડબલ્યુ. જે. હાન્ના અને ડૉ. જે. એમ. લાઈલ સાહેબોને પણ! આ સર્વ સંતોએ ભારે કામમાં રોકાએલા છતાંયે લેખ તપાસીને ઘટતી સૂચના આપી પ્રકાશનને ઉત્તેજન આપ્યું છે, એ માટે આ સર્વનો હું ઋણી અને આભારી છું.

આ પ્રકાશનનો ઝાંખો વિચારમાત્ર જાણતાં મિ. પ્રભાકર એલીશાએ લાગલો ૧૫૦ નકલોનો ઓર્ડર મોકલી પ્રકાશનનો પાયો નાખ્યો. પણ મોંઘા ભાવને લીધે મને ઢીલ કરતો જોઈને પ્રેસ મેનેજર મિ. ગામડિયાએ કહ્યું, કે તમારા પુસ્તકના તો મને ઓર્ડર અને પૈસા પણ મળવા લાગ્યા છે. વળી રેવ. સિદ્ધરાજભાઈ, રેવ. ઈશ્વરદાસ, ડૉ. પ્લેજર, રેવ. ખોડાભાઈ, રેવ. જોવિયલ, મિ. શાંતરાય, મિ. બકુલ, મિ. ત્રિ. એ. ખ્રિસ્તી વગેરેએ સારા ઓર્ડરો મોકલ્યા. આ સર્વ ઉત્તેજન માટે હું સૌનો મોટો આભાર માનતાં આ મારો પ્રયત્ન પ્રભુનાં પાત્રોની સેવામાં રજૂ કરી કૃતાર્થ થાઉં છું.

તા. ૪-૮-૧૯૪૮ **જી. કે. સત્વેદી**

# પવિત્ર આત્મા વિષે વિચાર

## પ્રકરણ ૧

## જગતમાં મનાતું આત્માઓનું સ્થાન

જગતમાં આત્માઓ વિષે તરેહ તરેહની માન્યતાઓ ચાલી આવે છે. સૃષ્ટિના કર્તાહર્તા ઈશ્વર છે, એવું જગતે સામાન્ય રીતે સ્વીકારેલું છે જ; તેમ છતાં તે સિવાય તેનાથી કે તેના વગર પણ હયાતી ભોગવતા એવા બીજા આત્માઓનું સ્થાન પણ માનવામાં આવ્યું છે. આ આત્માઓમાંના કેટલાક સારા છે અને કેટલાક ભૂંડા છે એવું માનીને તેમને બે વર્ગ ગણ્યા છે. માણસજાતની સાથે આ બેઉ વર્ગનો ગાઢો સંબંધ માનેલો છે, એ માટે આ આત્માઓના વિષય ઉપર ઉપલક દૃષ્ટિ ફેંકીને આપણે આપણા પ્રસ્તુત વિષય પર આવીશું.

### ૧. હેબ્રીઓના ઈતિહાસ પરથી આત્માઓ બાબતે મળતો પ્રકાશ.

લખેલું છે કે શાઉલ રાજા પાસેથી ઈશ્વરનો આત્મા જતો રહ્યો અને તેને ઠેકાણે એક દુષ્ટ આત્મા તેને પજવવા લાગ્યો (૧ શમૂ. ૧૬:૧૪). એ જ શાઉલે· એક ભૂતવૈદ સ્ત્રી પાસે જઈને તેના સાધેલા ભૂતની મદદ માગી (૧ શમૂ. ૨૮). આ વાતોમાં આપણે ઈશ્વરના આત્મા તથા ભૂત કે ભૂંડા આત્માની વાત વાંચીએ છીએ.

યહૂદીઓના નિયમશાસ્ત્રમાં ઈશ્વરનો મનાઈ હુકમ છતાંયે તેઓની વસતિમાં જાદુગરો અને ભૂતવૈદોનો વાસો હતો. તેઓ શેતાનના આત્માને ભિન્ન ભિન્ન નામે સંબોધતા, મોકારતા અને પૂજતા. તેઓની મારફતે કંઈ કંઈ કામો પણ કરાવી લેતા (૧ શમૂ. ૨૮:૮, પ્રે. કૃ. ૧૬:૧૬). બલકે શેતાનના પૂજારીઓ અને સેવકોને બઆલઝબૂબ આદિ દુષ્ટાત્માનો ઉપયોગ કરતા આપણે જોઈએ છીએ.

યહૂદીઓ જ્યારે ઈશ્વરના આત્મા વિષે બોલતા, ત્યારે ઈશ્વરથી કોઈ અલાયદા આત્મા વિષે તેઓ બોલતા હોય એવું આપણે જોતા નથી. ઈશ્વરનો આત્મા એટલે ઈશ્વર જ એવી તેમની સમજ હતી.

નવા કરારમાં આત્માનું જુદું વ્યક્તિત્વ પ્રકાશમાં આવ્યું અને ઈશ્વર ત્રિએક દેવ સમજાવા લાગ્યો, ત્યારે પણ પિતા, પુત્ર અને પવિત્ર આત્મામાં ગુણકર્મ અને

લક્ષણો કે ધ્યેય, બ્રહ્મા, વિષ્ણુ અને શિવની જેમ એક બીજાથી ભિન્ન નહિ, પણ એક જ માલૂમ પડ્યાં છે. ત્રણ જુદી જુદી પ્રકૃતિવાળી વ્યક્તિઓ નહિ; પરંતુ ત્રણ છતાં એકમેકમાં સંયુક્ત એવી એક જ વ્યક્તિ માલૂમ પડે છે.

સૃષ્ટિની વ્યવસ્થામાં અને માનવોદ્ધારના કાર્યમાં ઈશ્વરનો આત્મા કે શ્વાસ અને શબ્દ કાર્યકર્તા દેખાય છે, પરંતુ જેમ કોઈ વ્યક્તિનો શ્વાસ અને શબ્દ તેના વ્યક્તિત્વથી ભિન્ન નથી, તેમજ ઈશ્વરના આત્મા અને શબ્દ સંબંધીની વાત પણ છે, મતલબ કે સૃષ્ટિમાં કામ કરતો પવિત્ર આત્મા તે ઈશ્વરનો હરીફ કે મિત્ર જેવો કોઈ અલાયદો દેવ નથી.

વળી ઉપર જે દુષ્ટ આત્મા વિષે લખ્યું, તે પણ ઈશ્વરના હરીફ જેવો કોઈ અનાદિ આત્મા નથી. એ આત્મા પણ ઈશ્વરસૃષ્ટ આત્મા છે અને તેની પોતાની સ્વતંત્ર બુદ્ધિને યોગે ગર્વ કરીને તે સત્યમાં સ્થિર રહ્યો નહિ, એથી ઈશ્વરે તેને વટલેલા તરીકે પોતાની હજૂરમાંથી દૂર કર્યો અને તેના પર સાર્વકાળિક શાસન ઠરાવ્યું (યો. ૮:૪૪. હઝ. ૨૮:૧-૧૯). આથી તે ઈશ્વરના કામમાં ગુપ્ત રીતે બગાડો કરતો ફરે છે (મા. ૧૩:૨૫). તોપણ તેનું આ કૃત્ય કંઈ ચિરસ્થાયી નથી. ઠરેલા કાળે તેને સાર્વકાળિક શિક્ષા અપાશે (મા. ૨૫:૪૧). આ પરથી સમજી શકાશે, કે ઈશ્વર સિવાય બીજો કોઈ અનાદિ અનંત આત્મા છે જ નહિ.

## ૨. જગતમાં સામાન્ય રીતે આત્મા વિષે રખાતી સમજ.

જગતમાં એવું પણ મનાતું આવ્યું છે કે ઈશ્વર સિવાયના બીજા પણ અનેક આત્માઓ છે. તેઓમાંના જે ભૂંડા તેઓને ભૂત કહેવામાં આવે છે. માણસો તેમનાથી ડરે છે અને તેમને રાજી રાખવા પ્રયત્ન કરે છે. તેમને પક્ષમાં લઈને કે તેમના પક્ષમાં રહીને તેમની મારફતે કંઈ કંઈ લાભો પણ ઉઠાવે છે.

અંગ્રેજી સાહિત્યમાં આત્માને માટે Spirit કે Ghost શબ્દો વાપરવામાં આવે છે. એનો સાધારણ અર્થ પ્રાણ કે જીવ થાય છે. જેમ કે He gave up his ghost એટલે કે તેણે પોતાનો પ્રાણ છોડ્યો (ઉત્પ. ૨૫:૮. યો. ૧૯:૩૦).

આ સિવાય Ghostનો એક બીજો અર્થ પણ પ્રચલિત છે એટલે કે ભૂત યા આભાસ. જેમ કે They supposed that it was a ghost તેઓએ ધાર્યું કે એ તો ભૂત-આભાસ છે (માર્ક ૬:૪૯).

એજ કારણથી મનાએલા એવા આત્માઓથી ઈશ્વરના આત્માને જુદો પાડવા સારું તેને Holy Ghost કે પવિત્ર આત્મા કહેવામાં આવે છે અને તે વળી વ્યક્તિવાચક નામ છે.

### ૩. હિંદુઓમાં આત્મા બાબતની માન્યતા.

તેઓ એવું માને છે કે જે આત્માઓ સદ્‌ગતિ પામતા નથી કે અમુક યોનિમાં યા પ્રકૃતિમાં જન્માંતર કે સ્થિત્યાંતર પામતા નથી તેઓ અહીંતહીં રખડતા ફરે છે તેઓ ભૂત કહેવાય છે. એવા આત્માઓની તેઓના અધિકારી આત્મા (બઆલઝબૂબ કે બાબરોભૂત કે એવાં જ બીજાં નામે ઓળખાતા)ની મારફતે તેઓના પૂજારીઓ તેમને કબજે કરે છે કે હાંકી કાઢે છે.

ગીતામાં ભૂતોનું સ્થાન સ્વીકારેલું છે એટલું જ નહિ પણ તેઓને દેવની પંક્તિમાં ગણેલા છે. જ્ઞાનયોગ નામે અધ્યાય ૭માામાં કૃષ્ણને નામે કહેવાયું છે કે સત્વ, રજ અને તમસ એ ત્રણે ગુણો મારી (કૃષ્ણની) પ્રકૃતિ છે. આમાંની જે પ્રકૃતિ જે માણસમાં પ્રધાનપદ ભોગવે, તે માણસ તેવી પ્રકૃતિવાળા દેવના ભજે. તામસી પ્રકૃતિવાળા ભૂતોને ભજે છે, તે ભૂતોમાં પણ આત્મારૂપે હું જ રહેલો છું અને તેમના ભજનારાઓને હું તેમ કરવાની શક્તિ આપું છું (અ. ૯:૨૫). આ મત પરથી જોઈ શકીશું કે ભૂતો પણ દેવો ગણાય છે, અને તે અન્ય પ્રાણીઓની પેઠે વ્યક્ત થયેલા આત્માઓ છે. એ ભૂંડા આત્માઓ કે ભૂતો કહેવાય છે.

### ૪. ઈસ્લામમાં અન્ય આત્માઓનું સ્થાન.

ઈસ્લામમાં મનાયું છે કે સર્વસમર્થ અલ્લાહ સિવાય દૂતો છે અને દૂતો તથા માણસોની વચ્ચે દૂતોથી ઊતરતા એવા કેટલાએક આત્માઓ પણ છે. તેઓ 'જીન' કહેવાય છે. તેઓ આત્માઓ છતાં માણસોની જેમ વ્યવહાર રાખી શકે છે. મતલબ કે કૌટુંબિક જીવન પણ ગાળી શકે છે. એ સિવાય શેતાન અને તેના સાથી આત્માઓ પણ છે. તે ભૂંડા આત્માઓ કહેવાય છે. તેઓમાં અને જીનમાં ફેર એટલો જ છે કે જીન પવિત્ર છે અને આ ભૂંડા છે. તેમજ તે જીનોની પેઠે વ્યવહારમાં લપટાતા નથી.

કુરાનમાં ૭૨મો અધ્યાય જીનો સંબંધીનો છે. જો કોઈ આ જીનોને પોતાના કરી લેવા કે સાધી લેવા ચાહે, તો તેણે ૪૦ દિવસ સુધી રોજ ૪૦ વખત આ અધ્યાય વાંચવો. આથી જીનો કબજો થશે અને ધારેલે વખતે ઇચ્છેલું કામ કરી આપશે.

### ૫. પારસી ધર્મમાં આત્માઓ વિષેની માન્યતા.

સૃષ્ટિમાં સર્વશ્રેષ્ઠ દેવ તે અહુરમજદ કે ઈશ્વર છે. તેમ છતાં એ ઉપરાંત સર્વત્ર અને સર્વમાં બે પ્રકારની **'મીનોઈ'** (આત્મિક વલણ કે શક્તિ) પણ કામ કરી રહી છે. સર્વ સારાપણાના ઉત્પન્ન અને સ્થાપન અર્થે **સ્પેન્ત મઈન્યું** કે

પવિત્ર આત્મા કામ કરે છે, અને બીજા પ્રકારની મીનોઈ તે **અંગ્રમઇન્યુ** કે દુષ્ટાત્મા કહેવાય છે. તે સર્વ દુરાચાર અને દુઃખને લગતું કામ કરે છે. પ્રત્યેક માણસ પોતપોતાની પસંદગી પ્રમાણે ગમે તે મીનોઈને આધીન થાય છે.

એ સિવાય 'ફરોહરો' નામે એક મીનોઈ પણ છે. તે માણસોના આત્મિક મદદગારો કહેવાય છે. જે માણસ વિનંતી કરે તેને છોડાવવા કે મદદ કરવા સારુ તેઓ હંમેશા તત્પર રહેનારા પવિત્ર આત્માઓ છે (જરથોસ્તી ધર્મમત પ્રકરણ ૫મું ને ૧૯મું).

## ૬. નવા કરારમાં ભૂત કે અશુદ્ધ આત્માને લગતી વાતો.

હિંદની માફક પાલેસ્તાઇન દેશમાં પણ નવા કરારના જમાનામાં ભૂત-વળગાડની વાતો બહુ જ સાધારણ હતી, તે આપણે નવા કરાર પરથી જોઈ શકીએ છીએ.

૧. **ઘણાખરા મંદવાડને ભૂતનો વળગાડ માનવામાં આવતો.** મા. ૧૭:૧૫માં જેને ફેફરાનું દરદ કહે છે તેના માર્ક ૯:૧૭માં મૂંગા આત્માનો વળગાડ દર્શાવ્યો છે.

લૂક. ૧૩:૧૬માં કુબડી સ્ત્રીને મંદવાડનો આત્મા વળગ્યો હતો એવું બતાવ્યું છે.

માથ્થી. ૧૨:૨૨માં આંધળા અને મૂંગાને ભૂત વળગેલો હતો એમ કહેવાયું છે.

આ વાત તો સ્પષ્ટ અને સિદ્ધ છે કે હરેક મંદવાડ, રોગ ને મરણ શેતાનથી પેઠાં છે, એટલે એ એક પ્રકારનો સીધો કે આડકતરો અશુદ્ધ આત્માનો વળગાડ તો છે જ, પરંતુ 'ભૂત વળગ્યો' એમાં ને આમાં ફેર છે.

૨. **કેટલાક ભૂત વળગેલાના મોંથી પ્રભુ ઈસુ વિષેનો મર્મ ખોલાયો છે —** જેમ કે અરે ઈસુ નાઝારી, દેવના દીકરા, તારે અને અમારે શું છે? શું તું સમય અગાઉ અમારો નાશ કરવાને આવ્યો છે? તું કાણ છે એ અમે જાણીએ છીએ, એટલે કે દેવનો પવિત્ર વગેરે, (માર્ક ૧:૧૩-૨૮, ૫:૨-૨૦, પ્રે. ૧૬:૧૬). પ્રભુ ઈસુએ તેઓને ધમકાવ્યા, ચૂપ રાખ્યા અને કાઢ્યા. ભૂતવળગાડમાં નહિ માનનારા વિદ્વાનો આવા બનાવોને ગાંડપણના દાખલા તરીકે ઓળખાવે છે. ગાંડો માણસ આવા મર્મો બોલે એ એક સમસ્યા છે.

૩. **પ્રભુ ઈસુએ ભૂતો કાઢ્યાં.** પ્રાર્થના અને ઉપવાસ વિના એ જાત નીકળતી નથી (મા. ૧૬:૪૧). અશુદ્ધ આત્મા માણસમાંથી નીકળ્યા પછી ... વિસામો શોધતો ફરે છે ... પણ જેમાંથી તે નીકળેલો તેને ખાલી જોયાથી પોતા

કરતાં ભૂંડા એવા બીજા સાત આત્માઓને લાવીને તે તેમાં રહે છે (મા. ૧૨:૪૩-૪૬). જો હું દેવના આત્માથી ભૂતોને કાઢું છું, તો દેવનું રાજ્ય તમારી પાસે આવ્યું છે (મા. ૧૨:૨૮). બહેરા મૂંગા આત્મા, હું તને હુકમ કરું છું કે એમાંથી નીકળ અને ફરી તેમાં ન પેસ (માર્ક. ૯:૨૫).

આવા શબ્દપ્રયોગો પરથી ભૂતનો વળગાડ સમજી શકાય, તેમ આવી વાતો દુર્ગુણોનો પણ લાગુ પાડી શકાય. જેમ કે મરિયમ માગદાલેણમાંથી સાત ભૂત કાઢ્યાં હતાં. લખેલું છે કે યહુદામાં શેતાન પેઠો (યોહા. ૧૩:૨૭). પિતરને ચાળવ્યો, પ્રભુ ઈસુને પજવ્યા. કડવા દાણાં વાવવા, બી લઈ જવાં, મન આંધળાં અને કઠણ કરવાં, અજવાળાના દૂતનો વેશ ધારણ કરવો વગેરે તેનાં કામો. એ પરથી સમજી શકાય છે કે તેની યુક્તિઓનો પાર નથી (૨ કો. ૨:૧૧). તે દુર્ગુણોમાં દોરે કે જરૂર પડે તો તેનો કબજો પણ લે. મતલબ કે તે એક વ્યક્તિ તરીકે આ બેઉ પ્રકારનું કામ કરે છે.

યાદ રાખીએ કે ભૂત એટલે લોકો માને છે તેવા અવગતિયા (મરેલાના) આત્મા નહિ, પણ શેતાનના જ દૂતો અને સેવકો છે. તેઓ જે કરવાથી માણસને ડગાવી કે ફસાવી શકાય તે કરે છે. કોઈક મરેલાને નામે કે એમ જ સીધેસીધો કોઈને વળગે, તો તેમાં કંઈ નવાઈ નથી.

એ માટે જ દેવનો પુત્ર પ્રગટ થયો કે શેતાનનાં કામોનો નાશ કરે, અને ખ્રિસ્તનું શરણ લેનારા વિશ્વાસીઓમાં પોતાના પવિત્ર આત્માનો વાસો કરાવી તેને શેતાનથી સર્વ પ્રકારે મુક્ત રાખે. દેવના આ પવિત્ર આત્મા વિષે આપણે આ પ્રકરણોમાં વિચારીશું.

પ્રકરણ ૨

# પવિત્ર આત્માની ઓળખ

## ૧. પવિત્ર આત્માની ઓળખસૂચક વિગત.

(૧) **પવિત્ર આત્માને ઈશ્વરનો શ્વાસ કહેવામાં આવ્યો છે** (અયૂ. ૩૪:૪). સર્વસમર્થનો શ્વાસ મને જીવન આપે છે અને ઈશ્વરના આત્માએ મને બનાવ્યો છે. ખ્રિસ્તી સાહિત્યમાં 'ઈશ્વર' 'દેવ' કે 'યહોવા' એ શબ્દો એકલા ઈશ્વરને જ માટે સામાન્ય વપરાશમાં છે.

(૨) **પવિત્ર આત્મા એ જીવનનો શ્વાસ છે** (ઉત. ૨:૭). યહોવા દેવે તેનાં નસકોરાંમાં જીવનનો શ્વાસ ફૂંક્યો અને માણસ સજીવ પ્રાણી થયું.

(૩) **પવિત્ર આત્મા દેવ પાસેથી નીકળે છે** (યોહા. ૧૫:૨૬). સંબોધક એટલે સત્યનો આત્મા જે બાપની પાસેથી નીકળે છે, તેને હું તમારી પાસે મોકલી દઈશ.

(૪) **પવિત્ર આત્મા અને દેવ એકના એક જ દેખાય છે.** યશા. ૬:૮-૧૦માં બતાવ્યું છે કે મેં **પ્રભુને** એમ કહેતાં સાંભળ્યો કે ... એ જ વાત પ્રે. ૨૮:૨૫-૨૭માં વર્ણવતાં **પવિત્ર આત્માએ** યશાયાની મારફતે કહ્યું કે, એમ દર્શાવાયું છે. એટલે કે દેવે કહ્યું તે પવિત્ર આત્માએ જ કહ્યું; એવું કહેવાથી એકને બીજાથી ભિન્ન ગણવામાં આવતો નથી.

(૫) **પવિત્ર આત્મા એ સત્યનો આત્મા કહેવાય છે** (યો. ૧૫:૨૬, યશા. ૧૨:૨). સત્યનો આત્મા જે ઈશ્વર પિતા પાસેથી નીકળે છે તે ... યહોવાનો આત્મા, સુબુદ્ધિ, સમજ, જ્ઞાન, સલાહ, પરાક્રમ, ભય ... નો આત્મા તેના પર રહેશે. આ સર્વ પવિત્ર આત્માનાં નામો છે. એ ઉપરાંત બીજાં ઘણાં નામો છે.

(૬) **પવિત્ર આત્માને દેવનો તથા ખ્રિસ્તનો આત્મા પણ કહ્યો છે** (રૂ. ૮:૯). જો દેવનો આત્મા તમારામાં વસે છે, તો તમે દૈહિક નથી ... જો કોઈને ખ્રિસ્તનો આત્મા નથી તો તે તેનો નથી. યહોવાનો આત્મા મારા પર છે (યશા. ૬૧:૧). આવી કલમો પરથી દેવ, ખ્રિસ્ત અને પવિત્ર આત્મા એ એકના એક જ સમજાય છે.

(૭) **પવિત્ર આત્મા દેવની ઇચ્છા પ્રમાણે ખ્રિસ્તનું કામ ચલાવનાર છે** (યોહા. ૧૬:૧૩-૧૪) તેને સંબધોક, દિલાસો દેનાર, દોરનાર વગેરે શબ્દોથી પણ ઓળખાવવામાં આવે છે. સંબોધક એટલે પવિત્ર આત્મા જેને બાપ મારે નામે મોકલી દેશે, તે આવશે ત્યારે દેવ પાસેથી સાંભળીને મારા વિષે અને મારી વાત તમને યાદ કરાવશે.

(૮) **પવિત્ર આત્માને પાર્થિવ શરીર નથી** (લૂક. ૨૪:૩૯). પ્રભુ ઈસુએ કહ્યું કે મને માંસ તથા હાડકાં છે તેમ આત્માને હોતાં નથી.

## ૨. પવિત્ર આત્માને લગતી જૂના કરારમાંની નોંધ.

જો કે પવિત્ર આત્મા વિષે ખાસ અને વિશેષ માહિતી નવા કરારમાં મળે છે, તેમ છતાં પ્રાચીન કાળમાં પણ પવિત્ર આત્મા વિષે ઘણું કહેવામાં આવ્યું છે. પવિત્ર શાસ્ત્રની શરૂઆત જ પવિત્ર આત્માની પ્રવૃત્તિથી થાય છે, અને શાસ્ત્રના છેલ્લા પુસ્તકનો છેલ્લો અધ્યાય પવિત્ર આત્માના નોતરાથી મુદ્રાંકિત કરાએલો છે.

જૂના કરારમાં પવિત્ર આત્માને લગતાં સેંકડો વાક્યો છે, પરંતુ એમાં પવિત્ર આત્મા વિષે કશો છૂટક વિચાર કરવામાં આવ્યો નથી. દેવનો આત્મા એમ કહેવાથી કેવળ દેવ વિષે જ ખ્યાલ કરાયેલો છે. કોઈ માણસ ઉપર દેવનો આત્મા આવતો અને એને પરિણામે તે કશો મર્મ પ્રગટ કરતો કે કાંઈ પરાક્રમી કામ કરી શક્તો, તો તેને વિષે કેવળ એટલું જ કહેવાતું કે ઈશ્વરે તેને પ્રેરણા કરી છે કે શક્તિ આપી છે. બલકે આત્માએ કર્યું એમ નહિ, પણ દેવે કર્યું એમ જ સમજી લેવાતું.

સૃષ્ટિ અને શાસ્ત્રની શરૂઆતમાં જ દર્શાવવામાં આવ્યું છે, કે દેવનો આત્મા પાણી પર હાલતો થયો (ઉત. ૧:૨). અર્થાત્ જેમ ગરૂડ પોતાનાં બચ્ચાંના હિતાર્થે તે પર પાંખો ફેલાવીને ઝઝૂમે છે, તેમ પવિત્ર આત્મા સૃષ્ટિની વ્યવસ્થા કરવા સારુ ક્રિયામાન કે તત્પર થયો. પરંતુ તે વિગત પરથી આપણે એટલું જ સમજીએ છીએ, કે સૃષ્ટિની વ્યવસ્થા કરવાનું કામ ઈશ્વરે હાથમાં લીધું. ત્યાં આત્માને આપણે કંઈ છુટક સ્થાન આપતા નથી. દેવે કર્યું, એટલું જ કેવળ સમજીએ છીએ.

ઉપર આપેલી વિગત પરથી આપણે એવું પણ સમજીએ છીએ કે, પવિત્ર આત્મા એ દેવનો આત્મા છે 'મારો જીવ કે મારો આત્મા' એવું બોલવાથી આપણે આપણામાં કોઈ બીજી વ્યક્તિનો ખ્યાલ કરતા નથી. એમ જ દેવના આત્માની બાબતમાં પણ સમજતા આવ્યા છીએ. પવિત્ર આત્માનું કામ દેવના કામ તરીકે અથવા દેવનું કામ પવિત્ર આત્માના કામ તરીકે પ્રગટ થયું છે, તેમ છતાંયે પવિત્ર આત્માના છુટક વ્યક્તિત્વનો ખ્યાલ લેવાય એવી પણ વાતો તો છે જ, જેમ કે -

હેબ્રી અને ગ્રીક ભાષામાં પવિત્ર આત્માને માટે નરજાતિનાં વ્યક્તિદર્શક નામો વપરાયેલાં છે, કે જે પરથી વ્યક્તિત્વનો ખ્યાલ આવે.

તું તારો આત્મા મોકલે છે એટલે તેઓ ઉત્પન્ન થાય છે (ગી. શા. ૧૦૪:૩૦). આ પરથી ઉત્પત્તિના કામને અર્થે જાણે કે એક વ્યક્તિ મોકલાતી હોય એવો ખ્યાલ થાય છે.

તમારા દીકરા દીકરીઓ અને દાસ દાસીઓ પર હું મારો આત્મા રેડી દઈશ (યો. ૨:૨૮-૨૯), એ જોતાં જાણે કંઈક આપી દેવાનું હોય એવી સમજ પડે છે. આવી વાતો પવિત્ર આત્માના વ્યક્તિત્વનો ખ્યાલ આપે છે, પરંતુ જૂના કરારના જમાનામાં દેવપણામાં અન્ય વ્યક્તિની ભાવના હતી જ નહિ. પવિત્ર આત્માને ઈશ્વરની શક્તિરૂપે જ સમજી લેવામાં આવતો.

તેનાં નસકોરાંમાં જીવનનો શ્વાસ ફૂંક્યો. મારો આત્મા માણસોની સાથે સદા વાદ નહિ કરે (ઉત. ૬:૩), કે યહોવાનો આત્મા તેના પર આવ્યો (ન્યા. ૬:૩૪), વગેરે વાંચીને આપણે આત્માના વ્યક્તિત્વનો ખ્યાલ આવતો નથી. કોઈ માણસ કહે કે મારો જીવ ગભરાય છે કે મારો આત્મા દુઃખી છે એ સાંભળીને આપણે તેના પોતાના વ્યક્તિત્વથી તેના આત્માને જુદી વ્યક્તિ સમજતા નથી. એવી જ વાત ઈશ્વરના આત્મા વિષે પણ સમજતા આવ્યા.

## ૩. પવિત્ર આત્મા વિષે પ્રભુ ઈસુએ આપેલી ઓળખ.

પવિત્ર આત્માથી વેષ્ટિત હોઈને જે કામ પ્રભુ ઈસુ કરતો કે જે વાતો કહેતો તેથી લોક છક થઈ જતા. કેટલાકે તેના પર વિશ્વાસ કર્યો અને કેટલાકે તેની વિરુદ્ધ વાંધો ઉઠાવતાં કહ્યું કે એ તો ભૂતોના સરદાર બઆલઝબૂબની મદદથી ભૂતોને કાઢે છે. ત્યારે પ્રભુ ઈસુએ કહ્યું કે હરેક પાપ તથા દુર્ભાષણ માણસને માફ કરાશે, પણ પવિત્ર આત્મા વિરુદ્ધનું દુર્ભાષણ માણસને માફ કરાશે નહિ (મા. ૧૨:૩૧-૩૨). માણસના દીકરાની વિરુદ્ધ જે કોઈ કાંઈ કહેશે તે તેને માફ કરાશે, પણ પવિત્ર આત્માની વિરુદ્ધ જે કોઈ કંઈ કહેશે તે તેને માફ નહિ કરાશે. આ યુગમાં નહિ અને આવનાર યુગમાં પણ નહિ. આ વાક્યોમાં પવિત્ર આત્માના વ્યક્તિત્વ વિષે કેવો સરસ ખ્યાલ છે?

મારું જવું તમને ગુણકારી છે, કેમકે જો-હું જાઉં નહિ તો સંબોધક તમારી પાસે આવે નહિ. તે આવીને જગતને પાપ વિષે, ન્યાયીપણા વિષે, તથા ન્યાય ઠરાવવા વિષે ખાતરી કરી આપશે. એ સત્યનો આત્મા આવશે ત્યારે તે તમને સર્વ સત્યમાં દોરી જશે ... તે પોતાથી નહિ બોલશે, પણ જે કંઈ તે સાંભળશે તે જ તે બોલશે અને જે જે થનાર છે તે તમને કહી દેખાડશે ... તે તમને બધું શીખવશે

અને મેં જે સર્વ કહ્યું છે, તે બધું એ તમારા સ્મરણમાં લાવશે (યો. ૧૬:૭-૧૫, ૧૪:૧૬-૨૬). આવી વાતો વાંચીને કોઈ અજાણ્યો માણસ પણ કહી શકે, કે એ લખાણ કોઈ દિવ્ય વ્યક્તિ બાબતનું છે.

### ૪. પવિત્ર આત્મા વિષે શિષ્યોને થયેલો અનુભવ (પ્રે. ૨:૧-૪, ૧૭-૧૮)

આ કલમો ધ્યાનથી વાંચો. પચાસી પર્વને દહાડે જ્યારે તેઓ પ્રાર્થનામાં તલ્લીન હતા, ત્યારે ભારે આંધીના ઘુઘવાટ જેવો અવાજ આકાશથી એકાએક આવ્યો. આખું ઘર ગાજી રહ્યું અને અગ્નિના જેવી છૂટી છૂટી જીભો તેઓને પડતી દેખાઈ. તેઓમાંના દરેક પર તે બેઠી અને તેઓ સર્વ પવિત્ર આત્માથી ભરપૂર થયા ને આત્માએ આપેલી શક્તિ પ્રમાણે તેઓ અન્ય ભાષાઓ બોલવા લાગ્યા.

આ જોઈને તાજુબી પામેલા લોકસમુદાયને પિતરે ખુલાસો કરી બતાવ્યો, કે એ તો યોએલ પ્રબોધકે કરેલું પવિત્ર આત્મા બાબતનું વચન ઈશ્વરે પૂર્ણ કર્યું છે.

પવિત્ર આત્માએ લોકોને તેઓનાં પાપોની ખાતરી કરી આપી (યો. ૧૬:૮), એથી એ લોકોએ પણ પોતાનાં પાપનો પસ્તાવો કર્યો અને પ્રભુ ઈસુને તારનાર તરીકે સ્વીકારી તેને નામે બાપ્તિસ્મા લીધું અને પાપોની ક્ષમા સાથે પવિત્ર આત્માનું દાન મેળવ્યું. પવિત્ર આત્માએ એ સર્વનું હૃદય એવું તો પલ્ટી નાખ્યું કે સ્વાર્થ અને મમતા સુદ્ધાં છોડી દઈને તેઓએ પોતાની મિલકત સાર્વજનિક સેવામાં સમર્પણ કરી દીધી. સંતોની સંગતમાં જ આનંદ માનતાં દેવના ઘરમાં રહેવાનું તેઓએ વિશેષ પસંદ કર્યું. સંસારનાં ગાનતાન અને વેરવિલાસ તેઓને અકારાં લાગ્યાં. ખ્રિસ્તની કૃપાથી મફત મળતા તારણનો સંદેશો ફેલાવવાની તેઓને એવી તો ચટ લાગી, કે એ સેવા કરતાં ટાઢતડકો, ભૂખદુ:ખ, મારમહેણાં અને કેદ કતલને હસી કાઢી સતાવનારાઓ આગળ પોતાના પ્રાણ પાથર્યા.

પવિત્ર આત્માએ તેઓના જીવનની સર્વ મલિનતા બાળીને ભસ્મ કરી અને અધમોધમને પણ સંતની સંપત્તિ સાંપડી! આ કામ આજ સુધી ચાલ્યું આવ્યું છે અને જગતના અંત સુધી ચાલુ રહેવાનું છે. પવિત્ર આત્મા અત્યાર સુધી આ કાર્ય કરતો જ આવ્યો છે. આ પરથી સમજી શકાશે કે આ કામ કોઈ શક્તિનું નહિ પણ વ્યક્તિનું જ હોઈ શકે.

### ૫. પવિત્ર આત્મા વિષે શહીદોની સાક્ષી.

પહેલા શહીદ સ્તેફને પવિત્ર આત્માથી ભરપૂર થઈને તેના સામાઓને કહ્યું, કે તમારા બાપદાદાઓની પેઠે તમે પણ પવિત્ર આત્માની સામે થાઓ છો. પાઉલ કહે છે કે દેવનો પવિત્ર આત્મા જેણે તમને ઉદ્ધારના દહાડાને સારુ મુદ્રિત કર્યા

છે તેને ખેદિત ન કરો. હા, પવિત્ર આત્માને ન હોલવો. યોહાન કહે છે કે જેણે તમને અભિષિક્ત કર્યા તે તમારામાં રહે છે, ને તમને શીખવે છે. તે સાચો છે, જૂઠો નથી. એ માટે તમે તેને આધીન રહો (પ્રે. ૭:૫૧, એફે. ૪:૩૦, ૧ થે. ૫:૧૯, ૧ યો. ૨:૧૬).

આવી અનેક વાતો પરથી સમજાય છે કે પવિત્ર આત્માને માનસ છે. તેને બુદ્ધિ, લાગણી અને ઈચ્છા છે. યોજના કરવી, અમલ કરવો, પ્રસન્ન થવું, ખિન્ન થવું વગેરે લક્ષણો તો વ્યક્તિનાં છે; અને એ સર્વ તો પવિત્ર આત્માને છે, એવું આપણે ઉપરનાં તથા એના સંબંધીના વર્ણન અને અનુભવ પરથી જોઈ શકીએ છીએ. આવી વાતો પરથી તેના સ્વતંત્ર વ્યક્તિત્વનો આપણને સહજ ખ્યાલ આવે છે. આ વિષે આગળ વધુ વિચાર કરીશું, પણ હાલ એક સંતે તારવી કાઢેલી વાતો જોઈએ.

## ૬. પવિત્ર આત્માના વ્યક્તિત્વ વિષે ડૉ. ટોરીએ કરેલી તારવણી.

'What the Bible teaches' નામે ગ્રંથમાં તેમણે નીચેના પાંચ મુદ્દા જણાવ્યા છે, તે એના ગૂજરાતી તરજુમા 'પવિત્ર શાસ્ત્રનાં મૂળતત્ત્વો' પૃષ્ઠ ૧૦૪ પર તમે જોઈ શકશો.

(૧) પવિત્ર આત્માનાં **વ્યક્તિદર્શક નામો** (યો. ૧૫:૨૬, ૧૬:૭, ૮, ૧૩, ૧૪) સિવાય સર્વત્ર પવિત્ર આત્માનાં નામો નરજાતિદર્શક છે. (જુઓ યશા. ૪:૪, ૧૧:૧,૨, ૨:૬૧, ૧. ગલા. ૪:૬ વગેરે) આ જાતિદર્શક ભેદ ગુજરાતી ભાષામાં દર્શાવાતો નથી.

(૨) **વ્યક્તિદર્શક લક્ષણો.** (૧) તેને મન છે. (રૂ. ૮:૨૭), (૨) તેને જ્ઞાન છે (૧ કો. ૨:૧૦, ૧૧). (૩) તેને ઈચ્છા છે (૧ કો. ૧૨:૧૧). (૪) તેને બુદ્ધિ અને સદ્‌ગુણો છે (નહે. ૯:૨૦), (૫) તેને લાગણી છે (એફે. ૪:૩૦). (૬) તે પ્રીતિ કરે છે (રૂ. ૧૫:૩૦). તે યોજના કરે છે (એફે. ૪:૩૦).

(૩) **વ્યક્તિદર્શક કૃત્યો.** (૧) તે ઈશ્વરના મર્મોની શોધ કરે છે (૧ કો. ૨:૧૦). (૨) તે બોલે છે (પ્ર. ૨:૭). (૩) તે હાંક મારે છે (ગલા. ૪:૬). (૪) તે શિખવે છે (યો. ૧૫:૨૬). (૫) તે મધ્યસ્થી કરે છે (રૂ. ૮:૨૬). (૬) તે સાક્ષી આપે છે (યો. ૧૫:૨૬). (૭) તે માણસને ચલાવે છે (રૂ. ૮:૧૪). (૮) તે આજ્ઞા આપે છે (પ્રે. ૧૬:૬-૭). (૯) તે કામે તેડે છે (પ્રે. ૧૩:૨). (૧૦) તે કામે જાય છે (યો. ૧૫:૨૬).

(૪) **જે કામો વ્યક્તિથી થાય તે એણે કર્યાં છે** (યો. ૧૪:૧૬,૧૭).

(૫) **જે સ્થિતિ વ્યક્તિની થાય તે એની કરાય છે.** જેમકે લોક તેની સામે થઈ શકે છે (પ્રે. ૭:૫૧), તેનું અપમાન કરી શકે છે (હે. ૧૦:૨૯), તેને ઠગી શકે છે (પ્રે. ૫:૩), તેની વિરુદ્ધ દુર્ભાષણ કરી શકે છે (મા. ૧૨:૩૧-૩૨) વગેરે.

## ૭. પવિત્ર આત્માના દેવત્વ વિષે શાસ્ત્ર પરથી મળતો પ્રકાશ.

પ્રભુ ઈસુએ કહ્યું, કે પવિત્ર આત્મા જે બાપની પાસેથી નીકળે છે, તેને હું બાપની પાસેથી તમારી પાસે મોકલી દઈશ (યો. ૧૫:૨૬). પવિત્ર આત્માને દેવનો આત્મા કે જીવનનો શ્વાસ કહેવામાં આવ્યો છે (ઉત. ૨:૭). દેવે માણસનાં નસકોરાંમાં જીવનનો શ્વાસ ફૂંક્યો અને માણસ સજીવ પ્રાણી થયું. આવી વાત પરથી આપણે એવું સમજી શકીએ છીએ, કે પવિત્ર આત્મા એ દેવનો શ્વાસ કે આત્મા હોવાથી તે દેવ જ છે.

જેમ દેવનો શબ્દ સદેહ થયો (યો. ૧:૧,૧૪; ૭:૨૯), તેમજ પવિત્ર આત્મા પણ અદૃશ્ય રીતે વ્યક્તિમાન થયો છે. માણસને માટે બલિદાન દેવા સારુ માણસનું સ્થાન લેવાની જરૂર હોવાથી દેવના શબ્દે વ્યક્તિરૂપ ધારણ કર્યું (હેબ. ૨:૧૪) અને દૃશ્ય રહીને કામ કર્યું તથા હાલ અદૃશ્ય રહીને કામ ચાલુ રાખ્યું છે (મા. ૧૮:૨૦), તેમજ પવિત્ર આત્મા પણ આવ્યો અને હાલ છુટક વ્યક્તિરૂપે જગતમાં અને મંડળીમાં અદૃશ્ય રહીને કામ કરી રહ્યો છે.

પ્રગટ થયેલી આ અદૃશ્ય વ્યક્તિમાં પણ સનાતનતા, સર્વવ્યાપકતા, સર્વજ્ઞતા, સર્વશક્યતાદિ ઈશ્વરી ગુણો છે. તે ઉત્પન્નકર્તા અને જીવનદાતા પણ છે. ઈશ્વરનો આત્મા હોવાથી, ઈશ્વર પાસેથી આવવાથી અને ઈશ્વરી યોજના જ અમલમાં મૂકતો હોવાથી તે પોતે ઈશ્વરત્વવાળો સાબિત થયો છે (હે. ૯:૧૪, ગી.શા. ૧૩૯:૭-૧૦, લુ. ૧:૩૫, યો. ૧૪:૨૬, યુ. ૩૪:૪).

પ્રભુ ઈસુએ વળી એમ પણ જણાવ્યું છે, કે **દેવ આત્મા** છે (યો. ૪:૨૪). હવે પવિત્ર આત્માને તો દેવનો કે ખ્રિસ્તનો આત્મા કહેવામાં આવે છે, તો એ પરથી સહજ એવો ખ્યાલ થઈ શકે, કે દેવ પોતાના આત્માથી ભિન્ન નથી; પરંતુ દેવના અખંડ કે અવિભાજ્ય વ્યક્તિત્વમાં રહેલો પવિત્ર આત્મા જ્યારે પૃથક્પણે કામ કરતો દેખાય છે, ત્યારે તે એક દૈવી વ્યક્તિ તરીકે છૂટો તરી આવે છે. જેમ કે હું જ્યારે પ્રાર્થના કે અધ્યયન કરું છું, ત્યારે મારા આખા વ્યક્તિત્વમાં રહેલો મારો આત્મા એ કામે રોકાય છે; એટલે કે મારા વ્યક્તિત્વમાં રહીને મારો આત્મા પૃથક્ રીતે કામ કરે છે. એવી જ રીતે દેવનો આત્મા પણ દેવમાં રહીને દેવને ઠેકાણે કામ કરે છે અને વ્યક્તિનાં ગુણલક્ષણોથી વ્યક્તિ તરીકે તે વ્યક્ત થાય છે.

પ્રકરણ ૩

# પવિત્ર આત્માના વ્યક્તિત્વસંબંધક પ્રશ્નો

પાછલા પ્રકરણમાં દેવ સાથે પવિત્ર આત્માની એકતા જોતાં તથા તેનું વ્યક્તિત્વ ધ્યાનમાં લેતાં કેટલાક પ્રશ્નો ઊભા થાય છે. એમાંના કેટલાએક વિષે અત્રે વિચાર કરીશું, અને બીજા કેટલાએકનો વિચાર છૂટક પ્રકરણ દ્વારા કરીશું.

**પ્રશ્ન ૧. માણસનાં નસકોરાંમાં દેવે જીવનનો શ્વાસ ફૂંક્યો, ત્યારે દેવ તેનામાં પોતાનો આત્મા વસાવ્યો કે કેમ?**

**ઉત્તર.** આદમનાં નસકોરાંમાં દેવે જીવનનો શ્વાસ ફૂંક્યો એથી આદમ સજીવ પ્રાણી બન્યો. આ કૃતિ તો પવિત્ર આત્માનું દૈહિક અને આત્મિક જીવન આપવાનું કાર્ય દર્શાવે છે, એટલે કે દેવ પોતાના પવિત્ર આત્માની મારફતે જીવંત ઉત્પત્તિ કરવાનું અને અલૌકિક જીવન દેવાનું કાર્ય કરે છે. દેવના શ્વાસે તેનામાં પ્રાણપ્રતિમા પૂર્યા (ગી.શા. ૧૦૪:૩૦) નહિ કે દેવ તેનામાં પેઠો.

ધ્યાનમાં લો કે માણસ સિવાય બીજા કોઈ પણ પ્રાણી વિષે એવું કહેવાયું નથી, કે ઈશ્વરે તેનામાં જીવનનો શ્વાસ ફૂંક્યો (જુઓ ઉત. ૧:૨૦ અને ૨:૭). તેમ છતાં બીજાં બધાં પ્રાણીઓ જીવે છે. આ પરથી આપણે સહજ સમજી શકીશું, કે આદમનાં નસકોરાંમાં ફૂંકેલો જીવનનો શ્વાસ, એ તેના ભૌતિક જીવન ઉપરાંત કંઈક વિશેષ દર્શાવે છે. એ તો આત્મિક જીવન છે. કહેવામાં આવ્યું છે કે દેવે માણસને પોતાના સ્વરૂપ અને પ્રતિમા પ્રમાણે બનાવ્યું, એ વાતનો પ્રકાશ આમાં છે. મનુષ્યમાં જે આધ્યાત્મિક પ્રભાવ આપણે જોઈએ છીએ અને જેથી તે ઈશ્વર સાથે સંબંધ શોધે છે અને રાખે છે, તે આ આધ્યાત્મિક જીવનનું કે ફૂંકેલા શ્વાસનું પરિણામ છે. શિષ્યો પર પ્રભુ ઈસુએ શ્વાસ નાખ્યો અને જે પરિણામ આવ્યું, તે વિશેષતા આ કૃત્યમાં પણ છે. (યો. ૨૦:૨૨. પ્રે. ૧:૧૪)

**પ્રશ્ન ૨. આત્મા શક્તિ હશે કે વ્યક્તિ?**

**ઉત્તર.** પવિત્ર આત્મા જો શક્તિ હોય, તો બીજી શક્તિઓની પેઠે પવિત્ર આત્માને પણ આપણે પોતાની ઇચ્છા મુજબ ચલાવી કે વાપરી શકીએ અને કબજે રાખી શકીએ. વળી તેને માનસ કે માનસનાં અંગો — બુદ્ધિ, લાગણી, ઇચ્છા

વગેરે હોઈ શકે નહિ. પરંતુ પવિત્ર આત્મા તો પોતાની ઈચ્છાનુસાર બુદ્ધિ અને લાગણીપૂર્વક સર્વ કામોની વ્યવસ્થા કરતો આવ્યો છે, એટલું જ નહિ પણ તે માણસને પ્રેરે છે, દોરે છે ને વાપરે છે. આ સર્વ વાતો તેનું વ્યક્તિત્વ દર્શાવે છે.

**પ્રશ્ન ૩. આત્માના વ્યક્તિત્વથી શું સમજવું?**

**ઉત્તર.** આત્માના વ્યક્તિત્વમાં આપણા વ્યક્તિત્વમાંની સ્થૂળતાનો સમાવેશ થતો નથી. અર્થાત્ જેમ આપણને માંસ અને હાડકાં છે, તેમ આત્માને હોતાં નથી. તેનું વ્યક્તિત્વ આત્મિક અને અદૃશ્ય છે (લુ. ૨૪:૩૯). આપણી સમજ પ્રમાણેનાં વ્યક્તિત્વનાં લક્ષણો તેનામાં છે.

**પ્રશ્ન ૪. આત્મિક એટલે શું?**

**ઉત્તર.** દૈહિક દૃષ્ટિ કે ચક્ષુઓથી પર, તેને આત્મિક કહેવામાં આવે છે. આપણો આત્મા હાલ દૃશ્ય શરીરમાં અદૃશ્ય રીતે રહે છે. આપણે હાલ ધૂળનાની પ્રતિમા ધારણ કરી છે, પરંતુ મરણ પછી અનંતજીવનમાં આત્મિક શરીર ધારણ કરીશું (૧ કો. ૧૫:૪૯-૫૪). અદૃશ્ય આત્માને લગતી બાબતો આત્મિક કહેવાય છે અને ભૌતિક વાનાંને લગતી બાબતો દૈહિક કે જગિક કહેવાય છે. પાર્થિવ શરીર છોડતાં આત્મિક દુનિયામાં પ્રવેશ કરશે.

**પ્રશ્ન ૫. શું ઈશ્વરને આત્મિક વ્યક્તિત્વ છે?**

**ઉત્તર.** હાજી. ઈશ્વર આત્મા છે અને આત્માને આત્મિક વ્યક્તિત્વ છે, તેથી જ સરજનહાર અને પાલનહાર કહેવાય છે. જો ઈશ્વરને વ્યક્તિત્વ ન હોય, તો તેને માનવજાત સાથે કશો જ સંબંધ હોઈ શકે નહિ. તેની પ્રાર્થના કરી શકાય નહિ કે તેની આરાધના યા ઉપાસના થઈ શકે નહિ. જો ઈશ્વરને વ્યક્તિત્વ ન હોય, તો તેને ઈશ્વર જ કહી શકાય નહિ. ઈશ્ એટલે રાજ કરવું કે અમલ ચલાવવો, તે ઉપરથી સર્વોત્તમ અમલ ચલાવનાર તે ઈશ્વર. વ્યક્તિત્વ વગર અમલ ચલાવવાનું કેમ સંભવે? બીજાં પ્રાણીઓ અને માણસ વચ્ચે પણ જે ભેદ છે તે વ્યક્તિત્વનો જ છે.

**પ્રશ્ન ૬. આપણો આત્મા અને ઈશ્વરનો પવિત્ર આત્મા એક જ હશે કે જુદા જુદા?**

**ઉત્તર.** ઈશ્વર આત્માઓનો કર્તા અને હર્તા છે. આપણો આત્મા ઈશ્વરે સરજ્યો છે, એટલે તે ઈશ્વરની કૃતિ છે. આપણા આત્માની સાથે દેવનો પવિત્ર આત્મા સાક્ષી આપે છે કે આપણે દેવનાં છોકરાં છીએ (સભા. ૧૨:૭. મા. ૧૦:૨૮. રૂ,. ૮:૧૬, ૨ તી. ૪:૨૨). વળી દેવની વાતને લીધે ... મારી

નંખાયેલાઓના આત્મા મેં વેદી તળે દીઠા (પ્રકટી. ૬:૯). આવા અનેક શાસ્ત્રાધારો પરથી સહજ સમજી શકાય છે, કે ઈશ્વરના આત્માએ આપણા આત્મા સરજ્યા છે, અને તે તેનો નાશ પણ કરી શકે છે. મતલબ કે આપણા આત્માઓ કૃત હોઈને તેના આત્માથી જુદા છે. આપણો આત્મા ઈશ્વર નથી કે ઈશ્વર અને આપણે એક પણ નથી. આપણે સૃષ્ટ અને તે સૃષ્ટા.

**પ્રશ્ન ૭. ઈશ્વરના આત્માને માણસના આત્મા સાથે કેવો સંબંધ છે?**

**ઉત્તર.** પાછળ બતાવ્યા પ્રમાણે ઈશ્વરના આત્માએ માણસનો આત્મા સરજ્યો છે. મરણકાળે તે પોતાના કર્તાની પાસે પાછો જાય છે (સભા. ૧૨:૭, લૂક. ૧૬:૨૨-૨૪), અને પોતાનાં કૃત્યોનો જવાબ આપે છે. જેઓએ પ્રભુ ઈસુનું શરણ લીધું છે તેઓના આત્મા તેની પાસે અનંત શાંતિમાં પ્રવેશ કરે છે અને જેઓ પાપમાં ને અવિશ્વાસમાં મરે છે તેઓના આત્મા સાર્વકાળિક નાશ - નર્કાગ્નિમાં-ઈશ્વરવિમુખા હોઈ દુ:ખમાં પ્રવેશે છે. માણસનો આત્મા આશ્રિત છે. તે ઈશ્વરના આંગણાની અભિલાષા રાખે છે. પાપને કારણે માણસનો આત્મા મૃત છે. ખ્રિસ્ત પરના વિશ્વાસને કારણે તેના બલિદાનના પુણ્યથી તે આત્માને ઈશ્વરનો પવિત્ર આત્મા સજીવન કરે છે અને અનંત જીવનમાં પ્રવેશ કરાવે છે.

બીજા શબ્દોમાં કહીએ તો માણસના સ્થૂળ શરીરનો તથા આત્માનો કર્તા ઈશ્વર છે. માણસમાં જીવનનો શ્વાસ ફૂંકીને ઈશ્વરે તેને દૈહિક તથા આત્મિક બેઉ પ્રકારનું જીવન આપેલું (ઉત. ૧:૨૭, ૨:૭). પાપ કર્યાને લીધે માણસ મરણ શરણ થયું અને આત્મિક જીવન નષ્ટ થયું. હવે જેમ કોઈ પણ માણસ પોતાની કૃતિને બગડી ગયેલી કે નાશ પામેલી જોવા ઈચ્છતું નથી, તેમ ઈશ્વર પણ માણસને એવી અધોગતિમાં રહેલું જોવા ઈચ્છતો નથી. એ માટે ઈશ્વરે પોતાના શબ્દને માનવપાપના બલિદાનને અર્થે સદેહ કર્યો અને પોતાનો પવિત્ર આત્મા એ બલિદાન પર વિશ્વાસ કરનારને સંપૂર્ણ કરવા સારુ મોકલ્યો. એ તેના વિશ્વાસને સતેજ કરે છે. તેના આત્માને સજીવન કરે છે, તેના હૃદયમાં વાસો કરે છે, અને તેની સાથે રહીને જીવનની સંપૂર્ણ કક્ષાએ પહોંચાડતાં સુધી તેના હકમાં મધ્યસ્થી કરે છે. એમ ઈશ્વરનો આત્મા આપણા આત્માઓનો જીવનદાતા અને ઉદ્ધારક છે.

સૃષ્ટિ સરજીને ઈશ્વર નિશ્ચિંત બન્યો કે રહ્યો નથી, પરંતુ સૃષ્ટિની અને માનવની અધોગતિ થતાં તે દૂર કરવાનો ઉપાય તેણે પોતે કર્યો છે અને માણસ મૃત આત્માને ન્યાયપૂર્ણ બલિદાનથી પાછો સજીવન કરી પોતાની સંગતનો સુખાનુભવ કરવાનો લાગ માણસ આગળ મૂકીને તેની કાયમ સહાય કરી રહ્યો છે.

પ્રકરણ ૪

# દેવપણામાં પવિત્ર આત્માનું સ્થાન

**૧. કોઈ વ્યક્તિનો આત્મા તેના વ્યક્તિત્વથી જુદો નથી** (૧ યો. ૫:૨૩).

ઈશ્વરના અવિભાજ્ય વ્યક્તિત્વમાં એનો પવિત્ર આત્મા સંકળાયેલો જ છે. જેમ શબ્દ અને શ્વાસ માણસના વ્યક્તિત્વમાં સંયુક્ત છે, તેમ ઈશ્વરના વ્યક્તિત્વમાં પણ શબ્દ અને આત્મા - પવિત્ર આત્મા સંયુક્ત જ છે.

**૨. દેવનો આત્મા દેવને નામે ઓળખાયો છે** (ગી. શા. ૭૮:૫૬, પ્રે. ૭:૫૧).

આ કલમો વાંચતાં દેવની સાથેના વર્તાવને પવિત્ર આત્માની સાથેના વર્તાવ તરીકે આલેખવામાં આવ્યો છે. સરખાવો યશા. ૬:૮-૧૦ સાથે પ્રે. ૨૮:૨૫-૨૭. આમાં દેવ તથા પવિત્ર આત્માને એકના એક જ આલેખ્યાં છે.

**૩. જે ગુણલક્ષણો અને ભાવના ઈશ્વરનાં છે, તે જ પવિત્ર આત્માનાં પણ છે** (ગી. ૧૩૯:૭-૧૦).

જે ગુણોથી ઈશ્વરનું ઐશ્વર્ય અંકાય છે, તે જ ગુણો પવિત્ર આત્માના પણ છે. આનો અર્થ એવો નથી કે ઈશ્વર સિવાય પવિત્ર આત્મા નામે સમાન ગુણવાળો એક બીજો પણ દેવ છે. એ તો ઈશ્વરનો પોતાનો જ આત્મા છે. બીજા શબ્દોમાં કહીએ તો ઈશ્વરનો જીવ છે. કોઈ વ્યક્તિનાં ગુણલક્ષણ, તેના જીવ કે આત્માથી ભિન્ન શી રીતે હોઈ શકે? (યો. ૫:૨૬).

**૪. ઈશ્વરનાં કામો પવિત્ર આત્માનાં કામો તરીકે ઓળખાયાં છે** (ઉત. ૧:૧, અયૂ. ૩૩:૪).

ઉત્પન્ન કરવું, જીવન આપવું, તાજગી આપવી, શિક્ષા કરવી, વ્યવસ્થા કરવી, વગેરે વર્ણનમાં ઈશ્વરે કર્યું, એવું જ એક ઠેકાણે વાંચીએ છીએ, તેના તે જ કામ વિષે બીજે ઠેકાણે એવું વાંચીએ છીએ, કે એ કામ પવિત્ર આત્માએ કર્યું. મતલબ

કે દેવે કર્યું યા પવિત્ર આત્માએ કર્યું, એ એકની એક જ વ્યક્તિના કામની નોંધ છે. દેવના કામમાં ને પવિત્ર આત્માનાં કામમાં ભિન્નતા નથી.

**૫. એક અધિકારી વ્યક્તિની પેઠે પવિત્ર આત્મા દેવનું કામ સ્વતંત્ર રીતે ચલાવે છે.**

ઉત. ૧:૨માં વાંચીએ છીએ, કે દેવનો આત્મા પાણી પર હાલતો થયો. અસ્તવ્યસ્ત પૃથ્વીને વ્યવસ્થિત કરવાનું કામ દેવે હાથમાં લીધું એવું આપણે સમજીએ છીએ. તે કામનો કરનાર પવિત્ર આત્મા છે, એવું એ કલમ પરથી સમજાય છે, અર્થાત્ દેવના અવિભાજ્ય વ્યક્તિત્વમાંનો પવિત્ર આત્મા જાણે કે છુટો પડીને કામ કરતો ન હોય એવો ખ્યાલ આવે છે.

આ પછી જેમ જેમ વખત જતો ગયો છે, તેમ તેમ પવિત્ર આત્મા વિષે વધુને વધુ પ્રકાશ મળતો રહ્યો છે જુઓ (યશા. ૪:૧૧, યોએલ ૨, વગેરે અધ્યાયો). નવા કરારના વખતમાં તો તે પૃથક વ્યક્તિરૂપે કામની જવાબદારી ઉઠાવતો દેખાય છે.

**૬. બાપ પાસેથી નીકળતો એક બીજો સંબોધક, એમ કહેવાથી ઈશ્વરમાં તેનું સ્થાન કે જોડાણ દર્શાવવામાં આવ્યું છે** (યોહા. ૧૪:૧૬, ૧૫:૨૬).

**૭. બાપ, પુત્ર અને પવિત્ર આત્માને નામે બાપ્તિસ્મા આપો, એવા હુકમથી પવિત્ર આત્માનો ઈશ્વર સાથે સમાન દરજ્જાનો સંબંધ અને માનવના તારણમાં તેનું સ્થાન દર્શાવાયું છે** (માથ્થી. ૨૮:૨૦).

નોંધ — જેમ માણસના વ્યક્તિત્વનાં અંગ છે, તેમ ઈશ્વરના વ્યક્તિત્વમાં શબ્દ અને શ્વાસ (પવિત્ર આત્મા) અંગરૂપ છે. શાસ્ત્ર જોતાં ઈશ્વરનું પ્રકટીકરણ આપણને ત્રણ પ્રકારે થયેલું માલૂમ પડે છે. એક તો સીધેસીધું ઈશ્વરને નામે, જેમકે દેવે કહ્યું અથવા દેવે તેઓને છોડાવ્યા વગેરે. બીજું તો દેવના શબ્દને નામે. જેમ કે માણસને એકલી રોટલીથી નહિ, પણ હરેક શબ્દ જે દેવના મોંમાંથી નીકળે છે તેથી જીવે છે, અથવા દેવના શબ્દથી જગતો ઉત્પન્ન થયાં વગેરે. ત્રીજું પવિત્ર આત્માને નામે, જેમ કે તું તારો આત્મા મોકલે છે એટલે તેઓ ઉત્પન્ન થાય છે, દેવનો આત્મા તેઓ પર રહ્યો ત્યાં સુધી તેઓએ ભવિષ્યવાદ કર્યો, અથવા આત્માએ જેમ તેઓને શક્તિ આપી તેમ તેઓ બોલ્યા (ઉત. ૧:૩, ન્યા. ૨:૧૬, પુન. ૮:૩, ગણ. ૧૧:૧૭-૨૫) વગેરે.

હવે ઉપલી વાતનો પાછો એવો અર્થ નથી, કે જુદા જુદા ત્રણ ઈશ્વર છે! ઈશ્વર તો ઈશ્વર જ છે. તે એક છે. પરંતુ તેણે પોતાના વ્યક્તિત્વના ત્રણ પ્રકારે પ્રગટ કર્યું છે. જેમ તેનું આખું વ્યક્તિત્વ, તેમ તેના વ્યક્તિત્વનાં અંગોનું છુટક પ્રકટીકરણ પણ સંપૂર્ણ ઐશ્વર્યવાન છે. જેમ કે ઈશ્વર તે જીવતો ઈશ્વર છે. ઈશ્વરનો શબ્દ તે જીવતો શબ્દ છે. ઈશ્વરનો શ્વાસ તે જીવનનો શ્વાસ છે (યો. ૫:૨૬, હેબ્રી. ૪:૧૨, ઉત. ૨:૭). મતલબ કે ઈશ્વરનો શબ્દ પૃથકપણે કામ કરતાં પૃથક વ્યક્તિ કહેવાયો, તેમજ તેનો પવિત્ર આત્મા પણ પૃથકપણે કામ કરતાં પૃથક વ્યક્તિ કહેવાય. એમ ઈશ્વરનું વ્યક્ત કરેલું પ્રકટીકરણ વ્યક્તિરૂપે કામ કરી રહ્યું છે.

આપણે ભૂલવું ન જોઈએ કે માણસજાત ઈશ્વરના શબ્દ કે આત્મા વિષે કંઈક જાણવા લાગી, તે પહેલાં પણ ઈશ્વરના શબ્દનું અને આત્માનું પ્રકટીકરણ તો હતું જ. જેમ કે આદિએ શબ્દ હતો, અને શબ્દ દેવ સાથે હતો. અર્થાત્ શબ્દ સહિત હતો. દેવ બોલ્યો કે ફલાણું થાઓ અને તે શબ્દને યોગે થયું. આ તો શબ્દનું એક પ્રકારનું પ્રકટીકરણ છે. તેમજ આત્માની પણ વાત (ઉત. ૧:૨).

વાત એ છે કે માણસને દેવના આ ક્રિયમાન શબ્દ કે આત્માના જીવંત પ્રકટીકરણનો ખ્યાલ ન હતો. પરંતુ સૃષ્ટિના આરંભથી દેવનો શબ્દ અને દેવનો આત્મા કામ તો આપી જ રહ્યા છે.

આ પ્રકટીકરણના પૂરાવાસૂચક હેબ્રી ભાષામાંનું ઈશ્વરનું 'એલોહિમ' નામ છે. 'એલોહિમ' શબ્દ બહુવચનસૂચક છે અને શાસ્ત્રમાં તેનાં અનેક પ્રમાણ છે. જેમ કે (ઉત. ૧:૨૬માં) આપણે માણસને બનાવીએ, (ઉત. ૩:૨૨માં) આ માણસ આપણામાંના એકના જેવો થયો છે, (ઉત. ૧૧:૭) આપણે ત્યાં ઊતરીએ, (યશા. ૬:૮) અમારે સારુ કોણ જશે? વગેરે. આ બહુવચનસૂચક શબ્દો ઈશ્વરનું વ્યક્ત થયેલું પ્રકટીકરણ સૂચવે છે નહિ કે ત્રણ જુદા જુદા દેવો.

હવે આ બેઉ પ્રકટીકરણ તો અદૃશ્ય પ્રકટીકરણ છે અને તેથી તે માણસના ખ્યાલમાં આવ્યાં નથી. પણ સમયની સંપૂર્ણતામાં માણસને તેનો સ્પષ્ટ અનુભવ થયો (જુઓ યો. ૧:૧,૧૪). ત્યાં બતાવ્યું છે કે આદિએ શબ્દ હતો. એટલે શબ્દ વ્યક્ત થયો હતો. અર્થાત્ ઈશ્વરના વ્યક્તિત્વમાંથી શબ્દ વ્યક્ત થયેલો. અને એજ શબ્દ છેવટે સદેહ પણ થયો, અને આપણી મધ્યે વસ્યો. કારણ કે માણસ માંસ અને લોહીનું છે, માટે તેનું સ્થાન લેવા તેણે તેવા થવું જોઈએ (હેબ્રી. ૨:૧૪). એમ ઈશ્વરના શબ્દનું વિશેષ અને દૃશ્ય પ્રકટીકરણ તે પ્રભુ ઈસુ છે, એટલે કે ઈશ્વરનું દૃશ્ય પ્રકટીકરણ છે (કોલો. ૧:૧૫, ૨:૯).

એવી જ રીતે પવિત્ર આત્માની પણ વાત છે. દેવે પોતાનો પવિત્ર આત્મા મોકલ્યો અને આમ કે તેમ થયું. એ જ પવિત્ર આત્મા અગાઉ સંતો પર ઊતરતો.

આ જમાનામાં તે વિશ્વાસ કરનારાઓના હૃદયમાં વસાવવામાં આવ્યો છે. તે ઈશ્વરની ઈચ્છાનુસાર વિશ્વાસીઓને પ્રેરણા અને મદદ કરે છે (રૂ. ૮:૨૬, ફિલી. ૨:૧૩). આ વ્યક્ત કરાયેલ આત્મા તે ઈશ્વરનું બીજું પ્રકટીકરણ છે.

આ પરથી આપણે સ્પષ્ટ સમજી શકીએ છીએ, કે શબ્દ અને પવિત્ર આત્મા પૃથકપણે કામ કરતાં છતાં તે ઈશ્વર સાથે તો સંયુક્ત જ છે. તેમનું પૃથક વ્યક્તિત્વ કેવળ ઈશ્વરનું પ્રકટીકરણ માત્ર છે, અને તે આદિથી ચાલ્યું આવે છે.

માણસના તારણની બાબતમાં દેવનું આખું વ્યક્તિત્વ (દેવ, શબ્દ અને આત્મા) કામે લાગેલું છે. પ્રભુ ઈસુના બાપ્તિસ્મા વખતે સદેહ થયેલા શબ્દ ઉપર દેવે પોતાનો પવિત્ર આત્મા કબૂતરરૂપે ઉતાર્યો તથા તેના પર રાખ્યો. આ ચિત્રમાં ત્રણ પૃથક વ્યક્તિઓ દેખાય છે. તેમ છતાં એ દેવનું ત્રિએક પ્રકટીકરણ માત્ર છે.

આમ એક વ્યક્તિનાં ત્રણ જુદાં પ્રકટીકરણોથી દેવની એકતામાં ત્રિએક્તાનું સંમેલન દશ્યમાન થાય છે. પ્રભુ ઈસુ સદેહ થવાથી એક પૃથક વ્યક્તિ થયો ખરો, પરંતુ તેને તે જ વખતે એ દેવનો શબ્દ હોવાથી દેવપણામાંથી છૂટો પણ પડી શક્તો નથી. તેથી જ તે કહે છે હું બાપમાં છું અને બાપ મારામાં છે.

એવી જ રીતે પવિત્ર આત્મા એ દેવનો જીવનશ્વાસ હોવાથી તે દેવથી જુદો પડી શક્તો નથી. છતાં દેવે તેને વ્યક્તિમાન કર્યાથી એક અદશ્ય વ્યક્તિ તરીકે જગતમાં કામ કરતો આવ્યો છે અને વિશ્વાસીઓમાં સ્થાન પણ રાખે છે. આમ એક્તામાં ત્રિએક્તા અને ત્રિએકતામાં એક્તા છે. ઈશ્વરને ત્રિએક દેવ કહેવાનું કારણ આથી સમજાશે.

માનવજાતના ઉદ્ધારને લીધે જ ખરું જોતાં દેવનું ત્રિએકપણું વિચારવાનો સંજોગ ઊભો થયો છે. જો બલિદાનને અર્થે શબ્દ સદેહ થયો ન હોત અને વિશ્વાસીઓના રક્ષણ, સંસ્થાપન અને પૂર્ણપણાને માટે તેનામાં પવિત્ર આત્માને માનવહૃદયમાં વસાવવાની જરૂર પડી ન હોત, તો આપણે ત્રિએકપણું જાણ્યું ન હોત.

એક વાત આ પણ લક્ષમાં લેવી ઘટે, કે જો પવિત્ર આત્મા અને શબ્દ ઈશ્વરની પેઠે જ ત્રણ પૃથક અનાદિ વ્યક્તિઓ હોય, તો આપણે ત્રણ જુદા દેવો માનવા પડે, પરંતુ વાત એમ નથી. પવિત્ર આત્મા તો અનાદિ ઈશ્વરનો સનાતન શ્વાસ છે. એમ જ શબ્દ પણ અનાદિ ઈશ્વરના વિચારમાં અવ્યક્ત રહેલો હતો. એ આદિએ શબ્દરૂપે વ્યક્ત થયો. તે જ પાછળથી સદેહ થયો તેમજ પવિત્ર આત્મા પણ આત્મિક (અદશ્ય) વ્યક્તિત્વથી વ્યક્ત હોઈને હાલ આપણો સંબોધક અને સહાયકારી ઠરી આવ્યો છે. આપણા સંબંધમાં તે આપણે સારુ સર્વસમર્થ વ્યક્તિઓ છે અને દેવપણામાં એક છે (જુઓ છેલ્લે સૂચના).

આદિએ દેવે આકાશ અને પૃથ્વી ઉત્પન્ન કર્યાં (ઉત. ૧:૧). તેના હાથોએ કોરી ભૂમિ રચી (ગી. ૯૫:૫). તું તારો આત્મા મોકલે છે એટલે તેઓ ઉત્પન્ન થયા છે, વગેરે વર્ણન પરથી આપણે દેવનાં અંગો સમજતા નથી. એ તો દેવના કામનું કેવળ પ્રકટીકરણ આપણને સમજ પડે એ પ્રકારે કરેલું છે.

હું દુ:ખી છું કે મારો આત્મા દુ:ખી છે, એવું કહેવાથી બે ભિન્ન વ્યક્તિઓ દુ:ખી છે એવું આપણે સમજતા કે માનતા નથી. એવી જ વાત ઈશ્વર અને તેના આત્માની પણ છે. આપણા શરીરમાં જેવું સ્થાન શ્વાસનું છે, તેવું સ્થાન દેવપણામાં પવિત્ર આત્માનું છે. પરંતુ સૃષ્ટિના હકમાં દેવે તેને પૃથક વ્યક્તિ સમાન સ્થાપીને આપણો મધ્યસ્થ અને શિક્ષક તથા પ્રેરક અને સહાયક બનાવ્યો છે. આ રીતે દેવપણામાં પવિત્ર આત્માની એક્તારૂપ દેખાય છે, તેમ જ જવાબદારી સાચવવામાં તેની ભિન્નતા પણ જોઈ શકી છીએ.

સંબોધક જે બાપ પાસેથી નીકળે છે તે પવિત્ર આત્મા છે 'બાપ પાસેથી' નીકળે છે, એ વાક્ય ભારે ચર્ચાનો વિષય છે. કેટલાક કહે છે કે એ વાત આપણે સમજી શક્તા નથી, માટે તે વિષે ચર્ચા કર્યા વિના જેમ છે તેમ સ્વીકારીને માની લેવી જોઈએ. આ કહેવું તદ્દન વાજબી છે, પરંતુ તે વિષે વિચાર કર્યા વિના કોણ રહી શકે છે? વિચાર કર્યા છતાં ન સમજાયાથી જ આપણે એ મત પર આવીએ છીએ. તેમ છતાં વાત તો સાચી જ છે, કે એ વિષે આપણે ગમે તે કહીએ તોયે ઐશ્વર્યનો એ ભાગ આપણે માટે તો અગમ્ય જ રહેવાનો. ઈશ્વરનો આત્મા આપણને આપણા ખપની જ અગત્યની વાતો સમજાવે છે. જે મર્મોને તારણ સાથે સંબંધ નથી, તે કેવળ જાણની જ ખાતર ઈશ્વર પ્રગટ ન કરે, તો તેમાં કંઈ આશ્ચર્ય પામવા જેવું નથી.

હવે બાપની **'પાસેથી'** નીકળે છે, એમ કહ્યું, ત્યારે તે વખતનું તેનું છૂટક વ્યક્તિત્વ ખ્યાલમાં લેવાયું ન હોય શું? છૂટક વ્યક્તિ તરીકે તે વ્યક્ત તો હતો જ, તો પછી **પાસેથી** આવે છે એમ કહેવામાં કંઈ અડચણ નથી.

કોઈ સમજે છે કે 'બાપમાંથી' નીકળી આવે છે. ઘણાનો મત એવો છે કે લેખની ભાષાનો અર્થ Come Out એવો થતો નથી, પરંતુ from એવો છે. ભાષાની દૃષ્ટિએ 'માંથી' અને 'પાસેથી' એમાં ઘણો ફેર છે. પરંતુ ભાષા તો વસ્તુસ્થિતિને સમજવા સારુ કેવળ ચિન્હો જ છે. એથી અમુક વસ્તુની વાસ્તવિક્તાનો ખ્યાલ માત્ર અપાય છે. પરંતુ અમુક વસ્તુસ્થિતિનું સંપૂર્ણ સ્વરૂપ સમજાવવાને ભાષા કદી પણ સમર્થ નથી. ભાષામાં ભાવનો સંપૂર્ણ સમાવેશ કરી શકાતો નથી. તેવી જ વાત આ પણ છે.

એ માટે પાસેથી કે માંથી કહેવામાં શબ્દ પ્રત્યે નહિ પણ ભાવ પ્રત્યે લક્ષ

લગાડીએ, તો મારે મન તો એ બેઉ સરખાં જ છે. દેવમાંથી એમ જો સ્વીકારીએ, તો એનો અર્થ એવો થતો નથી કે સમુદ્રમાંથી એક ડોલ પાણી ભરી આણ્યું, એટલે એમાંથી એટલું ઓછું થયું ને છૂટું પડ્યું! દેવના આત્માની વાત એવી નથી. આદમના નસકોરાંમાં જીવનનો શ્વાસ ફૂંક્યો - He breathed ... the breath of life એટલે પોતાના શ્વાસની ફૂંક તેનાં નસકોરાંમાં મારી. આ રીતે માંથી સમજી શકાય, અને આત્માને વ્યક્ત થયેલો સમજીએ, તો પાસેથી આવ્યો એમ કહેવાય. ગમે તેમ લો પણ એથી કંઈ દેવનું વ્યક્તિત્વ વિભાજિત થતું નથી. તેનું સ્થાન તો દેવપણામાં અખંડ છે ને છે જ. આ મર્મ સમજાવવાને ભાષામાં શબ્દ અને સમજવા માટે બુદ્ધિમાં પહોંચ નથી.

સૂચના - હવે ઉપલી વાતનો પાછો એવો અર્થ નથી, કે શબ્દ અને પવિત્ર આત્મા એ દેવે ઉત્પન્ન કરેલી સૃષ્ટ વ્યક્તિઓ છે. ઉત્પન્ન કરેલી નહિ, પણ વ્યક્ત કરેલી વ્યક્તિઓ જ છે, એ તો જ્યારથી દેવ છે ત્યારથી જ દેવના અવિભાજ્ય વ્યક્તિત્વમાં સામેલ જ છે (યો. ૧:૧). જરૂર પ્રમાણે દેવ આપણને તેઓ વિષે પ્રકાશ આપતો ગયો.

બાપ પાસેથી નીકળે છે, એવું પ્રભુ ઈસુએ કહ્યું, ત્યારે તેનું વ્યક્તિત્વ પ્રગટ હતું, એથી જ એમ કહ્યું, એ સમજવું મને તો ઠીક લાગે છે.

પ્રકરણ ૫

# પવિત્ર આત્માનાં ગુણલક્ષણો

**૧. તે જીવનનો આત્મા છે, (ઉત. ૨:૭, રૂ. ૮:૨).**

**૨. તે દેવનો પવિત્ર આત્મા છે, (પ્રે. કૃ. ૫:૩,૪, ૧ કો. ૨:૧૦,૧૩).**

**૩. તે સનાતન આત્મા છે, (હેબ્રી. ૯:૧૪, ઉત. ૨:૭).**

**૪. તે સર્વવ્યાપક આત્મા છે, (ગી.શા. ૧૩૯:૭-૧૦).**

**૫. તે સર્વશક્તિમાન આત્મા છે, (લુ. ૧:૩૫).**

**૬. તે સર્વજ્ઞ આત્મા છે, (૧ કો. ૨:૧૦,૧૧).**

**૭. તેને મન, બુદ્ધિ, લાગણી અને ઇચ્છા છે, (રૂ. ૮:૨૭, એફ. ૪:૩૦).**

**૮. તે પ્રવૃત્તિમાન વ્યક્તિ છે, (૧ કો. ૧૨:૬, પ્રે.કૃ. ૧૩:૩,૪, ૧૬:૬,૭).**

નોંધ : ઈશ્વર સદા જીવતો જાગતો દેવ છે. તેના વ્યક્તિત્વનું સ્વરૂપ આત્મા છે, અર્થાત્ આત્મિક છે અને તેના આત્માને જીવનનો આત્મા કહેવામાં આવે છે. તેનાથી માણસને જીવન આપવામાં આવ્યું, દેવે પ્રાણીઓને શબ્દથી જીવન આપ્યું અને માણસમાં પવિત્ર આત્માથી દૈહિક અને આત્મિક એમ બેઉ પ્રકારના જીવનનો સંચાર કર્યો. અન્ય પ્રાણીઓના અને માણસના જીવન વચ્ચેનો ભેદ સમજવા સારુ વાંચો ઉત. ૧:૨૦ અને ૨:૭.

દેવ પવિત્ર છે. તે પાપને ધિક્કારે છે અને પાપીને શુદ્ધ કરે છે. દેવ પવિત્ર છે એટલે કે પવિત્રાઈ એજ તેનું સ્વાભાવિક બંધારણ છે, તેથી તેના આત્માને પવિત્ર આત્મા કહેવામાં આવે છે, આ પવિત્ર આત્મા પોતાના સ્વાભાવિક લક્ષણ પ્રમાણે પવિત્ર હોઈને પાપીઓનું પણ સંપૂર્ણ પવિત્રીકરણ કરે છે. હા, એ જ એનું પ્રિય કામ છે અને એ જ ઈશ્વર કરવા ચાહે છે (૧ કો. ૬:૧૧, લેવી. ૧૯:૧).

પવિત્ર આત્મા તે સનાતન આત્મા છે. તેને ઉત્પન્ન કરવામાં આવ્યો નથી.

જ્યારથી ઈશ્વરની હયાતી છે, ત્યારથી જ તેની હયાતી છે. પવિત્ર આત્મા ઈશ્વરના વ્યક્તિત્વનું અંગ છે. એટલે જેટલો સનાતન દેવ છે, તેટલો સનાતન તેનો પવિત્ર આત્મા છે (યર્મિ. ૧૦:૧૦, હેબ્રી. ૯:૧૪).

પવિત્ર આત્મા એટલે ઈશ્વરનો આત્મા અવિભાજ્ય છતાં તે સર્વવ્યાપક પણ છે. ઈશ્વર સર્વવ્યાપક છે એનો અર્થ એ નથી કે તે સર્વમાં કે અણુઅણુમાં ભળી ગયેલો છે. ઈશ્વરની સર્વવ્યાપકતા આત્મિક છે. મહાન પ્રબોધક રાજા દાઉદ કહે છે કે હું તારા આત્મા પાસેથી ક્યાં નાસી જાઉં? હું જ્યાં જાઉં ત્યાં તું છે. મારુ બેસવું ઊઠવું તું જાણે છે અને મારા વિચારો પણ વેગળેથી તું સમજે છે. મતલબ એ છે કે યહોવાની દૃષ્ટિથી કશું છૂપું નથી. તેની નજર સર્વત્ર વ્યાપક છે અર્થાત્ સૃષ્ટિનાં સર્વ ગુપ્ત સ્થાનો પણ તેના આત્મા આગળ ખુલ્લાં છે.

જો ઈશ્વરનો આત્મા સર્વમાં પ્રસરેલો હોય, તો પછી હું મારો આત્મા તમારા પર મૂકીશ કે રેડીશ, યા તમારામાં વસાવીશ અને તેથી તમને ભરપૂર કરીશ, એવી વાતો ઈશ્વર કદી કહે નહિ (ગણ. ૧૧:૧૭, યોએ. ૨:૨૮, યોહા. ૧૪:૧૭).

ઈશ્વરનો આત્મા વિભાજિત નથી કે તેનાં છૂટક છૂટક સ્વરૂપો નથી. ઈશ્વર એક અખંડ આત્મા છે, તેના હાથ નીચે મદદગાર દેવો નથી કે તેમ કરવાની તેને કશી જરૂર પણ નથી (ઉત. ૧૨:૧, નિર્ગ. ૨૦:૧-૬). તે સર્વસમર્થ દેવ છે, તે સર્વજ્ઞ આત્મા છે કોઈ વિષે તેને કંઈ કહે ત્યારે જ તે જાણે એવું નથી. (પ્રે. કૃ. ૫:૩,૯).

આત્મા એ જ ઈશ્વરનું વ્યક્તિત્વ છે, તો પછી પવિત્ર આત્માનાં ગુણલક્ષણો ઈશ્વરના વ્યક્તિત્વનાં ગુણલક્ષણોથી ભિન્ન કેમ હોઈ શકે? ઈશ્વર એ જ પવિત્ર આત્મા અને પવિત્ર આત્મા એ જ ઈશ્વર, એટલે એક જીવંત વ્યક્તિમાં જે બુદ્ધિ, લાગણી, ઇચ્છા કે માનસ અને નીતિ હોવાં જોઈએ, એ તેની સંપૂર્ણ કક્ષાએ કેવળ ઈશ્વરમાં છે, અને માણસમાં તે મર્યાદિતપણે છે. ઈશ્વરની એ પરિપૂર્ણતા એ તેનું ઐશ્વર્ય છે. ઈશ્વરની કૃતિમાં ઐશ્વર્ય પરિમિત કે મર્યાદિત છે, પણ પવિત્ર આત્મામાં તો તે અપરિમિત કે સંપૂર્ણ છે. એથી સમજી શકીશું કે જેમ હું મારા આત્માથી જુદો નથી, તેમ ઈશ્વર તેના પવિત્ર આત્માથી જુદો નથી. એટલે માણસના મદદગાર તરીકે અપાયેલો પવિત્ર આત્મા ઈશ્વરી સ્વભાવથી ભિન્ન પ્રકૃતિવાળો હોઈ શકે નહિ એ સહજ સમજી શકાશે.

હવે એક વ્યક્તિ તરીકે પવિત્ર આત્માનાં ગુણલક્ષણોનો વિચાર કરીએ, તોયે તેમાં કશો પણ ફેર પડતો નથી. માણસજાતનો ઉદ્ધાર કરવાનું કાર્ય જેમ દેવે શબ્દને સદેહ (વ્યક્ત) કરીને તેની પાસે સિદ્ધ કરાવ્યું, તેમ માણસજાતનું સંપૂર્ણ

પવિત્રીકરણ કરીને તેને પરિપૂર્ણ બનાવી ઈશ્વરની આગળ ન્યાયકાળે રજૂ કરવાનું કાર્ય વ્યક્તિમાન કરાયેલા પવિત્ર આત્માને સોંપાયું છે (૨ થેસ્સા. ૨:૭, એફે. ૧:૧૪, ૪:૩૦, યોહા. ૧૬:૧૨-૧૫).

આ કામની સિદ્ધિ સારુ દેવે પોતાના પવિત્ર આત્માને વિશ્વાસ કરનારાઓના આત્મા સાથે - હૃદયમાં વસાવ્યો છે. તે માણસની સહાય કરીને તેનો ઉદ્ધાર કરવા સારુ પોતાના ઐશ્વર્યનો સંપૂર્ણ ફાળો આપે છે.

માનવોદ્ધાર માટે દેવે બે અગત્યનાં કામ કર્યાં છે. એક તો પોતાના શબ્દને દૃશ્ય રીતે વ્યક્ત કરીને તેની પાસે ઉદ્ધારનો માર્ગ ઊઘાડાવ્યો અને બીજું પવિત્ર આત્માને અદૃશ્ય રીતે વ્યક્તિમાન રાખીને ઉદ્ધારકાર્ય સંપૂર્ણ કરવાની જવાબદારી તેને સોંપી. આ રીતે દેવનો શબ્દ અને દેવનો આત્મા આપણા સંબંધમાં વ્યક્તિત્વવાળા છે ખરા, પરંતુ તેથી કંઈ તેમનો અસલ સંબંધ ફેરવાતો નથી, કે તેમનાં ગુણલક્ષણોમાં ફેર પડતો નથી. તેઓ ઈશ્વર સાથે સંયુક્ત અને આપણી સાથે વ્યક્તિરૂપ છે, તેમનું વ્યક્તિત્વ આપણને માલૂમ પડ્યું તે પહેલાંયે તેમનું પ્રકટીકરણ તો હતું જ.

પવિત્ર આત્મા એક વ્યક્તિની પેઠે બુદ્ધિ, લાગણી અને ઈચ્છાપૂર્વક કામ કરે છે, પ્રેરે છે, શીખવે છે, દોરે છે, બોલે છે, તેડે છે, દાનો આપે છે, શિક્ષા કરે છે, ખેદિત થાય છે, યોજના કરે છે વગેરે. આજ લાયકાત અને આજ કામ ઈશ્વરનું પણ યાચીએ છીએ.

હવે વ્યક્તિની વાત કે વ્યક્તિ શબ્દ સાંભળતાંની સાથે લોકોના મનમાં અનેક પ્રશ્નો ઊભા થાય છે. સૌથી પ્રથમ તો વ્યક્તિ કહેતાંની સાથે જ આકારનો ખ્યાલ મનમાં આવે છે. ઈશ્વર જે નિરંજન નિરાકાર કહેવાય છે તેને વળી વ્યક્તિત્વ કેવું? અને જો વ્યક્તિત્વ હોય તો આકાર કેવો? અને જો આકાર હોય તો નિરાકાર શી રીતે? આવા સવાલો એક પછી એક ઊભા થતાં જ જાય છે.

આવા સવાલોનો સંતોષકારક ખુલાસો કોણ આપી શકે, એ તો હું જાણતો નથી; પરંતુ જે વાત આપણે બધા જાણીએ છીએ, તે તરફ હું તમારું લક્ષ ખેંચવા ચાહું છું.

પ્રભુ ઈસુએ કહ્યું, કે વિશ્વાસીઓ અનંતસુખમાં પ્રવેશ કરશે અને ઇબ્રાહીમ, ઈસ્હાક તથા યાકૂબની સાથે આકાશના રાજ્યમાં બેસશે, પરંતુ અવિશ્વાસીઓ તો બહારના અંધકારમાં કે સાર્વકાળિક અગ્નિમાં - શાસનમાં જશે, ત્યાં રડવું અને દાંત પીસવું થશે (મા. ૮:૧૧, ૧૨:૨૫, ૨૫:૩૦,૪૬).

હવે જો માણસને દૈહિક મરણ પછી સુખદુઃખ ભોગવવાનું હોય, તો પછી

જેને સુખદુઃખનો અનુભવ થાય એવું કંઈક તો વ્યક્તિત્વ હોવું જોઈએ. વળી પ્રભુ ઈસુએ કહ્યું, છે કે માંસ અને રક્ત દેવના રાજ્યનાં વારસ થઈ શક્તાં નથી, એટલે દેવના રાજ્યનો વારસો ભોગવનાર આ સ્થૂળ દેહ તો નથી એ સ્પષ્ટ સમજાય છે. વળી એમ પણ કહ્યું છે કે આકાશમાં જનારાં પરણતાં પરણાવતાં નથી, પણ એ તો દેવનાં દૂતો જેવાં છે. આ વાતો દર્શાવે છે કે આત્મિક વ્યક્તિત્વ છે, અને એ આત્મિક વ્યક્તિત્વ દૈહિક અવયવો આગળ નિરાકાર કે નિરંજન છે. દેવની વાત પણ એવી જ છે. આત્માઓની આ સ્થિતિ દર્શાવવાને આપણી ભાષાઓમાં 'વ્યક્તિત્વ' સિવાય બીજો કોઈ શબ્દ હોય તો તે મારી જાણમાં નથી.

કોઈ પણ વસ્તુસ્થિતિ સમજવાને ભાષાઓ તો માત્ર ચિન્હ છે, અને તે જાણીતાં વાનાં પરથી યોજાય છે. પરંતુ આ તો દેવના રાજ્યની અલૌકિક વાતો છે. આ અલૌકિક વાનાંને આત્મિક કહી છીએ અને આત્મિક દૈવી વાનાં તો દેવના આત્માથી જ સમજાય છે (૧ કોરીં. ૨:૧૦-૧૫).

પ્રભુ ઈસુએ એમ પણ કહ્યું છે, કે હું હમણાં બાપની પાસે જાઉં છું, ત્યાં હું તમારે માટે જગા તૈયાર કરીને તમારી પાસે પાછો આવીશ ને જ્યાં હું છું, ત્યાં તમને લઈ જઈશ. જે જીતે છે તેને મારી સાથે મારા રાજ્યાસન પર બેસવા દઈશ (યોહા. ૧૪:૧-૭, પ્રક. ૭:૨૧). પુનરુત્થાનમાં તેઓ પરણતા નથી અને પરણાવતા નથી, પણ તેઓ દેવના દૂતો જેવા છે (લૂક. ૨૦:૩૫,૩૬). આવી આવી વાતો વાંચતા આપણને અલૌકિક દશ્ય વ્યક્તિત્વની ખાતરી થાય છે.

પવિત્ર આત્માથી પાઉલ લખે છે, કે જેમ આપણે ધૂળનાની પ્રતિમા ધરી છે, તેમ આકાશીની પ્રતિમા પણ ધરીશું. જેમ પ્રાણી શરીર છે તેમ આત્મિક શરીર પણ છે (૧ કોરીં. ૧૫:૩૫-૩૮). આ પરથી પણ સમજી શકીએ છીએ, કે જેમ દૈહિક પ્રતિમા અને વ્યક્તિત્વ છે, તેમ આત્મિક પ્રતિમા અને વ્યક્તિત્વ પણ છે. મુશ્કેલ વાત કેવળ એટલી જ છે કે પ્રાણિક માણસ જેમ આત્મિક વાત સમજી શકતું નથી, તેમ ઐહિક જીવનમાં રહીને આત્મિક પ્રતિમા કે વ્યક્તિ પણ જોઈ કે સમજી શકાતાં નથી. આત્મિક પ્રતિમા તો છે જ, પરંતુ તે આ સ્થૂળ દષ્ટિને માટે નિરંજન અને નિરાકાર ગણાય છે, કારણ કે તે તેને જોઈ શકતી નથી. જે નથી દેખાતું તે અદશ્ય અને નજરમાં ન આવે તે નિરાકાર. પરંતુ આંધળાથી તારા ન દેખાય, કે તેનો સ્પર્શ પણ ન કરી શકાય, તેથી શું તારા નથી એમ કહેવાય?

ટૂંકમાં વાત એ છે કે ઈશ્વરને વ્યક્તિત્વ છે. એ વ્યક્તિત્વ આત્મિક છે અને આત્મિક સ્થાનોમાં આત્મિક આત્મિકને જોઈ શકે છે. પવિત્ર આત્માના વ્યક્તિત્વની વાત પણ એવી જ છે.

સારાંશ એ છે કે ઈશ્વરનું ઐશ્વર્ય તેના પોતાના વ્યક્તિત્વમાં જેવું વ્યાપ્ત છે, તેવું જ એ તેના વ્યક્ત થયેલા પવિત્ર આત્મામાં પણ છે. બીજા શબ્દોમાં કહીએ તો વ્યક્તિનાં ગુણલક્ષણો તેના આત્માથી છૂટાં પાડી શકાય નહિ, કે તે ભિન્ન હોઈ શકે નહિ. એથી વ્યક્તિમાન કરાયેલો ઈશ્વરનો પવિત્ર આત્મા સંપૂર્ણ ઐશ્વર્યવાન છે એ સહજ સમજી શકીશું.

પવિત્ર આત્માના ઐશ્વર્ય વિષે ડૉ. ટોરી પાછળ બતાવેલા ગ્રંથમાં લખે છે કે પવિત્ર આત્મા ઉત્પન્ન કરે છે (ગીત. ૧૦૪:૩૦), જીવન આપે છે (યોહા. ૬:૨૩), ભવિષ્ય કહે છે (૨ પીત. ૧:૨૧), ઈશ્વરની જગા લે છે (યશા. ૬:૮-૧૦), ઈશ્વર સાથે સંયુક્ત છે (૨ કોરીં. ૧૩:૧૪), અને તેને ઈશ્વર પણ કહેવામાં આવે છે (પ્રે. ૫:૩,૪) (પવિત્ર શાસ્ત્રનાં મૂળતત્ત્વો અધ્યાય ૨ પૃષ્ઠ ૧૦૬).

ઈશ્વર સનાતન શક્તિથી અને સનાતન જ્ઞાનથી જે વિચાર, યોજના અને અમલ કરતો આવ્યો અને જે જવાબદારી, સત્તા, દયા અને ધીરજ રાખતો આવ્યો, તે સર્વ એના આત્માએ જ કર્યું છે અને તે એ કરતો જ આવે છે. આ સર્વ તપાસતાં પવિત્ર આત્માનાં ગુણલક્ષણો એ ઈશ્વરનાં જ ગુણલક્ષણો છે અને તેનું વ્યક્તિત્વ આત્મિક હોઈ આપણે સારુ અદૃશ્ય છે.

### પ્રકરણ ૬ઠ્ઠું

## સૃષ્ટિમાં પવિત્ર આત્માનું કામ

**૧. આદિએ તે સૃષ્ટિની વ્યવસ્થા કરનાર હતો (ઉત. ૧:૨).**

**૨. તેણે સૃષ્ટિને ઉત્પન્ન કરી અને વ્યવસ્થિત પણ કરી (અયૂ. ૩૩:૪).**

**૩. તેણે જડમાં ચૈતન્ય પૂર્યું (ઉત. ૨:૭).**

**૪. તે ઉત્તરોત્તર ઉત્પત્તિ કરે છે (ઉત. ૧:૧૧,૧૨,૨૪,૨૮).**

**૫. તે સૃષ્ટિને તાજી રાખે છે (ગી.શા. ૧૦૪:૩૦, હઝ. ૩૭:૧૦,૧૪).**

**૬. તે ચમત્કારો કરે છે, (૨ રા.૨:૧૪,૧૫. પ્રે. ૫:૩,૫).**

**૭. ઉત્પત્તિ, હયાતી, વ્યવસ્થા અને લય તેનાથી થાય છે (હેબ્રી. ૧:૩).**

નોંધ : સૃષ્ટિ અને તેમાંનું સર્વ ઈશ્વરે ઉત્પન્ન કર્યું. ઈશ્વર બોલ્યો અને થયું. ઈશ્વરે શ્વાસ ફૂંક્યો અને થયું (ઉત. ૧:૧-૩, ૨:૭), જેમ લખ્યું છે, કે આદિએ દેવે આકાશ અને પૃથ્વી ઉત્પન્ન કર્યાં. પૃથ્વી અસ્તવ્યસ્ત અને ખાલી હતી ને જળનિધિ પર અંધારું હતું, અને દેવનો આત્મા પાણી પર હાલતો થયો, અને દેવે કહ્યું (શબ્દ બોલ્યો), કે અજવાળું થાઓ ને અજવાળું થયું. સર્વસમર્થના શ્વાસથી તેઓ ઉત્પન્ન થયાં.

હવે આ હકીકત ઉપરથી આપણે એવું સમજીએ છીએ, કે દેવે પોતાના આત્મા અને શબ્દની મારફતે સૃષ્ટિની ઉત્પત્તિ અને વ્યવસ્થા કરી છે. એટલે દેવ કહો, કે આત્મા કહો, કે શબ્દ કહો, એ બધું એકનું એક જ છે. ઈશ્વરનું ઐશ્વર્ય તેના આત્મામાં અને તેના શબ્દમાં એક સરખું જ વ્યાપ્ત છે. આ ત્રિવિધતા તે એક જ ઈશ્વરનું સ્વરૂપ છે. બીજા શબ્દોમાં કહીએ તો એક ઈશ્વરનું ઐશ્વર્ય ત્રણ પ્રકારે દૃશ્યમાન થયું છે.

આપણા વ્યક્તિત્વમાંથી નીકળેલો શબ્દ અસર કરે છે ખરો, પણ તે જાતે કાર્ય કરતો નથી; પરંતુ ઈશ્વર તો બોલે યા તેનો શબ્દ નીકળે કે તરત જ કાર્ય થઈ

જાય છે, નહિ કે થવા માંડે છે. આથી સમજાય છે કે તેના શબ્દમાં સંપૂર્ણ ઐશ્વર્ય છે (હેબ્રી. ૪:૧૨). દેવનો શબ્દ જીવતો ને સમર્થ ... છે.

એવી જ વાત તેના પવિત્ર આત્માની પણ છે. પવિત્ર આત્મા એ ઈશ્વરનો શ્વાસ કહેવાય છે. આપણા વ્યક્તિત્વમાંથી નીકળતા શ્વાસમાં જરા શક્તિ છે. જેમ કે ફૂંક મારતાં કાગળ ઉડીને આઘો પડે કે બત્તી ઓલવાઈ જાય, યા બળતું સળગે કે ફૂગ્ગો ફૂલે. પરંતુ આ તો આપણા શ્વાસની મારફતે આપણી શક્તિનું કામ છે. ઈશ્વરના શ્વાસની વાત તો તદ્દન જુદી છે. લખ્યું છે કે "દેવે જીવનનો શ્વાસ ફૂંક્યો અને માણસ સજીવ પ્રાણી થયું." ઈશ્વરના આત્માએ મને બનાવ્યો છે, સર્વસમર્થનો શ્વાસ મને જીવન આપે છે. તું તારો આત્મા મોકલે છે એટલે તેઓ ઉત્પન્ન થાય છે વગેરે. આ સર્વ પરથી આપણને એવું જાણવાનું મળે છે, કે જેમ ઈશ્વરના શબ્દમાં સંપૂર્ણ ઐશ્વર્ય છે, તેમ ઈશ્વરના શ્વાસમાં પણ સંપૂર્ણ ઐશ્વર્ય છે.

સૃષ્ટિની ઉત્પત્તિ, બાબતે અણુપરમાણુંઓનાં મિલન અને આકર્ષણ વિષે વિજ્ઞાન ગમે તે કહે, પણ પવિત્ર શાસ્ત્ર આપણને સ્પષ્ટ શીખવે છે, કે સૃષ્ટિમાં જે કંઈ છે તે સર્વનો સરજનહાર ત્રિએક ઈશ્વર છે. ઈશ્વરનો આત્મા કે ઈશ્વરનું માનસ આ સર્વનું કારણ છે.

ગમે તેટલાં અને ગમે તેવાં તત્ત્વો અરસપરસ ભેળસેળ થઈ જાય, તો તેથી કંઈક નવીન ગઠ્ઠો બને ખરો, પણ કશી વ્યવસ્થિત સ્થિતિ ઉદ્‌ભવે નહિ. તત્ત્વોના મિલનને વ્યવસ્થિત અને નિયમિત ક્રિયામાન રાખવાને તથા કરવાને ઈશ્વર જેવા સર્વસમર્થ માનસની આવશ્યક્તા સ્વીકારે જ છૂટકો.

હા, હવે વિજ્ઞાન પણ કબૂલ કરતું થયું છે, કે સૃષ્ટિના સરજનની પાછળ કોઈક અલૌકિક માનસ હોવું જોઈએ, નહિ તો સૃષ્ટિમાં વ્યવસ્થા અને નિયમિતતા હોઈ શકે નહિ.

ઉત્પત્તિના પુસ્તકના પહેલા અધ્યાયમાં સૃષ્ટિની ઉત્પત્તિનું જે વર્ણન આપેલું છે, તે વર્ણનમાં હજી કોઈ વિજ્ઞાનશાસ્ત્રી સુધારોવધારો કરી શક્યો જ નથી, કે એ કરતાં વધુ પ્રકાશ પાડી શક્યો નથી. ઊલટું વિજ્ઞાનશાસ્ત્રીઓ તો આ આખો અધ્યાય જેમનો તેમ વિજ્ઞાનશાસ્ત્રમાં ઉતારી લે છે, અને તે પર કામ કરે છે. જાણે કે સૃષ્ટિનું નિયમન કરનાર દેવનો જે પવિત્ર આત્મા છે, તે જ પવિત્ર આત્મા શાસ્ત્રનું આ પ્રકરણ લખાવનાર પણ છે. એથી જ માનવી જ્ઞાન તેની આગળ હારી જાય છે. દેવનો આત્મા જ દેવનાં કૃત્યો સમજાવી શકે.

સૃષ્ટિની રચનાત્મક સ્થિતિ અને તેની વ્યવસ્થા તથા નિયમિતતા જોઈને મૂર્ખ માણસ પણ સમજી શકે કે તે કોઈ બનાવનાર કે ચલાવનારની અક્કલશક્તિ

અને સત્તાનું પરિણામ છે. ઋતુઓનું નિયમિતપણે આવવું, આકાશના આશીર્વાદો બંધ થવા, ખુલવા કે ચાલુ રહેવા, રાતદહાડાનું નિયમિત અને વ્યવસ્થિત રીતે થવું વગેરે ચમત્કારિક ગતિ અને કૃતિનો નિયામક ઈશ્વરનો આત્મા છે.

ઈશ્વરના આત્માએ મને બનાવ્યો છે અને સર્વસમર્થનો શ્વાસ મને જીવન આપે છે. તે પોતાનો શ્વાસ ખેંચી લે છે ને માણસ મૃત્યુ પામે છે. તે પોતાનો શ્વાસ ફૂંકે છે અને મૃત સજીવન થાય છે. તે જડમાં ચૈતન્ય પૂરે છે ને ઉત્તરોત્તર વૃદ્ધિ કરે છે. તે સૃષ્ટિને તાજી રાખે છે અને તેને સૂકવી નાખે છે. તે માણસને તાત્કાલિક ન્યાયકરણમાં મૂકીને તેને શિક્ષા કરે છે અને પશ્ચાત્તાપી હૃદય જોતાં તેની શિક્ષા માંડી પણ વાળે છે. તે સ્વાભાવિક રીતે, હા, ચમત્કારિક રીતે પણ પોતાના આશ્રિતોને આશીર્વાદ આપે છે અને વિશ્વાસની દૃઢતા માટે ખાતરી પણ ઉપજાવે છે. તે સૃષ્ટિમાં દેવનું ગૌરવ જાહેર કરે છે અને સૃષ્ટિની સર્વ પ્રવૃત્તિઓ પર નજર રાખી વ્યવસ્થા જાળવે છે. તે પોતાની હાજરીથી આશ્રિતોને દિલાસો, શાંતિ અને ઉત્તેજન આપે છે, હા, ચમત્કારિક કૃત્યોથી તે તેમનું સંસ્થાપન કરે છે અને પોતાના માર્ગ પોતાના સંતોને દેખાડે છે. સંત દાઉદ ખરું જ કહે છે કે તારા આત્મા પાસેથી હું ક્યાં નાસી જાઉં? કેમ કે સૃષ્ટિમાં સર્વત્ર તારી જ હકૂમત અને હાજરી છે. ખરેખર, તારા વિષેનું જ્ઞાન મને તો આશ્ચર્યકારક લાગે છે!

પ્રકરણ ૭

# ખ્રિસ્તના આગમન પહેલાં માણસમાં પવિત્ર આત્માનું કામ અને સ્થાન

૧. ઈસ્રાએલને છોડાવવા મૂસાને આત્મા અપાએલો (ગણ. ૧૧:૧૭, નિર્ગ. ૪:૧૫,૧૬).

૨. જવાબદારી ઉઠાવવા સારુ તે ૭૦ વડીલોને અપાયેલો (ગણ. ૧૧:૨૫).

૩. ઈશ્વરની પસંદગી દર્શાવવા પવિત્ર આત્મા અપાતો (૧ શમૂ.૧૦:૧૦)

૪. માણસને પરાક્રમી કરવા પવિત્ર આત્મા અપાતો (ન્યા. ૩:૧૦, ૧૪:૬, ૧ શમૂ. ૧૧:૬).

૫. યહોવાના અભિષિક્ત ઉપર પવિત્ર આત્મા રહેતો (૧ શમૂ. ૧૬:૧૩).

૬. પ્રબોધકોને પવિત્ર આત્મા મળતો (૨ પી. ૧:૨૧, ૨ રા. ૨:૯, ૧૫)

૭. અમુક કાર્યસિદ્ધિ માટે પવિત્ર આત્મા અપાતો (નિર્ગ.૩૧:૩).

૮. માણસોમાં કાયમનો વસવાટ કરવા સારુ પવિત્ર આત્મા અપાયો નહોતો (યોએ. ૨:૨૭,૨૮).

નોંધ : સૃષ્ટિમાં પવિત્ર આત્માનું જે કામ આપણે જોઈએ છીએ, તે સિવાય અવારનવાર અમુક વ્યક્તિઓમાં પણ થયેલા પવિત્ર આત્માના કામની નોંધ નજરે પડે છે. પણ એ વ્યક્તિગત કામ તેઓના જ હકમાં પવિત્ર આત્માએ કર્યું નથી, પરંતુ તેઓની મારફતે જનસમૂહ કે પ્રજાઓના હકમાં કંઈક ખાસ હેતુ કે સેવાને અર્થે કરવામાં આવ્યું છે.

**૧. અમુક સંજોગ પૂરતી જ પવિત્ર આત્માની કૃપા કેટલાએકને મળતી.** જેઓને પવિત્ર આત્મા આમ છુટક રીતે પ્રસંગોપાત વાપરતો, તેઓને તે સંજોગ પૂરતું જ સામર્થ્ય કે જ્ઞાન આપતો. જેમ કે ગિદીઓન, યિફતાહ, શામશૂન, વગેરેની બાબતમાં જોઈએ છીએ તેમ (ન્યા. ૬:૩૪, ૧૧:૨૯, ૧૪:૬). સેવાકાર્યને સમયે પવિત્ર આત્મા તેઓ પર આવતો અને તે પૂરું થતાં એ તેઓ પરથી ખસી જતો. એ વખતે તેઓ બીજાના જેવા જ સાધારણ બુદ્ધિના કે સાધારણ બળવાળા હતા. પવિત્ર આત્માની કાયમ સંગત તેઓને હતી નહિ.

**૨. ખાસ સેવાને સારુ જીંદગીભરને માટે કેટલાકનો તૈલાભિષેક કરાતો.** જેઓને દેવ અમુક સેવાને અર્થે અલગ કરવા ચાહતો, તેઓનો તેલથી અભિષેક કરવામાં આવતો. આવા સેવકોના ત્રણ વર્ગ હતા. રાજાઓ, યાજકો અને ભવિષ્યવાદીઓ. યાજકો તરીકે હારૂન અને તેના પુત્રોનો પ્રથમ અભિષેક કરાયેલો. એ પછી એ કામ ઉત્તરોત્તર ચાલ્યું, રાજા તરીકે પ્રથમ શાઉલનો અભિષેક થયેલો. એ પછી જેને રાજા ઠરાવવાનો હોય તેને અભિષેક કરતા. પરંતુ દાઉદ, સુલેમાન, યેહૂ, યોઆશ જેવા કોઈ કોઈ રાજાના જ અભિષેક વાંચીએ છીએ. બધા જ રાજાઓના અભિષેક થતો ન હતો (જુઓ ૧ શમૂ. ૧૦:૧, ૧૬:૧૨, ૧ રાજા. ૧:૩૯, ૧૨:૨૦).

આ અભિષેકનો અર્થ દેવની સેવાને સારુ વ્યક્તિનું પવિત્રીકરણ કરીને તેને અલાયદો કરવાનો હતો. અભિષેકનું તેલ તે પવિત્ર આત્માની ઉપમારૂપ ગણાતું. અભિષિક્ત વ્યક્તિને પવિત્ર આત્મા સેવામાં વાપરતો.

**૩. કોઈ કોઈનો અભિષેક તો તેલના વિધિ વગર પવિત્ર આત્મા સીધેસીધો જ કરતો.** જેમકે મૂસા, એલીયાહ, આમોસ, વગેરે. ભવિષ્યવાદીઓનો અભિષેક એવો હતો (૧ રાજા. ૧૯:૧૬,૧૯, યશ. ૬૧:૧). પોતાની સેવાને અર્થે પવિત્ર આત્મા દેવનો ડર રાખનારને ઉપયોગમાં લેતો, આ પ્રકારનાં માણસો પર દેવનો આત્મા રહેતો, પરંતુ તેઓમાં વાસો કરતો એવી નોંધ આપણને મળતી નથી. છતાં પવિત્ર આત્માએ સીધેસીધાં અલાયદાં કરેલાં માણસો, પવિત્ર આત્માથી ભરપૂર એવા ખ્રિસ્તી સંતોની માફક જ ઉપયોગી સેવકો હતાં.

અભિષિક્ત રાજાઓની વાત કરીએ, તો શાઉલનો દાખલો લો. અભિષેક થયા પછી દેવે તેનું નવું હૃદય આપ્યું અને પવિત્ર આત્મા તેના પર આવતાં તે ભવિષ્યવાદ પણ કરી શક્યો. તેના પર દેવનો આત્મા પરાક્રમ સહિત આવ્યો અને તેણે ઈસ્રાએલીઓને આમ્મોનીઓના ત્રાસથી બચાવ્યા (૧ શમૂ. ૧૧:૬,૧૩). પરંતુ તે પછી એ વિષે એવું પણ લખેલું છે કે અનાજ્ઞાંકિતપણાને લીધે યહોવાનો

આત્મા શાઉલ પાસેથી જતો રહ્યો (૧ શમૂ. ૧૬:૧૪), અને દુષ્ટ આત્મા તેને પજવવા લાગ્યો. હવે આ પરથી આપણે શું સમજવું?

આવી હકીકતો ઉપરથી આપણને એવું માલૂમ પડે છે, કે વ્યક્તિનો અભિષેક કર્યા પછી દેવ પવિત્ર આત્માને તેની સહાયમાં રાખતો. ફરજો સમજવા સારુ તેને સમજુક હૃદય પણ આપતો, જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે ત્યારે તેને આત્માનું પરાક્રમ અપાતું. પરંતુ તે જ્યારે દેવને વફાદાર રહેવાનું છોડી દેતો કે અનાજ્ઞાંકિત થતો, ત્યારે દેવનો આત્મા તેને છોડી દેતો અને સહાય કરવાનું બંધ કરતો. મતલબ કે પવિત્ર આત્મા તેના પરથી ખસી જતો. આનો અર્થ એટલો જ છે કે પવિત્ર આત્મા કાયમનો વાસો કરવા સારુ તેઓમાં આવેલો ન હતો, પરંતુ સંજોગ પ્રમાણે સહાય કરવા સારુ તે તેઓની સાથે રહેતો અને તેની અવગણના થતાં તે તેઓને છોડી જતો.

આ સ્થિતિ સમજવા સારુ નૂહના કબૂતરનો દાખલો કદાચ ઠીક પડે. પૃથ્વી પરથી પાણી ઓસરીને તે વસવા લાયક થઈ છે કે નહિ, તે જોવા સારુ નૂહે કબૂતરને વહાણમાંથી બહાર મોકલ્યું, પરંતુ તેને પગ મૂકવાની પણ જગા ન મળતાં તે તેની પાસે પાછું આવ્યું. વળી પાછું ફરી મોકલ્યું, ત્યારે ચાંચમાં જૈતવૃક્ષનું તાજું પાંદડું લઈને આવ્યું. ફરી ત્રીજી વાર મોકલ્યું, ત્યારે કાયમને સારુ પૃથ્વી પર રહ્યું (ઉત. ૮:૮-૨૨).

દાખલા તરીકે માણસે પોતાની ચાલ એટલે સુધી ભ્રષ્ટ કરી હતી, કે નૂહના કુટુંબ સિવાય જળપ્રલયથી સર્વ માણસોનો સંહાર કરવો પડ્યો. આ તો પવિત્ર આત્માને પૃથ્વી પર પગ મૂકવાનું સ્થાન નહોતું એમ કહેવાય.

એ પછી દેવે ઇબ્રાહીમને બોલાવ્યો. તેણે પોતાના તેડનાર પર ભરોસો રાખી ઉદ્ધારની આશાનું વચન માન્યું. એ પછી એના સંતોને એ જ વિશ્વાસને ઓછાવત્તા પ્રમાણમાં જાળવી રાખ્યો. તેઓએ ઇબ્રાહીમને આપેલા વચનની રાહ જોઈ અને છેવટે બદલો પણ પામ્યા. આગળ જતાં એમાંથી એવા પણ સંતો ઊભા થયા, કે પ્રભુ પરના ભરોસાની સાબિતીમાં તેઓએ પોતાના પ્રાણ પણ પાછા રાખ્યા નહિ. અગ્નિભઠ્ઠીમાં હોમાયા, સિંહોના બીલમાં પટકાયા, તરવારથી કપાયા છતાં ઈશ્વરમાંની આશા તજી નહિ. આ જમાનો ઠેઠ પ્રભુ ઈસુના વખત સુધી ચાલ્યો. આ તો જૈતવૃક્ષના પાંદડાનો - આશાનો જમાનો કહેવાય.

છેવટે પ્રભુ ઈસુના પ્રાયશ્ચિત પછી તેને વસવા લાયક સંજોગ પેદા થયો. એટલે પચાસમાના દિવસે દેવે યોએલ પ્રબોધકની મારફતે કહાવેલું વચન પૂર્ણ કર્યું.

એવી જ રીતે પૃથ્વીનું વાતાવરણ પવિત્ર આત્માને વસવા લાયક થયું નહિ, ત્યાં સુધી તે સારા ભાવિની આશાના ચિન્હ તરીકે અમુક સેવા પૂરતો જ સંબંધ રાખીને માણસો મધ્યે આવજા કરતો રહ્યો અને દેવ પાસે પાછો આવ્યો. માણસોની આવી અધમાવસ્થા છતાંયે માણસજાત ઉપર અમુક વખતે કાયમને સારુ પવિત્ર આત્મા દાનરૂપે અપાશે એવું વચન દેવે આપ્યું હતું (યોએલ ૨:૨૮,૨૯).

પ્રાચીન કાળમાં કરેલું પવિત્ર આત્માનું કામ માણસોને ખ્રિસ્ત તરફ દોરી લાવવાને કેવું માર્ગદર્શક અને તૈયારીસૂચક છે! ઈશ્વરની અગાધ કૃપાનો અનુભવ કર્યા છતાંયે તર્કવિતર્કોની ભ્રાંતિથી માણસોનાં નિર્બુદ્ધ મન એટલે સુધી અંધરાતાં ગયાં, કે તેઓએ ઈશ્વરનો મહિમા હાથે સ્થાપેલી કલ્પિત મૂર્તિઓને આપી ભયંકર પાપ કર્યું (રૂ. ૧:૧૮-૨૩).

તેમ છતાંયે કોહેલા ફળની માફક માણસને દેવે ફેંકી દીધું નહિ. ન્યાયીપણાને ધોરણે ચાલવાની સહજ પણ ઇચ્છા રાખનારાઓને વગર જપતપ કે લાયકાતે પવિત્ર આત્માનું સામર્થ્ય અને દોરવણી આપી અને સંપૂર્ણ કૃપા પામવાના માર્ગ સુધી તે તેઓને દોરી લાવ્યો. જેમ ઇસ્રાએલીઓને તેઓની લાયકાતને લીધે નહિ, પણ ઇબ્રાહીમને આપેલા વચનને લીધે કનાનમાં વસાવ્યા તેમ. માર્ગમાં તેઓએ તરેહ તરેહનાં પાપો કર્યાં, તેમ છતાંયે પવિત્ર આત્મા તેઓને રાતદહાડો દોરતો, સૂચવતો અને પોષતો રહ્યો. તેઓએ તેને ખીજવ્યો, તેની સામે બંડ કર્યું, બેદરકાર બનીને પોતાના જ હિતકર્તાને તજ્યો, છતાંયે પોતાના મોટા નામની ખાતર પ્રેમ અને કૃપાના આત્માએ તેઓનું સહન કરીને તેમને વસવા લાયક નગરમાં આણ્યા (હેબ્રી. ૩).

સમયની સંપૂર્ણતા આવતાં સુધી ધ્યેય તરફ લઈ આવવાની અને કેળવવાની પવિત્ર આત્માની સેવા જૂના કરારના સંતોમાં આ રીતે જાણીતી છે. પરંતુ યોએલ પ્રબોધકની મારફતે પ્રગટ કરેલું વચન ખ્રિસ્તના આકાશગમન સુધી પૂર્ણ થયેલું ન હતું. મતલબ કે ત્યાં સુધી પવિત્ર આત્માએ છુટક છુટક વ્યક્તિઓની મારફતે જરૂરનું કામ કર્યું. પરંતુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરનારાઓના અંતઃકરણમાં હાલ જેમ પવિત્ર આત્માનો વાસો છે, તેમ ખ્રિસ્ત પહેલાંના જમાનામાં હતું નહિ.

પ્રકરણ ૮

# પ્રભુ ઈસુ અને પવિત્ર આત્માનો સંબંધ

**૧. પવિત્ર આત્માથી તેનો જન્મ થયો (લૂ. ૧:૩૫, મા. ૧:૨૦,૨૧).**

**૨. પવિત્ર આત્માથી તેનો અભિષેક થયો (પ્રે. ૧૦:૩૮, મા.૩:૧૬, લૂ. ૩:૨૨).**

**૩. પવિત્ર આત્માથી તે દોરાયો (મા.૪:૧-૧૧, લૂ.૪:૧-૧૨).**

**૪. પવિત્ર આત્માથી તે કામ કરવા લાગ્યો (મા. ૧૨:૨૫).**

**૫. પવિત્ર આત્માથી તેણે શિષ્યોને આજ્ઞા આપી (પ્રે.કૃ. ૧:૨-૪).**

**૬. પવિત્ર આત્માથી તેણે પોતાનું અર્પણ કર્યું (હેબ્રી. ૯:૧૪).**

**૭. પવિત્ર આત્માથી તે મરણમાંથી ઉત્થાન પામ્યો (રૂ. ૮:૧૧).**

નોંધ : પ્રભુ ઈસુમાં પવિત્ર આત્માનું કામ અથવા પ્રભુ ઈસુ અને પવિત્ર આત્માનો સંબંધ તપાસો તો જણાશે કે જન્મથી માંડીને આકાશગમન સુધીનો પ્રભુ ઈસુના જીવનનો કાર્યક્રમ સર્વાંશે પવિત્ર આત્માની જ દોરવણી પ્રમાણેનો હતો. પ્રભુ ઈસુએ વારે વારે કહ્યું હતું, કે જેણે મને મોકલ્યો છે તેની ઇચ્છા પૂરી કરવી એજ મારું અન્ન, એજ મારું કામ અને એજ મારું ધ્યેય છે. અને તેની ઇચ્છા એ છે કે કોઈનો નાશ ન થાય પણ સર્વ અનંતજીવન પામે અને એ જીવન પામવા સારુ તેના મોકલેલા પર વિશ્વાસ કરે. વિશ્વાસ કરે એટલે તેનો આશરો લે અને આશરો લેનારને દેવના પોતાના (પવિત્ર) આત્માના સામર્થ્યથી સંપૂર્ણ કરવામાં આવે. પવિત્ર આત્માના સામર્થ્યની સંપૂર્ણતાનો શો અર્થ છે, તે પ્રભુ ઈસુના જીવન પરથી ઈશ્વરે માણસને સ્પષ્ટ સમજાવ્યો છે.

જેમ પહેલા આદમને પૃથ્વીની ધૂળથી બનાવીને તેને ઈશ્વરી પ્રતિમા અને સ્વરૂપ આપવામાં આવ્યાં, તેમ બીજો આદમ જે ઈશ્વરનો શબ્દ હોવાથી સંપૂર્ણ ઐશ્વર્યવાન હતો તેને માનવદેહ આપવામાં આવ્યો. પાપીઓની શિક્ષા ભોગવવાનું સ્થાન સ્વીકાર્યાથી તેણે સંપૂર્ણ માણસપણું ધારણ કરવું જોઈએ (હેબ્રી. ૨:૧૪-૧૬). એટલા ખાતર જ દેવનો એ શબ્દ સદેહ (માનવ) થયો, એ માટે કે તે

સર્વનાં પાપની શિક્ષા (મરણ) ભોગવીને મરણનું પરાક્રમ રાખનાર શેતાનનો નાશ કરે. શિક્ષા માણસે ભોગવવાની હતી, માટે પ્રેમની ખાતર દેવને માણસપણું ધારણ કરવું પડ્યું.

આ કૃત્યને સારુ તેને પવિત્ર આત્માથી કુંવારીને પેટે જન્મ લેવો પડ્યો. આ વાત કેટલાકને માનવી - કે સમજવી કઠણ લાગે છે. આવા લોકો દેવના ઈરાદા, દેવનું ન્યાયીપણું અને દેવની સર્વશક્યતા વિષે પોતાનું અજ્ઞાન પ્રગટ કરે છે, અને પોતાની પરિમિત માનવી જ્ઞાનસીમાથી અપરિમિત ઈશ્વરના કાર્યક્રમનો પોતાની દૃષ્ટિએ ન્યાય કરવા ચાહે છે. ઈશ્વરનું કોઈ કાર્ય ન સમજાય, તો તેથી શું તે અસંભવિત ગણાય!

ધ્યાનમાં લો, કે જો તે કુંવારીને પેટે સર્વશક્તિમાન ઈશ્વરના પવિત્ર આત્માના સામર્થ્યે જન્મ્યો ન હોત, અને માનવોત્પત્તિ માટે ઈશ્વરે ઠરાવેલા કુદરતી નિયમ પ્રમાણે જન્મ્યો હોત, તો તે ઐશ્વર્ય વગરનો આપણા જેવો કેવળ માણસ જ હતો. વળી મનુષ્યબીજથી ઉત્પન્ન થવાને લીધે માનવપ્રકૃતિની સર્વ અબળતાથી તે વેષ્ટિત હોત, એટલે તે નિષ્પાપ હોત નહિ અને પાપીઓની મધ્યસ્થી કરવાનું સ્થાન લઈ શકત પણ નહિ. માત્ર જગતમાં અવારનવાર થતા કેટલાક પ્રબળ નીતિમાન માણસોના જેવો જ તે હોત. તેની ગણતરી મહાત્મા તરીકે થાત ખરી, પણ તે તારનાર હોઈ શકત નહિ. આવા જન્મમાં ઈશ્વરના પ્રેમનું, ઈશ્વરના ન્યાયનું અને ઈશ્વરના જ્ઞાનનું ઊંડાપણું માનવી સમજ માટે કેવળ અથાગ છે. પ્રભુ ઈસુના માનવપણાનું (નહિ કે ઐશ્વર્યનું) સર્જન પવિત્ર આત્મા કરે છે, તેથી તે પવિત્ર આત્માએ જન્મ્યો એમ કહેવાય છે.

પવિત્ર આત્માથી જન્મ પામ્યાને લીધે તેના માનવપણા સાથે તેનું ઐશ્વર્ય કાયમ રહ્યું. એટલે કે તે માણસ હતો. તેને તે જ વખતે તે દેવ પણ હતો. અર્થાત તેનામાં દેવપણાની અને માનવપણાની બેઉ પ્રકૃતિઓ સાથે સાથે રહી, પરંતુ તેણે પોતાનું દેવત્વ પોતાના હકમાં કદી વાપર્યું નથી. પોતાના હકમાં તો તે સંપૂર્ણ રીતે ખાલી થયો અને માણસપણાને જ આધીન રહ્યો. તેણે પોતાને લગભગ ૮૦ વાર માણસના પુત્ર તરીકે ઓળખાવ્યો છે.

આ જગ્યાએ એક બીજી વાત પણ ધ્યાનમાં રાખવી જોઈએ, કે જો કે તે પવિત્ર આત્માથી જન્મ્યો, છતાં તેને આદમની પેઠે માનવપણાની લાલચો પૂરી કરવી હોત, કે પોતાની ઇચ્છા પ્રમાણે ચાલવું હોત, તો તે ખુશીથી તેમ કરી શકત. તેના માનવપણાની સ્વતંત્રતા કે છૂટ કંઈ ખસેડી લેવામાં આવી નથી. પોતાની ઇચ્છા પ્રમાણે ચાલવાની તેને પૂરી છૂટ હતી, પણ તેણે પોતાની ઇચ્છા પ્રમાણે ચાલવાને બદલે પોતાને મોકલનારની ઇચ્છાને ધોરણે ચાલવાનું પસંદ કર્યું. શાસ્ત્રની

જે વાતો તે રોજ સાંભળતો અને વાંચતો તેજ પ્રમાણે જીવન ગાળવાનું પસંદ કર્યું. બીજા શબ્દોમાં કહીએ તો એક માણસ તરીકે પવિત્ર આત્માની પ્રેરણાને તે પૂરો આધીન અને આજ્ઞાંકિત રહ્યો.

યોહાન બાપ્તિસ્મા કરનાર પાસે લોક પાપની માફીને અર્થે બાપ્તિસ્મા પામવા સારુ આવતા. પ્રભુ ઈસુને તેની કશી અગત્ય ન હતી. હા, સિદ્ધાંતની દૃષ્ટિએ યોહાને તેને વાર્યો, છતાંયે માણસોની પાસેથી મંગાતું ન્યાયીપણું પૂરું કરવા ખાતર તેણે યોહાનને હાથે બાપ્તિસ્મા લીધું! તેની આવી નમૂનેદાર અને પવિત્ર પસંદગીથી ઈશ્વરની ઉઘાડી પ્રસન્નતા વાણીરૂપે પ્રગટ થઈ અને માનવજાતને સાક્ષીને અર્થે પવિત્ર આત્મા તેના પર દૃશ્ય રીતે ઊતર્યો અને તેના પર રહ્યો.

પવિત્ર આત્માના આ અભિષેકથી ખ્રિસ્તનું માનવપણું સંપૂર્ણપણે ઈશ્વરને સ્વાર્પણ કરાયું. બીજા શબ્દોમાં કહીએ તો ઈશ્વરી ઈરાદાની પરિપૂર્ણતા કરવા માટે પવિત્ર આત્માની જ દોરવણી તળે રહેવા સારુ પ્રભુ ઈસુ અલગ કરાયો. આવું દૈવી માનવીપણું પૃથ્વી પર કોઈ પણ માણસનું થયું નથી અને થવાનું પણ નથી. આ તો માનવપણા સાથે ઈશ્વરીપણાનો સંપૂર્ણ યોગ છે.

ઈશ્વર અને માણસ વચ્ચેનો તૂટી ગયેલો સંબંધ પાછો ન્યાયસર જોડી આપવા સારુ ઈશ્વર અને માનવ વચ્ચે ઊભો રહી શકે એવા દૈવી પુરુષ (દૈવી એટલે ધાર્મિક નહિ, પણ જેનામાં સંપૂર્ણ દેવત્વ હોય અને તે જ વખતે સંપૂર્ણ માનવત્વ પણ હોય એવી વ્યક્તિ)ની જરૂર હતી, પરંતુ માણસમાં એ સંભવે નહિ એટલા માટે જ ખ્રિસ્તનો અવતાર થયો. અને તે દેવ તથા માનવ વચ્ચે સંબંધ જોડનાર કડીરૂપ બન્યો (હેબ્રી. ૨:૧૪-૧૬). ખ્રિસ્તે પોતાના માનવપણાને સંપૂર્ણપણે પવિત્ર આત્માની દોરવણી તળે રાખ્યું, છતાં ઉપર દર્શાવ્યું તે સારામાઠાની પસંદગી કરવાનો તેનો હક છીનવી લેવાયો નહોતો. પવિત્ર આત્મા તેના માનવપણાને કસોટી પર ચઢાવવા એકાંતે લઈ જાય છે. ત્યાં ૪૦ રાત દહાડા સુધી શેતાન સ્વાભાવિક લાલચથી માંડીને સર્વોચ્ચ લાલચ સુધી તેનું પરીક્ષણ કરે છે. પરંતુ શેતાનના આ ભયંકર હુમલાનો સામનો તેણે કેવળ સાદી, સહેલી અને સરળ છતાં સર્વોત્તમ રીતે કર્યો. પોતાની કલ્પના દોડાવીને વિચાર કરી જવાબ શોધી કાઢવાને બદલે, દેવના શબ્દોમાં આવી વાતોનો જે જવાબ તે બાળપણથી જાણતો હતો, તે તરત જ આપી દઈ શેતાનનું મોં સદાને માટે બંધ કર્યું. આફતકાળે શો જવાબ આપવો તે દેવનો પવિત્ર આત્મા જ તમને શિખવશે એવો ઉત્તેજનદાયક દિલાસો આપણને પણ એજ પ્રભુ ઈસુ ખાતરીબંધ આપે છે (માથ્થી. ૧૦:૧૯-૨૦).

પોતે સાધારણ માણસ નથી પણ માણસ બનેલો દેવ છે અને આવો સંયોગ તેણે પતિતોના ઉદ્ધાર માટે જ સ્વીકાર્યો છે, એ વાતની પ્રતીતિ કરાવવા સારુ તેણે

પોતાના શિષ્યોને ઈશ્વરી કામો કરવાનો અને શેતાનનું પરાક્રમ તોડવાનો પવિત્ર આત્માથી હક આપ્યો (માર્ક ૬:૪). આ હક અમલમાં મૂક્યાથી અને પ્રભુ ઈસુનું જીવન નિરખ્યાથી તેમને ખાતરી થઈ ચૂકી, કે જગતનો તારનાર તે એ છે અને અનંતજીવનની વાતો એની પાસે છે.

યાદ રાખીએ કે પ્રભુ ઈસુનું શિક્ષણ અને કામ એ જ જગતનો ખરો આશીર્વાદ નથી. તે પોતે જ દેવનું અનિર્વાચ્ય દાન છે, કે જેની મારફતે સર્વદા સમર્થ રાખનારું એવું જ બીજું દાન માણસજાતના તમામ વિશ્વાસ કરનારને મળે છે એટલે તેનો પવિત્ર આત્મા. એ જ આત્માને ધોરણે તે પોતે ભલું કરતો ફર્યો (પ્રે. ૧૦:૩૮), અને એજ આત્માથી તેણે શિષ્યોને આજ્ઞા આપી (પ્રે. ૧:૧,૨).

છેવટે ખ્રિસ્તે પોતાના શિષ્યો પર શ્વાસ નાખીને તેમને કહ્યું કે તમે પવિત્ર આત્મા પામો (યો. ૨૦:૨૨) અને તેઓ તે પામ્યા. હજી તેઓને પવિત્ર આત્માનું બાપ્તિસ્મા તો મળવાનું હતું, પરંતુ તે થાય તે પહેલાં તો તેણે પોતે પોતાનો શ્વાસ શિષ્યો પર નાખીને તેમને પવિત્ર આત્મા આપ્યો. આ તો તેના દેવત્વની ખુલ્લી ખાતરી છે. આ બીના આપણને ઉત. ૨:૭માંની વાતની યાદ આપે છે. જેમ બાપને પવિત્ર આત્મા આપવાનો હક છે, તેમ દીકરાને પણ પવિત્ર આત્મા આપવાનો હક છે, એ આ પરથી સહજ સમજી શકાય છે. બીજા શબ્દોમાં કહીએ, તો પવિત્ર આત્મા તે તેનો પોતાનો જ આત્મા છે (રૂ. ૮:૧૩). કેમ કે દેવ તથા તે પોતે એકના એક જ છે. બલકે પવિત્ર આત્મા જેમ દેવનો આત્મા કહેવાય છે, તેમ તે ખ્રિસ્તનો આત્મા પણ કહેવાય છે. એની સુંદર સાબિતી ઉત. ૨:૭ સાથે યો. ૨૦:૨૨ સાથે સરખાવતાં મળી રહે છે.

માનવતારણનો માર્ગ સિદ્ધ કરવા સારુ માનવ બનેલો શબ્દ અને પવિત્ર આત્મા બેઉ સાથે મળીને કામ કરતા પહેલેથી છેલ્લે સુધી નજરે પડે છે. ઈશ્વરે માનવતારણની યોજના કરી, ખ્રિસ્તે તે અમલમાં મૂકી અને પવિત્ર આત્મા તેની વ્યવસ્થા કરે છે.

પ્રભુ ઈસુના મરણ અને પુનરુત્થાન બાબતે પવિત્ર આત્માના ફાળા વિષે વિચાર કરો.

જો યહૂદી આગેવાનો ઈસુનો સ્વીકાર કરત તો તેને મારી નાખવામાં ન આવત, એવી વાત કોઈ કલ્પનાકારો કરે છે. વળી કોઈ એવું પણ કહેતા કે ઈસુ મરી ગયો નહોતો, પણ બેભાન અવસ્થામાં હતો, એટલામાં તેના શિષ્યો આવીને તેને લઈ ગયેલા! અથવા તેને બદલે તેના જ સ્વરૂપનો કોઈ બીજો જ આદમી વધસ્તંભે જડાયેલો!

આ કે આના જેવી સઘળી વાતો કેવળ અજ્ઞાનપણાની, અર્થ વગરની, ઈશ્વર તથા ઐતિહાસિક સાક્ષી વિરુદ્ધની અને જગતને નાશમાં રાખનારી વ્યર્થ કલ્પનાઓ છે. પ્રભુ ઈસુના મરણની અગત્ય તો જગતનો પાયો નાખ્યા અગાઉ દેવની યોજનામાં હતી (પ્ર. ૧૩:૮). હા, પાપીઓને બદલે બલિદાન થવા સારુ પ્રભુ ઈસુનું મરણ તો

પવિત્ર આત્માએ તેના જન્મ્યા પહેલાં સેંકડો વર્ષો અગાઉ અનેક પ્રબોધકોના મુખથી પ્રગટ કરાવ્યું હતું (ગી. ૨૨. યશા. ૫૩:૬૩, ઝખા. ૧૩:૭). અરે, પ્રભુ ઈસુએ વારેવારે સ્પષ્ટ શબ્દોમાં પ્રગટ કર્યું હતું, કે જગતનાં પાપની ખંડણીને અર્થે હું મારો જીવ આપવાને આવ્યો છું. કોઈ મારી પાસેથી મારો જીવ લઈ શક્તો નથી. હું પોતાની મેળે તે આપું છું. તે આપવાનો મને અધિકાર છે અને તે પાછો લેવાનો પણ મને અધિકાર છે (યો. ૧૦:૧૭,૧૮, લુ. ૧૯:૧૦, માર્ક ૯:૩૧, મા. ૧૬:૨૧-૨૩).

તેના પુનરુત્થાનની વાત પણ એવીને એવી જ છે. તે માનવ પરના પ્રેમની ખાતર મરણ પામવા જ જન્મેલો અને ઉત્થાન પામવા સિદ્ધ થયેલો. જો તે ઉત્થાન પામ્યો ન હતો, તો તેનું મરણ માણસોના મરણ જેવું જ બલકે ધર્માર્થે પ્રાણાર્પણ કરનારના જેવું લેખાત. એટલે તે જગતનો તારનાર હોઈ શકત નહિ. જો એ કેવળ સાધારણ માણસ જ હોત, તો ઉપલી કલ્પનાઓ સાંભળવા જેટલો સમય ગુમાવત. પણ જે પવિત્ર આત્માથી જન્મ્યો, પવિત્ર આત્માથી અભિષિક્ત થયો, પવિત્ર આત્માથી બલિદાન થયો અને પવિત્ર આત્માથી ઉત્થાન પામી સ્વર્ગે ચઢ્યો, તે ત્રાતા ઈસુ દેવનું કે દેવના શબ્દનું દૃશ્ય પ્રકટીકરણ છે અને આત્મારૂપે તે આજે અદૃશ્યપણે વિશ્વાસીઓની પરિપૂર્ણતા કરવા કામ કરી રહ્યો છે.

**સૂચના :** પ્રભુ ઈસુ દેવનો "એકનો એક દીકરો" આવો ભાષાપ્રયોગ કોઈ કોઈ ઠેકાણે જોવાય છે. આ ભાષાપ્રયોગ આપણી ભાષામાં કાનને સાંભળવો બિલકુલ સારો લાગતો નથી. આવા શબ્દોથી પ્રથમ દૃષ્ટિએ આપણને એવો ખ્યાલ થાય છે, કે ઈશ્વરને કેવળ એક જ દીકરો હતો, અને તેને તેણે માનવતારણને અર્થે આપી દીધો! આ વાતથી વિધર્મીઓ તો ઠોકર ખાય છે.

યાદ રાખીએ કે આદિએ એ તો (દેવનો) શબ્દ હતો. એ શબ્દ વ્યક્તિમાન હતો. વ્યક્તિમાન સ્વરૂપનો મર્મ કોને ખબર છે તે તો હું જાણતો નથી. પણ શાસ્ત્રથી એક વાત આપણે બધા જાણીએ છીએ, કે દેવનો એ શબ્દ સદેહ થયો. એ માનવ બનેલો શબ્દ ઈશ્વરને પિતા કહીને સંબોધે છે. પ્રભુ ઈસુના અવતારધારણ પછી જ આ પિતાપુત્રનો ઉલ્લેખ માલૂમ પડે છે. દાઉદ ભવિષ્યવાદ કરતાં કહે છે, કે "તું મારો પુત્ર છે, આજ મેં તને જન્માવ્યો છે" (ગી. ૨:૭). પાઉલ લખે છે કે તે દેવના રૂપમાં છતાં ખાલી થયો ... આધીન થયો (ફિ. ૨:૫-૮). મતલબ કે ખાસ હેતુસર દેવે શબ્દને માનવ તરીકે જન્માવી મોકલ્યો તે જ. પુત્ર એવો **ખાસજનિત** તો કેવળ એ જ એક હતો. માટે 'એકનો એક'ને બદલે "એકાકીજનિત" જે પ્રચલિત છે, તે જ પ્રયોગ ઠીક લાગે છે. તેમ છતાં એ ચર્ચાનો અંત નથી.

પ્રકરણ ૯

# ખ્રિસ્તના સમયમાં પવિત્ર આત્માનું સ્થાન

**૧. પ્રભુ ઈસુ સર્વાંશે પવિત્ર આત્માથી વેષ્ટિત હતો (હેબ્રી. ૯:૧૪).**

**૨. ખ્રિસ્તથી પવિત્ર આત્મા મળનાર છે એવી શાહેદી યોહાન બાપ્તિસ્મા કરનારે આપેલી (લૂક. ૩:૧૬).**

**૩. ખ્રિસ્તના શિષ્યોને પવિત્ર આત્માનું દાન મળ્યું ન હતું (યોહા. ૭:૩૯, પ્રે.કૃ. ૧:૮).**

**૪. ખ્રિસ્તના આપેલા હકથી શિષ્યો પરાક્રમી કામો કરી શક્યા (માર્ક. ૩:૧૫).**

**૫. ખ્રિસ્તનો આત્મા શિષ્યોની સાથે હતો ખરો, પણ તેઓમાં તેનો વાસો ન હતો (યોહા. ૧૪:૧૭).**

**૬. પવિત્ર આત્મા પામ્યા વગર કામે ન ચઢવાની આજ્ઞા ખ્રિસ્તે શિષ્યોને આપેલી (લૂક. ૨૪:૩૯).**

**૭. પુનરુત્થાન પછી શિષ્યો પર શ્વાસ નાખીને ખ્રિસ્તે તેમને પવિત્ર આત્મા આપેલો (યોહા. ૨૦:૨૨)**

નોંધ : પાછળ આપણે જોયું તેમ પ્રભુ ઈસુનું આખું માનવજીવન પવિત્ર આત્માથી વેષ્ટિત હતું. જન્મથી માંડીને તેણે જે કંઈ કહ્યું કે કર્યું, તે સર્વ પવિત્ર આત્માથી જ મુદ્રિત હતું. જન્મથી માંડીને આકાશગમન સુધીની સર્વ પ્રવૃત્તિ ઈશ્વરની ઇચ્છાનુસાર હતી. ઈશ્વરની ઇચ્છાનુસાર એટલે તેના (પવિત્ર) આત્માની પ્રેરણાનુસાર. પ્રભુ ઈસુએ ડગલે ને પગલે કહ્યાં જ કર્યું હતું, કે બાપ કે જેણે મને મોકલ્યો છે, તેની ઇચ્છા પૂરી કરવા સારુ જ હું ઊતર્યો છું. હું દેવપુત્ર છું અને પિતાની પાસેથી જે કંઈ સાંભળું છું તે જ હું કરું છું. મારાં સર્વ કામો પવિત્ર આત્માથી જ થાય છે.

યહૂદીઓ પવિત્ર આત્મા વિષે તદ્દન અજાણ તો ન જ હતા, પરંતુ તેને વિષે તેમને નહોતો કશો સ્પષ્ટ ખ્યાલ કે નહોતું કશું વાસ્તવિક જ્ઞાન. એથી જ તેઓ વખતે વખતે પ્રભુ ઈસુનાં કામો વિષે વાંધો લેતા અને શેતાની આત્માથી તે એવાં કામો કરે છે એવું કહેવાને પણ અચકાતા નહિ. તેઓમાંનો કોઈ કશું આશ્ચર્યકારક કામ કરે, તો તેઓ કહેતા કે એ તો દેવનું પરાક્રમ છે; ને કોઈ પ્રબોધક નીકળે, તો તેના પર દેવનો આત્મા આવ્યો છે એવું માનતા.

પ્રબોધકો દ્વારા સ્પષ્ટ પ્રગટ કરવામાં આવ્યું હતું, કે સમય આવે હું તમારા દીકરા દીકરીઓ પર મારો આત્મા રેડી દઈશ, પરંતુ એનો અર્થ તેઓ ઉપર પ્રમાણે જ સમજતા. જે ખ્યાલ આજે આપણને છે, કે પ્રભુ ઈસુએ આપેલો, તેની ઝાંખી પણ તેઓને નહોતી. તેઓ માત્ર એટલું જ સમજતા કે કદીકદા ઈશ્વર કોઈક વ્યક્તિની મારફતે પોતાનું પરાક્રમ પ્રગટ કરે છે અને પોતાનો સંદેશો આપે છે, તેમ જ આ પણ હશે. પરંતુ યોહાન બાપ્તિસ્મા કરનારે તો સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું, કે હું તો તમારું બાપ્તિસ્મા પાણીથી કરું છું, પણ મારા પછી જે આવે છે, તે અગ્નિ તથા પવિત્ર આત્માએ તમારું બાપ્તિસ્મા કરશે. મતલબ કે કોઈ એકાદ છૂટક વ્યક્તિ નહિ, પણ તમે સર્વ પવિત્ર આત્માથી બાપ્તિસ્મી થશો. એવું બાપ્તિસ્મા આપવાની શક્તિ મારામાં નથી, પરંતું અહીં તમારી તમારી વચ્ચે એક ઊભો છે, જેને તમે ઓળખતા નથી, તે જ એવું બાપ્તિસ્મા આપનાર છે, એવું કહીને પવિત્ર આત્માના બાપ્તિસ્માનો તથા તેના આપનારનો ખ્યાલ આપ્યો છે.

આ વાત સત્ય છતાં પ્રભુ ઈસુના આકાશગમન સુધી આવું બાપ્તિસ્મા શિષ્યોને આપ્યું જ ન હતું. આ પરથી કોઈના મનમાં એવો પ્રશ્ન ઊઠશે કે એ કેમ બન્યું? અથવા જો એવું બાપ્તિસ્મા મળ્યું ન હતું, તો પછી તેઓ માંદાઓને સાજાં કરી શક્તા કે ભૂતો કાઢી શક્તા તે શી રીતે થયું?

એનો જવાબ એ છે, કે એ બાપ્તિસ્મા આપવા જેવું વાતાવરણ જ હજી તૈયાર હતું નહિ. જ્યાં સુધી માનવજાતનાં પાપનું પ્રાયશ્ચિત કરીને (પાપનું દેવું ભરીને) તેને પાપથી અને પાપની શિક્ષાથી મુક્ત કરવામાં ન આવે, ત્યાં સુધી એ બને તેવું ન હતું. એ કામ વધસ્તંભ ઉપર પોતાનો પ્રાણ આપીને ખ્રિસ્તે પૂર્ણ કર્યું; આથી પવિત્ર આત્મા આપવાનું દેવનું જે વચન હતું, તે પૂર્ણ કરવાનો સંજોગ પેદા થયો, અને પ્રભુ ઈસુના આકાશગમન પછી દસમે દહાડે એ વચન પૂર્ણ પણ થયું.

શિષ્યોએ જે ચમત્કારિક કામો કર્યાં તે શાથી, એ પ્રશ્ન હજી રહે છે. માર્ક ૩:૧૪,૧૫માં આપણે વાંચીએ છીએ, કે પ્રભુ ઈસુએ બારને ઠરાવ્યા, એ માટે કે તેઓ તેની સાથે રહે, તે તેમને ઉપદેશ કરવા મોકલે તથા અધિકાર પામીને

ભૂતોને કાઢે, આ હેતુ સિદ્ધ થયો, પણ પ્રભુ ઈસુએ આપેલા અધિકારથી જ તેઓ એવાં કામ કરી શક્યા.

પ્રાચીન કાળમાં જેમ દેવ કેટલાક સંતોને પવિત્ર આત્માનું સામર્થ્ય આપીને તેમને અમુક અમુક સંજોગોમાં વેષ્ટિત કરતો અને વાપરતો, તેમ જ આ શિષ્યોને પણ પોતાનો અધિકાર આપીને પ્રભુ ઈસુએ વાપર્યા. તેઓમાં રહેલા સામર્થ્યથી નહિ, પણ પ્રભુ ઈસુને નામે, તેના અધિકારને આશરે ને તેના મોકલ્યાથી તેઓ તેને આજ્ઞાંકિત રહીને જ એવું કરી શક્યા.

હવે પોતાના બલિદાનથી જો કે વચનપ્રાપ્તિ માટે એદનનો બંધ થયેલો દરવાજો પ્રભુ ઈસુએ ઉઘાડ્યો ખરો, પરંતુ જ્યાં સુધી માણસ પોતે પવિત્ર આત્મા પામવાની આતુર અપેક્ષા ન રાખે, ત્યાં સુધી તે તેમને મળે નહિ. એ માટે તેઓમાં તેને સારુ ભૂખ ઉત્પન્ન થવા પ્રભુ ઈસુએ તેઓ પર પોતાનો શ્વાસ નાખ્યો અને કહ્યું કે તમે પવિત્ર આત્મા પામો (યોહા. ૨૦:૨૨) ને તેઓ પામ્યા.

દેવે આદમમાં જીવનનો શ્વાસ ફૂંકતાં તે સજીવ પ્રાણી થયેલો, તેમ ખ્રિસ્તે પોતાના શિષ્યો પર પોતાનો શ્વાસ નાખીને તેમને દેવના રાજ્યમાં નવો જન્મ આપી સજીવન કર્યા (યો. ૩, ૫.૧લું પી. ૨:૨૩). એટલે આદમે જે જીવન ખોઈ નાખ્યું હતું, તે જીવનમાં ખ્રિસ્તે તેમને દાખલ કર્યા.

આનું પરિણામ એ આવ્યું કે ખ્રિસ્તના મરણથી નિરાશ થઈને નાસી ગયેલા, વિશ્વાસમાં ડામાડોળ થયેલા, ને પોતપોતાને માર્ગે વળી ગયેલા શિષ્યો એકત્ર થઈને તથા એકત્ર રહીને પવિત્ર આત્મા બાબતની બાપના વચનની રાહ જોતા માર્કની મેડી ઉપર પ્રાર્થના કરવામાં મશગુલ રહ્યા. પ્રભુ ઈસુના અત્યંત દુઃખના પ્રસંગે પણ જેઓ બે ઘડી જાગતા રહીને પ્રાર્થના નહિ કરી શકેલા, તે હવે પ્રભુ ઈસુની દૈહિક હાજરી નહિ છતાંયે રાત ને દહાડો પ્રાર્થના કરતાં થાકતા નથી! પ્રભુ ઈસુના જીવનશ્વાસથી તેઓને પ્રભુ ઈસુનો પ્રાર્થના કરવાનો આત્મા મળ્યો. જેમ જીવતું બાળક શ્વાસ લે છે, તેમ તેઓ પ્રાર્થનાનો જીવનશ્વાસ લેવા લાગ્યા.

પ્રભુ ઈસુના શ્વાસથી તેઓ પવિત્ર આત્મા પામે છે, એ પરથી એક વાત તો એ સિદ્ધ થાય છે કે, પવિત્ર આત્મા તે ખ્રિસ્તનો જ આત્મા છે. બીજા શબ્દોમાં કહીએ, તો ખ્રિસ્ત અને દેવ એકબીજાથી ભિન્ન નથી. વળી પવિત્ર આત્માનું દાન જેમ દેવ આપે છે તેમ જ ખ્રિસ્ત પણ આપે છે. પવિત્ર આત્મા જેમ દેવનો શ્વાસ કહેવાય છે તેમ તે ખ્રિસ્તનો શ્વાસ પણ છે. માનવતારણ માટે ઈશ્વરની કેવી અજબ રચના! તે પવિત્ર આત્માથી તમારું બાપ્તિસ્મા કરશે એવું યોહાનનું સ્પષ્ટ કહેવું અત્રે કેવું સ્પષ્ટ સાબિત થાય છે તે ધ્યાનમાં લો.

જો કે શિષ્યગણ દેવના રાજ્યમાં જીવનનો શ્વાસ લેવા લાગ્યો ખરો, પરંતુ હજી તે પુખ્ત વયનો સમર્થ નથી. પવિત્ર આત્માની ભરપૂરી મળ્યા વિના તેઓમાંથી જીવનની નદીઓ વહી નીકળે તેમ નથી (યો. ૭:૩૮,૩૯). એની તૈયારીને અર્થે પ્રભુ ઈસુનું આ બીજું કાર્ય સાધનભૂત બન્યું.

શિષ્યો જો કે પ્રભુ ઈસુની પાસે કેળવાયા હતા અને અધિકાર પામીને કૃપાનાં ચમત્કારિક કામો કરી શક્યા હતા, પરંતુ તેમનામાં હજી જીવનનો પ્રભાવ નહોતો. આકાશી કાર્યક્રમ ઉપાડી લેવા જેટલી તાકાત તેઓમાં નહોતી. તેઓની વાણી હજી લોકને વીંધે અને પસ્તાવો કરી ખ્રિસ્તનો સ્વીકાર કરવા પ્રેરે એવી જીવંત નહોતી. ખ્રિસ્તને મરાવી નાખનારા અધિકારીઓનાં મોં બંધ કરી ઈસુ ખ્રિસ્ત તે જ તારનાર છે એવું કહેવાની તેમનામાં તાકાત નહોતી. હા, તેઓ ખ્રિસ્તને નામે લોક પર હાથ મૂકે અને લોક પવિત્ર આત્માનું દાન પામે એવી લાયકાત તેઓમાં હજી આવી નહોતી, કારણ કે તેઓ પોતે જ હજી પવિત્ર આત્માની ભરપૂરી પામ્યા નહોતા. પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પામ્યા વગર તેઓ કેવળ નિર્બળ હતા.

વળી આ પણ યાદ રાખવાનું છે, કે કેવળ તેઓને જ માટે નહિ, પણ તેમની સાથેના અને તેમની પછીના સમગ્ર ખ્રિસ્તી સમાજને માટે સદાને સારુ પવિત્ર આત્મા તેઓનાં હૃદયમાં વાસો કરવા આવવાનો હતો. પવિત્ર આત્મા ઊતરીને તેઓનાં (વિશ્વાસીઓનાં) હૃદયમાં વાસો કરે, ત્યાં સુધી ઉદ્ધારપ્રચારક સેવા શરૂ કરવી નહિ, કે યરૂશાલેમ છોડવું નહિ, એવી શિષ્યોને આપેલી પ્રભુ ઈસુની આજ્ઞા સ્પષ્ટ સૂચવે છે, કે ખ્રિસ્તના માનવજીવનના દહાડાઓમાં પવિત્ર આત્માનું સ્થાન કેવળ ખ્રિસ્ત પૂરતું જ મર્યાદિત હતું.

## પ્રકરણ ૧૦

# ખ્રિસ્તે જણાવેલી પવિત્ર આત્માની અગત્ય

**૧. પવિત્ર આત્મા વગર જીવન મળતું નથી (ઉત. ૨:૭, યોહા. ૬:૬૩).**

**૨. પવિત્ર આત્માથી જન્મ્યા વગર આકાશી રાજ્યમાં પ્રવેશ નથી (યોહા. ૩:૫).**

**૩. પવિત્ર આત્માના દાન વગર ખ્રિસ્તી જીવન નિર્બળ છે (લૂક. ૨૪:૪૯, પ્રે.કૃ. ૧:૮)**

**૪. પવિત્ર આત્મા વગર માન્ય ભક્તિ કરી શકાતી નથી (યોહા.૪:૨૩,૨૪, રૂમી. ૮:૨૬).**

**૫. પવિત્ર આત્માની ભરપૂરી વિના ખ્રિસ્તી શાહેદી અસર વગરની છે (પ્રે.કૃ. ૧:૮, ૪:૧૩).**

**૬. પવિત્ર આત્માની સહાય વિના સાર્થક સેવા સંભવિત નથી (યોહા. ૧૪:૧૨, પ્રે.કૃ. ૧૦:૩૮).**

**૭. પવિત્ર આત્મા વિના ઈશ્વરી ઈરાદા સમજાતા નથી (૧ કો. ૨:૧૧, યોહા. ૧૬:૧૨, ૧૩:૭).**

નોંધ : જીવન વગરના ખોળીઆથી જેમ માનવજીવનની પ્રવૃત્તિઓ કરાવી કે સમજાવી અશક્ય છે, તેમ પવિત્ર આત્મા વગર આત્મિક પ્રવૃત્તિઓ પણ કરાવી કે સમજાવી અશક્ય છે. પાપ કર્યાને લીધે માનવજાતનાં મરણે અર્થાત્ માનવહૃદયમાં પાપનું બીજ પડ્યું અને એ ગર્ભરૂપ બીજે વધીને તથા પરિપૂર્ણ થઈને મોત ઉપજાવ્યું (યાકૂબ. ૧:૧૫). માનવજાતની સ્થિતિ અને પવિત્ર આત્માની અગત્યના ચિતાર માટે વાંચો (હઝ. અ. ૩૭મો અને રૂમી. અ. ૭મો).

દેવના આત્મા વગર જીવન મળતું નથી એવું આપણે શરૂઆતથી જ જોતા આવ્યા છીએ (ઉત. ૨:૭). આદમનાં નસકોરાંમાં જીવનનો શ્વાસ ફૂંક્યો એટલે

આદમ સજીવ પ્રાણી થયો. તેમજ શિષ્યો પર પ્રભુ ઈસુએ શ્વાસ નાખ્યો, ત્યારે તે પણ આત્મિક રીતે સજીવ થઈને દેવની સંગતનો લહાવો લેતા થયા. દૈહિક અને આત્મિક બેઉ પ્રકારના જીવનનું મૂળ પવિત્ર આત્મા છે, એ આપણે જોતા આવ્યા છીએ.

પ્રભુ ઈસુએ નીકોદેમસને ખાતરીપૂર્વક કહ્યું, કે જો માણસ પવિત્ર આત્માથી જન્મે નહિ, તો તે આકાશના રાજ્યમાં પ્રવેશ કરી શકે નહિ, દેવના રાજ્યના વારસ તો દેવના દીકરા જ છે, અને દેવના દીકરા તો જેઓ દેવથી (દેવના આત્માથી) જન્મે છે તેઓ જ કહેવાય છે (રૂમી. ૮:૧૪,૧૭). એટલે કે સંસ્કારવિધિથી નહિ, પરંતુ દેવના પવિત્ર આત્માથી જન્મ પામ્યાથી જ માણસ દેવના રાજ્યમાં પ્રવેશ કરવાને લાયક થાય છે, મતલબ કે પવિત્રાઈ મેળવ્યા વગર પવિત્ર ઈશ્વરની હજૂરમાં કોઈ રહી કે જઈ શક્તું નથી. અને સ્વભાવની પવિત્રતા પવિત્ર આત્માના સંયોગ વગર સંભવતી નથી.

જો કોઈને ઈશ્વરના કાર્યક્ષેત્રમાં જોડાવું હોય, તો તેના આત્માના ધોરણ પ્રમાણે ચાલવાની ઈચ્છા વગર તે તેમાં જોડાઈ શકતો નથી. આવી ઈચ્છાવાળો ઈશ્વરનું વચન માને છે અને ખ્રિસ્તને પોતાના તારનાર તરીકે સ્વીકારે છે, ત્યારે પવિત્ર આત્મા એ વ્યક્તિનો કબજો લે છે, તેનું પવિત્રીકરણ કરે છે, તેનામાં વાસો કરે છે અને તેનો જીવનમાર્ગ બદલે છે. આ સ્થિતિ તે તેનો નવો જન્મ કહેવાય છે. આવા માણસને ખ્રિસ્ત પર પ્રેમ અને પાપ પર અભાવ થાય છે. જ્યાં સુધી માણસ ખ્રિસ્તને તારનાર તરીકે સ્વીકારતો નથી, ત્યાં સુધી પાપને જીતવા સારુ તેને આત્માની સહાય મળતી નથી. અંતરમાં વસેલા પાપબળ આગળ તેનું આપબળ ટકતું નથી, એટલે તે હારી જાય છે (રૂમી. ૭:૧૯), અને ધારેલું નહિ થવાથી નિસાસા નાખી નિરાશ થાય છે. આ અબળતા કેવળ પવિત્ર આત્માથી જ દૂર થાય છે. માટે જ પ્રભુ ઈસુએ કહ્યું છે કે તેઓને જીવન મળે અને તે પુષ્કળ મળે માટે હું આવ્યો છું, કે જેથી માણસ પાપની સામે ટકી શકે.

આપણે શિષ્યોનો જ દાખલો લઈએ તો તેમની નિર્બળતાનો સ્પષ્ટ ખ્યાલ આવશે. તેઓ ધરમૂળથી પ્રભુ ઈસુની સાથે રહ્યા હતા, તેની કૃપાનાં અનેક પ્રકારનાં ચમત્કારિક કૃત્યો જોતા રહ્યા હતા, પ્રતિદિન તેમને વધુને વધુ ખાતરી થતી જતી હતી કે તે દેવનો દીકરો, આવનાર મસીહા, જગતનો ત્રાતા અને ઈસ્રાએલનો રાજા છે; અરે, તેના આપેલા હકના પ્રભાવે તેઓ પોતે ચમત્કારિક કૃત્યો પણ કરી શક્યા હતા! છતાંયે પ્રભુ ઈસુના દુઃખની ઘડીએ તેને મૂકીને બધા નાસી ગયા. તે દરેકે હિંમતથી, ગુરુભક્તિની આસ્થાથી અને પૂરા પ્રેમથી ઠરાવ કર્યો હતો, કે આપણે તેની ખાતર પ્રાણ આપીશું, હા, તેની સાથે મરીશું. આ કંઈ પ્રભુ ઈસુને રિઝવવાની ઉપલક વાત

કે ખુશામત ન હતી. એ તો સાચા દિલની અને ગુરુભક્તિની પૂરી લાગણીભરી નિશ્ચિત ઈચ્છા હતી. છતાં સમય આવે તેઓ હારી ગયા. આ તો પવિત્ર આત્મા વગરના માનવ પુરુષાર્થની નિષ્ફળતાનો પુરાવો છે.

પાપે માણસજાતનો એટલે સુધી કબજો લીધો છે કે તેનાથી પોતાની પ્રેરકબુદ્ધિ પ્રમાણે ચાલી શકયા નહિ, કે પવિત્ર ભાવે ને યોગ્ય રીતે ઈશ્વરનું ભજન પણ થઈ શકે નહિ (રૂમી. ૧:૧૯-૨૫). વળી સૃષ્ટાનું સ્થાન અને માન સૃષ્ટને આપી તેણે પાપમાં ઉમેરો કર્યો છે.

પાપી સ્વભાવે પવિત્ર ઈશ્વરની આરાધના કે ઉપાસના થાય જ શી રીતે? સારું કરવાની ઈચ્છા છતાં અંદર વાસો કરી રહેલા પાપને લીધે તેઓ તેમ કરી શક્યા નહિ (રૂ. ૭:૧૫-૨૦) માથું દેવ આગળ નમે અને હૃદય પાપમાં ભમે!

આ મુશ્કેલી ટાળવા માટે દેવે માણસોને બે વચન આપ્યાં હતાં. એક તો બલિદાન આપવાનું અને બીજું પવિત્ર આત્મા આપવાનું. એ માટે કે તે માણસોમાંના વિશ્વાસ કરનારાઓને જીવન આપે, પાપના બંધનથી છોડાવે, તેમના હૃદયમાં વાસો કરીને તેમને દોરે, સાચવે, શીખવે, ખીલવે, વિજય પમાડે અને પરિપૂર્ણ કરીને ઈશ્વરની સમક્ષતામાં અખંડ આનંદને માટે રજૂ કરે (યહુ. ૨૪,૨૫).

હવે જો કે પોતાના બલિદાનથી પ્રભુ ઈસુએ આખી માનવજાતનાં પાપનું દેવું ભર્યું, અને પાપના દંડથી સૌને સારુ છૂટકારો મળ્યો, તથા પવિત્ર આત્મા પામવાનો રસ્તો ખુલ્લો કર્યો, પરંતુ એ વાત જાણે નહિ, તો તેઓ તેનો લાભ લે શી રીતે? અને જો કે તેઓ કહે, તો પણ તેમની વાણીમાં આકાશી સામર્થ્ય ન હોય, તો તેમની વાણીને ગણકારે કોણ?

લોકોને તેમનાં પ્રિય પાપોની ભયંકરતા સમજાવી કે તે પર અભાવ ઉત્પન્ન કરાવવાની તથા ખ્રિસ્તના બલિદાનથી મળતી માફી અને ખ્રિસ્તના શરણથી પ્રાપ્ત થનારું જયવાન જીવન મેળવવાની આતુરતા ઉત્પન્ન કરાવવાની જરૂર હતી. પણ ઈશ્વરી સામર્થ્યના પ્રભાવ વિના એ થાય શી રીતે? વધસ્તંભે જડાઈને શ્રાપિત મરણ ભોગવી ચૂકેલા ઈસુથી આવો આશીર્વાદ મળે છે, એવી (જગતની દૃષ્ટિએ તુચ્છ મનાતી) વાત કહેવાની હિંમત ચાલે કેમ? આ વાત તો જો ઈશ્વર પોતે જ હાથમાં લે, હા, તેનો જ આત્મા એ પ્રગટ કરે, પ્રેરે અને ખાતરી ઉપજાવે તોજ સાર્થક થાય, બીજી રીતે નહિ.

આ કામ કરવા માટે પવિત્ર આત્માની જરૂર છે, એવું પ્રભુ ઈસુએ સ્પષ્ટ સમજાવ્યું અને કહ્યું કે પવિત્ર આત્મા તમારા પર આવશે, ત્યારે તમે સામર્થ્ય પામશો અને ... પૃથ્વીના છેડા સુધી તમે મારા સાક્ષી થશો (પ્રે. ૧:૮). વળી તે

આવીને પાપ વિષે, તથા ન્યાયીપણા વિષે તથા ન્યાય ઠરાવવા વિષે જગતને ખાતરી કરી આપશે (યો. ૧૬:૮).

પણ જો હું જાઉં નહિ, તો પવિત્ર આત્મા તારી પાસે આવે નહિ. મતલબ કે જે કામને સારુ મને મોકલ્યો હતો (મા. ૨૦:૨૮), તે ખંડણી ભરવાનું કામ પૂર્ણ કરીને મેં દેવને મહિમાવાન કર્યો છે ખરો (યો. ૧૭), પરંતુ જેમ જૂના કરારનો યાજક પ્રાણી બલિદાનનું લોહી લઈને પરમપવિત્ર સ્થાનમાં પ્રવેશ કરતો, તેમ મારે પણ મારા નિર્દોષ લોહીથી પાપીઓની ખંડણી ભર્યા પછી ઈશ્વર પિતાની સમક્ષ રજૂ થવું જોઈએ (હેબ્રી. ૯:૧૨,૨૪). એ થયા પછી જ સઘળું ન્યાયીપણું પૂર્ણ થયેલું ગણાશે (મા. ૩:૧૫), અને પવિત્ર આત્માને પૃથ્વી પર મોકલવાનું દેવનું વચન પૂર્ણ કરવાનો સંજોગ પણ આવશે.

પ્રભુ ઈસુએ વળી એમ પણ કહ્યું હતું, કે મારે તમને ઘણી વાતો કહેવી છે, પણ હાલ તે તમે સમજી શક્તાં નથી, પણ પવિત્ર આત્મા આવશે ત્યારે તે તમને સર્વ સત્યમાં દોરી જશે અને મારે વિષે સર્વ વાતો સમજાવશે (યો. ૧૬:૧૨-૧૪). શિષ્યોના જીવનમાં આ વાતનો પણ કેવો સરસ પૂરાવો આપણે જોઈ શકીએ છીએ. ખ્રિસ્તના મરણનો મર્મ તેમના ગળે ઊતરતો જ ન હોતો (માર્ક ૮:૧૭,૩૨, ૯:૧૦,૩૨). આત્મભોગ અને વધસ્તંભનો મર્મ તેઓ સમજી શક્તા નહોતા. સ્વાર્થ, બીક, અવિશ્વાસ, નિરાશાથી તેઓ છૂટ્યા નહોતા. કેવળ બાપ્તિસ્માના વિધિથી ખ્રિસ્તી મંડળીમાં નોંધાયેલા ખ્રિસ્તીઓના જેવી તેમની સ્થિતિ હતી, પણ પવિત્ર આત્માનું દાન પામ્યા પછી તેમનો કેવો જીવનપલટો થયો તે જોઈને યહૂદી વિદ્વાન અધિકારીઓ પણ કાંડાં કરડતા (વાંચો પ્રે.કૃ. અ. ૨ થી ૭).

જે મર્મ ખ્રિસ્તના અનેકવાર કહ્યા અને સમજાવ્યા છતાં નહિ સમજેલા, તે જ મર્મ (પવિત્ર આત્મા પામ્યા પછી) સમજાવતાં યહૂદી શાસ્ત્રીઓના કાન પકડાવતા.

ખરેખર, પવિત્ર આત્માના પ્રભાવ વગરની સાક્ષી તો કેવળ મુખના શબ્દો છે અને કરેલી સેવા તે કેવળ નોકરી છે, એ વાત પ્રેરિતોના જીવન પરથી આપણે સહજ સમજી શકીએ છીએ. માણસ પ્રભુ ઈસુનાં કામો વિષે કંઈને કંઈ કહી તો શકે, પણ એની પાછળ ખાતરીજનક અનુભવ ન હોવાથી તે સામાના અવિશ્વાસનો કિલ્લો તોડી ન શકે. સંકટને સમયે આવા માણસો જગતમાં પલટાઈ પણ જાય. હા, માફી અને શાંતિનો અનુભવ કર્યા છતાંયે ધોએલી ભૂંડણ કાદવમાં આળોટવાને પાછી ફરે (હેબ્રી. ૬:૪-૮, ૨ પી. ૨:૨૧).

આવી આફતો અને અડચણોમાંથી ઉગારવા માટે પવિત્ર આત્માના સામર્થ્યની અત્યંત જરૂર હતી. માટે જ પ્રભુ ઈસુએ શિષ્યોને હઠેથી કહેલું, કે ઉપરથી પવિત્ર આત્માના પરાક્રમે વેષ્ટિત ન થાઓ ત્યાં સુધી યરૂશાલેમથી ખસતા ના.

પ્રકરણ ૧૧મું

# પવિત્ર આત્માના કામ વિષે ખ્રિસ્તે આપેલી માહિતી

**૧. પવિત્ર આત્મા પાપ, ન્યાયીપણું અને ન્યાય ઠરાવવા વિષે જગતને ખાતરી કરી આપશે (યોહા. ૧૬:૮-૧૧).**

**૨. તે વિશ્વાસીઓને જીવન આપશે ને તેઓમાં વાસો કરશે (હો. ૧૪:૧૬,૧૭).**

**૩. તે તેમને સર્વ સત્યમાં દોરી જશે (યોહા. ૧૬:૧૨,૧૩).**

**૪. તે વિશ્વાસીઓને શક્તિમાન કરશે (પ્રે. ૧:૮).**

**૫. તે ખ્રિસ્ત વિષે શાહેદી આપશે (યોહા. ૧૫:૨૬, ૧૬:૧૪).**

**૬. તે ખ્રિસ્તનું કહેવું યાદ કરાવશે ને શિખવશે (યોહા. ૧૪:૨૬).**

**૭. તે થનાર વાનાં કહી દેખાડશે (યોહા. ૧૬:૧૩).**

**૮. તે ખ્રિસ્તને મહિમાવાન કરશે (યોહા. ૧૬:૧૪).**

નોંધ : શેતાને માણસને ફસાવ્યું તેથી દેવ માણસની દયા ખાય છે, અને એ પવિત્ર તથા સુખી થાય એવું ઇચ્છે છે. એ માટે પાપ જે માણસના માર્ગમાં અંતરાયરૂપ હતું, તે ખ્રિસ્તના બલિદાનથી દૂર કરીને તેના પુનઃસ્થાપનની વ્યવસ્થા કરવાની જવાબદારી તેણે પવિત્ર આત્માને સોંપી.

માણસ સંબંધીનો દેવનો ઈરાદો રદ કરવાની મતલબથી શેતાને માણસને ફસાવ્યું અને ઈશ્વરથી અલગ કર્યું. પવિત્રતા અને ન્યાયને ધોરણે દેવે જ્યારે માણસને એદનવાડીમાંથી બહાર કાઢી મૂકી તેમાં માણસને પ્રવેશ કરતું અટકાવવા આત્માની અગ્નિરૂપી તરવાર ચોકી કરવા મૂકી અને શિક્ષા ફરમાવી ત્યારે શેતાન ખૂબ હરખાયો હશે અને વિચારતો હશે કે મેં ઈશ્વરને આબાદ રીતે હંફાવ્યો છે. તે ન્યાયી હોવાથી હવે માણસને પોતાની સંગતમાં રાખી શકશે નહિ અને કોઈપણ માણસ આ પાપનું પ્રાયશ્ચિત કરવા જેટલી લાયકાત પણ ધરાવી શકશે નહિ. એટલે મારી પેઠે જ માણસ પણ સદાને માટે ઈશ્વરની સંગતમાંથી નીકળી ગયું છે. હવે તો માણસ મને આધીન

રહેશે. ખરેખર, પૃથ્વી અને માણસની ઉત્પત્તિથી ઈશ્વરને તો પસ્તાવાનું જ રહ્યું છે અને હું પૃથ્વી પર ફાવ્યો છું. આવા વિચારોથી તે પોતાના મનને ટાઢું પાડતો હશે.

પરંતુ ઈશ્વર જે ન્યાયમાં અદલ છે અને જેને પોતાનાં કામ આરંભથી માલૂમ છે, જે કૃપા અને સત્યતા તથા પ્રીતિથી ભરપૂર છે, તે આ મૂર્ખ વિચારોથી કેવો હાસ્ય કરતો હશે! (ગી. શા. ૨). તેણે તો આ કામના નિકાલ માટે પોતાના શબ્દને એવા પુરુષરૂપે પ્રગટાવ્યો, કે શેતાન તેને જોતાં જ તેની શક્તિ અને પવિત્રાઈ આગળ ધ્રુજતો અને નાસતો ફર્યો.

તેણે પોતાના ઐશ્વર્યના પૂરતા પ્રકટીકરણ પછી આખી માનવજાતનાં તમામ પાપોનું દેવું પોતાના બલિદાનથી ભરીને આખી માનવજાતને પાપના શ્રાપથી મુક્ત કરી. આ રીતે ઈશ્વરનો ન્યાય સચવાયો, ન્યાયી ચૂકાદો અપાયો, શેતાનની ધારણા ધૂળ ભળતાં તેની હાર થઈ અને માણસને ફરીથી ઈશ્વરની સંગતમાં દાખલ કરવામાં આવતાં આકાશમાં આનંદનાં ગીતો ગવાયાં (લૂ. ૨:૧૪, પ્રકટી. ૧૧:૧૫). આ મહાન વિજય અને પાપથી છુટકારો થયાની ખબર અને ખાતરી જગતને આપવી જોઈએ. આ ખબર આપનાર તો તારણ પામેલા છે ને તેની સત્યતાની ખાતરી ઉપજાવનાર તે પવિત્ર આત્મા છે.

પવિત્ર આત્માના કામનાં ક્ષેત્રો બે છે. એક જગત અને બીજું મંડળી. જગત એટલે જેઓ શેતાનની સત્તા તથા પાપની શિક્ષા તળે રહે છે તે લોક (૧ યો. ૫:૧૯). તેઓને પાપનું ભાન તો છે, પણ પાપથી છુટવાનો રસ્તો સ્વપૂણ્યને માર્ગે શોધે છે. પરંતુ મલીન હૃદયમાંથી નીકળતી ભાવનાઓ શી રીતે પવિત્ર હોઈ શકે! તે પવિત્ર આત્માની મારફતે યશાયા કહે છે કે અમારાં પૂણ્યકર્મો તો મેલાં ચિંથરાં જેવાં છે (યશા. ૬૪:૬). એટલે સ્વપૂણ્યથી કોઈપણ ઈશ્વર આગળ ન્યાયી ઠરી શકતું જ નથી. એથી જ માણસોને જે અશક્ય હતું, તે દેવે ખ્રિસ્તના નિર્દોષ બલિદાનથી શક્ય કર્યું. હવે માણસોને કેવળ ઉપાયનો સ્વીકાર જ કરવાનો રહ્યો.

જોકે છૂટકાનો ઉપાય આમ થયો છે ખરો, તો પણ લોકનું મન વ્યર્થોપાયોમાં એવું તો રોકાઈ કે ટેવાઈ ગયું છે, કે આ દાનરૂપે મળતા તારણોપાયને તો તે હસી કાઢે છે (પ્રે. ૧૭:૩૨-૩૪). આ માર્ગ તેને બહુ જ સહેલો લાગે છે. એ તો કંઈક વિધિસરની કરણથી તારણ શોધે છે!

લોકે એક વાર પ્રભુ ઈસુને પૂછેલું, કે દેવનાં કામ કરવા સારુ અમારે શું કરવું? પ્રભુ ઈસુએ તેમને સાફ શબ્દોમાં જણાવેલું કે દેવની યોજના સ્વીકારવી અર્થાત્ દેવના મોકલેલા પર વિશ્વાસ કરવો એ જ દેવનું કામ છે (યોહા. ૬:૨૮, ૨૯). આ જવાબમાં પવિત્ર આત્માએ કરવાના કામના ત્રણે મુદ્દા સમાઈ જાય છે. એટલે કે હવે પાપથી છૂટવાનો વ્યર્થ શ્રમ કરવાની કંઈ જ જરૂર નથી, કેમ કે ખ્રિસ્તના પવિત્ર

બલિદાનથી પાપને લગતો સઘળો ન્યાયચૂકાદો થઈ ગયો છે. હવે માણસોએ જે કરવાનું તે કેવળ એટલું જ કે કૃપાનો સ્વીકાર કરવો. પણ જો તે આ કૃપાનો લાભ લેવા ન ચાહે, તો બીજો ઉપાય તો છે નહિ. એટલે કે સ્વપૂણ્યના પુરુષાર્થથી તો દેવું ભરાય નહિ અને કૃપાનો સ્વીકાર કરે નહિ, એટલે તે પાપમાં જ રહે અને નિરાશામાં મરણ પામી નર્કે પડે.

આ પરથી સમજાય છે કે હવે ખરેખરું અને ભયંકર પાપ તો એક જ રહ્યું. એટલે કે છૂટકાનો માર્ગ જાણ્યા છતાં તેનો સ્વીકાર ન કરવો તે (યોહા. ૮:૩૪). પોતાના જીવનકાર્યથી આ વાતની પ્રભુ ઈસુએ સ્પષ્ટ ખાતરી કરી આપી હતી, છતાં પવિત્ર આત્માની સહાય વિના તે તેમને ગળે ન ઊતરેલી! હાલ જગતના હકમાં પવિત્ર આત્મા આ ખાસ કામ કરે છે. પ્રભુ ઈસુના જીવન પરથી પાપને લગતો આખો કિસ્સો તે માણસને સમજાવે છે અને વાતની સત્યતાની ખાતરી કરી આપે છે. ખ્રિસ્તને સમજ્યા પછી કાં તો તેનું શરણ સ્વીકારી ઈશ્વર આગળ ન્યાયી ગણાય, કે કાંતો તેનો નકાર કરી પોતાના પાપમાં રહી ઈશ્વરી શાસનનો ભાગીદાર થાય.

જે લોકો કેવળ પ્રભુ ઈસુનું શિક્ષણ કે તેના જીવનનો નમૂનો લે છે, તેઓ ખ્રિસ્તની કૃપાનો અવર્થા અંગીકાર કરે છે. શિક્ષણ કે નમૂનો નજર આગળ ધ્યેય તરીકે રાખ્યાથી કોઈપણ ન્યાયી ઠરતું નથી. પણ ખુદ પ્રભુ ઈસુને જ સ્વીકાર્યાથી તેની કૃપાએ ન્યાયી ઠરાવાય છે.

પવિત્ર આત્માનું બીજું અને ખાસ ક્ષેત્ર તો મંડળી છે. પવિત્ર આત્મા જો કે જગતમાં આવ્યો અને વિશ્વાસ કરનારાઓની મારફતે તે જગતને ખ્રિસ્ત સંબંધીનું જ્ઞાન પણ આપે છે. છતાં પવિત્ર આત્મા કંઈ જગતનું દાન નથી. તેને સારુ તે તૈયાર નથી, તે તેને ઓળખતું નથી અને તેના કામ સાથે તેને કશો મેળ પણ નથી. તેથી જ તે તેને પામી શક્તું નથી (યો. ૧૪:૧૭). એ તો ખ્રિસ્ત પર વિશ્વાસ રાખનારાઓનો વારસો છે. 'વિશ્વાસીઓનો જ વારસો છે' એમ કહેવાનો અર્થ એ છે, કે પવિત્ર આત્મા એ કોઈ મદદમાં મોકલાએલો નવો દેવ નથી. એ તો ખ્રિસ્તનો જ આત્મા છે. એટલે જેઓ ખ્રિસ્ત પર આધાર રાખે તેઓને ખ્રિસ્તનું મન જણાવવા ખ્રિસ્તનો આત્મા મળે એ સ્વાભાવિક છે. ખ્રિસ્તનું શરણ લેનારાએ ખ્રિસ્તની ઈચ્છા મુજબ ચાલવું જોઈએ. એ ઈચ્છા ખ્રિસ્તના આત્મા વિના બીજું કોણ સમજાવે? જગત તો ખ્રિસ્તનો નકાર કરે છે, તેની સામે થાય છે, તુચ્છકારે છે, તો પછી તેના આત્માનો વારસો તેને શી રીતે મળે?

જગતના તારણ માટે બલિદાન દેવા સારુ દેવે પોતાના શબ્દને સદેહ કર્યો. અર્થાત્ દેવ દેહધારી ખ્રિસ્ત થયો. બલિદાનની સેવા પૂર્ણ કર્યા પછી એ તારણસાધક યોજનાનો લાભ લેનારાઓની સહાય કરીને તેમને પરિપૂર્ણતા સુધી પહોંચાડવા સારુ

તેણે પાછી બીજી યોજના કરી. એ યોજનામાં તેણે પોતાના પવિત્ર આત્માને માણસના આત્મા સાથે રહેવા સારુ તેના હૃદયમાં તેનો વાસો કરાવ્યો.

જેઓ પ્રભુ ઈસુને પોતાના તારનાર તરીકે સ્વીકારે છે અને બાપ્તિસ્મા દ્વારા તેનું શરણ લે છે, તેઓને શુદ્ધ કરીને પવિત્ર આત્મા તેઓમાં વાસો કરે છે. આ વસવાટથી ખ્રિસ્તી માણસ નવું જીવન પામે છે.

હવે પ્રભુ ઈસુ તો કહે છે કે "રસ્તો તથા સત્ય તથા જીવન હું છું" (યો. ૧૪:૬), કેમકે જેમ બાપને પોતામાં જીવન છે તેમ દીકરાને પણ પોતામાં જીવન રાખવાનું તેણે આપ્યું છે (યો. ૫:૨૬), એ માટે જે કોઈ મને ખાય તે મારે આશરે જીવશે (યો. ૬:૫૭). પણ આપણે તો જાણીએ છીએ કે જીવન એ કંઈ ખોરાક નથી. તેમ સંજોગ પ્રમાણે કરવાની કંઈ ક્રિયા કે ધારણ કરવાનું વસ્ત્ર નથી. જીવન તો માણસનું વ્યક્તિત્વ છે. એ આદમજાતમાંથી નષ્ટ થયું હતું, તે ખ્રિસ્તે તેને પાછું આપ્યું.

યાઐરસની દીકરીને સજીવન કરી ત્યારે તેનો આત્મા તેનામાં પાછો આવ્યો (લૂ. ૮:૫૫). આદમમાં જીવનનો શ્વાસ ફૂંક્યો ને તે સજીવન થયો (ઉત. ૨:૭). ખ્રિસ્તનો શબ્દ સાંભળતાં જ ચાર દહાડાનો દટાએલો લાજરસ જીવતો થઈ કબર બહાર આવ્યો (યો. ૧૧:૪૪). આ વાતોથી સમજાય છે કે જીવન આપવાનું કામ જેવું બાપનું કે આત્માનું છે તેવું જ ખ્રિસ્તનું છે. એટલે કે ખ્રિસ્તમાં જીવનના આત્માના નિયમે આપણને પાપના તથા મરણના નિયમથી છૂટા કર્યા છે એટલું જ નહિ, પણ આપણને સજીવન કરી પોતાની સાથે બેસાડ્યા છે (એફે. ૨:૧-૬), અને દેવના મહિમાના જ્ઞાનનું તેજ પાડવા સારુ તે આપણાં હૃદયોમાં પ્રકાશ્યો છે (૨ કો. ૪:૬).

દુનિયામાં પ્રવર્તી રહેલા ધર્મોમાં અને ખ્રિસ્તી ધર્મમાં જે મહાન તફાવતો છે તેઓમાંનો આ એક છે. અન્ય ધર્મો નીતિનિયમો બતાવીને ઈશ્વર પાસે જવા સારુ પોતાને સૂઝતા કે સમજાતા માર્ગ તરફ કેવળ આંગળી બતાવે છે, પરંતુ વર્તન માટે જીવનશક્તિ આપી શક્તા નથી; પણ ખ્રિસ્તમાં તો તેનો આશરો લેનારાને ઈશ્વરના રાજ્યમાં પ્રવેશ કરીને સંપૂર્ણ થવા સારુ ખુદ ઈશ્વરનો જ આત્મા આપવામાં આવે છે. ખ્રિસ્ત જે તારણનો એકલો અને સહેલો માર્ગ કે આધાર છે, તે માણસને પાપની માફી આપીને તેને તેના પુરુષાર્થ પર છોડી દેતો નથી. પણ જીવનના માર્ગ પર જયવંત રીતે ચાલવા સારુ તેની સાથે રહીને સર્વ સગવડો પૂરી પાડે છે.

આંધળા, અજાણ્યા અને અજ્ઞાન માણસને ભવિષ્યની અજાણી ભૂમિમાં પગલું માંડતાં પહેલાં ભોમિયો જોઈએ છે. જેઓનો ભોમિયો સર્વસમર્થ અને સર્વજ્ઞ હોઈ યાત્રાળુના હિતમાં જ રાજી હોય છે તેઓ ભાગ્યશાળી છે. પવિત્ર આત્મા વિશ્વાસીઓનો ભોમિયો - દોરનાર અને સહાયકારી છે. તે સર્વ સત્યતાને પંથે જ દોરી જાય છે

એટલું જ નહિ, પણ તેની દોરવણીને આધીન રહેવા તેના આત્માને સચેત પણ રાખે છે. હા, તેનો પરાજય કરીને પણ દોરી જાય છે (૨ કો. ૨:૩૪).

ખ્રિસ્તરહિતોને આવી સહાય નહિ હોવાથી તેઓ આપસૂઝે પગલાં માંડે છે અને અજાણી અંધારી ભૂમિમાં પ્રવેશ કરતાં ઠેરઠેર હારી જાય છે (રૂમી. ૭:૧૭-૨૧).

આત્માની દોરવણીમાં ખ્રિસ્તીઓની અબળતા, આધીનતા અને ધ્યેય તરફ પહોંચવાની ઇચ્છાનો સમાવેશ થાય છે, એટલું જ નહિ પણ પવિત્ર આત્માની કાળજી, ધીરજ, સહનતા અને પ્રેમની જવાબદારીનો પણ ખ્યાલ રહેલો છે. માણસના જીવનની છેલ્લી પળ સુધી તે તેને તજી દેતો નથી. એવી કૃપા ક્યાં મળે?

ખ્રિસ્તની કૃપા વિષે શાહેદી આપીને તથા મળનાર અક્ષય આનંદની ખાતરી આપીને વિશ્વાસીઓને દૃઢતાથી આગળ વધારવા ને તેમના અનુભવ દ્વારા બીજાઓને ખ્રિસ્તમાં સમટેવા સારુ સમર્થ કરવા એ કામ પવિત્ર આત્માનું છે. તારણ કેવળ પ્રભુ ઈસુથી જ છે એ વાતનો મર્મ સર્વને સમજાવીને પવિત્ર આત્મા ખ્રિસ્તને મહિમાવાન કરે છે. ખ્રિસ્તે કહેલી અને ખ્રિસ્ત વિષેની જ વાતો વિશ્વાસીઓને યાદ કરાવી, સમજાવી અને પળાવીને જગતમાં તે તેના રાજ્યનું સંસ્થાપન કરતો જાય છે. 'ખ્રિસ્ત' એ જ પવિત્ર આત્માના કામનું દૃષ્ટિબિંદુ છે.

મુસલમાન ભાઈઓ એવો દાવો કરવાનો પ્રયત્ન કરે છે, કે ઈસા આલે સલામે પોતાના ગયા પછી જે સંબોધક મોકલવાનું કહ્યું હતું, એ તો મહંમદ પેગંબર છે! પરંતુ મહંમદ સાહેબની પ્રવૃત્તિઓ અને મુસલમાન ભાઈઓની સમજણથી પવિત્ર આત્માનું કામ કેવું જુદું પડે છે, તે આપણે તેના કામની રૂપરેખા પરથી સહજ સમજી શકીએ એવું છે.

પ્રભુ ઈસુએ કહેલું, સમજાવેલું અને ફરમાવેલું અક્ષરેઅક્ષર પવિત્ર આત્મા અમલમાં મૂકે છે. ખ્રિસ્તમાં પાપનિવારણ અને જીવનોદ્ધાર છે એની સાબિતી અને ખાતરી આપી લોકને ખ્રિસ્તની કૃપામાં મેળવે છે. લોકો પાપથી છૂટી જીવનમાં પ્રવેશ કરી સંપૂર્ણ ઉદ્ધાર પામે એ જ ખ્રિસ્તનો મહિમા છે. પવિત્ર આત્મા વિશ્વાસીઓનો રક્ષક, પોષક, પ્રેરક, મધ્યસ્થ અને સંપૂર્ણ કરનાર સંબોધક છે. એ જ કામ માટે તે મોકલાયો છે.

આથી એવું સમજવાનું નથી કે પવિત્ર આત્મા એ જુદા દેવ તરીકે પ્રગટ થયો છે, અથવા તો તે પિતાપુત્રનો નોકર કે એલચી છે. એ તો ઈશ્વરનું પ્રકટીકરણ માત્ર છે. ખાસ હેતુને માટે જેમ ઈશ્વરે પોતાના શબ્દને વ્યક્તિમાન કર્યો, તેમ પવિત્ર આત્માને પણ વ્યક્તિમાન કર્યો છે. બલકે એ વ્યક્ત થયેલો શબ્દ કે આત્મા ઈશ્વરથી નિરાળા દેવ નથી.

પ્રકરણ ૧૨

# પવિત્ર આત્મારહિત માણસની સ્થિતિ

**૧. તે પાપમાં ને સ્વર્ગ બહાર રહે છે (પ્રે. કૃ. ૮:૨૧-૨૩, યોહા. ૩:૩,૫).**

**૨. તેના જીવનનું બદલાણ થતું નથી (૨ પી. ૨:૨૦-૨૨, રૂમી. ૧૨:૨).**

**૩. તે નિર્બળ રહે છે (રૂમી. ૭:૧૮-૨૧, પ્રે.કૃ. ૧:૮).**

**૪. તેનામાં આત્મિક ફળ ઉદ્‌ભવતાં નથી (ગલ. ૫:૧૬-૨૨).**

**૫. તે ખરી ભક્તિ કરી શકતો નથી (કલો. ૩:૧૫-૧૭, યોહા. ૪:૨૩,૨૪)**

**૬. તે દેવના મર્મો સમજી શક્તો નથી (૧ કોરિં. ૨:૧૪-૧૬).**

**૭. તે આશ્રય વગરનો છે, નથી દોરનાર, કે મધ્યસ્થ કે યોજના દર્શાવનાર (રૂમી. ૮:૨-૬).**

એક કરુણ બૂમ — અરે હું કેવો દુર્ભાગી માણસ છું, આ મૃત્યુના શરીરથી મને કોણ છોડાવશે? (રૂમી. ૭:૨૪). રોગી, પાપી, દુ:ખી, લાચાર, સાધુ, સંત, સારા ને નરસા સૌને મોઢેથી આ બૂમ સતત નીકળતી આપણે બધાએ સાંભળી છે, અને કોઈ વાર આપણે પણ પાડી હશે. આ બૂમ તો ખરેખર એક કરુણ પોકાર છે, લાગણી અને નિરાશાથી એ ભરપૂર હોઈને આતુરતાથી ઉદ્ધારની માગણી કરે છે.

**૧. પવિત્ર આત્મા વગરનો માણસ દુર્ભાગ્યવાન છે.**

(૧) **એ પાપગ્રસ્ત છે અને પાપના કીચડમાં ઊંડો ને ઊંડો ઊતરતો જાય છે.** આદમે પાપ કર્યું તે ઘડીથી માંડીને તેનામાં જે બદલાણ થયું ને થતું ગયું તેનો વિચાર કરો. તેને પાપનું ભાન થયું અને પોતાની નગ્નતાનો ખ્યાલ આવ્યો. દેવ પાસે જવાને બદલે તેણે દૂર જઈને સંતાઈ જવાનું શોધ્યું. દેવ તેને શોધવા ને મળવા

આવ્યો ત્યારે પોતાનો ગુનો કબૂલ કરવાને બદલે હવાનો અને દેવનો દોષ કાઢવા લાગ્યો અને ક્ષમા માગવાને બદલે પોતાને ન્યાયી ઠરાવવા પ્રયત્ન કરવા લાગ્યો!

તેના પ્રથમજનિતે પોતાના ભલા ભાઈ હાબેલ પર દેવની પ્રસન્નતા જોઈને તેનો દ્વેષ કર્યો અને છેવટે તેને મારી પણ નાખ્યો. એમ ઉત્તરોત્તર પાપની એટલી તો વૃદ્ધિ થતી ગઈ, કે દેવ કંટાળી ગયો અને છેવટે જળપ્રલયથી દુનિયાનો નાશ પણ કર્યો.

(૨) **એ દેવની સમક્ષતા વગર જીવન ગુજારે છે.** દેવે આદમને પોતાની હજૂરમાંથી દૂર કર્યો એમાં કેટલું દુઃખ છે એ તો આદમ જ કહી શકે. આપણને તેની ખરી કલ્પના થવી અશક્ય છે. ઘરગામ કે દેશમાંથી લાચારાવસ્થામાં હાંકી કઢાએલાની સ્થિતિ સાથે પણ કદાચ સરખાવી શકાય તેમ નથી. આનંદ નહિ, આધાર નહિ, શાંતિ નહિ, સાથ નહિ, કેવળ બે નિરાધાર માણસો! આ પછી દેવે તેમની સાથે કેવો ને કેટલો સંબંધ રાખ્યો, તે વિષે આપણને કશી પણ માહિતી નથી. મૂર્છાગત થવાય એવી આ સ્થિતિ છે. મૂસાએ તો સ્પષ્ટ કહેલું કે પ્રભુ, જો તારી સમક્ષતા અમારી સાથે ન આવે તો અમને અહીંથી ખસેડ નહિ. દેવની સમક્ષતા વિનાના ટોળા સાથે જીવનારને કદાચ આકરૂં ન લાગે, કેમ કે પાપીઓની તો સંગત છે. પણ આદમની દશા કેવી કફોડી હશે, તે તો પોતાને તમે આદમની જગાએ મૂકીને વિચાર કરો તો જ સમજાય. એવું જીવન ખરેખર અસહ્ય છે.

(૩) **એ મરણમાં રહે છે અને અનંત શિક્ષા પામશે.** ઉદ્ધારનાર ન આવે ત્યાં સુધી પાપના કૂવામાં પડેલું માનવી અનંત અગ્નિને આધીન કરાએલું છે (એફે. ૨:૧-૪, યો. ૩:૧૬,૧૭). પાપનું વેતન મરણ છે, એ તો ભોગવે જ છૂટકો. એમાંથી કોઈ છટકી જઈ શકતું નથી (રૂમી. ૬:૨૩). દેવે ઉદ્ધારનો ઉપાય કર્યો છે, એ જો સ્વીકારવા માણસ ખુશી ન હોય, તો તે પાપના દેવા તળે રહે છે અને બીજો કશો ઈલાજ ન હોવાથી દેવના કોપથી બચી જઈ શકશે નહિ. પવિત્ર આત્મા આ બાબતની ખાતરી કરી આપે છે ખરો, પણ તેને તેની ઈચ્છા વિરુદ્ધ મદદ કરી શક્તો નથી. છેવટે હાડેસમાં પીડા પામતા શ્રીમંતોની માફક આક્રંદ જ કરવાનું રહે છે.

## ૨. પવિત્ર આત્મા વગરનો માણસ અબળ છે.

માણસની અબળતાની સાબિતી શોધવા જવું પડે એમ નથી, કેમ કે પ્રત્યેક માણસ એથી તો ઘેરાએલું જ છે. જીવનના નિયમો અને તેનું સંપૂર્ણ જ્ઞાન છતાં, તેમજ પાપથી છૂટવાની તીવ્ર ઈચ્છા છતાં પણ તે પાપમાં પડી જાય છે. કારણ કે માણસની કલ્પના તેના બાળપણથી જ ભૂંડી છે અને તેનામાં પાપ ઘર કરીને રહ્યું

છે. એટલે કે પાપે તેના આખા વ્યક્તિત્વનો કબજો લીધો હોવાથી તેની સદ્‌ભાવનાઓ ઊગતી જ આથમી જાય છે.

(૧) **લાગણીભર્યો નિશ્ચય પણ અમલમાં મૂકાતો નથી.** શાઉલ વગર કારણે દાઉદનો જીવ લેવા પ્રયત્ન કરતો હતો, તો પણ દાઉદે શાઉલને મારી નાખવાનો લાગ છતાં તેને બચાવ્યો. એથી તેને ભારે લાગણી થઈ. તેણે રડીને દાઉદ સાથે કોલકરાર કર્યા કે હું તને કદી નુકસાન નહિ કરું. પોતાનો અડગ નિશ્ચય છતાં શાઉલ તે કરાર પાળી શક્યો નહિ. આ તો માણસ પર જામેલા પાપબળનો અને માણસની અબળતાનો પુરાવો છે (૧ શ. ૨૪:૨૬, ૨૬:૨,૨૧).

(૨) **ઈશ્વરજ્ઞાન અને બુદ્ધિ છતાંયે માણસ પાપમાં પડે છે.** દાઉદનો વિચાર કરો. તેને ઈશ્વરની સાચી ઓળખ હતી. તેના પર ઈશ્વરની રહેમ હતી. તે નિયમશાસ્ત્ર સારી પેઠે જાણતો હતો, છતાં ઉરીયાહ હિત્તીની સ્ત્રી બાબત તેણે કેવાં અયોગ્ય પગલાં લીધાં તેનો વિચાર કરો.

(૩) **સારી ઇચ્છા પણ અમલમાં મૂકાતી નથી.** પીતર, પાઉલ,. શિષ્યો વગેરેનો અનુભવ તપાસો. તેઓએ કેવી અનુચિત ભૂલો કરી છે. પોતાના ગુરુને એકલો નિરાધાર મૂકીને નાસી જવું, કડવા શબ્દોથી તેનો નકાર કરવો, બારણાં બંધ કરીને સંતાઈ રહેવું, વગેરે જોતાં પાઉલની પેઠે આપણે પણ કહેવું પડે, કે પાપ આગળ અમે લાચાર છીએ (રૂમી. ૭:૧૮-૨૧).

## ૩. પવિત્ર આત્મા વગર શરીર મૃત્યુના બંધનમાં રહે છે.

પાઉલ નિસાસા નાખતાં કહે છે કે અરે, આ મૃત્યુના શરીરથી મને કોણ છોડાવશે?

(૧) **શું શરીર નકામું ને બંધનકારક છે?** કેટલાક માને છે કે આત્માની પ્રગતિમાં શરીર આડે આવે છે, માટે એને દબાવવું અને સતાવવું જોઈએ. હિંદુ તપસ્વીઓની માફક કેટલાક ખ્રિસ્તીઓ પણ શરીરને દમતા. પરંતુ પ્રભુ ઈસુનું શિક્ષણ એવું નથી. ખ્રિસ્તને અર્પાએલું શરીર તો આત્માનું મંદિર થાય છે. તે સેવાને સારુ ઉપયોગી છે.

(૨) **શરીર અડચણરૂપ હોત તો પ્રભુ તે બનાવત નહિ.** શરીર તો ઈશ્વરે રચ્યું છે. એ તો ઈશ્વરજ્ઞાનની અજબ કૃતિ અને સાક્ષી છે. આત્માની પ્રવૃત્તિઓને અમલમાં લાવવા સારુ શરીર તો મહાસાધન છે. જેને એકાદ અવયવ પણ અબળ હોય તેને કેવી મુશ્કેલી પડે છે તેનો વિચાર કરો.

(૩) **શારીરિક હાજતો પર કેન્દ્રિત થયેલો આત્મા મૃત્યુના બંધનમાં રહે છે.** શરીરને સશક્ત અને સુરક્ષિત રાખવાને સારુ ઈશ્વરે હાજતો આપી છે

અને વિસામાની વ્યવસ્થા કરી છે. વાત એમ બને છે કે હાજતોથી ઉદ્‌ભવતો તાત્કાળિક આનંદ માણસનું મનોરંજન કરે છે, એથી એજ આનંદની પાછળ કેટલાંક મશગુલ રહે છે. જેથી કરવાનું ખરું કાર્ય બાજુ પર રહી જાય છે અને નાશવંત શરીરની વ્યવસ્થા પાછળ રોકાઈ રહેવાથી તે નાશવંત વાનાંનો ગુલામ બની પાપની સત્તાથી છૂટતો નથી.

પાપને લીધે શરીર મૃત્યુને આધીન કરાયું છે. જ્યાં સુધી માણસ પાપથી મુક્ત થશે નહિ, ત્યાં સુધી શરીરનો પુનરુદ્ધાર પણ થશે નહિ. ખ્રિસ્તની કૃપાનો સ્વીકાર કરનારાનાં શરીરોની દીનાવસ્થા પુનરુત્થાનકાળે બદલવામાં આવશે ને તે મહિમાવાન થશે, પણ અવિશ્વાસીઓ તો દંડનું ઉત્થાન પામશે (યો. ૫:૨૦).

(૪) **શેતાને દૈહિક અને આત્મિક બેઉ ભાવનાઓને બહેકાવી છે** (ઉત. ૩:૬). પ્રથમ આજ્ઞાભંગમાં સમાયેલો ભાવ સર્વ પરીક્ષણોમાં સામેલ છે. મનનો ગર્વ અને દેહનો આનંદ દેવની સલાહને ન ગણકારતાં એથી ઊલટું જ વલણ પકડે છે (ગલા. ૫:૧૬, રૂમી. ૮:૫-૮), એટલે શરીર પાપની વ્યવસ્થાને આધીન રહે છે. આ સંજોગોમાં જો કે દેવનો આત્મા માણસને પ્રેરણા કરે, અને માણસ તે પ્રેરણાને આધીન રહેવાનું ઇચ્છે, પરંતુ પાપ કરવાને ટેવાયેલું તેનું આખું વ્યક્તિત્વ હારી જાય છે.

(૫) **પાપે માણસના શરીરમાં મુખ્ય સ્થાન લીધું છે.** શેતાનનું માનવાથી માણસ મરણમાં સપડાયું અને મરણકારક કૃત્યોએ વધીને તેનું આખું વ્યક્તિત્વ પાપરૂપ કર્યું. એટલે તેના આખા વ્યક્તિત્વમાં પાપનું જ સામ્રાજ્ય જામ્યું. બીજા શબ્દમાં કહીએ તો પાપે જ તેનો કબજો લીધો.

(૬) **પાપ એ અસાધ્ય રોગ છે.** એથી છૂટવા માણસો સ્નાન, દાન, દેહદમન અને અર્પણાદિ કરતાં જ આવ્યાં છે, પણ તેથી પાપની ભાવનાનો નાશ થતો નથી (હેબ્રી. ૧૦:૧-૧૧). પાપની અસર તળેથી છૂટવા આતુર અપેક્ષાએ નિરંતર નિસાસા નાખે છે (રૂમી. ૮:૧૯-૨૨), પરંતુ માણસ પાસે એનો ઉપાય નથી.

(૭) **અધોગતિની પરાકાષ્ટા.** પાપના બળ આગળ માણસની ઇચ્છાશક્તિ પાણીને તળીએ પકડી રાખેલા લાકડાના દટ્ટા સમાન છે. માણસ પોતાના મનને પવિત્ર આત્માની સંગતમાં રોકાયેલું રાખવા ભારે શ્રમ કરે છે, પરંતુ તેને તો દૈહિક ભાવનાના ભવસાગરની સપાટી ઉપર જ રહેવાનો સ્વભાવ પડી ગયો હોવાથી આત્માના ઊંડાણમાં રહેવાનું ગમતું નથી. માણસ ધાર્મિક જુસ્સાને વશ થતાં મનરૂપી દટ્ટાને મૂઠીમાં પકડીને પાણીને તળિયે દબાવી રાખે છે ત્યાં સુધી તે હાથમાં રહે

છે, પરંતુ જે પળે ખજવાળવા સારુ દટ્ટો છોડી હાથ ઉપાડ્યો, તે જ પળે તે હાથની પહેલાં ઉછળીને ઉપર આવે છે! પાપરૂપી પાણીનું ગુરુત્વાકર્ષણ તેને ધકેલીને ઉપર હડસેલે છે. આત્માના દડાને આસમાનમાં મોકલવા તેને ગમે તેટલા જોરથી ફેંકો, તોપણ પાપનું ગુરુત્વાકર્ષણ તેને ધબ દઈને પાછો નીચે પાડે છે. અરે, હું કેવો અભાગી! પાપના વ્યક્તિત્વથી — શરીરથી મને કોણ છોડાવશે?

## ૪. પવિત્ર આત્મા વિનાના અંતઃકરણની અવદશા.

સીમોન જાદુગર બાપ્તિસ્મા પામ્યા છતાં પાપના બંધનથી છૂટ્યો ન હતો. નીકોદેમસને પ્રભુએ સાફ શબ્દોમાં કહેલું કે આત્મિક જન્મ વિના સ્વર્ગ નથી. જીવનના બદલાણ વિના અનાન્યા સાફીરાને આત્માએ શિક્ષા કરી. આત્મા વગર શિષ્યો બીકણ, સ્વાર્થી, અસ્થિર અને અશક્ત હતા. આત્માનું ફળ નહિ દેખાય તો નિષ્ફળ અંજીરીના જેવી દશા થાય.

આત્માની મદદ વિના વહેમભક્તિથી માણસ મુક્ત થતું નથી.

આત્માના સમજાવ્યા વિના માણસ આત્મિક વાતો સમજી શકતું નથી. સત્ય અને સ્વર્ગીય રસ્તે દોરનાર તો દેવનો આત્મા છે, તેની મધ્યસ્થીથી જ માણસ ટકી શકે છે, વધી શકે છે અને ઈશ્વર પસંદ યોજના સમજી તથા કરી શકે છે. જેઓ પાપોની ક્ષમા પામી પવિત્ર આત્માને હૃદયમાં સ્થાન આપવા જેટલી હદે વધતાં નથી, તેઓમાં પહેલાંના કરતાં વધુ ભૂંડા બીજા સાત અશુદ્ધ આત્માઓ પ્રવેશ કરશે (મા. ૧૨:૪૪).

## ૫. કરુણ બૂમનો પ્રત્યુત્તર.

માણસની આ અવદશા ધ્યાનમાં લઈને પ્રભુ ઈસુએ પોતાના બલિદાનથી તેઓના અનંત ઉદ્ધારને સારુ ભૂમિ તૈયાર કરી. વળી આકાશમાં અદૃશ્ય થાય તે પહેલાં તેઓ પર શ્વાસ નાખીને કહ્યું કે, 'તમે પવિત્ર આત્મા પામો' (યો. ૨૦:૨૨), અને તેઓ પામ્યા પણ ખરા. આથી તેઓને નવું જીવન મળ્યું અને પવિત્ર આત્માની ભરપૂરી પામતાં સુધી એક ચિત્તે પ્રાર્થનામાં તત્પર રહ્યા.

પણ ધ્યાનમાં લો કે આ તો હજી ખ્રિસ્તી જીવનની બાલ્યાવસ્થા જ છે. જીવનની જુવાની તો હજી આવવાની છે. એ માટે પ્રભુએ તેમને હઠથી ફરમાવ્યું હતું, કે પવિત્ર આત્માનું સામર્થ્ય પામવા બાબતે ઈશ્વરપિતાએ આપેલું વચન પૂર્ણ ન થાય ત્યાં સુધી યરૂશાલેમથી ખસતા ના. કેમ કે એ આવશે ત્યારે જ તમે સામર્થ્ય પામશો અને સર્વત્ર મારા સાક્ષી થઈ શકશો (લૂ. ૨૪:૪૯, પ્રે.કૃ. ૧:૮૦). હવે એ ઘડી પર આવીએ.

## પ્રકરણ ૧૩

# પવિત્ર આત્માનું ઉતરવું.

### વચનના આત્માનું ઊતરવું (પ્રે.કૃ. ૨:૧-૪).

ઈતિહાસને ધોરણે ઈ.સ. ૩૦ના મે મહિનાની ૨૮મી તારીખ એ ખ્રિસ્તી મંડળીના ઈતિહાસમાં માનવજાતના ભાગ્યોદયનો જગતમાં એક ત્રીજો સુવર્ણ દિન હતો. આખા જગતનાં આદિથી અંત સુધીનાં તમામ માણસોનાં પાપનું પ્રાયશ્ચિત કરવા સારુ જે દિવસે ઈશ્વર માનવ બન્યો, તે એટલે પ્રભુ ઈસુ ખ્રિસ્તનો જન્મદિન એ જગતનો પ્રથમ સુવર્ણ દિન છે. જે દિવસે જગતનાં પાપનું દેવું ભરપાઈ થયાની પહોંચ આપવામાં આવી, એ જગતના ભાગ્યનો બીજો સુવર્ણદિન છે. આ પહોંચ એ તો બલિદાન થયેલા ખ્રિસ્તનું પુનરુત્થાન છે, અને આ દિન તો જગત જેને વિશ્રામના વાર તરીકે ઊજવતું આવે છે એ રવિવાર છે. અને ઈશ્વરનો સર્વસમર્થ પવિત્ર આત્મા ખ્રિસ્તના બલિદાનનો આશરો લેનારાઓના હૃદયમાં વાસો કરવા આવ્યો, એ ઉપર કહેલો ત્રીજો સુવર્ણ દિન છે.

"અરે, મને આ મૃત્યુબદ્ધ શરીરથી કોણ છોડાવશે" એ માનવજાતના કરુણ પોકારનો જવાબ આ દિવસે ઉપાયરૂપે આપવામાં આવ્યો છે. માનવના આત્માની સહાયને અર્થે ઈશ્વરનો આત્મા માનવહૃદયમાં આવી વસે, એ કરતાં ધન્ય દિન બીજો ક્યો હોઈ શકે? ચાલો એ દિવસના રહસ્યપૂર્ણ ઈતિહાસનું અવલોકન કરીએ.

લખેલું છે યહૂદીઓના પચાસી પર્વને દહાડે ખ્રિસ્તનો શિષ્યગણ એક જગાએ એકઠો થએલો હતો, ત્યારે એકાએક ભારે આંધીના ઘુઘવાટ જેવો આકાશથી અવાજ આવ્યો, અને તેઓ બેઠા હતા તે આખું ઘર ગાજી રહ્યું. અને અગ્નિ જેવી જુદી જુદી જીભો તેઓને પડતી દેખાઈ, અને તેઓમાંના પ્રત્યેક ઉપર તે બેઠી, અને તેઓ સર્વ પવિત્ર આત્માથી ભરપૂર થયા. અને આત્માએ જેમ તેઓને બોલવાની શક્તિ આપી તેમ તેઓ અન્ય ભાષાઓમાં બોલવા લાગ્યા (પ્રે. કૃ. ૨:૧-૪).

આ ચાર સાદી દેખાતી કલમોમાં ઉન્નત જીવનને સારુ કેટલા બધા સાદા સિદ્ધાંતો અને કેટલી બધી સરળતા તથા સગવડ છે તેનો વિચાર કરો.

૧. પવિત્ર આત્મા ઈશ્વર પાસેથી આવે છે.
૨. ખ્રિસ્ત પર વિશ્વાસ કરનારાંઓને જ પવિત્ર આત્મા મળે છે.
૩. લોકો તેની રાહ જોતા પ્રાર્થનામાં રોકાએલા હતા ત્યારે તે ઊતર્યો.
૪. અમુક વ્યક્તિના જ ઉપદેશથી પવિત્ર આત્મા મળે એમ નથી.
૫. પ્રેમની ખાતર, વાતાવરણ તૈયાર થયે પ્રભુ પવિત્ર આત્મા મોકલે છે.
૬. કર્મકાંડ કે વિધિપાલનથી તે મળતો નથી, એ તો દાન છે.
૭. સ્ત્રીપુરુષ કે કોમના ભેદ વિના સર્વ આતુર આત્માઓને તે અપાય છે.
૮. વિશ્વાસ કરનારને આપવા દેવ ખુશીથી અને વચનથી બંધાયો છે.
૯. માપથી નહિ પણ ભરપૂરીથી દેવ પવિત્ર આત્મા આપે છે.
૧૦. કોઈ પર્વે જ નહિ, પણ ગમે તે વખતે પામી શકાય છે (પ્રે. ૪:૩૧).
૧૧. યરૂશાલેમમાં જ નહિ પણ ગમે તે સ્થળે પામી શકાય છે.
૧૨. પવિત્ર આત્માએ વિશ્વાસ કરનારાઓને સામર્થ્ય આપ્યું.
૧૩. વિશ્વાસીઓને પવિત્ર આત્માએ અગ્નિની જીભનું દાન આપ્યું.
૧૪. વિશ્વાસીઓને તેણે ભાષાનું ને ચમત્કારોનું પણ દાન આપ્યું.
૧૫. પામનારા અને જોનારા સૌને આ દાનની ખાતરી થઈ.
૧૬. પવિત્ર આત્માએ લોકોનાં જીવન આદર્શ અને આનંદી બનાવ્યાં.
૧૭. પવિત્ર આત્મા કોઈને આળસુ કે નિષ્ક્રિય રહેવા દેતો નથી.
૧૮. વિશ્વાસીઓની પાસે તે અદ્‌ભુત કાર્યો કરાવે છે.
૧૯. પોતાના આશ્રિતોનાં તે માનમોભો વધારે છે.
૨૦. પવિત્ર આત્મા આશ્રિતોનું સ્વાર્પણ કરાવે છે.
૨૧. આફતો કે અડચણોને ભરપૂરી ઓછી કરી શકતી નથી.
૨૨. 'ખ્રિસ્તી' આસ્થાનો અગ્નિ સળગતો રાખે છે.
૨૩. જે માગે છે અને રાહ જુએ છે તે પામે છે.
૨૪. પવિત્ર આત્માથી ભરપૂર કરવા પ્રભુ રાહ જુએ છે.

નોંધ : અબળને બળવાન થવાનું, પતિતને પાવન થવાનું, મુમુક્ષુને મુક્ત થવાનું, હારી જતાને હરાવી દેવાનું, દુઃખમાં પણ આનંદ કરવાનું અને સર્વ સંજોગોમાં વિજયી રહેવાનું આ અજાયબ દાન કોણ ન ચાહે? અને તે વળી ખ્રિસ્તને નામે દેવ પાસે માગવાથી જ મળે છે, તો કોણ ન પામે?

(૧) **પવિત્ર આત્મા એ ઈશ્વરનો આત્મા છે.** એ આત્મા વ્યક્તિમાન સ્થિતિમાં કામ કરે છે. ખ્રિસ્તે સ્થાપેલી મંડળીના રક્ષણ, પોષણ અને સંસ્થાપન સારુ તથા પ્રત્યેક વિશ્વાસ કરનારને સંપૂર્ણ કરવા સારુ તે ઈશ્વર પિતા પાસેથી મોકલાયો છે. ઈશ્વર તથા જગત વચ્ચે સમાધાન થયાનું એ તો પ્રત્યક્ષ પ્રમાણ છે.

(૨) ખ્રિસ્તનું કામ કરવા સારુ ખ્રિસ્તે આપેલો તેનો પોતાનો જ આત્મા તે પવિત્ર આત્મા છે. એટલે ખ્રિસ્ત પર વિશ્વાસ કર્યા વિના બીજે કોઈ રસ્તે કોઈને પવિત્ર આત્મા મળતો નથી.

(૩) પ્રભુના મહિમાને અર્થે જયવાન જીવન ગાળવા સારુ જેઓ આતુર છે, તેઓની જ ભૂખ પ્રભુ ભાગે છે. પવિત્ર આત્મા પામવાની આતુરતા વિના તે કોઈને પણ આપવામાં આવતો નથી. આ આતુરતા પ્રાર્થનાથી દર્શાવાય છે.

(૪) ખરું છે કે ધાર્મિક ઉપદેશકોના ઉપદેશથી શ્રોતાઓનાં મન વિંધાઈ જાય છે અને ભારે ધર્મજાગૃતિ થાય છે ને લોક પવિત્ર આત્માનું દાન પામે છે, પરંતુ શિષ્યોના આ પ્રથમ અનુભવને પ્રસંગે તો કોઈનું ભાષણ હતું જ નહિ. ઘણા લોકો પોતાની ખાનગી પ્રાર્થનામાં આ દાન પામતા આવ્યા છે.

(૫) નિખાલસ મનથી જ્યારે માણસ ખ્રિસ્તને આધીન થાય છે, ત્યારે પવિત્ર આત્માની ભરપૂરી પામવા માટે જાણે કે વાતાવરણ તૈયાર થાય છે. આવા માણસોને પ્રભુ ચાહે છે અને દાનની ભરપૂરી આપે છે.

(૬) જપતપ અને યજ્ઞયાગથી પવિત્ર આત્મા મળતો હોત, તો તે ત્યાગી, વિરાગી અને શ્રીમંતોને જ હાથ આવત. ઘૂંટણે પ્રાર્થના કરવાથી કે રવિવારે ઉપવાસ કર્યાથી કે મિલકતનો અમુક હિસ્સો દાનમાં આપ્યાથી કે અમુક મંડળીના સભાસદ હોવાથી પવિત્ર આત્માનું દાન મળતું નથી. એ તો જે કોઈ ખ્રિસ્તનું શરણ લે છે તેનો જ હિસ્સો છે.

(૭) આ સભામાં ઈસુની મા, બીજી સ્ત્રીઓ, ઈસુના ભાઈઓ અને બીજા શિષ્યો હતા. પરંતુ સ્ત્રી જાણીને કોઈને ટાળી મૂકી નથી કે સગાં જાણીને કોઈને વધુ પડતો હિસ્સો આપ્યો નથી. જેમ યહૂદીઓને તેમજ બીનયહૂદીઓને પણ પવિત્ર આત્માની ભરપૂરી અપાઈ છે. કરનેલ્યસ, સમરૂનીઓ, એફેસીઓ વગેરેના દાખલા જુઓ. જે વિશ્વાસ કરે અને તૈયાર હોય તેને અપાય છે.

(૮) આખું જગત તારણ પામે અને કૃપા પામ્યા વિના કોઈ રહી ન જાય એવી દેવની ઇચ્છા છે. માટે પવિત્ર આત્મા સર્વને આપવામાં આવે એવી દેવની ઇચ્છા છે. સર્વને આપવાનું વચન છે અને સર્વને ઘણી પ્રસન્નતાથી આપે છે.

(૯) દેવનું કોઈપણ દાન કરકસરથી કે માપબંધીથી આપવામાં આવતું નથી. પવન, પાણી, હવા, અજવાળું, ઉદ્‌ભીજ, ખનિજ વગેરેનો વિચાર કરો. તેનું આપવું અમાપ છે. તેમ પવિત્ર આત્મા પર ભરપૂરીથી વગર માપે અપાય છે (યોહા. ૩:૩૪, યોહા.૧૦:૧૦, ૭:૩૭,૩૮). ઊભરાતું, છલકાતું, વહેતું નદી સ્વરૂપે, માગીએ કે કલ્પીએ તેથીયે વિશેષ દાન આપવાની તે કેવળ રાહ જુએ છે. પવિત્ર આત્માથી ભરપૂર થવાની અને રહેવાની આજ્ઞા છે (એફે. ૫:૧૮).

(૧૦) ખરું છે કે યહૂદીઓના પચાસી પર્વને દહાડે પવિત્ર આત્મા ઊતર્યો. પણ એનો અર્થ એ નથી, કે વાર તહેવારે જ તે પામી શકાય અને રવિવાર જેવા દહાડે તેનું જોર વિશેષ હોય. માણસનું હૃદય તૈયાર હોય તે જ પળે તે મળે છે.

(૧૧) વળી એમ પણ નથી કે મંદિરમાં કે મહાસ્થળોએ ધર્મમેળામાં તે મળે. સમરૂની સ્ત્રી ધારતી કે પવિત્ર સ્થાનોમાં તેનો વધારે સંભવ છે. પણ પ્રભુએ તો તેનું હૃદય કૂવા પર જ બદલ્યું. સમરૂનીઓને સમરૂનમાં ને કરનેલ્યસને તેને ઘેર મળ્યો. ઘરમાં, બિછાના પર કે જંગલમાં પણ પમાય છે.

(૧૨) પવિત્ર આત્મા પામ્યા પહેલાની અને પછીની શિષ્યોની સ્થિતિનો મુકાબલો કરો. કેવો અજબ ફેરફાર! કેવી હિંમત! કેવી નીડરતા! કેવું સામર્થ્ય! દાસીથી ડરેલો પીતર પ્રમુખ્યયાજકને મોઢે કહે છે, કે તમે ઈસુને મારી નાખ્યો, તેનો હું સાથી છું! તેનાથી જ તારણ છે એનો હું પૂરાવો છું.

(૧૩) આવી સાક્ષી આપવા સારુ સાધારણ જીભ નહિ ચાલે. પાણી પાએલા પોલાદની પેઠે પવિત્ર થએલી જીભમાં આકાશી અગ્નિનું પરાક્રમ આવે, તો જ જગના વિદ્વાનો અને વિરોધીઓ પીગળી જાય. એવી જીભથી પાપી અંતરો વિંધાઈ ગએલાં (પ્રે. ૨:૩૭). તમારા મુખમાંથી કંઈ મલીન વાત નહિ, પણ અગત્યના સુધારાની હોય તે જ નીકળે (એફે. ૪:૨૯).

અગ્નિ તો દેવની પવિત્રતાનું પ્રતીક છે. તે તમારું બાપ્તિસ્મા અગ્નિથી અને પવિત્ર આત્માથી કરશે એવું યોહાનનું કથન અત્રે પૂરું થયું. દેવની સમક્ષતા અને આપણી વચ્ચે પ્રાચીનકાળે મેઘ અને ધૂમાડાનો પડદો રહેતો. એ અત્રે ટળી જઈને સાક્ષાત અગ્નિનો વાસો થયો. પ્રભુ વિશ્વાસીઓની જીભને અડક્યો છે. જે નર્કાગ્નિથી સળગેલી હતી તે હવે પવિત્ર આત્માથી સળગી! યાકૂબના ૩જા અધ્યાયમાં દર્શાવેલી જીભ હોય, તો જાણવું કે તેને પવિત્ર અગ્નિનો સ્પર્શ થયો નથી.

(૧૪) જુદી જુદી ભાષા તો આખી દુનિયાને સુવાર્તાને સંદેશો કહેવાનું સૂચન કરે છે (મા. ૨૮:૨૦). સર્વ દેશમાં જાઓ આખી સૃષ્ટિને તારણની કૃપા જણાવો. આપણી ભાષાવાળાને આપણે એ સંદેશો કહીએ છીએ કે? પવિત્ર આત્મા આપણા હોઠને અડક્યો છે?

(૧૫) ખ્રિસ્તીઓના આત્મિકપણાની ખાતરી કંઈ ઢાંકી રહે નહિ. દીવો દીવી પર હોય તો ઘરનાંને અજવાળું આપે છે. આ શિષ્યોનું આત્મિક બળ લોકે જોયું. કેટલાક તેમની સંગતમાં ભળ્યા. બીજા ભળતાં ડર્યાં છતાં તેમને માન આપ્યું. એ ઊભરો નહોતો. પવિત્ર આત્મા તો કાયમનું બળ અને કાયમની સંગત છે.

(૧૬) પવિત્ર આત્માએ વિશ્વાસીઓનાં જીવન કેવાં પલટીને આદર્શ બનાવ્યાં તે જોવાં વાંચો પ્રે. ૨:૪૨ થી - પ્રાર્થના, પવિત્રતા, આનંદ, સાક્ષી, સેવા, ત્યાગ,

ઉત્સાહ, સહનતા વગેરેનો એવો જોટો બીજે ક્યાં જડે? જે આત્મકષ્ટોથી, યજ્ઞોથી અને મહાજ્ઞાનથી સિદ્ધ થયું નથી, તે કેવળ ખ્રિસ્ત પરના વિશ્વાસથી જ સુલભ અને સરળ બન્યું. એ માનવબળ કળથી નહિ પણ દેવના સર્વસમર્થ આત્માથી આવી મળે છે.

(૧૭) પ્રભુ ઈસુ વિષે પ્રચાર કરવાની મના છતાં તેઓએ ઘરેઘર ગજાવી મૂક્યું. એથી જ સતાવણી થઈ, તો જ્યાં વેરાઈ ગયા ત્યાં એ જ પ્રચાર ચાલુ રાખ્યો. ચામડાની જીભ ઝાલી રહેતી નથી, તો પછી અગ્નિની જીભ તો અટકે જ શેની! કહ્યા વિના તેઓથી રહેવાયું નહિ.

(૧૮) પ્રભુ ઈસુએ કહ્યું હતું કે પવિત્ર આત્મા પામ્યા પછી તમે, મેં કરેલાં કામો કરતાં પણ મોટાં કામો કરી શકશો. એ કેવું સત્ય ઠર્યું! તેમના પડછાયે અને વાપરેલા વસ્ત્રના સ્પર્શે લોક સાજાં થતાં! વિશ્વાસીને અપાએલા હકનું જો નિરુપણ કર્યું ન હોય તો વાંચો (પ્રે. ૫:૧૫, ૧૯:૧૨, માર્ક ૧૬:૧૭,૧૮).

(૧૯) કોઈ કહે છે કે ખ્રિસ્તી થવું એટલે લાચારી સ્વીકારતા સમાજમાં જોડાવું! યાદ રાખો કે પ્રેમની સેવા, નમ્રતાની આધીનતા અને ખ્રિસ્તની ખાતરની સહનતાએ લાચારી નહિ પણ દૃઢ આત્મબળની નિશાની છે. લોખંડી કિલ્લાઓ તોડી નાખવાને સમર્થ આત્મા એવું વર્તન રખાવે છે (૨ કો. ૧૦:૪).

(૨૦) ખ્રિસ્તરૂપી દ્રવ્ય ખાતર માણસ પોતાનો જીવ પણ હોડમાં મૂકે છે. પાઉલ કહે છે હું જીવતો નથી પણ મારામાં ખ્રિસ્ત જીવે છે ને હું તો તેની સાથે વધસ્તંભે જડાયો છું. પંડ, પૈસો ને પ્રાણ અર્પેલા સંતોની સેવાના પરિણામે જ આપણે ખ્રિસ્તને પામ્યા છીએ. આ કામ પવિત્ર આત્મા કરાવે છે. 'અમને શું મળશે?' એમ કહેનારા જ અમે શું આપી દઈએ ને શું કરી દઈએ એવા સ્વભાવના થયા!

(૨૧) ખ્રિસ્તીઓને માર્યા, સતાવ્યા, વાર્યા, પણ કામ કરતા અટક્યા નહિ કે નિરાશ યા દુઃખી થયા નહિ. તેના નામને લીધે સતાવણી પામવા જોગ ગણાયા માટે આનંદ કરવા લાગ્યા!

(૨૨) દુઃખના માર્યા જ્યાં ગયા ત્યાં સાક્ષી આપતાં અટક્યા જ નહિ. સુકાળમાં કે અકાળમાં પણ પ્રચારકાર્ય બંધ કર્યું નહિ. પાઉલ કહે છે કે જો હું પ્રચાર કરતો અટકું તો મને અફસોસ! ખ્રિસ્ત પરની પ્રીતિ મને પ્રચાર કરવાની ફરજ પાડે છે.

શું પ્રથમ મંડળીનો એ સોનેરી યુગ સમાપ્ત થયો છે? પ્રભુના આવતાં સુધી એ યુગ ચાલુ જ છે. જર, નર કે કળ પવિત્ર આત્માની ભરપૂરીનું સ્થાન લઈ શકશે જ નહિ. કેળવણી ને સુધારા તો આશીર્વાદ છે. ફરમાન તો એ છે કે પવિત્ર આત્માથી ભરપૂર થતાં સુધી અહીંથી ખસતા ના.

પ્રકરણ ૧૪

# વિશ્વાસ કરનારાઓમાં પવિત્ર આત્માનું કામ

૧. પાપના તથા મરણના નિયમથી છોડાવે છે (રૂમી. ૮:૨, ગલા. ૫:૬)
૨. નવો જન્મ આપી પવિત્રીકરણ કરે છે (યોહા. 3:3,૫, ૧ કોરિં. ૬:૧૧).
3. તેઓના હૃદયમાં વાસો કરે છે (૧કોરિં. 3:૧૬, ૬:૧૯, યોહા. ૧૪:૧૭).
૪. તેઓને મુદ્રિત કરે છે (એફે. ૪:3૦).
૫. તેઓને સારુ મધ્યસ્થી કરે છે (રૂમી. ૮:૨૬).
૬. તેઓને દાન તથા બાપ્તિસ્મા આપે છે (૧કોરિં. ૧૨:૪-૧૧).
૭. તે દેવનું કામ ચલાવે છે (પ્રે.કૃ. ૫:3-૫, ૧3:૧-૧૨).
૮. મર્મો પ્રગટ કરે છે ને શીખવે છે (યોહા. ૧૪:૨૬, ૧૬:૧૨. ૧ કોરિં. ૨:૨૦).
૯. ઉત્તેજન આપી મુશ્કેલીઓમાં રક્ષણ કરે છે (પ્રે.કૃ. ૨૭:૨૫, ૨૮:૬)
૧૦. હિંમત આપે છે અને મુશ્કેલીઓની જાણ કરે છે (પ્રે.કૃ. ૨૦:૨૨-૨3)
૧૧. દેવના દીકરા હોવાની ખાતરી આપે છે (રૂમી. ૮:૧૪-૧૭,૨3).
૧૨. ફળ ઉપજાવે છે ને પરિપૂર્ણ કરે છે (ગલા. ૫:૨૨, ૧ થે. ૫:૨3)
૧3. વિશ્વાસીઓનું મહિમાવાન રૂપાંતર કરતો જાય છે (૨ કોરિં. 3:૧૭-૧૮).

**૧૪. છેલ્લે દહાડે ઉઠાડશે ને ગૌરવી શરીર આપશે (૧ કોરિં. ૧૫:૪૨-૪૮)**

**૧૫. તે સૌને આસ્થાથી નોતરૂં આપ્યા જ કરે છે (પ્રકટી. ૨:૭, ૨૨:૧૭).**

નોંધ : ઉપર દર્શાવેલાં તથા આગળ બતાવેલાં પવિત્ર આત્માનાં કામ તથા હેતુ તરફ જોતાં આપણે સહજ સમજી શકીશું, કે 'જેવો તમારો આકાશમાંનો બાપ પૂર્ણ છે તેવા પૂર્ણ તમે થાઓ'' એવી પ્રભુ ઈસુની ઇચ્છા પૂર્ણ કરવી એ જ તેનું કામ છે. ઈશ્વરદત્ત મુક્તિનો માણસ લાભ લે અને માનવજાતના સામાન્ય શત્રુનાં સર્વ પરાક્રમો અને કામો પર વિજય પામતાં અનંતજીવન અનુભવે, એ સ્થિતિમાં માણસને મૂકવાની સેવા પવિત્ર આત્મા કરે છે.

પોતાના બલિદાનથી પ્રભુ ઈસુએ માણસને કેવળ માફી જ આપીને છોડી દીધાં હોત, તો એથી ખરો લાભ થાત નહિ, કેમ કે માફી પામ્યા પછી પણ પાપની સામે તો આપબળે જ લડવાનું રહેત. અને એનું પરિણામ પાઉલની 'કરુણ બૂમ' જ રહેત (રૂમી. ૭:૧૪-૨૪).

આ મુશ્કેલી દૂર કરવા સારુ તો અખૂટ જીવનની જરૂર હતી. પણ એવું જીવન તો માનવ હૃદયમાં પવિત્ર આત્માના વાસા વિના સંભવે જ કેમ? પ્રભુ ઈસુએ એ મુશ્કેલી પણ દૂર કરવા ચાહતો હતો, માટે માણસની સહાયમાં પવિત્ર આત્માને મોકલ્યો.

જેઓ પ્રભુ ઈસુનો અંગીકાર કરે છે તેઓને દેવના પુત્ર થવાનો હક મળે છે (યો. ૧:૧૨). એને પરિણામે તેઓ ઈશ્વરના દત્તકપુત્ર બની તેની સંપત્તિનો લાભ લે છે (લુ. ૧૦:૧૭). પણ લક્ષમાં લો, કે દત્તકપુત્રને પિતાના સ્વભાવનો વારસો મળતો નથી, અને જ્યાં સુધી દીકરામાં બાપનો સ્વભાવ ન હોય, ત્યાં સુધી તે બાપની સંગતનો સાચો આનંદ સમજી કે ભોગવી શક્તો નથી. માટે ઈશ્વરપિતાના સ્વભાવના વારસ કરવા સારુ (૨જો પી. ૧:૪) પવિત્ર આત્મા તેમને નવે નામે જન્માવે છે (યોહા. ૩:૫, ૧લો પી. ૧:૨૩). આ જન્મ આપવા સારુ પવિત્ર આત્મા વિશ્વાસ કરનારના હૃદયમાં સ્થાન લે છે. પવિત્ર આત્માના આ કૃત્યથી વિશ્વાસીનું જીવનધ્યેય બદલાઈને દૈવી રાહ પર આવે છે, એટલું જ નહિ પણ દેવના દીકરા તરીકે તે મુદ્રિત થાય છે (એફે. ૧:૧૪), અને દેવનો સ્વભાવ ઉપજાવવા સારુ પવિત્ર આત્મા તેની કાયમ સહાયમાં રહે છે. આવા માણસ પર દેવ વિના બીજા કોઈનો હક રહેતો નથી. આમાં માણસની સલામતી અને કિંમતનો કેવો અજબ ચિતાર રહેલો છે! માણસના આત્માની ખંડણી ખરેખર અમાપ છે (ગી.શા. ૪૯:૭).

આવો માણસ પવિત્ર આત્માની સહાયથી પાપ તથા જગતને જીતે છે (રૂમી. ૮:૧૩). પાપ તેના પર રાજ કરી શક્તું નથી (રૂમી. ૬:૧૪). તે પાપ કરતો નથી કે કરી શક્તો નથી. તે પોતાને સંભાળે છે અને ભૂંડો તેને અડકી શક્તો નથી. કેવો ધન્ય હક! (૧ યો. ૨:૯, ૪:૭, ૫:૧૯).

પવિત્ર આત્મા વિશ્વાસીઓના હકમાં મધ્યસ્થી કરે છે. એથી સમજી શકીશું કે વિશ્વાસીઓ સંપૂર્ણ રીતે પવિત્ર આત્માની દેખરેખ તળે મૂકાયા છે. એટલું જ નહિ પણ તેને સંપૂર્ણ કરીને છેલ્લે દહાડે દેવની આગળ નિર્દોષ રજૂ કરવાની સંપૂર્ણ જવાબદારી પણ તેને સોંપાઈ છે. વિશ્વાસીઓનું હિત એ જ પવિત્ર આત્માનો વિષય છે.

કેટલેક વખતે પવિત્ર આત્માના આ સાથ વિષે ભૂલી જઈને નવા કે પ્રતિકુળ સંજોગોમાં માણસો પોતાનાં બુદ્ધિ, બળ કે આવડત તરફ જોઈને નિરાશ થાય છે અને અકળાઈ ઊઠે છે. પણ યાદ રાખવું જોઈએ, કે એવા જ સર્વ મુશ્કેલ સંજોગો પર જય પમાડવા સારુ જ પવિત્ર આત્મા આપણામાં આવી વસ્યો છે. આપણી લાચારી એ તો પવિત્ર આત્માને પોતાનું પરાક્રમ દર્શાવવાનો પ્રસંગ છે. પ્રભુએ પાઉલને કહેલું કે મારું પરાક્રમ તો અબળતામાં જ પૂરું થાય છે (૨ કો. ૧૨:૮). જ્યારે આપણે આપણી અબળતામાં પવિત્ર આત્માને આધીન થઈએ છીએ, ત્યારે અચૂક વિજય પામીએ છીએ. પ્રભુએ તો સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે સંકટના સમયે શો ઉત્તર દેવો, એ પણ પવિત્ર આત્મા તમને આપશે (મા. ૧૦:૨૧).

આત્મા પ્રત્યેકને સેવાને સારુ તરેહ તરેહનાં દાનો આપે છે, એટલું જ નહિ પણ આત્માના ફળથી ભરપૂર પણ કરે છે (૧ કો. ૧૨:૧-૧૨, ગલા. ૫:૨૨), દેવની કૃપા અને ઇચ્છાના મર્મો સમજાવે છે અને સાક્ષી પૂરવાનું તથા સત્ય અને દયા પ્રગટ કરવાનું એવું તો પરાક્રમ આપે છે, કે દુન્યવી સત્તા પણ ખ્રિસ્તી સંતની આગળ રાંક થઈ જાય (જુઓ પ્રે. ૫:૩, ૮:૨૦, ૧૦:૩૫ વગેરે).

દેવે યોજેલું અને ખ્રિસ્તે આરંભેલું જગતના તારણનું કાર્ય વિશ્વાસીઓને વાપરીને પવિત્ર આત્મા એવી સફળતાથી કર્યે જાય છે, કે તેના કામ પાછળ કદી નિષ્ફળતા કે પશ્ચાત્તાપ હોતાં જ નથી. એ તો આસ્થાનો આત્મા છે, જે માણસને ઈશ્વર સંબંધી સાચી આસ્થા હોય છે, તે જો શાઉલની બાબતમાં બન્યું તેમ અયોગ્ય માર્ગે ઢળતી હોય, તો તેને સત્યમાં લાવીને ઉપયોગમાં લે છે.

ખ્રિસ્તીઓ અનંતકૃપાના વારસ અને અજવાળાના દીકરા છે, એની પ્રત્યેકને ખાતરી કરાવે છે. ખ્રિસ્ત પર વિશ્વાસ કરનાર કોઈ પણ માણસ આશરે આશરે કે અંધારામાં ચાલતો નથી. દેવે વિશ્વાસીઓને દીકરા તરીકે - તારણના વારસ

તરીકે સ્વીકાર્યા છે, તેની ઉઘાડી સાબિતી વિશ્વાસીઓમાં થતું પવિત્ર આત્માનું કામ છે.

જગતની દૃષ્ટિએ અબળ અને અજ્ઞાન જેવા માણસોને ખ્રિસ્તમાં દેવે જે જ્ઞાન અને પરાક્રમ આપેલું અને હજીયે આપતો જાય છે, એ તો ખ્રિસ્તી ધર્મની સત્યતાનો દર્શનીય પૂરાવો છે. ખ્રિસ્તને નામે કરાતાં પરાક્રમી કામો, અપાતા અગાધ ભોગો, કરાતાં લાખો અર્પણો અને બદચાલવાળા કે વિરોધીઓનાં પણ પવિત્રાઈની સેવામાં બદલાઈ જતાં જીવનો, એ ખ્રિસ્તી મંડળીમાં પવિત્ર આત્માના કામનાં ખુલ્લાં પ્રમાણો છે.

ખ્રિસ્તી મંડળીને જગતથી જેટલું અને જેવું સહેવું પડ્યું છે અને પડે છે, તેટલું અને તેવું કોઈ પણ સંઘને સહેવું પડ્યું નથી, તેમ છતાં એ બધા વિરોધોની વચ્ચે થઈને ખ્રિસ્તી મંડળી જે પ્રગતિ, વૃદ્ધિ અને ખિલવટ કરતી ચાલી જાય છે, એ તો પવિત્ર આત્માની કાર્યકુશળતાનું જ પરિણામ છે.

કોરડાના મારથી શરીરની ચામડી ચાળણી જેવી થઈ ગઈ હોય, અનેક ઘામાંથી લોહીની ધારાઓ વહેતી હોય, અસહ્ય વેદના છતાંયે હલનચલન પણ ન કરાય એવી પ્રતિકૂળતા ઊભી કરવા પગ પણ હેડમાં ઠોક્યા હોય, આવે વખતેય સ્તુતિનાં ગીતો ગવાય, કેદીઓને પાપથી છૂટકાનો સંદેશો અપાય અને શ્રોતાઓના વિશ્વાસથી આનંદ અનુભવાય એ કંઈ માનસિક બળનું પ્રમાણ નથી. એ તો પવિત્ર આત્માએ આપેલા સામર્થ્યનો પૂરાવો છે. ખ્રિસ્તના પ્રેમ અને પ્રભુત્વની ખાતરી આવાં સંકટોને લેખવતી નથી.

બંદીવાનોને છૂટકો અને આંધળાને દૃષ્ટિ પામવાનું જાહેર કરવા જે પવિત્ર આત્માએ પ્રભુ ઈસુનો અભિષેક કર્યો હતો, તે જ પવિત્ર આત્મા એ કામ કરવા પાઉલ અને સીલાસને કેદખાનામાં લઈ ગયો, માર ખાવા દીધો પણ પોતે સાથે છે એનો પૂરાવો કેદીઓનાં બંધન છોડીને અને બંદીખાનાનાં બારણાં ખોલીને દરવાનનું તારણ કરવામાં દેખાડ્યો! પવિત્ર આત્માની કામ કરવાની રીત કેવી અજાયબ! વિશ્વાસીઓને અનંત મહિમાની કેવી ખાતરી! માથે મરણ ઝઝૂમી રહ્યું હોય, એવી ભયંકર ગલીઓમાં થઈને લઈ જવાથી પવિત્ર આત્મા આપણા વિશ્વાસનાં મૂળ ઊંડા ઉતારે છે ને વધારે મજબૂત કરે છે. કામની રીત અને જગા તે બતાવે છે અને પ્રતિકૂળ વાતાવરણ અનુકૂળતામાં ફેરવી નાખે છે.

એમ તે વિશ્વાસીઓનું મહિમાથી મહિમામાં રૂપાંતર કરતો કરતો પરિપૂર્ણતા તરફ દોરી જઈ અનંત મહિમાને સારુ દેવની રૂબરૂ રજૂ કરે છે. વિશ્વાસીઓની આ મંડળી દેવને સોંપાશે, ત્યારે જ તેની સેવા પૂર્ણ થઈ ગણાશે. કેવો પ્રેમી સાથ!

પ્રકરણ ૧૫

# પવિત્ર આત્માની કામ કરવાની રીત અને તેનાં દાનો

સંતોના તથા મંડળીના સંસ્થાપનને અર્થે તથા તેમની વૃદ્ધિ અને ખીલવટને માટે પવિત્ર આત્મા પાસે કામ કરવાની કંઈ એક જ રીત નથી. સમય, સંજોગ અને પાત્રાનુસાર પદ્ધિત વાપરીને આત્મા દેવની ઈચ્છા પૂર્ણ કરે છે. જે એદનવાડીનો દરવાજો બંધ કરીને ચોકી કરતો હતો, તે અત્યારે એ દરવાજો ખોલીને માણસોએ બંધ કરેલાં દ્વારો ઉઘાડાવવાને આજીજી કરતો માલૂમ પડે છે. તે બળ આપે છે અને વપરાતું અટકાવે પણ છે. તે સાજાં કરે છે અને શિક્ષા પણ કરે છે. કોઈવાર ઉત્તર અપાવે છે અને કોઈવાર મોં બંધ પણ રખાવે છે. આમ અનેક પ્રકારે સંસ્થાપનપણે અને શિસ્તાનુસાર કામ કરી રહ્યો છે. એની કામ કરવાની રીતનો સવિસ્તાર ખ્યાલ ૧ કો. ૧૨ અને ૧૪મા અધ્યાયોમાં આપેલો છે. તેમ છતાં જૂના કરાર અને નવા કરારમાં છુટક છુટક સેંકડો દાખલા આપણે તારવી શકીએ એમ છે.

**૧. પ્રત્યેક વિશ્વાસ કરનારને દાનરૂપે પવિત્ર આત્મા આપવામાં આવે છે** (પ્રે. ૨:૩૮, ૧૧:૧૭, ૧૦:૪૬).

જેઓ પ્રભુ ઈસુને પોતાના ઉદ્ધારનો આધાર સમજીને તારનાર તરીકે સ્વીકારે છે, તેઓને પવિત્ર આત્માનું દાન તથા જીવન આપવામાં આવે છે (૧ કો. ૧૨:૩). વિશ્વાસ કરનારાઓનાં હૃદયોમાં તેનો વાસો થાય છે (૧ યો. ૪:૧૪). ખ્રિસ્ત પોતે દેવનું આપેલું પ્રથમ અનિર્વાચ્ય દાન છે (૧ કો. ૯:૧૫) કે જેની મારફતે પાપનું દેવું ભરાય છે અને પવિત્ર આત્મા એ એવું જ બીજું દાન છે, કે જેની મારફતે વિશ્વાસી અનંત મહિમાને લાયક થાય છે (એફે. ૪:૩૦).

**આ દાન પામવાની શરતો —** (૧) પાપનો પસ્તાવો (૨) ખ્રિસ્તનું શરણ (૩) જીવનનો એકરાર. માણસને પોતાની અધમ સ્થિતિનું અને પાપીષ્ટ પ્રકૃતિનું લાગણીમય ભાન થવું જોઈએ, અને ખ્રિસ્તની આગળ એ પાપોનો પસ્તાવો કરવો જોઈએ. એ પછી ખ્રિસ્ત જ મારો તારનાર છે એવી નિશ્ચયભરી ખાતરીથી ખ્રિસ્તનું શરણ લેવું જોઈએ. આનું નામ ખ્રિસ્ત પર વિશ્વાસ કર્યો કહેવાય. એ પછી ખ્રિસ્તને તારનાર તરીકે અને પોતાને ખ્રિસ્તના અનુયાયી તરીકે પ્રગટ રીતે કબૂલ કરવો જોઈએ.

આ કબૂલાત બાપ્તિસ્મા દ્વારા જાહેર થઈ શકે છે. બાપ્તિસ્મા દ્વારા વિશ્વાસીનું દફન એ તેનું અર્પણ છે. આ તો ખ્રિસ્તના શિષ્ય થવાની અને પવિત્ર આત્મા પામવાની સર્વ સાધારણ રીત છે : છતાં ખાસ હેતુસર દેવ અપવાદ પણ કરે છે (પ્રે. ૧૦:૪૫).

યાદ રાખીએ કે દાન પામવાનો આ હક કોઈ અમુક પ્રજા કે અમુક વર્ગ યા ઠરાવી મૂકેલી વ્યક્તિઓને જ નથી. જે કોઈ વિશ્વાસ કરે કે પ્રભુ ઈસુ મારો તારનાર છે, તે સર્વને વિના અપવાદે આ દાન મળે છે (યો. ૩:૧૬, પ્રે. ૨:૩૭,૩૮), અને વફાદાર વ્યક્તિઓ ભરપૂરી પામે છે (પ્રે. ૪:૩૧, ૫:૩૨).

**૨. પવિત્ર આત્મા બીજાં દાનો પણ આપે છે** (૧ કો. ૧૨:૩-૧૧).

મંડળી કે મંડળીના અધિકારીઓની વહેંચણી અને ગોઠવણ પ્રમાણે નહિ, પરંતુ સર્વ અંતઃકરણોને પારખનાર અને તેની સેવાની ધગશ તથા પ્રેમની આસ્થા જાણનાર પવિત્ર આત્માની જ પસંદગી પ્રમાણે આ દાનો વહેંચાય છે. વહેંચણીમાં કોઈ રહી જતું નથી કે કોઈને વધેલું ઘટેલું દાન મળતું નથી. પવિત્ર આત્માનાં કૃપાદાનો અખૂટ છે, અને પ્રત્યેકને પોતાના વિશ્વાસ તથા આધીનપણાના પ્રમાણમાં પવિત્ર આત્મા પાત્રાનુસાર વહેંચે છે. કોઈને એક અને કોઈને અનેક દાનો પણ આપે છે, તાલંત અને મહોરનાં દૃષ્ટાંતો જુઓ (મા. ૨૫:૧૪-૩૦). દેવ દાતારપણાથી ઉત્તમ તથા સંપૂર્ણ દાન આપે છે (યાકૂબ. ૧:૫, ૧૭).

**૩. દાન આપવાનો હેતુ** (રૂમી. ૧૨:૬-૮, ૧ કો. ૧૨:૭, ૧૪:૩).

મંડળીના સંસ્થાપનને સારુ, માનવજાતની સેવાને અર્થે, ખ્રિસ્તના મહિમાને માટે અને ઈશ્વરનો ઈરાદો પૂર્ણ કરવા ખાતર દાનોની વહેંચણી કરવામાં આવે છે. લખ્યું છે કે આત્માની પ્રસિદ્ધતા પ્રત્યેકને ઉપયોગને માટે અપાઈ છે. સુબોધ, શિક્ષણ તથા દિલાસાને સારુ, નિયમન અને વ્યવસ્થા ખાતર તથા સંસ્થાપન અને પવિત્રોને પૂર્ણ કરવા માટે દાનો છે (૧ કો. ૧૪:૨૬, એફે.૪:૧૧). આ દાનો તો તાલંતો છે. એના કારભારનો હિસાબ આપવાનો છે. દાટી મૂકનારની દશા કફોડી છે અને નહિ પામનારા ગણતરીમાં નથી (મા. ૭:૨૨, ૨૫:૪૧).

**૪. દાનોના પ્રકાર** (૧ કો.૧૨:૪-૧૧).

આખી માનવીજાતનાં સ્થાન, સંજોગ, સ્થિતિ, પ્રકૃતિ, સંસ્કૃતિ ને જરૂર કંઈ એક જ સરખાં હોતાં નથી. એ માટે એક જ પ્રકારનાં દાનથી સર્વ જરૂરિયાતોને પહોંચી વળાય નહિ. આ સત્ય સમજાવવાને શરીરના દાખલામાં સર્વોત્તમ ખુલાસો છે (૧ કો. ૧૨:૧૨-૨૪). કેટલાંક સંસ્થાપનને લગતાં (૧ યો. ૫:૧૪), કેટલાંક સેવાને લગતાં (રૂમી. ૧૨:૭, ૧ કો. ૧૨:૮,૯), કેટલાંક વિશ્વાસની વૃદ્ધિને લગતાં, અને કેટલાંક પ્રચારને લગતાં છે (૧ કો. ૧૨:૧૦), સેવા અને કાર્યો તો અનેક

પ્રકારનાં છે, પણ આત્મા અને હેતુ એકના એક જ છે. એ જ આત્મા પોતાની ઇચ્છા પ્રમાણે પ્રત્યેકને દાન વહેંચી આપે છે અને સેવા કરાવે છે.

## ૫. દાનો અને તેના ઉપયોગ વિષે ખુલાસો.

(૧) સર્વ દાનો આપનાર પવિત્ર આત્મા છે.

(૨) એક પણ દાન બીજા દાનથી ઊતરતું નથી.

(૩) દાનોના પ્રકાર અગત્ય પ્રમાણેની વ્યવસ્થા છે.

(૪) એક જ પ્રકારના દાનની તૃષ્ણા રાખવી એ ભૂલ છે.

(૫) દાન એ માન મોટાઈનો ખિતાબ નથી.

(૬) કોઈ વ્યક્તિને સંતોષવા કે સ્વાર્થસિદ્ધિ માટે દાન અપાતાં નથી.

(૭) 'ભાષા'નું દાન એ જ ખરા ખ્રિસ્તીપણાનું પ્રમાણ નથી.

શાસ્ત્રમાં થયેલો અને વર્ણવેલો દાનો વિષેનો અનુભવ જોતાં આપણે સહજ સમજી શકીશું, કે મંડળીને પ્રભુમાં પરિપૂર્ણ કરવા સારુ જ પવિત્ર આત્મા વિધવિધ પ્રકારે સેવા કરી રહ્યો છે. વિશ્વાસથી અધમોધમને પણ અપાતાં કૃપાદાનો, ખ્રિસ્તી ધર્મની સત્યતા અને ઈશ્વરની યોજનાનો પૂરાવો દર્શાવે છે.

કોરિંથ મંડળીમાં 'ભાષા'ના દાનને અગ્રપદ અપાતું, અને જેને એ ન હોય તે ઊતરતા દરજ્જાનો ખ્રિસ્તી લેખાતો. પાઉલ તે વિચારને ટેકો ન આપતાં વખોડે છે અને સ્પષ્ટ પ્રગટ કરે છે કે એકેએક દાન ઉત્તમ છે. હાથ ઉપર પગ કે પગ ઉપર નાક વડાઈ કરી શકે જ નહિ. દરેક પોતપોતાને સ્થાને ઉપયોગી અને અગત્યનું છે. પાઉલે દાનોની ટીપમાં ભાષાને છેલ્લી મૂકી છે, તો તેથી શું તેને છેલ્લી પંક્તિનું ગણવું? ના. એમ પણ નથી. આંગળીનાં ટેરવાં ને તે પરના નખ શરીરમાં નજીવાં નથી.

વળી, આ અધ્યાયોમાં ગણાવ્યાં એટલાં જ આત્માનાં કૃપાદાનો છે એમ પણ નથી. કોઈને સહનતા, કોઈને ધીરજ, કોઈને કુંવારાપણું, કોઈને છોકરાં, કોઈને કળાકૌશલ્ય, કોઈને વકતૃત્વ, કોઈને દ્રવ્ય, કોઈને દયા, વગેરે ગણાવતાં પાર ન આવે. પોતાને પ્રાપ્ત થએલી પ્રભુની કૃપાનો સર્વ સદુપયોગ કરે, મંડળીની સેવા કરે અને મંડળીમાં તડ નહિ, પણ ઐક્ય ઉપજાવે અને ભ્રાતૃભાવની ખીલવટ કરે.

## ૬. આત્મિક દાનો ચાહો (૧ કો. ૧૨:૩૧, ૧૪:૧).

દેવના કુટુંબમાં દાખલ થયા પછી દેવના કામની જવાબદારી ઉઠાવવાનો ભાવ સ્વાભાવિક રીતે ઉત્પન્ન થાય છે. બાપની વાડીમાં કામ કરવા માટે બાપના વિચાર જાણવા અને બાપનાં સાધનો વાપરવાં એ સ્વાભાવિક વાત છે. માનવપણામાં પ્રભુ ઈસુ પવિત્ર આત્માથી દોરાયો, બાપની પાસેથી જે સાંભળ્યું તે જ કહ્યું અને કર્યું.

એ જ વાત પ્રભુ ઈસુએ શિષ્યોને અને લોકને કહી કે મારી પાસે શીખો ને મારી ઝૂંસરી લો.

આત્મિક દાનોમાં વિશ્વાસ, આશા અને પ્રીતિ એ તારણવિષયક દાનો છે. એ અન્ય દાનોનો પાયો છે. સર્વ રોગોનું મારણ અને દેવના સ્વભાવનું મૂળ પ્રીતિ છે. જેને આ દાનો નથી તેને કશું જ નથી. ખ્રિસ્તી જીવનમાં પહેલી અને છેલ્લી પંક્તિના દાનો એ છે. એ વિના ખ્રિસ્તીપણું સંભવે જ નહિ. એ માટે આ દાનો તો સર્વ ખ્રિસ્તીઓનાં સામાન્ય દાનો છે. પરંતુ એ ઉપરાંત બીજાં આત્મિક દાનો અનેક છે. તેની વિગત ૧ કો. ૧૨, ૧૩ ને ૧૪મા અધ્યાયોમાં મળે છે. એ દેવની સેવાને જ અર્થે આપવામાં આવે છે. વળી જુઓ રૂમી અ. ૧૨મો પણ.

**૭. પવિત્ર આત્માનું બાપ્તિસ્મા કે ભરપૂરપણું** (મા. ૩:૧૧, પ્રે. ૧:૫,૮, ૨:૪).

ધ્યાનમાં લો, કે પવિત્ર આત્મા પામવો, પવિત્ર આત્માનાં દાનો પામવાં અને પવિત્ર આત્માની ભરપૂરી પામવી એ ત્રણે વાતો એકની એક જ નથી. ખ્રિસ્તને ત્રાતા તરીકે સ્વીકારનારને પવિત્ર આત્મા દાનરૂપે મળે છે (પ્રે. ૨:૩૮). પ્રભુની સેવાને અર્થે એવાને પવિત્ર આત્મા સેવા સાધનદાનો આપે છે (૧ કો. ૧૨) અને કોઈક ખાસ પ્રકારની સેવાને અર્થે એવા સેવકોને પવિત્ર આત્માની ભરપૂરી પણ આપવામાં આવે છે (પ્રે. ૪:૩૧, ૧૩:૯-૧૧) શિષ્યો-સંતો વારેવારે પવિત્ર આત્માથી ભરપૂર થતા.

પવિત્ર આત્માની આ ભરપૂરીની વાત પાણીથી ઘડો ભરાય કે દવા યા હવાથી બાટલી ભરાય, તેવી નથી. એ કોઈ ચીજ નથી કે આપણામાં આવીને ખાલી જગામાં ભરાઈ જાય. એમાં તો દેવને અર્પિત વ્યક્તિના આખા વ્યક્તિત્વનો કબજો લઈને પવિત્ર આત્મા તેની પાસે ઇચ્છેલી સેવા કરાવે છે. એવી સેવા કે એવી ભરપૂરી ગમે તેટલીવાર થઈ શકે.

વળી આથી એવું પણ સમજવાનું નથી, કે કોઈ વ્યક્તિમાં કાયમ ભરપૂરી ન હોઈ શકે, પ્રભુ ઈસુએ કહ્યું કે તેઓને જીવન મળે અને તે પુષ્કળ મળે માટે હું આવ્યો છું. એ કંઈ સંજોગપૂર્ણ જીવન નથી. પાઉલ જે પવિત્ર આત્માથી ભરપૂર હતો, તેણે પણ સાફ કહ્યું, કે પવિત્ર આત્માથી ભરપૂર થાઓ. આ ભરપૂરીમાં તો આત્મિક સામર્થ્યનો છલકાવ સમાએલો છે. હું જીવું છું, પરંતુ હું નહિ, પણ મારામાં ખ્રિસ્ત જીવે છે અને હું તો વધસ્તંભે જડાઈ ગયો છું, એવી પાઉલની સાક્ષી એ ભરપૂર જીવનનું ઉદાહરણ છે (પ્રે. ૧૧:૨૪, ગલા. ૨:૨૦).

શામશૂન પર દેવનો આત્મા પરાક્રમ સહિત આવ્યો અને તેણે બકરીના લવારાની પેઠે સિંહને ચીરી નાખ્યો, આ તો સંજોગ: ભરપૂરી હતી. ખ્રિસ્તી જીવનની ભરપૂરી એવી નથી. તેને તો પવિત્ર આત્માની કાયમ સંગત અને દોરવણી છે. તેમ છતાં સામર્થ્ય છલકાવના સંજોગો પણ જરૂર પ્રમાણે પવિત્ર આત્મા ઊભા કરે છે.

પવિત્ર આત્માના બાપ્તિસ્મા વિષે બે વિચારો થઈ રહ્યા છે. કેટલાક તો ઉપર દર્શાવ્યા પ્રમાણેની સંજોગી ભરપૂરીને જ પવિત્ર આત્માનું બાપ્તિસ્મા માને છે અને કેટલાક માને છે કે ખ્રિસ્તી મંડળીને દેવે પવિત્ર આત્માનું એક બાપ્તિસ્મા પચાસી પર્વને દહાડે આપ્યું. એ બાપ્તિસ્મા આખી ભાવિ મંડળીનું બાપ્તિસ્મા છે. પવિત્ર આત્માને ઉતારવામાં આવ્યો, એ તો રહેવા જ અપાયો, માટે હવે પછી થનાર ખ્રિસ્તીઓને તો તેને કેવળ સ્વીકારવાનો તથા તેની દોરવણી પ્રમાણે સામર્થ્યથી ભરપૂર જ થવાનું રહ્યું. આ બીજી વાત ઠીક લાગે છે, તેમ છતાં પહેલા વિચારમાં કંઈ હાનિ નથી. ઉપલી વાતનો સારાંશ એ નીકળે છે કે

(૧) પવિત્ર આત્માથી ભરપૂર થવાની શાસ્ત્રાજ્ઞા છે.
(૨) એ ભરપૂરી કાયમની કે સંજોગી પણ હોઈ શકે છે.
(૩) ખાસ સેવાને સારુ આવી ભરપૂરી મળે છે.
(૪) આ ભરપૂરી સૌને મળે એવી દેવની ઇચ્છા છે.
(૫) એવી ભરપૂરી વિના મહાન સેવાકાર્યો થતાં નથી.
(૬) એવી ભરપૂરી વિના સુવાર્તાપ્રચારમાં સફળતા નથી.
(૭) એની ભરપૂરી વિના જીવન અબળ ને નિષ્ફળ રહે છે.

આપણે સારી પેઠે જાણીએ છીએ, કે જીવનશક્તિ વગરનાં માણસો બીજાંને બોજારૂપ હોય છે. નામનાં, હૂંફાળાં, રોગી કે અબળ જીવનમાં ઈશ્વર રાજી નથી. પ્રભુ ઈસુને નામે માણસને જેમતેમ કરીને સ્વર્ગે લેવાં એ ઈશ્વરનો ઈરાદો નથી, પણ તેઓ શેતાનને શરમાવે એવી આત્મિક શક્તિ પામીને દેવનો મહિમા આપતાં જીવન ગાળે એવું ઈશ્વર ચાહે છે. એટલા જ માટે તેણે વિશ્વાસીઓમાં પવિત્ર આત્માનો વાસો કરાવ્યો છે.

સૂચના : યાદ રાખીએ કે સીમોન જાદુગરની પેઠે લોકને આંજી નાખી મહાન મનાવાની ઇચ્છાએ પવિત્ર આત્મા પામવા ચાહે, તે શ્રાપિત થવાના જોખમમાં રહે છે. એવાઓને એ દાન મળતું નથી.

પ્રકરણ ૧૬

# વિશ્વાસ કરનારાઓ સાથે પવિત્ર આત્માનો સંબંધ

સૌથી પ્રથમ તો યાદ રાખીએ, કે પવિત્ર આત્માને અત્યારે આકાશથી ઉતારવાનો નથી. એ તો બે હજાર વર્ષ પર ઉતર્યો છે. આપણે તો હવે તેને સ્વીકારવાનો તથા તેનાથી ભરપૂર થવાનું જ બાકી રહે છે. તે આપણા ઉદ્ધારમાં જ તલ્લીન રહે છે, અને આપણું હિત એ જ એનું ધ્યેય છે.

**૧. દરેક વિશ્વાસ કરનારને પવિત્ર આત્માનું દાન મળે છે** (૧ કો.૧૨:૩).

પવિત્ર આત્મા પામ્યા વિના કોઈ ખ્રિસ્તી એવી માન્યતા ધરાવી શક્તો નથી, કે ઈસુ ખ્રિસ્ત મારો તારનાર અને પ્રભુ છે. પાઉલ ખ્રિસ્તીઓને પવિત્ર આત્મા પામવાનું નહિ પણ તેથી ભરપૂર થવાનું કહે છે (એફે. ૫:૧૮).

**૨. તેનામાં પવિત્ર આત્માનો કાયમનો વાસો થાય છે** (યો. ૧૪:૧૭, ૧ કો. ૩:૧૬, રૂમી. ૮:૯).

પ્રભુ ઈસુએ સ્પષ્ટ કહ્યું છે, કે તે તમારી સાથે સદા રહેવાને તમારામાં વસવા આવશે. કોઈ તમને પૂછે કે શું તમે પવિત્ર આત્મા પામ્યા છો? તો છાતી ઠોકીને કહો કે એ તો લેવડદેવડનો વ્યવહાર જેવી વાત છે. જે ખ્રિસ્તને તારનાર તરીકે સ્વીકારે છે, તેનામાં પવિત્ર આત્મા વાસો કરે છે. એ તો ખ્રિસ્તના કામની પ્રાથમિક રચના છે. શું તમે નથી જાણતાં કે તમારામાં જે પવિત્ર આત્મા છે તે તમને દેવ પાસેથી મળ્યો છે? (૧ કો. ૬:૨, હઝ. ૩૬:૨૬).

**૩. વિશ્વાસ કરનારને પવિત્ર આત્મા તજી દેતો નથી** (૧ યોહા. ૨:૨૭, ૪:૧૭).

એ તો વિશ્વાસીને પરિપૂર્ણ કરવા આવ્યો છે. માણસ તેની પ્રેરણાને ન ગણકારે અને તેની અવગણના ન કરે, તો તે દુ:ખી થાય છે ખરો, પણ તે તેને તજી દેતો નથી. આત્મા તજી દે તો શરીરમાંથી જીવ ગયા બરાબર થાય (ગલા. ૫:૨૫). ઉડાઉ દીકરાએ બાપનું ન માન્યું તેથી બાપ દુ:ખી થયો તો ખરો, પણ તેણે દીકરાને

તજ્યો નહિ, દીકરાએ બાપને તજ્યો. પવિત્ર આત્માની વાત પણ એવી જ છે. તેને ન હોલવો કે ખેદિત ન કરો (એફે. ૪:૩૦). ધ્યાનમાં લો કે ઈશ્વર આપણને પવિત્ર કરવા અને રાખવા માગે છે, અને ધીરજથી આપણું ખમે છે, એટલે પવિત્ર આત્માને આપણામાં વસાવે જ છૂટકો.

**પ્રશ્ન ૧. દાઉદે કેમ કહ્યું, કે તારો પવિત્ર આત્મા મારી પાસેથી લઈ ન લે?** (ગી. ૫૧:૧૧).

**ઉત્તર.** જૂના કરારના સંતોમાં પવિત્ર આત્માનો વાસો ન હતો. અમુક સેવા પૂરતું જ તેમને તેનું સામર્થ્ય મળતું, પછી આત્માની સંગત અલોપ થતી. પાપને લીધે તેમને શિક્ષા થતી ને મનની શાંતિ જતી રહેતી, ત્યારે તેઓ સમજતા કે દેવનો આત્મા અમારી પાસેથી જતો રહ્યો છે. ખરી વાત તો એ છે કે તેમનામાં તેનો વાસો જ નહોતો.

**પ્રશ્ન ૨. 'અમને પવિત્ર આત્મા આપ,' એવી પ્રાર્થના ખ્રિસ્તીઓએ કરવી કે કેમ?**

**ઉત્તર.** જેઓએ ખ્રિસ્તને તારનાર તરીકે સ્વીકાર્યો નથી કે જેઓનો નવો જન્મ થયો નથી, તેઓ પ્રભુ ઈસુને સ્વીકારે, એટલે પવિત્ર આત્મા આપોઆપ તેઓમાં આવી વસશે. જેઓએ વિશ્વાસ કર્યો છે, તેઓમાં તો તેનો વાસો છે જ. તેઓ તેના સામર્થ્યની ભરપૂરી માગી શકે.

**પ્રશ્ન ૩. તમે પવિત્ર આત્મા માગો, એવું પ્રભુ ઈસુએ કેમ કહેલું?** (લુ. ૧૧:૧૩).

**ઉત્તર.** જ્યારે આ કહેલું ત્યારે પવિત્ર આત્મા અપાએલો નહોતો (યો. ૭:૩૯), કેમ કે તેને ઊતરવા સારુ હજી ભૂમિ તૈયાર થઈ ન હતી (ખ્રિસ્તનું બલિદાન થયું ન હતું).

**પ્રશ્ન ૪. ખ્રિસ્તી ગણાતાં સર્વમાં પવિત્ર આત્માનો વાસો હશે શું?**

**ઉત્તર.** ખ્રિસ્તી માબાપને પેટે જન્મ્યાને લીધે વસતિ ગણતરીમાં જેઓ ખ્રિસ્તી ગણાય છે અને પ્રભુ ઈસુને પોતાના તારનાર તરીકે સ્વીકાર્યો નથી, તેઓમાં તેનો વાસો નથી (પ્રે. ૨:૩૮, મા. ૭:૨૩, યો. ૩:૫).

**પ્રશ્ન ૫. માણસમાં પવિત્ર આત્માનો વાસો છતાં તે પાપ કેમ કરે છે?**

**ઉત્તર.** પવિત્ર આત્માની સહાય ન સ્વીકાર્યાથી (એફે. ૪:૩૦, ૧ થે. ૫:૧૮, યાકૂબ. ૧:૧૪).

**૪. માણસની અબળતાને લીધે સહાયને સારુ પવિત્ર આત્મા અપાયો છે** (રૂમી. ૮:૨૬).

સારી ભાવનાઓને અમલમાં મૂકવાનું મન છતાં પાપ કરવાને ટેવાએલું મન પાપી વલણમાં જ ઢળી જાય છે, એથી વિશ્વાસીની ઇચ્છાને અમલમાં મૂકવાની પવિત્ર આત્મા સહાય કરે છે (યોહા. ૧૭:૧૫). અસ્થિર પીતરને કેવો બળવાન કર્યો?

**૫. આપણી અજ્ઞાનતાને કારણે પવિત્ર આત્મા અપાયો છે** (રૂમી. ૮:૨૭, ૧૨:૨).

પ્રાણિક માણસ આત્મિક વાતો સમજી શક્તું નથી (૧ કો. ૨:૧૩-૧૬). દેવના આત્મા વગર દેવના ઈરાદા સમજાતા નથી (યો. ૧૬:૧૨, ૧૪:૨૬). પાઉલનો કેવો માર્ગ બદલ્યો!

**૬. પવિત્ર આત્મા વિશ્વાસનો રક્ષક છે** (એફે. ૪:૩૦, ૧:૧૩).

ખ્રિસ્તનું પ્રાયશ્ચિત જ જગતના ઉદ્ધારની આશા છે, એ વાત દેવે, દૂતોએ અને સંતોએ હઠેઠથી પ્રગટ કરી હતી. પવિત્ર આત્માએ એ જ વાતના ટેકામાં દાનો આપી ખ્રિસ્તીઓને બળવાન કરી તે પર મહોર કરી (ગલા. ૩:૨,૩, ૧ કો. ૧૨). વિશ્વાસના આ પાયાને જડમૂળથી ઊખેડી નાખવાને અવિશ્વાસીઓએ ભારે શ્રમ કર્યા, પણ પવિત્ર આત્માએ તેમને હરાવી, હંફાવીને વિશ્વાસનો પાયો મજબૂત કર્યો. ખ્રિસ્ત પોતે પણ આપણા વિશ્વાસનું રક્ષણ કરે છે (હેબ્રી. ૧૨:૨). વિશ્વાસનો ત્યાગ કરનારા વિષે યોહાન લખે છે, કે તેઓ આપણામાંના ન હતા માટે નીકળી ગયા (૧ યો. ૨:૧૯).

**૭. વિશ્વાસીઓની મારફતે પવિત્ર આત્મા ખ્રિસ્તની ઇચ્છા પૂરી કરે છે.**

(૧) વ્યર્થ ધર્માચાર અટકાવે છે (પ્રે. ૧૫:૨૫). ખ્રિસ્તી મંડળીને યહૂદી ધર્મની ઝૂંસરી તળે જતી અટકાવી, પવિત્ર આત્મા વ્યર્થ બોજ દૂર કરે છે.

(૨) ખ્રિસ્તના કામને સારુ તેડું આપે છે ને જુદા કરે છે (પ્રે. ૧૩:૨). પાઉલ તથા બાર્નાબાસને પ્રચારાર્થે બહાર જવા માટે જુદા કરવાનું મંડળીને ફરમાવ્યું.

(૩) અમુક ઠેકાણે જતા અટકાવે છે(પ્રે. ૧૬:૭). પાઉલ તથા સીલાસ બિથુનીઆમાં જવા ચાહતા હતા, પણ ઈસુના આત્માએ તેમને જવા ન દીધા.

(૪) કામનું ક્ષેત્ર દેખાડે છે (પ્રે. ૧૬:૧૦). મકદોનિયા જવાનું દર્શન દીધું.

(૫) સાર્થક કામનું દ્વાર ખોલે છે (૧ કો. ૧૬:૯, પ્રે. ૧૬:૧૪). લખેલું છે કે દેવે તેઓનું હૃદય ખોલ્યું ને તેઓએ સુવાર્તાનો મર્મ સમજી વિશ્વાસ કર્યો (યોહા. ૧૬:૮, ૧૩)

(૬) જ્ઞાતિબંધન અને વહેમ તજાવે છે (પ્રે.કૃ. ૧૦:૯-૧૬, ૪૪-૪૮).

જો પ્રભુ ઈસુએ કરનેલ્યસને પવિત્ર આત્માની ભરપૂરી આપીને ખ્રિસ્તી મંડળીમાં દાખલ કર્યો ન હોત, તો યહૂદીઓ તેને યહૂદી થયા વગર ખ્રિસ્તમાં સ્વીકારત નહિ. આ સેવા એક ચુસ્ત યહૂદીને સોંપીને પ્રભુએ કોમીભેદ ને વ્યર્થાચારથી મંડળી બચાવી લીધી છે.

(૭) વિશ્વાસીઓને ઉત્તમપદે સ્થાપ્યા છે (૧ યોહા. ૩:૧, ૨ કો. ૫:૨૦, લુ. ૬:૧૩). એટલે કે પ્રેરિતો, પુત્રો, કારભારીઓ, એલચીઓ, સાથીકામદાર અને વારસ (૧ કો. ૪:૯, રૂમી. ૮:૧૭).

(૮) પવિત્ર આત્માથી આપણાં હૃદયોમાં દેવનો પ્રેમ વહેવડાવેલો છે (રૂ. ૫:૫).

દેવના પ્રેમની નદી દેવના હૃદયમાંથી નીકળીને આપણાં મલીન હૃદયો સુધી વહી આવી છે. એ નિર્મળ પ્રેમજળે આપણાં મલીન મન ધોઈને ત્યાંથી પણ ઝરણ શરૂ કર્યું છે, જે વહેતાં અને વધતાં નદીરૂપમાં ફેરવાઈ અન્યને આશીર્વાદરૂપ થાય છે (યો. ૭:૩૮, ૩૯, હઝ. ૪૭:૧-૫). જુઓ પ્રથમ મંડળીનો ઈતિહાસ.

(૧) દેવે આપણને બીકનો નહિ, પણ સામર્થ્યનો તથા પ્રેમનો ને બુદ્ધિનો આત્મા આપ્યો છે (૨ તી. ૧:૭). એથી જ આપણે નિર્ભય, સમર્થ ને પ્રેમી છીએ.

(૨) પવિત્ર આત્માથી આપણે ખ્રિસ્તના આત્માનું ફળ ઉપજાવીએ છીએ (ગલા. ૫:૧૩-૨૨). જે ડાળીને ફળ નથી આવતું તે કાપી નંખાશે (યો. ૧૫:૨,૮,૧૬). તમે બહુ ફળ આપો ને તે કાયમ રહે, એવું દેવ ચાહે છે.

(૩) પવિત્ર આત્મા આપણને સામર્થ્યથી સામર્થ્ય સુધી વધારતો જાય છે (૨ કો. ૩:૧૮, એફે. ૩:૧૬). મહિમાથી મહિમા સુધી રૂપાંતર પામતાં માંહેના માણસપણામાં બળવાન થઈએ છીએ.

(૪) તે વિશ્વાસીઓના મનની આંખો પ્રકાશિત કરે છે (એફે. ૧:૧૭-૨૦) એ માટે કે તેડાની આશા, મળનાર મહિમાની સંપત્તિ અને પવિત્ર આત્માના સામર્થ્યનો પ્રભાવ નિહાળીને વિશ્વાસ કરનારાઓ ખ્રિસ્તમાં ઉત્તેજિત જીવન ગાળી શકે.

સૂચના : ખ્રિસ્તનું શિક્ષણ કેટલીકવાર આપણાથી ન પણ સમજાય એ બનવા જોગ છે, પણ તેથી કંઈ વિશ્વાસને આંચ આવે તેમ નથી. અગત્યનું હોય ,એ તો પવિત્ર આત્મા આપણને સમજાવ્યા વિના રહેતો જ નથી. બાકીનાને માટે "એ જાણવાનું તમારું કામ નથી" એ પ્રભુ ઈસુના શબ્દો ધ્યાનમાં રાખવા.

## પ્રકરણ ૧૭

# પવિત્ર આત્માથી નવો જન્મ

હું તમને નવું હૃદય આપીશ અને તમારામાં નવો આત્મા મૂકીશ (હઝ. ૩૬:૨૫).

ખ્રિસ્તી મંડળીમાં પવિત્ર આત્માથી પમાતા નવા જન્મ વિષે આપણે ઘણી વાતો કરીએ છીએ, અને ઘણી વાતો સાંભળીએ છીએ. ધર્મસંજીવન સભાઓમાં મોટે ભાગે આવી વાતો બહુ થાય છે. નવો જન્મ પમાડવા સારુ ઉપદેશકો બહુ જ આસ્થાથી ઉપદેશ કરે છે, લોકને આગ્રહ કરે છે, ને અર્પણ થવા પુલ્પિટ આગળ બોલાવે છે. વાતાવરણ ગરમ થાય છે, ને નવો જન્મ પામ્યા એમ કહે છે કે માને છે.

થોડા દિવસો સુધી રોજ શાસ્ત્ર વાંચે છે, પ્રાર્થના કરે છે, શાસ્ત્ર લઈને દેવળમાં જાય છે, વિશ્વાસથી વાતો કરે છે, ડહાપણથી ચાલે છે, નમ્રતાથી વર્તે છે, સુવાર્તા પ્રગટ કરે છે, અને સુંદર જીવન ગુજારે છે. જ્યાં ત્યાં હાલેલુયાહના પોકારો સંભળાય છે. બધાં આ બદલાણથી ખૂબ ખુશ થાય છે. આ ભરતી થોડા દહાડા પછી ઓટનું રૂપ પકડે છે. ઉપલી બધી પ્રવૃત્તિઓ ધીમે ધીમે અદૃશ્ય થવા માંડે છે અને માણસ હતો ત્યાં પાછો આવીને ઊભો રહે છે. પીતર કહે છે તેમ કૂતરૂં પોતાની ઓક તરફ પાછું જાય છે (૨જો પી. ૨:૨૨). એવાં કોઈ કોઈએ તો ખ્રિસ્તી ધર્મનો ત્યાગ સુદ્ધાં કર્યાના દાખલા આપણી જાણમાં છે.

હવે પ્રશ્ન એ થાય છે કે પવિત્ર આત્માએ ફરી જન્માવેલું માણસ આ અધોગતિએ પહોંચે ખરું? એનો સંપૂર્ણ ઉત્તર તો ઈશ્વર જાણે, છતાં કેટલાક ઉત્તર તો આવા છે : દેવથી જન્મેલો પાપ કરતો નથી (૧ યોહા. ૩:૯). તેઓ નીકળી ગયા કેમ કે તેઓ આપણામાંના ન હતા. અમે તેને ઓળખતા પણ ન હતા (૧ યોહા. ૨:૧૯). આત્મા તો વિશ્વાસથી ઈચ્છા કરે છે. તે તમને આળસુ કે નિષ્ફળ થવા દેશે નહિ (૨ પી. ૧:૮). તેઓ નિષ્ફળ થયા, કેમ કે વચન હર્ષથી માની લીધું ખરૂં, પણ પોતામાં જડ ન હોવાથી તેઓએ ઠોકર ખાધી (મા. ૧૩:૨૧). તેઓ નિષ્ફળ થયા, કારણ કે સત્યની જાણ થતાં જ્ઞાન, લાગણી અને ઈચ્છાના ઊભરાથી વાત સ્વીકારી ખરી, પણ ઊભરો લાવનાર ઉત્તેજક ખસી જવાથી અને દૈહિક વાસનાઓ હાજર હોવાથી જ્યાં હતો ત્યાં પાછો જઈ રહે છે. લાગણીપ્રધાન

લોકની આવી દશા થાય છે. વળી કેટલાક તો ઉપરી અધિકારીને ખુશ કરવા ખાતર સભાએ સભાએ અર્પણ થાય છે, પણ હેતુ આત્મિક ન હોવાથી જીવનનું બદલાણ પામતા નથી. આવી વાતો ઘણી બતાવી શકાય, પણ એ સર્વથી એવું સમજાય છે, કે આ તાત્કાળિક અસર એ તો જન્મ પામવા પહેલાંની પ્રાથમિક દશા છે. માણસ એટલેથી જ અટકી પડે એવી શેતાનની ઈચ્છા હોવાથી તે તેમને વધુ પ્રકાશ મેળવતા અટકાવે છે. આવા માણસની દરેક પળ શેતાન કાળજીપૂર્વક નીરખે છે અને તેની ધાર્મિક લાગણીને સંતોષી તેને કોઈપણ પ્રકારે ગળી જવાની જ પેરવીમાં રહે છે (૧લો પીત. ૫:૮).

નવો જન્મ તો જૂના માર્ગનું હેતુપૂર્વક થયેલું બદલાણ છે. પવિત્ર આત્મા અગાઉની પાપી વાસનાઓ પ્રત્યે તિરસ્કાર ઉપજાવે છે અને પવિત્રાઈ પ્રત્યે પ્રેમ પ્રગટાવે છે. તે તેને સત્યતા પર સ્થિર કરે છે અને જગત તથા પાપ પર જય પમાડતો, ન્યાયીપણું કરાવતો અને ભાઈઓ પર પ્રીતિ રખાવતો આગળ અને આગળ વધારતો જ જાય છે. તે તેના જૂના સ્વભાવ પર નવા તાત્કાલિક ઊભરાનું આચ્છાદન કરતો નથી, પણ એની પસંદગીનો સ્વભાવ જ બીજે નવે રસ્તે વાળે છે, યા નવો કરે છે.

આ કહેવાની મતબલ એવી પણ નથી, કે આવા માણસનું મન એકદમ બદલાઈને નવું જ થઈ જાય છે, કે તેનાં જૂનાં પાપિષ્ઠ વલણો નાશ પામે છે, જૂનો ભૂંડો સ્વભાવ, તેનો અનુભવ, તેનાં વલણ, તેનાં સ્મરણ અને તેની સંસ્કૃતિ વગેરેમાંથી કશું લોપ થતું નથી, પરંતુ જીવનનું ધ્યેય બદલ્યું હોવાથી પવિત્ર આત્માની સહાયને કારણે એ જૂની પાપિષ્ઠ ભાવનાઓનું જોર ચાલતું નથી. દેવ ખ્રિસ્તમાં આપણને (પરાજિત કરીને) જયમાં દોરી જાય છે (૨ કોરીં. ૨:૧૪).

જેઓ પૂરા રૂડા હૃદયથી સમજપૂર્વક પ્રભુ ઈસુને તારનાર તરીકે સ્વીકારે છે તેઓ બાપ્તિસ્મા દ્વારા જગત સંબંધી મૃત્યુ પામીને વિશ્વાસ દ્વારા ખ્રિસ્તમાં જોડાય છે; તેમને જેમ કુટુંબમાં બાળક જન્મે છે, તેમ જગતમાંથી દેવની મંડળીમાં પવિત્ર આત્મા દાખલ કરે છે યા જન્માવે છે. અને જેમ બાળક વૃદ્ધિ પામતું જાય છે, તેમ વિશ્વાસી માણસ પવિત્ર આત્માને યોગે આત્મિકપણામાં વૃદ્ધિ પામતું ને ખીલતું જાય છે (૧લો પીત. ૨:૧-૩). પાઉલ કહે છે કે જે પાછળ થયું તેને વીસરીને હું ધ્યેય તરફ પૂરા વેગથી ... ખ્રિસ્તમાં આગળ વધું છું (ફિલિ. ૩:૧૨-૧૫). માણસના જીવંત વ્યક્તિત્વની આ જ નિશાની અને આ જ રીત છે.

માનવંત જગાઓ, ઊંચા હોદ્દાઓ અને આબાદી ભોગવવાથી કે સુધારેલા ગણાવાથી ખ્રિસ્તીપણાની કિંમત અંકાતી નથી, કે એ નવો જન્મ નથી. દેવનું રાજ્ય ખાવાપીવામાં કે ઓઢવા પહેરવાના સુધારામાં નથી, પણ પવિત્ર આત્માથી ચાલતા

ન્યાયીપણામાં છે. દેવદત્ત પ્રતિમાસ્વરૂપ જે માણસે ખોઈ નાખ્યું હતું, તે તેનામાં પાછું ઉત્પન્ન થાય એ નવા જન્મનું ધ્યેય છે. એના અભાવે જેમ આદમ હવા એદન વાડી બહાર રહ્યાં, તેમ જ માનવજાત ગમે તેવી દુન્યવી લાયકાત ધરાવનાર હશે, છતાંયે સ્વર્ગ બહાર - ઈશ્વરવિમુખી રહેશે. એટલા જ માટે એક શ્રીમંત, નીતિમાન, હોદ્દેદાર અને ધર્મધુરંધર ઉપદેશકને પ્રભુ ઈસુ સાફ શબ્દોમાં સંભળાવે છે, કે નવો જન્મ પામ્યા વિના માણસ દેવનું રાજ્ય જોઈ પણ શક્તું નથી.

**૧. શા માટે નવા જન્મની જરૂર છે?**

**(૧) આકાશી રાજ્યમાં પ્રવેશ પામવા.**

**(૨) દેવનાં પસંદિત છોકરાં થવા.**

**(૩) જયવાન જીવનથી જગતને જીતવા.**

**(૪) પવિત્રાઈએ ચાલવાની શક્તિ મેળવવા.**

**(૫) પાપ અને શેતાનની સત્તાથી છુટવા સારુ નવા જન્મની જરૂર છે.**

નવા જન્મની અગત્ય સમજવા સારુ નીકોદેમસ સાથેની પ્રભુ ઈસુની વાતચીત યોહા. ૩માંથી વાંચી જોવી એ જ ઉત્તમ ખુલાસો છે. એ વગર ઉદ્ધાર જ નથી.

**૨. નવો જન્મ એટલે શું?**

**(૧) પાપ બાબતે મરી જવું** (રૂમી. ૬:૧-૧૧)

**(૨) દેવથી જન્મ પામવો** (યોહા. ૧:૧૩)

**(૩) નવી ઉત્પત્તિ થવી** (૨ કોરીંથી. ૫:૧૭)

તારનાર તરીકે પ્રભુ ઈસુને સ્વીકાર્યાને લીધે આપણાં પાપો અને જૂનું માણસપણું ઢાંકવામાં આવ્યું નથી, પણ બાપ્તિસ્મા દ્વારા દાટવામાં આવ્યું છે (રૂમી. ૬:૪). એટલે પાપમાં અને પાપને અર્થે જે શરીરમાં જીવતા હતા, તે માનવપણાને તેની કરણીઓ સુદ્ધાં ઉતાર્યું અને દફનાવ્યું. પછી નવું જીવન જીવવાને ખ્રિસ્તની સાથે ઉત્થાન પામ્યા. આ સંજોગમાં દેવના પવિત્ર આત્માએ આપણો કબજો લીધો. આપણામાં વસ્યો એટલે આપણને જન્માવ્યા (રૂમી. ૪:૫,૬). હવે મુદ્દો એ છે કે જગતમાંથી મરી ગએલું માણસ જગતમાંની કશી પણ પ્રવૃત્તિમાં ભાગ લઈ શક્તું નથી, તેમજ ખ્રિસ્ત પરના વિશ્વાસથી બાપ્તિસ્મા દ્વારા જેનું જૂનું માણસપણું દટાયું છે, તે ફરી જૂના માણસપણાની પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શક્તું નથી. એનો સંબંધ તો પવિત્ર આત્મા સાથે જોડાયો. એટલે જગતમાં જન્મેલું બાળક જેમ જગતની પ્રવૃત્તિઓનું ભાગીદાર

થાય છે, તેમ દેવના રાજ્યમાં જન્મેલું બાળક દૈવી પ્રવૃત્તિઓનું ભાગીદાર થાય છે.

નવો જન્મ આપવા સારુ દેવ (મુડદાને) જૂના લુગડાને નવાં થીગડાં મારતો નથી. તે કેવળ નવું કરે છે. નવી ઉત્પત્તિ તો નવા બીજથી જ કરાય છે (૧લો પી. ૧:૨૩). કહેવાય છે કે મોસ્કોના દેવળનો મોટો ઘંટ એક વેળા ફાટી ગયો. આથી એનો મધુર રણકો જતો રહ્યો ને તેમાંથી ખોખરો બેસુરો અવાજ નીકળવા લાગ્યો. કારીગરોએ એ ફાટ અનેક રીતે અનેક વખતે પૂરી જોઈ, પણ અસલનો મધૂર અવાજ એમાંથી નીકળ્યો જ નહિ. છેવટે એ ઘંટને ગાળી કાઢીને નવે નામે ઢાળવામાં આવ્યો, તો અસલનો જ મધુર રણકો પાછો આવ્યો. એ જ સ્થિતિ આપણામાં પવિત્ર આત્માએ પણ ઊભી કરી છે.

### ૩. નવો જન્મ શું નથી?

નીકોદેમસની સાથેની વાતચીત પરથી તથા શાસ્ત્રમાંનાં બીજાં ઉદાહરણો પરથી આપણને એવું શિક્ષણ મળે છે, કે દેવના રાજ્યમાં કેવળ બાહ્ય સંબંધ જાળવવો એ નવો જન્મ નથી. જેમ કે

(૧) **દેવના રાજ્યમાં કામદાર હોવામાં નવો જન્મ નથી.** ઘણા કામદારોને પ્રભુ કહેશે, કે હું તમને ઓળખતો નથી. ઓ ભૂંડું કરનારાઓ, તમે અહીંથી નીકળો (મા. ૭:૨૧-૨૩).

(૨) **મંડળીમાં અધિકારી હોવામાં નથી.** નીકોદેસમ તો યહૂદીઓનો અધિકારી અને ઉપદેશક હતો. કેટલાક ધર્માધિકારીઓએ જ પ્રભુ ઈસુને વધસ્તંભે જડાવેલો (યોહા. ૩:૧, પ્રે. ૩:૧૭).

(૩) **ઉપવાસ, પ્રાર્થના કે દાન કરવામાં અને સંસ્કારો પાળવામાં નથી** (માત્થી ૨૩મો અધ્યાય જુઓ). આ બધું કરનારાને કેવાં અફસોસ વચનો કહેવામાં આવ્યાં છે.

(૪) **કેવળ પાણીનું બાપ્તિસ્મા લેવાથી નથી.** સીમોન જાદુગરે લીધેલું પણ તે નાપસંદ ઠર્યો (પ્રે. કૃ. ૮:૧૩-૨૪). દૈહિક સ્વાર્થ સાધવા સારુ કે વગર વિશ્વાસે લીધેલું બાપ્તિસ્મા વ્યર્થ ધર્માચાર છે.

(૫) **અમુક મંડળીના સભાસદ હોવું કે અમુક માન્યતા ધરાવવી એમાં નવો જન્મ નથી.** ખ્રિસ્ત વિભાગેલો નથી અને તેની પાસે પક્ષપાત નથી (પ્રે. કૃ. ૧૦:૩૫).

(૬) **કેળવણી અને વિજ્ઞાનની પરાકાષ્ઠામાં નવો જન્મ નથી** (૧ કોરિંથી. ૧:૧૮-૨૩). વિદ્યાવિજ્ઞાનમાં આ પેઢી ખૂબ ખીલી છે, પણ ઈશ્વરની બીક રાખવી પડતી મૂકાઈ છે (ની. વ. ૮:૧૩, ૯:૧૦). ઈશ્વરનું ભય રાખવું એ વિદ્યાનું

મૂળ છે, પવિત્ર ઈશ્વરને જાણવો એ બુદ્ધિ છે ને દુષ્ટતાને ધિક્કારવી એ જ ઈશ્વરનું ભય છે.

(૭) **ઉન્નતિ અને સુધારા એ નવો જન્મ નથી.** નાસ્તિક માણસો પણ સુધારાના હિમાયતીઓ હોય છે. ગ્રામ્યોન્નતિ કે દેશોન્નતિ એ ભૌતિક વાતો છે. એને આકાશના રાજ્યનો વારસો નથી.

(૮) **ઈશ્વર વિષેનું જ્ઞાન હોવું એ નવો જન્મ નથી.** રૂમી સરદારે કહેલું કે ખરેખર એ દેવનો દીકરો હતો (માર્ક ૧૫:૩૯). ઘણા ખ્રિસ્તીઓ અને અખ્રિસ્તીઓ શાસ્ત્ર ખૂબ જાણે છે, પણ જ્યાં સુધી ખ્રિસ્તને તારનાર તરીકે સ્વીકારે નહિ, ત્યાં સુધી એ જ્ઞાનથી લાભ નથી. ખોરાક વખાણે પણ ખાય નહિ તો શો લાભ?

(૯) **પ્રભુના પ્રેમની કદર કરવામાં નવો જન્મ નથી** (યોહા. ૩:૨). અમે જાણીએ છીએ કે તું દેવની પાસેથી આવેલો છે, દેવ તારી સાથે છે, જીવનની વાતો તારી પાસે છે વગેરે માનનારા દેવના રાજ્યની નજીક છે ખરા, પણ અંદર નથી (માર્ક. ૧૨:૩૪).

(૧૦) **નીતિમાન જીવન એ નવો જન્મ નથી.** પેલો શ્રીમંત જુવાન એવો નીતિમાન હતો કે પ્રભુને તેના પર હેત આવ્યું, પણ તેને અનંત જીવન નહોતું (માર્ક. ૧૦:૨૧).

## ૪. નવો જન્મ પામેલાની પ્રકૃતિ કેવી છે?

(૧) **તે દૈવી વાનાં પર ચિત્ત લગાડે છે** (રૂમી. ૮:૫-૧૦). જેવું બીજ તેવો સ્વભાવ (ક્લો. ૩:૧-૪).

(૨) **પાપ તેના પર રાજ કરતું નથી** (રૂમી. ૬:૧૨-૧૪).

- ૧) પાપ અને મરણનો તેના પર અધિકાર નથી (રૂમી. ૮:૨, ૬:૬-૧૧).
- ૨) તે પાપ કરતો નથી કે કરી શક્તો નથી (૧ યોહા. ૩:૯).
- ૩) તે પાપને તથા જગતને જીતે છે (૧ યોહા. ૫:૪).

(૩) **દેવથી જન્મ્યાથી તેનામાં દેવનો સ્વભાવ આવે છે** (૨જો પીત. ૧:૪).

- ૧) તેના મનનું વલણ નવું બને છે (રૂમી. ૧૨:૨, ૮:૨૯).
- ૨) તેનામાં ખ્રિસ્તની પ્રતિમા ઉત્પન્ન થાય છે (ગલા. ૪:૧૯. ૫:૨૫).
- ૩) તે જૂનું માણસપણું ઉતારી મૂકે છે (એફે. ૪:૨૨-૨૪).

૪) તે તારણ પામેલો છે (તીત. ૩:૫).

(૪) **તે કૃપાના ધોરણને આધીન રહેવાનું પસંદ કરે છે** (રૂમી. ૬:૧૫).

૧) તે પોતાનાં પુરુષાર્થ કે કરણી પર ભરોસો રાખતો નથી (એફે. ૨:૮-૧૦) કારણ કે તે હારી જાય છે.

૨) દેવ કોઈને પરાણે તારણ આપતો નથી. મરજી હોય તો માણસ ઈશ્વરની કૃપાનો સ્વીકાર કરે. જે સ્વીકાર કરે તેને દેવ મદદ કરે છે.

૩) તે દેવના આત્માથી દોરાય છે (રૂમી. ૮:૧૪).

(૫) **તેની રૂચિ અને ભૂખતરસ આત્મિક છે** (મા. ૫:૩-૧૦).

૧) તે આત્મિક દૂધ ચાહે છે ને વૃદ્ધિ પામે છે(મા. ૫:૩-૧૦).

૨) તે ન્યાયીપણું ચાહે છે અને કરે છે (૧ યોહા. ૨:૨૯).

૩) તે ભાઈઓ પર પ્રીતિ રાખે છે (૧ યોહા. ૩:૧૪, ૪:૭).

૪) તે દૈહિક વાસનાઓ પ્રમાણે ચાલતો નથી (રૂમી. ૮:૯).

૫) તેની કસરત સુભક્તિની છે (૧ તીમો. ૪:૭).

(૬) **ન્યાયીપણાનાં વસ્ત્રો અને ખ્રિસ્ત તેનો ઝભ્ભો છે** (યશા. ૬૧:૧૦, એફે. ૪:૨૨-૨૪). તેણે ખ્રિસ્તને પહેરી લીધો છે (રૂમી. ૧૧:૧૭, યોહા. ૧૫:૧-૫).

(૭) **તે પોતાને સંભાળે છે, ને ભૂંડો તેને અડકતો નથી** (૧ યોહા. ૫:૧૮). શેતાન તેનાથી ભાગતો ફરે છે. ખ્રિસ્તને આધીન રહેવું એ જ વિશ્વાસીનો ખરો પુરુષાર્થ છે.

## ૫. નવો જન્મ શી રીતે મળે?

(૧) **દેવનાં વચનો સાંભળવાની આતુર ઇચ્છાથી** (પ્રે.કૃ. ૧૦:૩૩, ૧ કોરિંથી. ૪:૧૫). દેવનું સાંભળવા કાન માંડવા એ યજ્ઞ કરતાં ઉત્તમ છે (યશા. ૧૫:૨૨).

(૨) **જીવનના આધાર તરીકે ખ્રિસ્તને સ્વીકાર્યાથી** (પ્રે.કૃ. ૪:૧૨, ગલા. ૩:૨૬). ખ્રિસ્ત વિના બીજા કોઈથી કે કશાથી તારણ નથી એવી ખાતરીથી ખ્રિસ્તને શરણે જવું જોઈએ.

(૩) **દેવનાં વચનો માન્યાથી ને તે પર હક કરવાથી** (૧ પીત. ૧:૨૩,૨૫). વચનો કોઈ મોટા સંત સાધુઓને જ માટે નથી. એ તો તમામ વિશ્વાસ કરનારને માટે છે.

(૪) **ખ્રિસ્તની આગળ પસ્તાવો દર્શાવી બાપ્તિસ્મા લેવાથી** (પ્રે. કૃ. ૨:૩૮). શેતાની સ્વભાવનું દફન અને ઈશ્વરી સ્વભાવનું ઉત્પાદન કરવાના ઈરાદાથી ખ્રિસ્તનું શરણ લેવું એ જ ખરું બાપ્તિસ્મા છે.

(૫) **કરણીઓથી નવો જન્મ થતો નથી** (પ્રે.કૃ. ૩:૧૫-૨૯, ૨:૩૮). કરણીઓ સંપૂર્ણ નથી ને પૂણ્ય કર્મો મેલા ચીંથરાં જેવાં છે (યશા ૬૪:૬).

(૬) **સંતનાં સંતાન હોવાથી નહિ પણ વિશ્વાસથી** (યોહા. ૩:૧૬). ઈબ્રાહીમનાં સંતાન હોવાથી નહિ પણ તેના જેવા વિશ્વાસથી બચાવ થાય છે (યોહા. ૮:૩૯).

(૭) **પવિત્ર આત્માને આધીન થવાથી** (તીત. ૩:૫, એફે. ૪:૩૦). આત્માને ખેદિત ન કરો. જેઓ દેવના આત્મા પ્રમાણે દોરાય છે તેઓ દેવના દીકરા થાય છે અને રહે છે.

(૯) **દેવનું દાન છે** (યોહા. ૧:૧૩). જે સર્વ દેવની યોજના સ્વીકારે છે તેને દેવ જન્માવે છે. આપણે તો પવિત્ર આત્માની ઈચ્છાને પસંદગી આપવાની તથા વાંદરીના બચ્ચાની જેમ ખ્રિસ્તને વળગી રહેવાનું એ જ આપણો પુરુષાર્થ છે. બાકીનું પ્રભુ કરશે.

સૂચના : આ મુદ્દાઓ ઉપર નોંધ લખવા ચાહીએ તો એક પુસ્તક થાય માટે અત્રે નોંધ આપી નથી. વાચકે પોતે મુદ્દાઓનું અધ્યયન ને મનન કરવું. પ્રભુ કહે છે કે જુઓ, હું સઘળું નવું કરું છું. કોઈ પોતાના પુરુષાર્થથી પોતાની મેળે (નવો) જન્મ પામી શક્તું નથી. લોહીથી કે દેહની ઈચ્છાથી નહિ પણ દેવથી જન્મ પામે છે (યોહા. ૧:૧૩, ૧ પીત. ૧:૨૩).

પ્રકરણ ૧૮

# પવિત્ર આત્માના સંબંધમાં ચેતવણી

આપણે ભૂલવું ન જોઈએ કે આ તો પવિત્ર આત્માનો જમાનો છે, અને મંડળી પવિત્ર આત્માને હવાલે મૂકાઈ છે. પવિત્ર આત્મા લોકને માનવતારણ માટે ખ્રિસ્તે ખોલેલું સ્વર્ગોદ્વાર દેખાડે છે, તેની સત્યતા અને સદ્ધરતા સમજાવે છે અને સ્વીકાર કરનારાંઓનો સંપૂર્ણ ઉદ્ધાર થાય માટે તે તેમની કાયમ સહાયમાં રહે છે. શેતાનની સર્વ યુક્તિઓની સામે માણસ ટકી શકે, એટલું જ નહિ પણ તેને હરાવીને ભગાવી શકે માટે સર્વ પ્રકારે માણસને જાગૃત અને શક્તિમાન રાખવા સારુ પવિત્ર આત્મા તત્પર રહે છે. જે જે રીતે અને જે જે વાતે માણસની મદદ લઈ શકે, તે સર્વ કરવાનું પવિત્ર આત્મા જરા પણ બાકી રાખતો નથી. એ માટે માણસે આ નીચેની વાતો અવશ્ય લક્ષમાં રાખવી જોઈએ.

**૧. પવિત્ર આત્માની પ્રેરણાને ન હોલવો (૧ થે. ૪:૮, ૫:૧૯).**

**૨. તેની સામે હૃદય કઠણ ન કરો (હેબ્રી. ૩:૭).**

**૩. પવિત્ર આત્માની સામે ન થાઓ (પ્રે.કૃ. ૭:૫૧).**

**૪. તેનું અપમાન ન કરો (હેબ્રી. ૬:૪-૮, ૧૦:૨૯).**

**૫. પવિત્ર આત્માને ખેદિત ન કરો (એફે. ૪:૩૦).**

**૬. તેની વિરુદ્ધ દુર્ભાષણ ન કરો (મા. ૧૦:૩૨-૩૭).**

**૭. તેનો આશ્રય લઈને તેને આધીન થાઓ (હેબ્રી. ૩:૭, ૬:૬, યાકૂબ. ૪:૭).**

**૮. જેને ખ્રિસ્તનો આત્મા નથી તે ખ્રિસ્તનો નથી (રૂમી.૮:૯).**

**૯. આત્માઓને પારખો (૧ યો. ૪:૧).**

**૧૦. ટાઢો કે હૂંફાળો રહેનાર ઓકી કઢાશે (પ્રકટી. ૩:૧૪-૨૨).**

**નોંધ :** માણસના તારણ માટે દેવે કરેલી રચના ઉપરથી આપણે સહજ સમજી શકીશું કે, હવે તારણનો આખો પ્રશ્ન પવિત્ર આત્મા સાથેના વહીવટ ઉપર અવલંબે છે. ખ્રિસ્તના આવતાં સુધી પ્રકાશ પ્રમાણે પુરુષાર્થ કરીને માણસનો ઈશ્વરની દયા મેળવતાં.

પરંતુ કોઈપણ ભોગે પાપનું દેવું વળ્યું નહિ કે તારણનો માર્ગ ઉઘડ્યો નહિ. ખ્રિસ્તે પોતાના બલિદાનથી આ કામ સિદ્ધ કર્યું. હવે બાકી રહ્યું કેવળ આ માર્ગ સ્વીકારવાનું તથા તે પર સ્થિત રહેવાનું.

પાછળ આપણે જોયું છે કે સારું શું છે એની માણસને ખબર અને ખાતરી છતાંયે તે અમલમાં મૂકવાની તાકાત તેનામાં નથી. આ ખોટ પૂરવા જ પવિત્ર આત્મા અપાયો છે. જો માણસને અનંતજીવન જોઈતું હોય તો તારણની ખ્રિસ્તની યોજના સ્વીકારે. જો માણસ આ યોજના સ્વીકારે, તો પવિત્ર આત્મા તેનામાં વાસો કરે અને તેની સર્વ ગરજોનો નિકાલ કરવાની જવાબદારી માથે લે.

પણ આ બાબતે આપણે જે ખાસ વાત યાદ રાખવી જોઈએ તે એ છે, કે પવિત્ર આત્માનો આપણામાં વાસો છતાંયે આપણી ઈચ્છાની સ્વતંત્રતા ઉપર તે તરાપ મારતો નથી. તે આપણો મદદગાર, મધ્યસ્થ, પ્રેરક, શિક્ષક, રક્ષક અને ઉત્તેજક છતાંયે આપણે તેની પ્રેરણાને આધીન થવું ન થવું, એ તો આપણી પોતાની જ મરજી ઉપર છે. તેની વાત માનવી હોય તો માનીએ, નહિ તો આપણું ગમતું કરીએ.

પવિત્ર આત્મા આપણી મરજી વિરુદ્ધ આપણું ગળું પકડીને જોરજુલમથી આપણને ધાર્મિક બનાવતો નથી, કે આપણી ઈચ્છા વિરુદ્ધ આપણા પર દબાણ કરીને આપણને આધીન રાખતો નથી. તે આપણો મદદગાર છતાં આપણી અયોગ્ય પ્રવૃત્તિઓમાં આપણને સાથ આપતો નથી.

તે સત્યનો આત્મા હોવાથી અને તેનું કામ આપણને સત્ય સમજાવવાનું હોવાથી, તે વિષે તે આપણને પ્રેરણા કરે છે. અને એ અમલમાં મૂકવાનો આગ્રહ કરે છે, છતાં અમલમાં લેવા ન લેવાનું તો આપણી ઈચ્છા પર જ અવલંબે છે. જો આપણે તેની પ્રેરણાને અમલમાં મૂકીએ તો આપણે તેને આધીન થયા એમ કહેવાય. જો તેને ન ગણકારીએ તો એ પ્રેરણાને હોલવી કહેવાય. તે આપણને આગ્રહ કર્યા જ કરે છતાંયે તેનું ન માનતાં આપણે તેને હડસેલી મૂકી આપણું ધાર્યું જ કર્યા કરીએ, તો તે દુઃખી થાય, ખેદિત થાય અને આપણામાં તેનો વાસો છતાંયે આપણે પાપમાં પડીએ. તેમ છતાં ખૂબી અને કૃપાની પરાકાષ્ટા તો વળી એ છે, કે આટલું અપમાન થયા છતાંયે તે આપણને છોડી દઈ ચાલ્યો જતો નથી.

પવિત્ર આત્માની પ્રેરણા તો શાસ્ત્રાનુસાર જીવનનો માર્ગ છે. પ્રેરણાં કેવા આત્માની છે એ વિષે પવિત્ર આત્મા વિશ્વાસીને ગુંચવણમાં રાખતો નથી. શાસ્ત્ર વિરુદ્ધના વિચારો તે સર્વ શેતાનથી છે. પવિત્ર આત્માના માર્ગો તો પ્રકાશ જેવા ચોખ્ખા અને ખાતરીબંધ હોય છે.

એ માટે પવિત્ર આત્માની કૃપાભરી મૂંગી વાણીની કદી અવગણના કરવી નહિ. જો તેની પ્રેરણાને વારેવારે નકારવામાં આવે, તો છેવટે પરિણામ એ આવે, કે માણસ પોતે પોતાની ઈચ્છાનો સ્વામી રહે અને ખ્રિસ્તની કૃપા, ઈશ્વરપિતાનો પ્રેમ અને પવિત્ર આત્માનો આશ્રય છતાં નાશમાં જાય.એ સારુ દેવનો પવિત્ર આત્મા જેણે તમને ઉદ્ધારના દહાડાને સારુ મુદ્રિત કર્યા તેને ખેદિત ન કરો.

તે તો તમારા જ હિતને સારુ આસ્થાથી ઈચ્છા કરે છે, પ્રેમથી પ્રેરે છે ને સત્યથી સમજાવે છે. તે આગ્રહપૂર્વક એ કહે છે કે તું ટાઢોયે નથી ને ઊનોયે નથી માટે હું તને ઓકી કાઢીશ. ટાઢાપણું મરણ અને ગરમી જીવન દર્શાવે છે. માટે પોતામાં અગ્નિ સળગતો રાખો (લૂક. ૧૨:૩૫,૪૯).

## પ્રકરણ ૧૯

# પવિત્ર આત્મા વિરુદ્ધનું પાપ

પાઉલ લખે છે કે સત્યની ઓળખ પામ્યા પછી આપણે જાણી જોઈને પાપ કરીએ, તો પાપોને સારુ બીજો યજ્ઞ રહેતો નથી (હેબ્રી. ૧૦:૨૬).

યોહાન લખે છે કે મરણકારક એવું પણ પાપ છે, તે વિષે હું કહેતો નથી કે વિનંતી કરવી.

પ્રભુ ઈસુએ કહ્યું કે હરેક પાપ ને દુર્ભાષણ માણસને માફ કરાશે, પણ પવિત્ર આત્મા વિરુદ્ધનું દુર્ભાષણ માણસને માફ કરાશે નહિ (મા. ૧૨:૩૧).

હવે પ્રશ્ન એ રહે છે કે આ મરણકારક અને અક્ષમ્ય પાપ ક્યું? વળી જો પાપોની માફી ખ્રિસ્તના પ્રાયશ્ચિતથી ન મળે, તો પછી એ પ્રાયશ્ચિતનો અર્થ શો?

ટૂંકમાં એ ત્રણે વાતોનો જવાબ એ છે, કે દેવપુત્ર પ્રભુ ઈસુ ખ્રિસ્તનું લોહી આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરે છે. જો આપણે આપણાં પાપ તેને શિરે મૂકીએ, તો આપણાં પાપ માફ કરવાને તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને તે પૂરો વિશ્વાસુ તથા ન્યાયી છે (૧ યો. ૧:૭,૯).

તો પછી ઉપલી વાતોનો અર્થ શો, એ પ્રશ્ન ઉકેલવાનો રહે છે.

### પ્રશ્ન ૧. કેવાં પાપોની માફી મળે છે?

**ઉત્તર.** દેહની વાસનાઓને લગતાં કે પ્રકૃતિથી થતાં પાપોની. જો કે એમાંયે અવિશ્વાસની ગંધ તો છે ખરી, પણ તેનો હેતુ પ્રાકૃતિક તૃપ્તિનો છે. એવાં પાપોની ક્ષમા છે. માણસની અબળતા કે લાલચને લગતાં સર્વ પાપો ક્ષમ્ય છે. માફીને અર્થે જે કોઈ પ્રભુ ઈસુના પ્રાયશ્ચિતનો આશરો લે છે, તે સર્વ સઘળાં પાપોની ક્ષમા પામે છે. યોહાન લખે છે કે વહાલાંઓ, આપણે પાપ ન કરીએ, છતાં જો કોઈ પાપ કરે, તો દેવની પાસે આપણો મધ્યસ્થ પ્રભુ ઈસુ છે, તેની પાસે ક્ષમા માગવી. તે તો આખા જગતના પાપને સારુ પ્રાયશ્ચિત છે (૧ યો. ૨:૧,૨). ઉડાઉ દીકરાનું દૃષ્ટાંત માફીનો સર્વોત્તમ પૂરાવો છે.

### પ્રશ્ન ૨. જાણી જોઈને કરાતાં પાપોની ક્ષમા છે?

**ઉત્તર.** હરેક પાપ ઘણે ભાગે તો આપણે જાણી જોઈને જ કરીએ છીએ. માણસ

પોતાની ઈચ્છાથી ખેંચાઈને તથા લલચાઈને પાપમાં પડે છે (યા. ૧:૧૪). પ્રભુ ઈસુ કહે છે કે પાપીઓને પસ્તાવાને સારુ હું તેડવા આવ્યો છું (મા. ૯:૧૩). કેવળ એક જ પાપી જો પસ્તાવો કરે, તો એ એકલાને લીધે પણ આકાશમાં આનંદ થાય છે (લૂક. ૧૫:૭). આ તો ક્ષમાનો પૂરાવો છે, એમાં પાપના પ્રકારની વાત નથી.

**પ્રશ્ન ૩. તો પછી પાઉલ કેમ કહે છે કે પાપોને સારુ બીજો યજ્ઞ રહેતો નથી?**

**ઉત્તર.** પાઉલ ખરું કહે છે. જો પાપ કરીએ, તો પાપોને સારું બીજો યજ્ઞ છે જ નહિ. એક પાપ એવું છે કે જો માણસ તે કરે, તો પછી તેનાં બીજાં પાપોની માફીનો ઈલાજ જ નથી. એ પાપ તો સત્યની ખાતરી અને ઓળખ થયા છતાં તે ન સ્વીકારવાનું તે. એટલે કે પ્રભુ ઈસુ ખ્રિસ્તને તારનાર તરીકે ન સ્વીકારવો એ (યો. ૮:૨૪). પ્રભુ ઈસુએ કહેલું છે કે હું તે (તારનાર-ખ્રિસ્ત) છું એવો વિશ્વાસ નહિ કરો, તો તમે તમારાં પાપમાં મરશો. આદિથી અંત સુધીનાં તમામ માણસોનાં તમામ પાપનું દેવું પ્રભુ ઈસુના નિષ્કલંક પ્રાયશ્ચિતથી ભરવામાં આવ્યું છે. હવે તારણને અર્થે બીજા કોઈ ઉપાયની જરૂર રહેતી નથી. આ છેલ્લો અને એકલો સંભવિત ઉપાય છે. એ જો માણસ ન સ્વીકારે, કે સ્વીકારીને પડતો મૂકે, તો હવે બીજો એકે ઉપાય નહિ હોવાથી તેને પોતાને જ પોતાનાં પાપોની શિક્ષા ભોગવવી રહી.

યહુદા ઈસ્કારીઓતે ખ્રિસ્તના અને પવિત્ર આત્માના પરાક્રમનો અનુભવ લીધો, છતાં તેણે ખ્રિસ્તનો આશરો છોડી દીધો એટલે તે પોતાનાં પાપોમાં મૃત્યુ પામ્યો. પીતર પ્રભુ ઈસુનો નકાર કર્યા છતાં પસ્તાઈને શરણે આવ્યો એટલે તે ખ્રિસ્તનું ઉપોયગી પાત્ર બન્યો. પીતર, ઉડાઉ દીકરો, વધસ્તંભ પરનો ચોર, પાપીણી સ્ત્રી, એ દાખલા કેવા ઉત્તેજક છે!

અવિશ્વાસ એ પાપ છે ખરું, છતાંયે તે અક્ષમ્ય પાપ નથી. કેટલેક વખતે એવું બને છે કે હઠીલાઈને લીધે નહિ પણ કેવળ અજ્ઞાનતાને કારણે જ માણસ પાઉલની પેઠે ખ્રિસ્તવિરોધી વર્તન રાખે, પરંતુ ખાતરી થતાં તે તરત જ પ્રભુનો સ્વીકાર કરે. એવા દાખલા અનેક બન્યા છે. માટે અવિશ્વાસીને પ્રેમથી, ધીરજથી, પ્રાર્થનાથી અને ખાતરીવાળા અનુભવથી સમજાવવા જોઈએ. એવા માણસો તો સારા સાક્ષી બનશે. સમજાયા છતાં વિશ્વાસ ન કરે તે પાપમાં મરે (યો. ૮:૨૪).

**પ્રશ્ન ૪. પવિત્ર આત્મા વિરુદ્ધનું કોઈ પાપ ક્ષમ્ય છે?**

**ઉત્તર.** (૧) જાણીબૂજીને પવિત્ર આત્માનો તુચ્છકાર કરવા ખાતર માણસ કંઈ બોલતો કે કરતો નથી તે પાપ ક્ષમ્ય છે. ખ્રિસ્ત પર વિશ્વાસ રાખનારો માણસ પવિત્ર આત્મા વિરુદ્ધ કંઈ પણ બોલી કે કરી શક્તો જ નથી. જ્યાં સુધી તે ખ્રિસ્તને પોતાનો

જીવનદાતા સમજે છે, ત્યાં સુધી તે પવિત્ર આત્માની દોરવણી તળે જ છે. એનું કોઈ પાપ અક્ષમ્ય નથી.

કેટલાક લોક એવા છે કે જે એવી બીકમાં ચોંકતા રહે છે, કે રખે તેઓથી પવિત્ર આત્મા વિરુદ્ધ કશું બોલાય ને અક્ષમ્ય પાપ થઈ જાય. એવી કાળજી રાખવી એ તો ઠીક છે પણ એ બીક ખોટી છે. પવિત્ર આત્મા તો કહે છે કે તમારા મુખમાંથી કંઈ પણ લજામણી વાત ન નીકળે, પણ જે અગત્યના સુધારાની હોય તે જ નીકળે કે જેથી સાંભળનારાઓને કૃપા પ્રાપ્ત થાય (એફે. ૪:૨૯). કંઈપણ અપશબ્દો બોલીએ એથી પવિત્ર આત્મા દુઃખી થાય છે, પણ પસ્તાવાથી એવાં પાપોની ક્ષમા મળે છે.

(૨) અજાણપણે કદાચ પવિત્ર આત્મા વિરુદ્ધ કંઈ બોલાય તોયે તે અક્ષમ્ય પાપ નથી. ધારો કે એક માણસ કહે છે કે આજનો ઉપદેશ તો પવિત્ર આત્માના પરાક્રમવાળો હતો. એ સાંભળીને બીજો કહે છે કે શાનો આત્મા અને શાની વાત? એ તો ઢોંગી છે. પહેલો કહે છે કે આપણે તેનો ન્યાય ન કરીએ. વળી આવું બોલવામાં રખેને પવિત્ર આત્મા વિરુદ્ધ પાપ કરીએ.

હવે આ બેઉ માણસો પવિત્ર આત્માનું સન્માન જાળવનારા તો છે જ, પરંતુ એક જાણે અજાણે ઉપદેશકનો ન્યાય કરે છે અને બીજો સાવધ રહે છે. ન્યાય કરનારની ઈચ્છા પવિત્ર આત્માનો વિરોધ કરવાની નથી, એ માટે તેનું વર્તન ક્ષમ્ય છે.

(૩) અજ્ઞાનતાથી કે અવિચારીપણે કરાએલું દુર્ભાષણ કે કૃત્ય પણ અક્ષમ્ય નથી. પાઉલ કહે છે કે પહેલાં હું દુર્ભાષણ કરનાર હતો, પણ હું દયા પામ્યો, કેમ કે એ બધું મેં અજ્ઞાનપણામાં અને અવિશ્વાસથી કર્યું (૧ તી. ૧:૧૩).

પીતર યહૂદીઓને કહે છે કે ભાઈઓ, તમે અને તમારા અધિકારીઓએ અજ્ઞાનપણાથી તે પવિત્ર અને ન્યાયીનો નકાર કર્યો, પરંતુ હમણાં તમે પસ્તાવો કરો કે તમારાં પાપ ભૂંસાઈ જાય (પ્રે. ૩:૧૯). આ સાંભળીને ઘણાએ વિશ્વાસ કર્યો (પ્રે.કૃ. ૪:૪).

પ્રભુ ઈસુએ પ્રાર્થનામાં વધસ્તંભે કહ્યું કે બાપ, તેઓને માફ કર, કેમ કે તેઓ શું કરે છે એ તેઓ જાણતા નથી (લુ. ૨૩:૩૪).

(૪) **લોભ, સ્વાર્થ કે ચોરીથી માણસ પવિત્ર આત્માને દુભવે છતાં તે અક્ષમ્ય નથી.**

આવાં પાપોની તો નવાઈ જ નથી. આવાં પાપોનો નિકાલ પવિત્ર આત્મા ત્રણ રીતે કરે છે. એક તો પસ્તાવો કરે ત્યાં સુધી તે ધીરજ રાખે છે (પ્રકટી. ૩:૧૯-૨૨). બીજું સીમોન જાદુગરની જેમ પસ્તાવો કરવાની આજ્ઞા કરે છે (પ્રે. ૮:૧૯). ત્રીજું દેહમાં શિક્ષા કરે છે. પછી તે હોય કોરીંથ મંડળીમાં હતી તેવી મંદવાડની (૧ કો ૧૧:૩૦), કે હોય અનાન્યા સાફીરાને કરી તેવી મરણની (પ્રે. ૫:૩,૯).

પાપનું ભયંકરપણું સમજાવવા, સાલસ હૃદયની પવિત્રતાનું ભાન રખાવવા, તથા માનવ તારણ સંબંધીની પોતાની ઉત્સુક્તા, જવાબદારી અને કાળજી દર્શાવવા પવિત્ર આત્મા સંજોગ કે સમય પ્રમાણે સંસ્થાપન યોગ્ય પગલાં લે છે.

(૫) **નિખાલસ આસ્થાએ કરેલાં પાપો ક્ષમ્ય છે.**

પાઉલે મંડળીને સતાવી ને ખ્રિસ્તના નામનું દુર્ભાષણ કર્યું, પરંતુ એ બધું તેણે પ્રભુના મહિમાને અર્થે સમજીને વિશ્વાસથી કર્યું. ખ્રિસ્તી માર્ગને તે પાખંડ સમજતો હતો માટે નિયમશાસ્ત્રાનુસાર તેણે તેનો વિરોધ કર્યો. પણ પાછળથી તેને જ્યારે એ ભૂલ સમજાઈ, ત્યારે તરત જ તે તેનો સેવક બન્યો અને પ્રભુએ તેને અજાયબ ને પરાક્રમી કૃપાદાનોથી વેષ્ટિત કર્યો. આ તો ક્ષમાનો પુરાવો છે.

**પ્રશ્ન ૫. પ્રભુ ઈસુએ કહ્યું, કે પવિત્ર આત્મા વિરુદ્ધનું પાપ માફ કરાશે નહિ, તે કેમ?**

**ઉત્તર.** આ વાક્ય પર ભિન્ન ભિન્ન ચર્ચા છે, છતાં આપણે એટલું તો જાણીએ છીએ, કે એ કાળના યહૂદીઓને પવિત્ર આત્માની ઓળખ ન હતી અને પવિત્ર આત્મા હજી અપાયો પણ ન હતો. તેઓ માત્ર બે વાતો જાણતા. એક તો તેઓની માન્યતા અનુસારનો કોઈ પ્રબોધક ઊભો થાય, તો તેઓ કહેતા કે એના પર દેવનો આત્મા છે અથવા એ દેવનું પરાક્રમ છે. પણ તેઓના સંપ્રદાયની આડે એવું કોઈ કશું કરે, તો તે ગમે તેવાં પરાક્રમ દેખાડે તોયે તેને શેતાની લેખતા. નિખાલસપણે સત્ય શોધવા કે સ્વીકારવા તેઓ તૈયાર નથી, તેઓ આવા પાપમાં રહે છે.

રૂઢિચુસ્ત યહૂદીઓની આ રીત જાણીને કેટલાક ટીકાકારો એવો મત બતાવે છે, કે આ પ્રકારનું પાપ તો કેવળ તે વખતના યહૂદીઓએ જ કરેલું અને પ્રભુ ઈસુએ એમને સંબોધીને જ એ કહેલું. આ તો ખરું છે કે એ વાત યહૂદીઓને જ સંબોધીને કહેલી, તેમ છતાં એક સામાન્ય સિદ્ધાંત તરીકે પણ એ વાત ખરી તો છે જ. અમુક વાતની સત્યની ખાતરી થયા છતાંયે સ્વાર્થ કે આપમતની ખાતર તેની વિરુદ્ધ દલીલો શોધવી અને તેનો સામનો કરવો એ સત્ય વિરૂદ્ધ પ્રેરકબુદ્ધિનીસામે દુરાગ્રહનું પાપ કહેવાય. સત્ય ન માનવાને અસત્યનો આશરો લેવો, એ ભયંકર પાપ છે અને માણસ પસ્તાવો ન કરે ત્યાં સુધી તે અક્ષમ્ય છે. જ્યાં સુધી પસ્તાવો કરી શકાય ત્યાં સુધી કોઈ પણ પાપ અક્ષમ્ય નથી.

હવે યહૂદીઓની બાબતમાં જોઈએ તો તેઓને યોહાન બાપ્તિસ્મા કરનારે આંગળી ચીંધીને પ્રભુ ઈસુની ઓળખ આપેલી, પ્રભુ ઈસુ પાસેથી તેઓએ દયા અને કૃપાનાં સેંકડો ઈશ્વરી કાર્યો જોએલાં, અને તેનાં કેટલાંક કામો જોઈને તો તેઓએ ઈશ્વરની સ્તુતિ પણ કરેલી, તેમ છતાં મસીહ તરીકે તેનો સ્વીકાર ન કરવાને તેઓએ નિશ્ચય કર્યો!

મરેલા લાજરસને ચાર દિવસે કબરમાંથી જીવતો ઉઠાડ્યો, ત્યારે તેને અને એને બેઉને મારી નાખવાનો ઠરાવ કર્યો! તે ગમે તેવાં પરાક્રમી કામો દેખાડે, કે સત્યની ખાતરી આપે, પણ તેના પર વિશ્વાસ કરવો જ નહિ એવું ઠરાવ્યું. સત્ય સામે આવું વલણ રાખનાર અક્ષમ્ય પાપમાં રહે છે. જે સત્ય સ્વીકારે નહિ તે પાપની માફી પામે નહિ.

છેવટે વાતનો સાર એ છે કે ખ્રિસ્તી મંડળીનો પૂર્ણોદ્ધાર કરવાનું કામ તેણે પવિત્ર આત્માને સોંપ્યું છે. પ્રભુ ઈસુના પ્રાયશ્ચિત્તના આધારે પવિત્ર આત્મા વિશ્વાસ કરનારને શુદ્ધ કરે છે, તેનામાં વાસો કરે છે ને તેને સંપૂર્ણ કરે છે. બલકે તે માણસને પાપનું ભાન કરાવે છે, પસ્તાવો ઉપજાવે છે, તારનારને ઓળખાવે છે, સત્ય દર્શાવે છે, અબળતા નીવારે છે, જયવાન જીવન માટે શક્તિ આપે છે, ઈશ્વર આગળ તેને સારુ મધ્યસ્થી કરે છે અને સંપૂર્ણતા સુધી દોરી જાય છે. હવે જો માણસ ખ્રિસ્ત પર વિશ્વાસ ન કરે અને પવિત્ર આત્માની આ કૃપાભરી પ્રેરણા ન માનતાં તેનો તુચ્છકાર કરે, તો પછી તેના બચાવનો ઉપાય શો? એના પોતાથી તો તારણ થાય નહિ અને કરે તેનો આશરો લે નહિ, એટલે તે પોતાનાં પાપમાં જ રહ્યો.

પાપના કૂવામાં પડેલાને બહાર કાઢવા સારુ પવિત્ર આત્મા કૃપાનું દોરડું છે. એની સંગત - સહાય - મદદથી જ માણસ બહાર નીકળી શકે છે. પણ જો એ દોરડું જ માણસ કાપી નાખે, તો પછી બચાવનો બીજો ઉપાય તો છે જ નહિ એટલે માણસ પાપમાં મરવાનો - આનું નામ તે અક્ષમ્ય પાપ. પ્રભુ ઈસુ તો સર્વનાં સઘળાં પાપનું પ્રાયશ્ચિત છે, અને પવિત્ર આત્માની મદદથી તેનો લાભ લેવાનો છે, પણ જો માણસ આ લાભ લેવાને બદલે તેની સામે મોરચો માંડે, તો ક્ષમાનો ઉપાય છતાં તે ક્ષમા સ્વીકારતો નથી, એટલે પાપમાં જ રહે છે, એ દેખીતું છે.

## પ્રકરણ ૨૦

# પવિત્ર આત્માને અપાએલી ઉપમાઓ

**૧. પવન (હઝ. ૩૭:૯, માત્થી ૩:૧૧).**

**૨. પાણી (યશા. ૪૪:૩, યો. ૭:૩૭-૩૯).**

**૩. મુદ્રા (૨ કોરિં. ૧:૨૨, એફે. ૧:૧૩, ૪:૩૦).**

**૪. તેલ (૧ યોહા. ૨:૨૦, લૂક. ૪:૧૮).**

**૫. બ્યાનું (૨ કોરિં. ૧:૨૨,એફે. ૧:૧૪).**

**૬. અગ્નિ (માથ્થ. ૩:૧૧).**

**૭. કબૂતર (માથ્થી. ૩:૧૬).**

નોંધ : પાછળ આપણે જોયું તેમ પવિત્ર આત્માને પોતાનું કામ કરવાને કંઈ એક જ રીત નથી. તેનું કામ વિવિધ પ્રકારનું છે અને તે કરવાની રીતો પણ વિધ વિધ છે. આકાશના રાજ્યની માર્મિક વાતો સમજાવવાને પ્રભુ ઈસુએ આકાશી ભાષા અને આકાશી વાતોનાં દૃષ્ટાંતોનો ઉપયોગ કર્યો નથી. જે ભાષાથી અને જે દૃષ્ટાંતોથી માણસ સહેલામાં સહેલી અને સ્પષ્ટ રીતે સમજી શકે, તે ભાષા અને તેવાં દૃષ્ટાંતો વાપરીને સત્યનો ઊંડો મર્મ સમજાવ્યો છે. એવી જ રીતે પવિત્ર આત્મા સંબંધીનું શિક્ષણ અને તેનું કામ જે સમજવાને સહુથી અઘરું લાગે છે, તે સાદામાં સાદા અને રોજની વપરાશનાં સહેલામાં સહેલાં અતિ પ્રચલિત વ્યાવહારિક વાનાંથી સમજાવ્યું છે. ઉપલા સાત શબ્દોમાંનો એકે શબ્દ એવો નથી કે જે જગતમાંનું અજ્ઞાનમાં અજ્ઞાન કે અશિક્ષિત માણસ પણ સમજી ન શકે. કદાચ મુદ્રા અને બ્યાનું એ બે શબ્દો બાદ કરીએ, તો બાકીના શબ્દો તો બાળકો પણ સમજી શકે એવા છે.

ઉપમા માટે વપરાએલાં દૃષ્ટાંતો કે શબ્દો વિષે સૌથી પ્રથમ તો આપણે એ યાદ રાખવું જોઈએ, કે તેનો અર્થ સર્વપ્રકારે ને સમગ્રપણે લાગુ પાડવાનો નથી. જે મુદ્દો સમજાવવાને વાસ્તે તે વાપરવામાં આવ્યું હોય, તે જ મુદ્દા પૂરતું તેનું મળતાપણું વિચારવાનું છે. તેના ગુણ, દોષ, કદ, આકાર, પ્રકૃતિ, વિકૃતિ, લય,

ઉદ્ભવ કે પરિણામ સર્વાંશે લાગુ પાડવા જતાં સંભવ છે, કે તેમાં કૃત્રિમતા આવી જાય અને કહેવાનો ખરો મુદ્દો રહી જાય.

માનવજીવનમાં પવિત્ર આત્માનું કામ દર્શાવવા અને સમજાવવા સારુ જે જે વાનાં દાખલા તરીકે વાપરવામાં આવ્યાં છે, તે ઉપર દર્શાવેલાં સાત છે. વ્યવહારમાં તેનું સ્થાન અને ઉપયોગીપણું લક્ષમાં લઈને એ વાનાં સાથે તેની સરખામણી કરી છે. આ રીતે પરિચિત વાનાં પરથી અપરિચિત વાત ઉપર લઈ જવામાં આવે છે. એ દરેક ઉપમા ઉપર સવિસ્તર હકીકત આગળ આપવામાં આવી છે, તેમ છતાં આ પ્રકરણમાં તે દરેકનો મૂળ હેતુ જ માત્ર જોઈને આ વિભાગ સમાપ્ત કરીશું.

**પવન** એ પવિત્ર આત્માનો જીવન આપવાનો ગુણ દર્શાવે છે. કુદરતમાં જેમ પવન, તેમ શરીરમાં શ્વાસોચ્છવાસ છે. શ્વાસોચ્છવાસ જેમ દૈહિક જીવનની પ્રતીતિ છે, તેમ પવિત્ર આત્માનું સ્થાન માનવના આત્મિક જીવનમાં છે. જેમ પવનની અવરજવરનો તાગ કે માર્ગ સમજાતો કે કળાતો નથી, તેમજ માનવજીવનમાં પવિત્ર આત્માના પ્રવેશની અને કામની વાત પણ છે. તેમ છતાંયે તેના કામનું પરિણામ પવનના કામના પરિણામની પેઠે જ સ્પષ્ટ સમજી અને જોઈ શકાય તેવું છે. એમ જાણીતા પવનના કૃત્યને અનુલક્ષીને પવિત્ર આત્માના જીવન આપવાના કૃત્યનો ખ્યાલ આપવામાં આવ્યો છે. એવી જ રીતે બીજી ઉપમાઓ વિષે પણ સમજવું.

**પાણી** એ તાજગી અને શુદ્ધતા આપનારું પવિત્ર આત્માનું કૃત્ય દર્શાવે છે. માનવજીવનમાં એની અનિવાર્ય જરૂર અને તેનો રોજીંદો ઉપયોગ લક્ષમાં લઈને પ્રભુએ પવિત્ર આત્માને પાણીની સાથે સરખાવી એ વગર નભી શકાય નહિ, કે તંદુરસ્તી ભોગવી શકાય નહિ, એ ખ્યાલ આપ્યો છે - નદીથી જીવનની વૃદ્ધિ દર્શાવી છે.

**મુદ્રા** એ આત્માની સલામતી અને કિંમત દર્શાવી તે પર પવિત્ર આત્માનું આધિપત્ય સમજાવે છે. મુદ્રા કરનારને મુદ્રિત વસ્તુ સાથે કેવો અગત્યનો સંબંધ છે એનો ખ્યાલ આપી ઈશ્વરની અનુપમ પ્રીતિ અને કાળજીનું પણ કાયમ ભાન રખાવે છે.

**તેલ** એ સેવા અને પ્રકાશને માટે જુદા કરાયાની ખાતરી અને નિશાનીદર્શક છે. ખાસ સેવાને માટે દેવ જેને તેડે છે તેનો તે અભિષેક કરે છે. એમ કર્યાથી પવિત્ર આત્મા તેને સામાન્ય જનતાથી જુદો પાડી દેવના પસંદિત અને માન યોગ્ય પાત્ર તરીકે જાહેર કરે છે, એટલું જ નહિ, પણ તેને પવિત્ર અને પ્રકાશિત રાખી તેની મારફતે પોતાનો મહિમા પ્રગટ કરે છે, ખર્ચાવું, પ્રકાશવું અને ધ્યેય પર જ રહેવું.

**બ્યાનું** એ ખ્રિસ્તમાં આપણો હક દાવો દર્શાવનાર વારસાનો હિસ્સો છે.

વિશ્વાસ કરનારને પવિત્ર આત્માનું બેસુમાર સામર્થ્ય આપવામાં આવે છે. ખ્રિસ્તે કરેલાં તેવાં અને તેથીએ આકર્ષક કૃપાકૃત્યો પવિત્ર આત્મા વિશ્વાસીઓની મારફતે કરે છે, છતાંયે એ તો કેવળ બ્યાનાની જેમ નામનો જ હિસ્સો છે. દેવના દીકરા હોવાની તથા અનંત જીવનની આશાપ્રાપ્તિની ખાતરી અંદર વસેલા આત્માથી થાય છે. પવિત્ર આત્માનું આ દાન બ્યાનારૂપ લેખાય છે.

**અગ્નિ** એ શુદ્ધ કરનાર છે. તે વિશ્વાસ કરનારની આસ્થાને તેજ રાખે છે. તે કઠણમાં કઠણ ધાતુને પણ પીગળાવી દેવાની શક્તિ ધરાવે છે. તેની હયાતીમાં કોઈપણ પ્રકારની મલીનતા હસ્તિ ધરાવી શક્તી નથી.

**કબૂતર** સંપૂર્ણ શુદ્ધતા, આજ્ઞાંકિતતા, નમ્રતા અને સાલસાઈના ગુણોથી અંકિત આ પક્ષી પવિત્ર આત્માના ગુણોનું પ્રતીક છે. જેનામાં પવિત્ર આત્મા વાસો કરે છે, તેને પણ એ જ ગુણોથી વેષ્ટિત કરે છે. આ ગુણો તેની પરાકાષ્ટાએ જેનામાં હતા, એવી વ્યક્તિ તો કેવળ એક જ થઈ છે અને તે પ્રભુ ઈસુ છે.

પવિત્ર આત્માનાં સર્વ પ્રકારનાં કામોથી ઈશ્વરની પ્રીતિ, શક્તિ અને મહત્તા સાથે માણસના આત્માની કિંમતનો ખ્યાલ રહ્યો છે (ગીત. ૪૯:૭). એક આત્માની કિંમત કેટલી? ઈશ્વર ઐશ્વર્ય છોડી માણસ બને અને શ્રાપિત મરણ ભોગવી, તેને સંપૂર્ણ કરતા સુધી અપમાનપૂર્વક તેનું સહન કરે એટલી (ગીત. ૪૯:૭, ફિલી. ૨:૬-૮).

❋

સૂચના : કોઈ એક કન્વેન્શનમાં ઉપમાઓ ઉપર અપાએલાં અંગ્રેજી ભાષણોની એક નોંધ વાંચતા મને લાગ્યું, કે પવિત્ર આત્માની કેટલીક પ્રવૃત્તિઓ સમજવાને ઉપમાઓ ઉપયોગી છે, તેથી તે ભાષણોમાં વપરાએલી કલમો વાપરીને આ ભાષણોની રચના કરી છે.

# પવિત્ર આત્મા. ભાગ-૨

## ઉપમાઓનો ખુલાસો ને ઉપસંહાર

### પ્રકરણ ૧

## પવનની ઉપમા★

હઝ. ૩૭:૯ હે પવન (શ્વાસ) ચારે દિશાથી (પવનોથી) આવ, અને આ મારી નંખાએલાં પર ફૂંક (શ્વાસ નાખ) કે તેઓ જીવતાં થાય.

આ કલમને આધારે આપણે પવનની ઉપમાથી અને પવનના સ્વરૂપે પવિત્ર આત્માએ કરેલા કામનો વિચાર કરીશું.

ઈસ્રાએલ લોકો બાબેલના બંદીવાસમાં લઈ જવાયા હતા અને તેમનાં રાજ્યો, ધર્મ, આશા, આબરૂ, ગૌરવ, મંદિર વગેરેનો એટલે સુધી નાશ થયો હતો, કે તેમનાથી ફરી બેઠા થવાય નહિ. આવી નિરાશામાં ડૂબેલા હતા, ત્યારે પ્રભુ તેમના ભવિષ્યવાદીને સૂકાં હાડકાંના દર્શનથી તેમની અધોગતિ અને સ્થિતિનો ચિતાર આપવા સાથે તેમના ઉદ્ધારની પણ ખાતરીનો ખ્યાલ આપે છે. પ્રભુ પૂછે છે કે હે મનુષ્યપુત્ર, શું આ હાડકાં જીવતાં થઈ શકે? પ્રબોધક કહે છે કે પ્રભુ એ તો તું જાણે.

જે દેવે આદમની એક જ પાંસળીની સજીવન સ્ત્રી બનાવી, જેણે એ જ આદમને ધૂળમાંથી બનાવીને જીવતો કર્યો, જે દેવે શૂન્યમાંથી સૃષ્ટિ ઉપજાવી, તેને આ સૂકાં હાડકાંમાં જીવન પૂરવાનું અશક્ય હોય ખરું? એ અવિચળ જીવનના સ્વામીને સર્વ શક્ય છે. મનુષ્યમાં તેણે જીવનનો સંચાર શી રીતે કર્યો તે જોઈએ.

આ દર્શનમાં તે પવનને પ્રબોધ કરવાનું કહે છે, કે તે આવે અને એ સૂકાં હાડકાંમાં જીવનનો સંચાર કરે. હેબ્રી ભાષામાં પવન, શ્વાસ કે આત્મા એ ત્રણેને માટે એક શબ્દ (Rauch) પણ વપરાય છે. ગ્રીક ભાષામાં પણ એ જ અર્થસૂચક બીના પ્રે. કૃ. ૨:૨,૪માં માલૂમ પડે છે. એથી પવિત્ર આત્માને બદલે કેટલાક લોક 'પવિત્ર પવન' કે 'પવિત્ર શ્વાસ' એવું પણ બોલવાનું પસંદ કરે છે. જેમ કે તમને પવિત્ર પવનથી અને પવિત્ર અગ્નિથી બાપ્તિસ્મા આપશે (મા.૩:૧૧, પ્રે.કૃ.૨:૨,૪).

---

★ નીકોદેસમની સાથેની વાતચીતમાં પવનનો દાખલો વાપરેલો છે, તે પરથી પણ તેમાં સમાએલા મુદ્દાઓને આધાર આત્માના કામનો ખ્યાલ લઈ શકાય.

## ૧. માણસને ઈશ્વરના શ્વાસથી જીવન મળેલું.

પવિત્ર શાસ્ત્રમાં પવિત્ર આત્માનું કામ દેખાડવા જ્યાં જ્યાં પવન કે શ્વાસનું વર્ણન કર્યું છે, ત્યાં ત્યાં 'જીવન આપવું' કે 'તાજગી આપવી' એવો પ્રયોગ થએલો છે. જેમ કે - (ઉત. ૨:૭) : તેનાં નસકોરાંમાં જીવનનો શ્વાસ ફૂંક્યો અને માણસ સજીવ પ્રાણી થયું. (હઝ. ૩૭:૧૦) : પવનને પ્રબોધ કરતાં શ્વાસોચ્છવાસ આવ્યો ને તેઓ જીવતાં થયાં. (અયૂ. ૩૩:૪), ઈશ્વરના આત્માએ મને બનાવ્યો છે અને સર્વસમર્થનો શ્વાસ મને જીવન આપે છે (ગી. શા. ૧૦૪:૩૦). તું તારો આત્મા મોકલે છે એટલે તેઓ ઉત્પન્ન થાય છે અને તું દુનિયાને તાજી કરે છે. આ સર્વ પ્રયોગોમાં આપણે પવિત્ર આત્માને પવન કે શ્વાસથી સંબોધેલો અને તેનું કામ જીવન કે તાજગી આપવાનું જોઈએ છીએ.

## ૨. શ્વાસથી મળેલું જીવન માણસે ખોઈ નાખેલું.

આદમમાં જે જીવન દેવે ફૂંક્યું હતું, તે બે પ્રકારનું જીવન હતું. એટલે દૈહિક અને આત્મિક. તેણે પાપ કર્યું ત્યારે આત્મિક જીવન જતું રહ્યું અને દૈહિક જીવન મર્યાદિત થઈને ચાલુ રહ્યું. પરંતુ જતું રહેલું જીવન માણસને પાછું મળે એવી ઈશ્વરની ઇચ્છા છે, તેથી તેણે ખ્રિસ્તની મારફતે માનવમાં જીવનસંચારનો માર્ગ ઉઘાડ્યો.

હવે જે જીવન માણસે ખોઈ નાખ્યું છે, એ જો તેને પાછું જોઈતું હોય, તો તેણે જીવન આપનારની પાસે જવું જોઈએ, તેના શ્વાસનો લાભ લેવો જોઈએ અને જે શરતે એ મળતું હોય તે શરતો પાળવી જોઈએ. પ્રે. કૃ. ૨:૩૮માં જીવનાતુર આત્માઓને પ્રેરિત પીતરે સાર્વજનિક માર્ગ બતાવેલો છે. એટલે કે પસ્તાવો કરો અને ઈસુ ખ્રિસ્તને નામે બાપ્તિસ્મા પામો ને તમને પવિત્ર આત્માનું દાન મળશે. જો માણસ આ કરે, તો દેવ તેને જીવન આપે.

## ૩. ખોએલું જીવન શ્વાસથી પાછું અપાયું (યો. ૨૦:૨૨).

આપણે જોઈએ છીએ કે પ્રભુ ઈસુએ શિષ્યોને પસંદ કર્યા, પરાક્રમી કામો કરવાનો તેમને અધિકાર આપ્યો અને ઈશ્વરકૃપાનો અજાયબ જેવો અનુભવ પણ કરાવ્યો. તેમ છતાંએ પ્રભુના સંકટની વેળાએ તેઓ તેને તજી ગયા. તેનું નામ લેતાં પણ બીધા. બીકણ, બેવફા, અબળ, અવિશ્વાસી અને સ્વાર્થી જેવા સાબિત થયા. એનું કારણ શું? કારણ તો એ કે હજી તેઓમાં જીવનનો સંચાર થયો નહોતો. જૂના કરારના સંતોની માફક તેઓ પ્રભુ ઈસુને નામે કેવળ પ્રાસંગિક સેવા જ કરી શકેલા. તેઓ લાગણીશીલ હતા પણ જીવનવશ નહિ.

ખ્રિસ્તનું પુનરુત્થાન થયા છતાં અને ઊઠેલા પ્રભુનાં અનેક દર્શનો થયા છતાંયે ચાળીસ દહાડા દરમ્યાન તેઓએ પ્રભુના પરાક્રમની સાક્ષી પૂરી નથી, કે જે સેવાને માટે તેઓ તેડાયા હતા તે સેવા કરી નથી. ધ્યેય અને આશા વગરના બનીને માણસોને પકડવાને બદલે માછલાં પકડવા પાછા ગયા.

પ્રભુ ઈસુએ તેઓને પુષ્કળ જીવન આપવાનું વચન આપ્યું હતું, પરંતુ એ જીવનની તેમને અગત્ય ન સમજાય, ત્યાં સુધી તે અપાય એમ ન હતું. ભરપૂર જીવન પામવા પહેલાં તેઓમાં જીવન હોવું જોઈએ. જો જીવન જ ન હોય તો પછી તે ભરપૂર થાય જ શી રીતે? એ માટે તેઓને જીવન આપવા સારુ પ્રભુ ઈસુએ તેઓ પર શ્વાસ નાખ્યો અને કહ્યું કે તમે પવિત્ર આત્મા પામો. બલકે જીવન પામો.

તેઓ પર શ્વાસ નાખતાની સાથે શું પરિણામ આવ્યું તે જુઓ. પ્રભુ ઈસુનો શબ્દ સાંભળતાંની સાથે જ જેમ યાઐરસની પુત્રી અને વિધવાનો પુત્ર સજીવન થઈને બેઠાં થએલાં અને ચાર દહાડાથી મરેલો ને દટાએલો લાજરસ કબરમાંથી નીકળી આવીને પોતાને પગે ઊભો રહેલો, તેમ શિષ્યોની સ્થિતિ પણ પલટાઈ ગઈ. પ્રભુ ઈસુ સાથે હોવા છતાં તેના દુઃખની ઘડીએ જેઓ એક ઘડીભર પણ જાગતા રહી નહિ શકેલા, તેઓ હવે પ્રાર્થનાથી ખસતા નથી! ખ્રિસ્તે કહેલા બાપના વચનની રાહ જોતાં (પ્રાર્થના કરતાં) તેઓ વિસામો લેતા નથી! કારણ? કેમ કે તેઓમાં ખ્રિસ્તના જીવનનો સંચાર થયો છે. પ્રભુ ઈસુ તેઓની સાથે નથી છતાંયે તેઓ હવે પોતાને પગે ઊભા રહી શકે અને પવિત્ર આત્માની અગત્ય સમજી શકે એટલી તેઓમાં તાકાત અને સૂઝ આવી. 'માગો અને પિતા તમને પવિત્ર આત્મા આપશે,' એ વચન પર તેઓ હક કર્યો (લૂક. ૧૧:૧૩). એનું પરિણામ શું આવ્યું તે જુઓ.

**૪. પવનની આંધીમાં તેઓને ભરપૂર જીવન મળ્યું** (પ્રે. કૃ. ૨:૧-૪).

પવિત્ર આત્માની ભરપૂરી માટે જ્યારે તેઓ એકાગ્ર ચિત્તે આતુરતાથી તલપી રહ્યા હતા, ત્યારે પવિત્ર આત્મા પવનના મોટા સુસવાટાથી ભારે આંધીના સ્વરૂપમાં વિશ્વાસીઓમાં વાસો કરવા સારુ નીચે ઊતર્યો અને તેઓ સર્વ પવિત્ર આત્માથી ભરપૂર થયા.

એક બીમાર માણસમાં પહેલવાનના જેવી તાકાત આવે તેવી સ્થિતિ આ વિશ્વાસી સમુદાયની બની ગઈ. જેઓ બારણા બંધ કરીને સંતાઈ રહેતા હતા, તેઓ હવે મેદાને પડ્યા ને છડેચોક મંદિરે જવા લાગ્યા. જે નામ ઉચ્ચારવાની પણ હિંમત ખોઈ બેઠા હતા, તે જ નામે પરાક્રમી કામો કરવા લાગ્યા. જે એક સાધારણ

નોકરડીથી બીને પ્રભુનો નકાર કરી બેઠેલો તે શિષ્ય હવે આખી સાન્હેદ્રીન સભાને કહેવા લાગ્યો, કે જે ઈસુને તમે મારી નાખ્યો, તે ઈસુને નામે અમે એવાં પરાક્રમી કામો કરીએ છીએ. જેને તમે મારી નાખ્યો તેને ઈશ્વરે ઉઠાડ્યો છે અને એ બેઉ વાતોના સાક્ષી અમે છીએ. તમે અમને ગમે તેટલી મના કરશો, પણ અમે જે દીઠું છે તેની સાક્ષી પૂર્યા વિના અમે રહેવાના જ નથી. દેવે પોતે અમને જે કામ સોંપ્યું છે તે કર્યા વિના અમે રહેવાના જ નથી. દેવે પોતે અમને જે કામ સોંપ્યું છે તે કર્યા વિના અમે જંપવાના નથી. માનવના ઉદ્ધારની આશા એ સજીવન થઈને ઊઠેલા ખ્રિસ્ત વિના બીજે ક્યાંયે નથી. આવી સેવા કરતાં તેઓએ ધમકી, સતાવણી, નિંદા, કેદ, અપમાન, માર, મરણ અને મિલકતના મોહને હસી કાઢ્યાં. કેવો અજબ ફેરફાર!

યાજકોની યોજના પર કે વિદ્વાનોના વિચાર પર, બોર્ડની બાંહેધરી પર કે પૈસાના પહાડ પર આ પ્રથમ મંડળીની પ્રવૃત્તિઓ શરૂ થઈ નથી. કેળવણી, સુધારા કે વિજ્ઞાનના બળ પર નહિ, પણ ઈશ્વરના આપેલા પવિત્ર આત્માની ભરપૂરીથી જ પ્રથમ મંડળીના ખ્રિસ્તીઓએ જગતને ઉથલપાથલ કરી નાખેલું. તેઓની સેવાથી હજારો આત્માઓ તારણ પામીને મંડળીમાં ઉમેરાતા ગયા. અરે, જે યાજકો અને આગેવાનોએ દામ, દમન ને દંડ તથા છળ, કળ અને બળથી ખ્રિસ્તી મંડળીને જડમૂળથી ઉખેડી નાખવાના પરવાના લીધા હતા, તેઓ પણ મંડળીમાં ઉમેરાયા!

હવે આજે આપણે આપણા કામ અને આપણી મંડળીઓ વિષે શું કહીશું ? અરે, ખુદ આપણા પોતાના જ જીવન વિષે શું કહીશું?

દેવપુત્ર પ્રભુ ઈસુ મારો તારનાર છે એવો જો તમારો પાકો વિશ્વાસ હોય, હા, એ જ વિશ્વાસથી જો તમે ખ્રિસ્તની મંડળીમાં જીવો છો, તો તમારા હૃદયમાં પવિત્ર આત્માનો વાસો થયો છે અને તેણે તમને જીવતા કર્યા છે (૧ કોરિં. ૧૨:૩). પણ એ જીવન કેટલું છે તેનો વિચાર કરો. ખાટલે પડેલો મરણનો છેલ્લો શ્વાસ લેતો માણસ પણ જીવતો તો કહેવાય છે. બે જણ કોઈ માંદાને હાથ પકડીને ચલાવે તે પણ જીવતો તો છે. પોતાની મેળે ખપજોગું ચાલી શકે એ પણ જીવે છે અને એક કલાકે પાંચ છ માઈલ વગર થાકે ચાલી નાખે એ પણ જીવે છે. ચાલતી મોટરને રોકનારમાંયે જીવન છે, પરંતુ આ જીવન જીવનમાં કેટલો તફાવત છે!

આજે મંડળીને શાની ખોટ છે? નાણાંની? માણસોની? કેળવણીની? પીઠબળની? વ્યવસ્થાની? મિશન પાસે શું નથી? મંડળી પાસે શું નથી? આપણાં કાર્યચક્રો તો ગોઠવણી મુજબ ચાલ્યા જ કરે છે. શાળાઓ, બાઈબલસ્કૂલો, કોલેજો, દવાખાનાં, ગ્રામ્ય સુધારણાઓ, છાપખાનાં ... વગેરે તો ધમધોકાર ચાલ્યાં જ કરે

છે. લાખો કામદારો અને હજારો મિશનેરીઓ આ કાર્યયંત્રમાં ચક્કરરૂપે જોડાઈ ગએલા છે. પરંતુ દર વર્ષે કેટલા નવા આત્માઓ તારણ પામે છે અને મંડળીમાં ઉમેરાય છે એનો વિચાર કરો. મંડળીમાં કેવા પ્રકારનું જીવન ચાલી રહ્યું છે તે તરફ નજર કરો.

પ્રભુ કહે છે કે તમે ગમે તેવાં સૂકાં હાડકાં હો, તોપણ હું તેમાં જીવન પૂરવા, અરે ભરપૂર જીવન પૂરવા તૈયાર છું. કેવળ મંદમંદ વાયુ નહિ, પણ આંધીરૂપ પવન ફૂંકવા તૈયાર છું. શું, આપણે એમ કહેવા તૈયાર છીએ કે ઓ વાયુ, ચારે દિશાથી આવ. હા, જોરશોરથી આવ, આ સૂકાં હાડકાં પર, હા, મુડદાં પર ફૂંક અને તેને કેવળ સજીવન જ નહિ, પણ જીવનની ભરપૂરીથી વેષ્ટિત કર.

વહાલાંઓ, જે આપણને કેવળ જીવાડવા જ નહિ, પણ પોતાના સામર્થ્ય વડે ભરપૂર કરવા તત્પર છે તેની આગળ યાચના કરીએ, કે તે આપણા પાપમાં આનંદ માનતી મુડદાલ અવસ્થાને દૂર કરીને તેને ઠેકાણે પવિત્રાઈના પ્રભાવવાળી જીવનાવસ્થા સૃજાવે. જુઓ, તે કબર આગળ ઊભો રહીને કહે છે, કે અવિશ્વાસનો, મંદતાનો, હા, પાપનો પથ્થર ખસેડો, કે હું મૂએલાને સજીવન કરીને બહાર લાવું.

પવિત્ર આત્મા તો મંડળીને અપાએલો જ છે. તે તો હાજર અને તત્પર છે. વાર માત્ર માણસની ઈચ્છાની છે. જો તે પવનને પ્રવેશ કરવાનું આમંત્રણ આપે, તો તે સૂકાં હાડકાંને સજીવન કરશે. જેઓ નામે જીવે છે તેઓને તે પરાક્રમી જીવનવાળાં કરશે. તે તો કહે છે કે તેઓને જીવન મળે અને તે પુષ્કળ મળે એ જ માટે હું આવ્યો છું. જે ચાહે તે ફરે અને જીવે.

સૂકાં, હા, ઘણાં જ સૂકાં હાડકાં સાથે અભણ તથા અજ્ઞાની ગણાતા શિષ્યોનાં હા, માત્થી, જાખી, માગદાલેણનાં જીવન સરખાવો અને જીવનનો સંચાર થયા પછીની સ્થિતિ જુઓ. શું આ બધું આપણને ઉત્તેજનદાયક નથી? વેષ્ટિત થતાં સુધી પ્રભુની આગળ થોભો, જુઓ, તમને ભરપૂર કરવા તે તમારું બારણું ઠોકે છે. પવનને કહો કે તે આંધીની જેમ જીવનમાં પરાક્રમ ભરે.

પ્રકરણ ૨

# પાણીની ઉપમા

**(યોહા. ૭:૩૭-૩૯) - જો કોઈ તરસ્યો હોય તો તે મારી પાસે આવીને પીએ અને શાસ્ત્ર વચન પ્રમાણે જે મારા પર વિશ્વાસ કરે છે, તેના પેટમાંથી જીવતા પાણીની નદીઓ વહેશે. તેના પર વિશ્વાસ કરનારાઓને જે આત્મા મળવાનો હતો, તેને વિષે તેણે એ કહ્યું, કેમ કે પવિત્ર આત્મા હજી અપાયો ન હતો.**

આ કલમોમાં પવિત્ર આત્માને પાણીની ઉપમા આપેલી આપણે જોઈએ છીએ. કેટલેક ઠેકાણે પાણીને દુઃખ અને શિક્ષાની પણ ઉપમા આપેલી વાંચીએ છીએ. પરંતુ તે સાથ આ કલમોને કોઈ સંબંધ નથી. પાણીની ઉપમાથી પવિત્ર આત્માનાં બે ખાસ કામો દર્શાવવામાં આવ્યા છે, તે વિષે વિચાર કરીશું.

**૧. તંગી મટાડવી અને તાજગી આપવી એ પાણીનું એક કામ છે.**

તરસ એ જીવનનો મોટો આશીર્વાદ છે. જીવનના નિભાવ અને પુષ્ટિને માટે તરસ એ અનિવાર્ય હાજત છે. જેને તરસ ન લાગે તે રોગી કહેવાય. પાણીને અભાવે તે મરશે. જ્યાં સુધી માણસમાં જીવ છે ત્યાં સુધી તેને તરસ લાગે છે અને તેની તરસ છીપે ત્યારે જ તેને ચેન પડે છે. શું તમને કદી તરસનો કપરો અનુભવ થયો છે?

અરબસ્તાનમાં મુસલમાનોમાં કામ કરતા ડૉ. ઝેવીયર નામના એક મિશનેરીએ કહ્યું કે હું એક વાર મેદાનમાં ભૂલો પડ્યો. અધૂરામાં પૂરું મારી પાસેનું પાણી ખલાસ થઈ ગયું. હું તરસે પીડાતો હતો, તેવામાં સદ્ભાગ્યે એક ઈસ્લામી યાત્રાળુઓનાં સંઘનો ભેટો થયો. મને ખૂબ તરસ લાગેલી, પરંતુ ઠરાવેલે વખતે જ સૌની સાથે મને પણ એક નવટાંક પાણી આપ્યું. એ મારે પીવાનું જ હતું. પણ તે પીતાં પહેલાં મેં તેમાં એક આંગળી બોળીનો તે મારા હોઠ પર ઘસી કે તે પરની ધૂળ પેટમાં ન જાય. આમ કર્યાથી હોઠ પર કાદવનો લીટો પડ્યો, એ પેલા લોકોએ જોયું. તમે પાણીનાં થોડાં ટીપાનો દુરુપયોગ કર્યો છે એમ કહીને જો

કે મારો કંઠ સુકાઈ ગયો હતો, છતાંયે તેઓએ શિક્ષા તરીકે મને બીજે દિવસે પાણી ન આપ્યું.

એક મિશનેરી બાનુને એટલી તો તરસ લાગી હતી, કે પોતાની થેલીમાંનું બધું નાણું એક ગ્લાસ પાણીને માટે આપવા કહ્યું, પણ કોઈએ પાણી ન આપ્યું. ઉજ્જડ પ્રદેશમાં પાણીની કેટલી કિંમત છે, તે તો અનુભવે જ સમજાય. હા, માનવશરીરમાં પાણી કેવો અગત્યનો ભાગ ભજવે છે, એ તો તરસ્યાને જ ખબર પડે. પલિસ્તીઓનો સંહાર કર્યા પછી પહેલવાન શામશૂન મરવા પડેલો, પ્રાર્થના કર્યાથી પ્રભુએ તેને પાણી આપેલું (ન્યા. ૧૫:૧૯). એવી જ રીતે ઈસ્રાએલને અરણ્યમાં અને યહોશાફાટને રણક્ષેત્રમાં પ્રભુએ ચમત્કારિક રીતે પાણી પૂરું પાડી (નિર્ગ. ૧૭:૫, ૨જો રા. ૩:૧૬) કૌવત અને તાજગી આપ્યાં હતાં.

જેમ શરીરના નિભાવને અર્થે કુદરતી પાણીની જરૂર છે, તેમ આત્માને પણ પવિત્રાઈની તરસ છીપાવવા પવિત્ર આત્મારૂપી પાણીની જરૂર છે. એટલા જ માટે યશાયાની મારફતે ઈશ્વરે કહેવડાવેલું કે સર્વ તરસ્યાઓ, તમે પાણીની પાસે આવો જેથી તૃપ્તિ થતી નથી તેને સારુ નાણું ખર્ચશો નહિ (યશા. ૫૫:૨). કોઈ કોઈ વાર તો ઠપકા સહિત પ્રભુએ કહેલું કે મારા લોકે બે પાપ કર્યાં છે. એક તો જીવતા પાણીનો ઝરો જે હું તેને તેઓએ તજ્યો છે અને બીજું કે તેઓએ પોતાને સારુ વિરડા ખોદ્યા છે.

પ્રભુ ઈસુએ પણ એવા જ આગ્રહથી કહેલું, કે જે કોઈ તરસ્યો હોય તે મારી પાસે આવીને પીએ. જે પાણી હું આપીશ, તે પીનારને કદી તરસ લાગશે નહિ, પણ તે તેનામાં ઝરો થશે અને અનંત જીવન સુધી ઝર્યા કરશે. વિશ્વાસ કરનારામાં વસતો પવિત્ર આત્મા માણસના આત્માની ગરજ જાણીને તે પ્રમાણે દેવ પાસેથી જોઈતું મેળવી લે છે, એટલે તેને કશી અછત રહેતી જ નથી (રૂમી. ૮:૨૬).

તંગી મટાડવી એનો બીજો અર્થ એ છે કે તાજગી આપવી. તંગી મટે એટલે આપોઆપ તાજગી આવે છે. જેને પૂરતું પાણી મળતું નથી એવા છોડ કે વૃક્ષ તરફ નજર કરો, તો તે નબળાં, માંદા ને નાજુક દેખાશે. તેનાં ફળ નાનાં, નાજુક, બેસ્વાદ અને નીરસ જણાશે, એથી ઊલ્ટું સદા વહેતી નદીના કિનારા પરનાં વૃક્ષો જુઓ. શાસ્ત્રમાં વર્ણવ્યા પ્રમાણે તેનાં પાંદડાં ચીમળતાં નથી, તેનાં ફળ ખરી પડતાં નથી ને ઋતુમાં ફળ આપ્યા વિના રહેતાં નથી. બારે માસ તેનાં ફળ કાયમ રહે છે (ગી. શા. ૧, પ્રકટી. ૨૨:૨). ઘણાં ફળ ઊતરે એમાં ઈશ્વરનો મોટો મહિમા દેખાય છે (યોહા. ૧૫:૧૬).

પાઉલે તીમોથીને લખ્યું કે તને મળેલું કૃપાદાન તારે જાગૃત કરવું. જાગૃતિનો

અર્થ એ છે કે સળગતા લાકડાને ખોરીને ભડકે બળતું કરવું યા સતેજ રાખવું. પચાસમાને દિવસે શિષ્યો પવિત્ર આત્માથી ભરપૂર થયા હતા, તેમ છતાં તેઓ વારે વારે પવિત્ર આત્માથી ભરપૂર થતા (પ્રે. ૪:૩૧).

## ૨. શુદ્ધ કરવું એ પાણીનું કામ છે.

ધ્યાનમાં લો કે જીવન આપવા સારુ પાણીનો ઉપયોગ કરેલો નથી, પરંતુ જીવતાંને તાજગી આપવા અને તેને શુદ્ધ કરવા સારુ જ તે વપરાતું આવ્યું છે.

(હઝ. ૩૬:૫) - હું તેઓ પર શુદ્ધ પાણી છાંટીશ અને તેઓ શુદ્ધ થશે. આપણે જોઈએ છીએ, કે યાજકોને દેવે સેવાને સારુ જ પસંદ કરીને જુદા કર્યા હતા, તેમ છતાંયે સેવાને સારુ અંદર આવ્યા પહેલાં તેઓને સ્નાન કરીને શુદ્ધ થવાનું હતું. આ શુદ્ધિકરણ તો રોજ રોજ કરવાનું હતું. શુદ્ધ થયા વિના કામે ચઢનારનો જીવ જોખમમાં હતો.

પાઉલ કહે છે કે હું રોજ રોજ મરું છું, મતલબ કે હું હરરોજ પોતાનું સ્વાર્પણ કરું છું. સેવાને સારુ સમર્પણ થએલાને પણ રોજના જીવનને સારુ રોજ ઈશ્વરની હજૂરમાં અર્પણ થવાનું હોય છે, એ માટે કે તે દિવસની કામગીરી દેવ તેને દેખાડે તેને અને પોતાની ઈચ્છા પ્રમાણે વાપરે. ગીતકર્તા કહે છે કે તારી કૃપા મારે સારુ રોજ તાજી થાય છે, એ તો સમર્પણનો આશીર્વાદ છે.

હેબ્રીઓને પત્રનો લેખક કહે છે કે નિર્મળ પાણીથી શરીર ધોઈને તથા હૃદય પર છંટકાવ પામીને વચનની કબૂલાત દૃઢ પકડી રાખતાં તેની સન્નિધ જઈએ. હેબ્રી. ૧૦:૨૨,૨૩, એફે. ૫:૨૬માં કહે છે કે વચનથી જળ સ્નાનથી શુદ્ધ કરીને તે તેને મહિમાવંતી રાખે. યોહાન લખે છે કે ઈસુ ખ્રિસ્તનું લોહી આપણને સઘળાં પાપથી શુદ્ધ કરે છે (૧ યો. ૧:૭).

આ સર્વ વાતોમાં પાણી, દેવનું વચન અને ખ્રિસ્તનું લોહી શુદ્ધિકરણનાં સાધન છે. બલકે પવિત્ર આત્મા, દેવ તથા ખ્રિસ્ત એ ત્રણે મળીને આપણું શુદ્ધિકરણ કરે છે. બાપ્તિસ્માના સ્નાનથી સર્વાંગની શુદ્ધિ, બલિદાની લોહીના છંટકાવથી ક્ષમાની ખાતરી અને દેવના વચનથી જયવાન જીવનનો વારસાઈ હક, એ અનુભવો પામતું વ્યક્તિત્વ ખ્રિસ્તની સેવામાં સમર્પણ કરાય છે. પ્રભુની સાથે જમવા બેસનારો ભલે નાહેલો હોય, તેને પણ પગ ધોવાની જરૂર પ્રભુ ઈસુ જણાવે છે (યો. ૧૩:૧૦). એ જોતાં શુદ્ધતાની કેટલી અગત્ય સમજી શકાય.

અભિષિક્ત યાજકનું રોજનું નહાવું ધોવું અને પછી સેવાકાર્ય આરંભવું, એ ઉપમામાં આપણે સારુ કેવું ભારે શિક્ષણ, કેવી કડક ચેતવણી, કેવો ઉત્તમ નમૂનો અને સેવાસિદ્ધિનો માર્ગ છે! શુદ્ધતા વિનાનો સુવાર્તાપ્રચાર અને પ્રેમપવિત્રાઈ વિનાની સેવા પર ઈશ્વરની કેટલી પ્રસન્નતા રહે અને કાર્યમાં કેટલી સફળતા દેખાય એનો વિચાર

કરવો રહ્યો. યહોશુઆને તો સાફ શબ્દોમાં પ્રભુએ કહેલું કે તમારામાંથી મલીનતા કાઢી ન નાખો, ત્યાં સુધી હું તમારી સાથે રહેનાર કે તમને મદદ કરનાર નથી. આપણે માગીએ કે પવિત્ર આત્મા આપણાં સર્વાંગ ધૂએ.

## ૩. પાણી જીવનનો ઝરો થાય છે.

પ્રભુ ઈસુએ કહ્યું છે કે મારા પર વિશ્વાસ કરનારના પેટમાંથી જીવતા પાણીની નદીઓ વહેશે, આ શબ્દોમાં તો પવિત્ર આત્માના આપણને મળનાર અગાધ અને જીવંત સામર્થ્યનો ચિતાર આપેલો છે. આપણું જીવન કેટલી ઊંચી કક્ષાએ પહોંચશે તેનો ખ્યાલ અને આપણા જીવનની કાયમી વૃદ્ધિ તથા ફળદ્રુપતાની ખાતરી એ વચનમાં સમાયાં છે.

આપણે જાણીએ છીએ કે જેટલે ઊંચેથી પાણી નીચે આવે છે, તેટલે જ ઊંચે તે પાછું ચઢી પણ શકે છે. ઊંચેથી આવતા ઝરણ સાથે જેટલે નીચે કે ઊંચે નળ લગાડાય, તેટલું નીચે કે ઊંચે તે વહે. હવે જીવનની નદી તો દેવના રાજ્યાસનેથી નીકળી છે (પ્રકટી. ૨૨:૧), એટલે દેવના રાજ્યાસનની ઊંચાઈ સુધી તેનું પાણી ચઢી શકે તેમ છે. પ્રભુ ઈસુ પિતાની ગોદમાંથી નીકળીને છેક કબર (શેઓલ) સુધી નીચે ઊતર્યો, તોપણ ત્યાંથી પરાક્રમી ઉછાળો મારીને પાછો બાપની ગોદમાં જઈ રહ્યો. તેણે આપણને પણ કહ્યું કે જેવો મારો આકાશમાંનો પિતા સંપૂર્ણ છે, તેવા સંપૂર્ણ તમે પણ થાઓ (મા. ૫:૪૮). શું આ પરથી આપણે આપણી વૃદ્ધિની સીમા સમજાતી નથી? શું આપણું ઝરણ કદી સૂકાઈ જાય?

આપણું પાણી કેટલે ઊંચે ચઢી શકે છે? આપણા પાણીમાં (આત્મિકપણામાં) કેટલું પરાક્રમ છે? પાણીનો વધતો જતો વહેતો પ્રવાહ શું કરે છે તેથી કોણ અજાણ હશે? તે મહાવૃક્ષો તોડી ઉખેડીને ઘસડી જાય છે. હા, લોખંડી બાંધકામોને તે ઘસી કાઢે છે. થોડાં જ વર્ષો પર દમણમાં દમણગંગા નદી પરના અને પારડીમાં પાર નદી પરના લોખંડી પુલોને પાણીનો પ્રવાહ કચરાની માફક ઘસડી ગયો હતો! દર વર્ષે કેટલાં બધાં બાંધકામો પાણીનો પ્રવાહ તાણી જાય છે તેનો વિચાર કરો. શેતાનના લોખંડી કિલ્લાઓને તોડી નાખવાને (૨ કો. ૧૦:૪) આત્મિક હથિયારો શું કરે છે તે પ્રે. ૨:૩૭માં દર્શાવ્યું છે.

પહેલી મંડળીના પેટમાંથી જીવનની નદી અનેક ફાંટામાં ફંટાઈ ગઈ. તેનાં પાણી જ્યાં જ્યાં ગયાં ત્યાંના પ્રાણીઓ જીવતાં થયાં. હજારો માણસો પસ્તાવો કરીને મંડળીમાં ઉમેરાયાં. તેઓએ કહ્યું કે અમે તમારી સાથે આવીશું કેમ કે દેવ તમારી મધ્યે છે (ઝખા. ૮:૨૩).

ભારતના અન્ય ધર્મીઓ જેઓ જીવનને માટે ફાંફાં મારે છે, તેઓને આપણી

પાસેથી કેમ જીવન જડતું નથી, એનો સંતોષકારક ખુલાસો શો હશે? શું પેલી વિધવાની પેઠે મૂઠી મેંદોને થોડું તેલ (૧લો રા. ૧૭:૧૨) એ આપણો જવાબ નહિ હોય? પણ ખ્રિસ્તે આપણને તંગીમાં રહેવા સારુ તેડ્યા નથી. તે તો કહે છે કે તેઓને કેવળ જીવન જ નહિ, પણ ભરપૂર જીવન આપવા હું આવ્યો છું. મોટા અધિકારીઓને જ નહિ, પણ પ્રત્યેક વિશ્વાસ કરનારને મળે એ જ તેની ઇચ્છા અને યોજના છે. હવે આપણા જીવનપ્રવાહ વિષે આપણે કેવા નિશ્ચય ઉપર આવીશું?

(હઝ. ૪૭:૧-૯ વાંચો). ત્યાં ખ્રિસ્તીઓને મળતા જીવનપ્રવાહનો ખ્યાલ આપેલો છે. પ્રથમ તો ઝરણું, પણ એ તો જીવતો વધતો જતો નિર્મળ અને જીવનદાયક પ્રવાહ. એની સામે અટકાવો ટકી શકે નહિ એવું પરાક્રમી વહેણ! તે ઝરણનું પાણી જોતજોતામાં ઘૂંટીસમું, પછી ઘૂંટણસમું, પછી કમરસમું, પછી ડૂબામણું અને છેવટે તો પાર ઉતરાય નહિ એવી મહા નદીનું સ્વરૂપ લેતું નજરે પડે છે. વિશ્વાસીઓની સર્વ પ્રકારની આત્મિક ઉન્નત સ્થિતિનું આ દૃશ્ય નથી શું?

ખ્રિસ્તી મંડળીની બાહ્ય અને આંતરવૃદ્ધિનો ઈતિહાસ જુઓ. પ્રભુ ઈસુ પકડાઈ જતાં સર્વ શિષ્યો નાસી ગયા. તેનું મરણ થતાં તો તેમની આશાઓનો સૂર્ય આથમી ગયો. પુનરુત્થાન પામેલા જીવંત પ્રભુનાં પાછાં દર્શન થતાં એમની આશાના અંકુરો ફૂટવા લાગ્યા. અગીઆર એકઠા થયા. સાથે બીજા ભળ્યા. એકસો વીસનો સમુદાય પ્રાર્થનામાં પ્રવૃત્ત બન્યો. આકાશ હલાવાયું, પૃથ્વી ધ્રૂજી ઉઠી. પવિત્ર આત્માએ પ્રતાપ દેખાડ્યો. પીતરે પ્રકાશ પાડ્યો. લોકોના હાંજા ગગડી ગયા. જીવનના જ અધિકારીને મારી નાખીને અમે કેવું અઘોર ને ભયંકર પાપ કર્યું છે એમ કહેતાં ઉગરવાનો આરો શોધ્યો. આક્રંદ અને આતુરતા, ભય અને નિરાશા વિશ્વાસમાં ફેરવાઈ ગયાં, ને એક સપાટે ત્રણ હજાર તારણ પામ્યા!

જેઓ એક વેળા ફેફરાના દરદીને સાજો કરી નહિ શકેલા, તેઓના પડછાયા માત્રથી માંદાં અને રોગી સાજાં થાય છે! અરે પાઉલનું વાપરેલું લૂગડું માંદાંને અડકાડતાં લોક સાજાપણું પામતાં! (પ્રે. ૫:૧૨, ૧૯:૧૨). જગિક વાસનાઓ તણાઈ ગઈ અને આત્મિક સામર્થ્ય અણમાપ આવી મળ્યું! સ્વાર્થી જીવન ત્યાગી બન્યું, વિશ્વાસીઓને માર્યા, વાર્યા, સતાવ્યા, કેદ કર્યા ને મારીયે નાખ્યા, પણ તેથી તેમનો જીવન પ્રવાહ અટક્યો નહિ. જ્યાં જ્યાં ગયા, ત્યાં નદીનો પ્રવાહ સાથે જ ગયો અને આજે દુનિયાભરમાં તે નદી રેલી રહી છે. એમાં મારો ફાળો કેટલો અને કેવા પ્રકારનો છે એનો વિચાર પ્રત્યેક વ્યક્તિએ કરવાનો રહ્યો.

જળમાં જીવન શોધનારાને જીવનનું સાચું જળ જડે એવું કોણ નથી ચાહતું? પણ પાસે આવનારાને મૃગજળ જ જડે, તો એ અપરાધ કેટલો મોટો! જે પાત્રોમાં જીવનજળ ભરેલું છે તેઓને ધન્ય છે.

## પ્રકરણ ૩

# મુદ્રાની ઉપમા

**"તમે પણ સત્યનું વચન એટલે તારણની સુવાર્તા સાંભળીને તેના પર વિશ્વાસ રાખ્યાથી તેનામાં વચનના પવિત્ર આત્માથી મુદ્રાંક્તિ થયા છો. એ આત્મા તો દેવના મહિમાને અર્થે આપણને મળનાર વારસાનો કબજો મળે ત્યાં સુધીને માટે બ્યાનારૂપ છે" (એફે. ૧:૧૩,૧૪).**

બીજી રીતે કહીએ તો જે કોઈ કબૂલ કરે છે, કે ઈસુ ખ્રિસ્ત મારો તારનાર છે, તેને તેના તારણને અર્થે પવિત્ર આત્મા મુદ્રિત કરીને ઉદ્ધારના દહાડા સુધી સાચવી રાખે છે (એફે. ૪:૩૦).

### ૧. મુદ્રા લખવાનો હેતુ.

કોઈ માણસ પોસ્ટ ઓફિસમાં કોઈ ચીજ રજિસ્ટર કરાવે છે, ત્યારે તેના પર પોતાનું નામ લખવા ઉપરાંત તેના પર પોતાના માલિકીપણાની મુદ્રા કરે છે. એ ચીજ પરનાં નામ અને સિક્કો દર્શાવે છે કે એ નામવાળાનો તેના પર હક છે. વળી તે ચીજ ઉપયોગી, અગત્યની અને કિંમતી છે. તે ખોવાઈ ન જાય કે પારકાના હાથમાં ન પડે તે માટે તેની સલામતી અને ગુપ્તતા પણ જાળવવાની છે. બલકે પામનાર માલિકને મળતાં સુધી તેની જવાબદારી રાખવાની છે. માલિકીપણાની અને સલામતીની ખાતરી એ મુદ્રાનો મહાન હેતુ છે.

પ્રભુ ઈસુ ખ્રિસ્તના બલિદાનથી જ મારું તારણ છે, એવું જ્યારે આપણે ખાતરીપૂર્વક માન્યું ને સ્વીકાર્યું, અને બાપ્તિસ્મા દ્વારા ખ્રિસ્ત પરના એ વિશ્વાસનો ખુલ્લો એકરાર કર્યો, ત્યારે પવિત્ર આત્માએ આપણને ખ્રિસ્તને સારુ મુદ્રિત કર્યા. એટલે કે પવિત્ર આત્માએ આપણા તારણને અર્થે આપણામાં વાસો કર્યો. ખ્રિસ્ત પરના વિશ્વાસથી એ રીતે આપણી કિંમત વધી અને દેવની આગળ આપણને સહીસલામત રજૂ કરવા સારુ પવિત્ર આત્માએ આપણી મદદ કરવાની જવાબદારી માથે લીધી.

યાદ રાખીએ કે કોઈ નજીવી ચીજને રજિસ્ટર્ડ કે મુદ્રિત કરવામાં આવતી નથી, જેઓ દેવના રાજ્યમાં જન્મ પામે છે, તેઓને જ મુદ્રિત કરવામાં આવે છે. અને જેઓને મુદ્રિત કરવામાં આવે છે, તેઓને પરિપૂર્ણતાને પહોંચાડતાં સુધી પવિત્ર આત્મા તેઓના હકમાં હરદમ રોકાએલો રહે છે.

## ૨. જીવનની રોટલી પર દેવની મુદ્રા.

દૈહિક રોટલીના શોધકોને જીવનની રોટલી શોધવાની સલાહ આપતાં પ્રભુ ઈસુએ કહ્યું કે મારી પાસે એવી રોટલી છે, કે જે કોઈ એ ખાય, તેને કદી ભૂખ ન લાગે. વળી તે કશા પણ દ્રવ્યથી ખરીદી ન શકાય એવી તો કિંમતી, અગત્યની અને ઉપયોગી છે, કે જેથી ઈશ્વરપિતાએ તેના પર પોતાની મહોર મારી છે.

આ સાંભળીને લોકે તે રોટલીની માગણી કરી. પ્રભુ ઈસુએ કહ્યું કે એ રોટલી તો હું છું. માનવજાતને અનંતજીવન આપવા સારુ દેવે મને મોકલ્યો છે. ન્યાયને સારુ નહિ પણ પાપીઓના ઉદ્ધારને માટે હું આવ્યો છું. એ જ કામને અર્થે દેવે મને મોકલ્યો છે, એની લોકને ખાતરી આપવા સારુ વાણી દ્વારા ઈશ્વરે મારામાં પોતાની પ્રસન્નતા પ્રગટ કરી છે (કે તું મારો વહાલો પુત્ર છે, તારા પર હું પ્રસન્ન છું) અને પવિત્ર આત્માને મારા પર ઉતારીને લોકના તારણને અર્થે તેણે મારો અભિષેક કર્યો છે. આ સર્વની સાબિતી મારાં કામોમાં દેખાતું પવિત્ર આત્માનું સામર્થ્ય છે.

**પ્રભુ ઈસુ પર દેવની મહોરની ખુલ્લી છાપ.** તે પવિત્ર આત્માથી ગર્ભે રહ્યો ને જન્મ્યો. તેના પર પવિત્ર આત્મા દૃશ્ય રીતે ઊતર્યો અને રહ્યો. યોહાન બાપ્તિસ્મા કરનાર દ્વારા દેવે તેના વિષે સાક્ષી પુરાવી અને વાણી દ્વારા તેના કામમાં પ્રસન્નતા દેખાડી. પવિત્ર આત્માથી તેણે સેવાનાં કાર્યો કર્યાં અને શિષ્યોને પણ એવાં જ ચમત્કરિક કામો કરવાનો હક આપ્યો. પવિત્ર આત્માથી તેણે શિષ્યોને આજ્ઞા આપી અને પોતાનું સ્વાર્પણ કરી જીવનનું ઉત્થાન પામ્યો. જન્મથી માંડીને સ્વર્ગારોહણ સુધીની તેની સર્વ પ્રવૃત્તિઓ પવિત્ર આત્માથી જ અંકિત હતી.

## ૩. વિશ્વાસ કરનારા ઉપર દેવની મુદ્રા (૨જો કોરિં. ૧:૨૨).

"તમારી સાથે અમને ખ્રિસ્તમાં જે સ્થિર કરે છે તથા જેણે અમારો અભિષેક કર્યો છે તે દેવ છે. તેણે અમારા પર મુદ્રા કરી છે અને અમારાં હૃદયમાં આત્માનું બ્યાનું આપ્યું છે." ખ્રિસ્ત પરના વિશ્વાસને આધારે પવિત્ર આત્માએ આપણને પવિત્ર કર્યાં એટલું જ નહિ, પણ આપણને દેવના રાજ્યમાં જન્માવીને જગતથી જુદા પણ કર્યાં. આપણને મુદ્રિત કરીને દેવની માલિકી ઠરાવ્યા એટલું જ નહિ, પણ આપણામાં વાસો કરીને આપણે અગત્યના અને કિંમતી પણ છીએ એવું જાહેર કર્યું. ખ્રિસ્તની કૃપાનો લાભ લેવા આપણે તેના વધસ્તંભને વળગી પડ્યા, ત્યારે આપણી આશાઓ

પૂર્ણ કરવા આપણને મદદગાર આત્મા આપ્યો. આપણને જીવનના પંથે ચાલવાનું પસંદ કર્યું, ત્યારે આપણને માર્ગદર્શક, રક્ષક, મધ્યસ્થ, શિક્ષક અને મદદગાર આપ્યો. ઉદ્ધાર પામેલા તરીકે જગતની આગળ નમૂનો થવા સારુ તેણે આપણને પ્રકાશિત કરીને પરાક્રમી પણ કર્યા છે. તેના હાથ-કબજામાંથી આપણને કોઈ છીનવી લઈ જઈ શક્તું નથી, કે આપણને હરાવી શક્તું નથી. કેવો અજબ ઉદ્ધાર!

મુદ્રાની એક બાજુ જેવી સલામતી અને ખાતરી છે, તેવી જ બીજી બાજુ ફરજ અને જવાબદારી પણ છે. પ્રભુ ઈસુએ કહ્યું કે મેં તમને એ માટે પસંદ કર્યા છે અને નીમ્યા છે કે તમે જઈને ફળ આપો અને તમારાં ફળ કાયમ રહે (યો. ૧૫:૧૬). તમે જગતના નથી, પણ જગતનું અજવાળું છો, એ માટે તમારું અજવાળું એવું પ્રકાશવા દો, કે લોકો તમારી રૂડી કરણીઓ જોઈએ તમારા આકાશવાસી પિતાનો મહિમા કરે (મા. ૫:૧૪-૧૬). તમે જગતમાં મીઠા સમાન છો, પણ જો મીઠું બેસ્વાદ થયું, તો તે ... લોકોના પગોમાં જશે (મા. ૫:૧૩). આખા જગતમાં જઈને આખી સૃષ્ટિને સુવાર્તા પ્રગટ કરો (માર્ક. ૧૬:૧૫), કે તેના નામમાં પસ્તાવો કરીને લોક પાપ નિવારણ કરે. કેમ કે જેથી માણસનું તારણ થાય એવું કોઈ નામ આકાશ તળે માણસોમાં આપેલું નથી. એ વાતના સાક્ષી તમે છો (લૂક. ૨૪:૪૭, પ્રે. ૪:૧૨). દેવની માલિકી એટલે દેવના દીકરા. ખ્રિસ્તના એલચી, દેવના મર્મોના કારભારી, દેવના સાથી કામદાર, દેવના વારસ. કેવી સલામતી! કેવો હક! કેવી જવાબદારી!

## ૪. મુદ્રિત થએલાને ચેતવણી (એફે. ૪:૩૦).

"દેવનો પવિત્ર આત્મા જેણે તમને ઉદ્ધારના દહાડાને સારુ મુદ્રિત કર્યા છે તેને તમે ખેદિત ન કરો." જે તમને રક્ષવા, દોરવા, શિખવવા, સમજાવવા, પ્રફુલ્લિત અને પૂર્ણ કરવા, શાંતિ અને આનંદ આપવા, જયવાન અને બળવાન તથા ફળવાન રાખવા અપાયો છે, તે તમારામાં રહીને આસ્થાથી શુભેચ્છાઓ કરે છે. જો તમે સંમત થાઓ, તો તમને પાર ઉતારે છે. જો તેની અવગણના કરો, તો તે મારા પર આવી પડનારા દુઃખને લીધે ખેદિત થાય છે. તમારા એ મધ્યસ્થ અને સ્વર્ગીય પરોણાનું અપમાન થયા છતાં તે તમને તજી દેતો નથી એ એની ભલાઈની પરાકાષ્ટા છે. પણ જો તમે એવું જ વલણ ચાલુ રાખશો, તો કૃપાના એ આત્માની અવગણના કરી તેની મુદ્રા ખોતરી કાઢશો ને ખ્રિસ્ત જે તમારા ન્યાયીપણાનો ઝભ્ભો છે તેને ઉતારી મૂકશો તો પછી તમારા બચાવનો આરો રહેશે નહિ. કેવળ બિહામણા ન્યાયકાળની વાટ જ જોવાની બાકી રહેશે. એ માટે પવિત્ર આત્માની પ્રેરણાને હોલવશો નહિ (૧લો થેસ્સા. ૫:૧૯). એથી ઊલટું એ આત્માથી સદા ભરપૂર રહો (એફે. ૫:૧૮), કે તે તમને છેલ્લે દહાડે દેવની સમક્ષ નિર્દોષ અને પરિપૂર્ણ રજૂ કરે (યહુ. ૨૫).

**૫. મુદ્રિત જીવનનું ધ્યેય** (૧લો કોરિં. ૧:૨૬-૩૦, રૂમી. ૧:૧૮-૩૨).

જગતે પોતાના જ્ઞાન વડે દેવને જાણ્યો નહિ. પણ તેથી ઊલટું તેઓના તર્કવિતર્કે તેમને તેનાથી વધારે દૂર કર્યા, ત્યારે દેવને એ સારું લાગ્યું કે જગતમાંના અકુલીનોને તથા અપ્રસિદ્ધોને પસંદ કરીને તેઓમાં પોતાના પ્રેમનું પરાક્રમ દેખાડવું, કે જેથી જગતને ખાતરી થાય કે ભક્તિમાર્ગથી કે કર્મમાર્ગથી યા જ્ઞાનમાર્ગથી તારણ મળતું નથી, પરંતુ દેવની કૃપાથી જ મળે છે. આ વાતનો પુરાવો ઉદ્ધાર પામેલા જીવન પરથી જ લોકને દેખાય, એ માટે તેણે વિશ્વાસીઓને પવિત્ર આત્માના પરાક્રમથી વેષ્ટિત રાખવાનું ઠરાવી તેમને ઊંચી કક્ષા પર મૂક્યા છે. પવિત્ર આત્માની મુદ્રા માણસના અમુક ભાગ ઉપર નહિ, પણ તેના આખા વ્યક્તિત્વ ઉપર છે. તે તેઓને દેવના સ્વભાવના ભાગીદાર કરે છે (૨જો પી. ૧:૩-૧૧).

ખ્રિસ્તના મૂલ્યવાન લોહીથી શુદ્ધ કરાઈને જેઓ પવિત્ર આત્માથી મુદ્રિત થયા છે, તેઓ એ જ પવિત્ર આત્માના યોગથી પરમસ્વરૂપમાં બદલાતા જાય છે. પવિત્ર આત્માના પ્રતાપ તળે પસાર થતું તેઓનું પવિત્ર અને શાંતિભર્યું જયવાન જીવન જોઈને તારણ શોધનારા તેમના એ જયાનંદનું રહસ્ય શોધે છે. એમ તેઓ પ્રેરાય અને પ્રભુની ગમ ખેંચાય એવી પ્રભુ આશા રાખે છે. એ માટે તે ઈચ્છે છે કે હરેક વિશ્વાસીના મુખમાંથી કંઈ મલીન વાત નહિ, પણ ખ્રિસ્તની કૃપાની સાક્ષી જ નીકળે, કે જેથી તેના સાંભળનારાઓ પણ તે જ કૃપાના ભાગિયા થાય (એફે. ૪:૨૮).

પવિત્ર આત્માથી મુદ્રિત થએલું માણસ પોતાને અર્થે જીવી શકતું નથી. કેમ કે તેનાં આત્મા, પ્રાણ અને શરીરનો માલિક તેને ખંડી લેનાર છે. તેનું પોતાનું સ્વામીત્વ ગયું છે અને એ તો અદ્વિતીય આશીર્વાદ છે, કેમ કે હરેક માણસ પોતામાં અબળ અને ભ્રષ્ટ છે (ઉત. ૮:૨૧). એટલે તેનું સ્વામીત્વ અબળતા, ભ્રષ્ટતા કે પાપ છે, કે જે તેને અનંત નાશમાં દોરી જાય છે. પ્રભુની સ્તુતિ થાઓ કે જીવનના આત્માએ મને પાપના તથા મોતના બંધનથી છૂટો કરીને કૃપાના આત્માના રક્ષણ તળે રહેવા તથા તેથી ભરપૂર થઈ વિજયી જીવન ગાળવા સારુ મુદ્રાંકિત કર્યો છે. આખું જગત ભૂંડાની સત્તા તળે રહે છે, પણ જે દેવથી જન્મેલો છે, તે પવિત્ર આત્માની કૃપા તળે રહે છે, અને ભૂંડો તેને સ્પર્શ કરી શકતો નથી (૧લો યોહા. ૫:૧૮,૧૯). કેવો અજબ ઉદ્ધાર!

## પ્રકરણ ૪

# તેલની ઉપમા - અભિષેક

**"અને દેવે મૂસાને કહ્યું, કે તું પવિત્ર અભિષેકનું તેલ બનાવ અને એ તેલથી તું હારૂનને તથા તેના પુત્રોને અભિષિક્ત કરીને તેમને પવિત્ર કર, કે તેઓ મારી આગળ યાજકપદ બજાવે... ને પેટી દરપેટી આ તેલ મારે સારુ અભિષેકનું તેલ થાય (નિર્ગ. ૩૦:૨૫,૩૦).**

**જે પવિત્ર છે તેનાથી તમે અભિષેક પામ્યા છો, અને જે અભિષેક તેલ તેનાથી પામ્યા તે તમારામાં રહે છે ... ને તમને સર્વ સંબંધી શિખવે છે (૧લો યોહા. ૨:૨૦,૨૭).**

**ઈસુ નાઝારી જેને દેવે પવિત્ર આત્માથી તથા સામર્થ્યથી અભિષેક કર્યો, તે ભલું કરતો તથા શેતાનથી પીડાતાંઓને સાજાં કરતો ફર્યો"(પ્રે.કૃ. ૧૦:૩૮).**

આ કલમો પરથી આપણે સહજ સમજી શકીએ છીએ, કે જેમ દેવે પ્રભુ ઈસુને અને શિષ્યોને તથા અનેક સંતોને સેવાને સારુ પવિત્ર આત્માથી અભિષિક્ત કર્યા, તેમ જૂના કરારના જમાનામાં જ્યારે પવિત્ર આત્મા માણસજાતમાં વાસો કરીને રહી શકે એવો સંભવ નહોતો, ત્યારે દેવે તેમને ખાસ તેલથી અભિષેક કરવાનું ફરમાવ્યું હતું. એથી તેઓ પવિત્ર ગણાતા અને એવા પવિત્ર કરાએલા અભિષિક્તો ઉપર પ્રસંગોનુસાર દેવ પવિત્ર આત્મા મોકલતો અને ઇચ્છિત સેવા કરાવતો. એ પરથી સહજ સમજી શકાય છે, કે અભિષેકનું તેલ તે પવિત્ર આત્માની ઉપમા છે.

### ૧. જૂના કરારનો તૈલાભિષેક.

બિન્યામીને શાઉલને રાજા થવા સારુ તેલથી અભિષિક્ત કર્યો, એ પછી તેના પર દેવનો આત્મા પરાક્રમસહિત આવ્યો (૧લો શમૂ. ૧૦:૧, ૧૦). એવી

રીતે દાઉદનો તૈલાભિષેક થયા પછી તેના પર પણ દેવનો આત્મા પરાક્રમ સહિત રહેવા લાગ્યો (૧લો શમ. ૧૬:૧૩).

જેમ યાજકોનો અને રાજાઓનો, તેમ જ પ્રબોધકોનો પણ તૈલાભિષેક થતો (૧ રા. ૧૯:૧૬). એટલું જ નહિ પણ માંદાઓનેયે સાજાપણું આપવા સારુ તેલથી અભિષિક્ત કરવામાં આવતાં હતાં (માર્ક ૬:૧૩, યા. ૫:૧૪). જૂના કરારમાં તેલના અભિષેકથી જેમ પવિત્ર આત્માનો ખ્યાલ અપાતો, તેમ નવા કરારમાં પણ તેલના અભિષેકને પવિત્ર આત્માનું સ્થાન અપાયું છે. પરંતુ આવો તૈલાભિષેક મોટે ભાગે માંદગીના સંજોગોમાં જ થતો એવું ઇતિહાસ પરથી જોઈ શકાય છે. સુવાર્તાની સેવાને સારુ તે ખુદ પવિત્ર આત્મા જ વિશ્વાસીઓને અભિષિક્ત કરે છે.

તેલના અભિષેક સંબંધી વળી આ પણ એક વાત ધ્યાનમાં રાખવી જોઈએ, કે જેમ અર્પણો એ પ્રભુ ઈસુના બલિદાનની ઉપમારૂપ હતાં, તેમ તેલ પણ પવિત્ર આત્માને ઠેકાણે ઉપમારૂપ હતું. ખ્રિસ્તના બલિદાન પછી જેમ ઉપમારૂપ અર્પણોની જરૂર રહેતી નથી, તેમ પવિત્ર આત્માના ઊતર્યા પછી તેલની પણ આવશ્યક્તા નથી; તેમ છતાં બાપ્તિસ્મા, પ્રભુભોજન વગેરે ક્રિયાઓ તારણદર્શક ઉપમામાં ચાલુ છે, તેમ તૈલાભિષેક પણ એની એ જ ઉપમાએ નવા કરારમાં ચાલુ રહેલો દેખાય છે.

તેલના અભિષેક સાથે એક બીજી વસ્તુ પણ અભિષેક કાર્યમાં વપરાતી હતી એવું લેવીય ૮:૩૦માં આપણે વાંચીએ છીએ, એ તો પ્રાયશ્ચિત્તનું લોહી છે. આ પ્રકરણમાં એ વિષે સવિસ્તાર કહેવાય તેમ નથી, તો પણ એટલું તો કહેવું જ જોઈએ, કે પ્રાયશ્ચિત્ત વિના તેલના અભિષેકને સ્થાન નથી. ખ્રિસ્તના પ્રાયશ્ચિત્તને પરિણામે જ પૃથ્વી પર વિશ્વાસ કરનારાઓમાં વાસો કરવા સારુ પવિત્ર આત્માનું દાન મળેલું છે. હા, ખ્રિસ્તના અર્પણે જ અધમ અને અબળ પાત્રોએ પણ શુદ્ધ થઈને પવિત્ર આત્માથી અભિષિક્ત થવાનો લાગ આપેલો છે (હેબ્રી. ૧૦:૨૦).

## ૨. અભિષેકનું રહસ્ય.

આપણે જાણીએ છીએ કે સિનાય પર્વત આગળ નિયમશાસ્ત્રનાં સૂત્રો અપાયાં, અને ત્યાર પછી અભિષેકનો વિધિ અમલમાં મૂકાયો. પણ તે પહેલાં મિસરમાં સેવા કરવા સારુ મૂસાની સાથે હારૂનને દેવે નીમ્યો હતો અને તેની મારફતે ચમત્કારિક કૃત્યો કરાવ્યાં હતાં. હારૂનના પુત્રો પણ ભજનસેવામાં ફાળો આપતા હતા. તેમ છતાં હારૂનને અને તેના પુત્રોને અભિષિક્ત કરવાની આજ્ઞા દેવ મૂસાને આપે છે એમાં અવશ્ય અર્થ તો હોવો જોઈએ.

આ વાત તો પ્રભુ ઈસુએ શિષ્યો ઠરાવ્યા તેના જેવી છે. તેણે બારને ઠરાવ્યા

કે તેઓ તેની સાથે રહે, અધિકાર પામીને ભૂતોને કાઢે, સેવા કાર્યો કરે અને સુવાર્તા પ્રગટ કરે. એ પછી બીજા ૭૦ને પણ ઠરાવેલા. તે બધા સંતોષકારક સેવા બજાવી આનંદભેર પાછા આવેલા. તારણના સાક્ષી થવા સારુ જીવનભરને માટે પ્રભુએ તેમને તેડું આપેલું, પણ પ્રભુ ઈસુના મરણ પછી બન્યું શું? ભારે નિરાશા સહિત સૌ પોતપોતાને કામે વેરાઈ ગયા! એનો અર્થ એટલો જ કે સોંપેલી સેવાની જવાબદારી તેઓથી સમજાઈ નહોતી, કે એ સેવાને સારુ તેઓએ પોતાનું જીવન અર્પ્યું નહોતું.

જ્યાં સુધી જવાબદારીનું ભાન માણસના સ્વભાવ સાથે જડાય નહિ, ત્યાં સુધી દેવ તેને સ્વતંત્ર જવાબદારી સોંપતો નથી, અને આવો સ્વભાવ પવિત્ર આત્માની સહાય સિવાય સંભવતો પણ નથી. પણ ઈશ્વર તો માણસને સ્વતંત્ર જવાબદારી સોંપવા ઈચ્છે છે, માટે તેણે તેને પવિત્ર આત્મા આપવો જ જોઈએ. સમય આવે આ સંજોગ પ્રભુ મેળવશે એની ખાતરીનો ઉપમારૂપ પાયો તે આ તૈલાભિષેક છે.

દેવે મૂસાને કહ્યું કે તું હારૂન તથા તેના પુત્રોને યાજક તરીકે અભિષિક્ત કર, કે તેઓ કાયમને સારુ મંડપના સેવકો બને અને મધ્યસ્થીની સેવા સિવાય બીજી કોઈ બાબતમાં ચિત્ત પરોવી પોતાને વટાળે નહિ, તેઓ પોતાનાં શરીરોનું જીવતું, પવિત્ર તથા દેવને પસંદ પડે એવું અર્પણ (Consecration) કરીને મારી સમક્ષતામાં રહે અને મારી પાસેથી સંદેશો મેળવીને લોકને કહે, કે 'યહોવાને સારુ પવિત્ર' હોઈને તેઓ અલાયદા રખાય અને લોકના હકમાં આશીર્વાદનું મૂળ થાય. પવિત્રાઈનો અર્થ સમજવા અને સમજાવવા સારુ તથા દેવ તેની મારફતે કેવું અજાયબ કામ કરી શકે છે તે દર્શાવવા સારુ અભિષેકનું તેલ પવિત્ર આત્માની ઉપમા છે.

અભિષિક્ત કરાએલાં મંદિરનાં પાત્રોમાં દારૂ પીને બેલ્શાસ્સાર રાજાએ પોતા પર કેવી આફત વહોરી અને અભિષિક્ત થએલા દાઉદે શાઉલ કે ઈસ્રાએલ પરની આફત કેવી ટાળી, એ વિચારવાથી અભિષેકનું રહસ્ય સમજાશે.

અભિષેક પામ્યા વગરના શિષ્યો સુવાર્તાની સેવા પડી મૂકીને માછલાં પકડવા ગયા, પણ એ જ શિષ્યો અભિષેક પામ્યા પછી બોલ્યા, કે દેવની વાત પ્રગટ કરવાનું પડતું મૂકીને અમે વ્યવહારની વાતોમાં પડવાના નથી. પ્રભુ ઈસુને પીડતા પાઉલે આંખો ઉઘડતાં કહ્યું કે વધસ્તંભે જડાએલા ઈસુ વિના હવે હું તો બીજું કશું જ સમજતો નથી, જે સેવાને સારુ તેણે મારો અભિષેક કર્યો છે તે કરવામાં જ હું તો ખર્ચીશ અને ખર્ચાઈ જઈશ!

### ૩. દેવની નજરમાં અભિષિક્તની કિંમત.

દેવ કહે છે કે જે કોઈ મારા પસંદ કરેલાને અડકશે તે તેની આંખની કીકીને અડક્યો સમજો (ઝખા. ૨:૮). આંખની કીકીને પેઠે દેવ પોતાનાં નિવડેલાંનું રક્ષણ કરે છે (પુ. ૩૨:૧૦), અને ચિંતા રાખે છે. સેવા કરનાર માણસ નહિ હોય તો કાગડાની મારફતે પણ તેઓને ખોરાક પૂરો પાડે છે ને દૂતોને મોકલીને સેવા કરાવડાવે છે (૧લો રા. ૧૭:૬, ૧૯:૫). દ્વેષકોની ધારણા અજબ રીતે ઉથલાવી નાખે છે, સિંહોનાં મોં બંધ કરે છે, બંદીખાનાં ખોલી દે છે (દા. ૬:૨૨, પ્રે.કૃ. ૧૨:૧૧, ૧૬:૨૬). અભિષિક્તની કિંમત્ એટલે પોતાના આત્માની જ કિંમત.

અભિષિક્ત તથા તેના સંતાનની ઉપર દેવની મહેરબાની રહે છે (૨જો શમૂ. ૨૨:૫૧). તે પોતાના અભિષિક્તને તારે છે. પોતાના જમણા હાથની તારકશક્તિથી તે સેવાને ઉત્તર આપશે (ગી. શા. ૨૦:૬). તેને પોતાની યોજનામાં સેવાનો ફાળો આપી ભાગ્યશાળી બનાવે છે અને તેની સેવાથી લોકને ક્ષમા આપે છે.

દેવે મરિયમ તથા હારૂનને ઠપકો દેતાં કહ્યું કે તમે મારા સેવકની વિરૂદ્ધ બોલતાં કેમ બીધાં? (ગ. ૧૨:૮). અને મરિયમને તરત કોઢ ફૂટી નીકળ્યો. ગણ. ૧૬મો અધ્યાય તો જુઓ. યહોવાના અભિષિક્તોની વિરુદ્ધ કચકચ કરનારાઓને તેઓના સર્વસ્વ સુદ્ધાં ભૂમિ ફાટીને તેઓને જીવતા સ્વાહા કરી ગઈ! હજારોને મરકીથી માર્યા! પ્રભુ કહે છે હું તેઓને કુંભારના હાંલ્લાંની પેઠે ફોડી નાખીશ (ગી. શા. ૨).

એથી જ દાઉદે યહોવાના અભિષિક્ત (દિક્ષિત)ની વિરુદ્ધ પોતાનો હાથ ઉઠાવ્યો નહિ. તેણે કહ્યું, યહોવા તેનો ન્યાય કરો, પણ મારો હાથ તેની વિરુદ્ધ ન આવે (૧લો શ. ૨૬:૧૧) શાઉલને મારીને વધામણી લાવનારને તેણે ઠાર કરતાં કહ્યું, તું યહોવાના અભિષિક્તની વિરુદ્ધ હાથ લંબાવતાં કેમ ન બીધો? (૨જો શ. ૫:૧૪).

યહોવાના અભિષિક્તને શાપ દેનાર નિશ્ચે માર્યો જાય (૨જો શ. ૧૯:૨૧). તારા લોકના અધિકારીની તું નિંદા ન કર (નિર્ગ. ૨૨:૨૮).

### ૪. અભિષેકનું કામ અથવા અભિષિક્તના હક અને અધિકાર.

આપણી કલમો એ બાબતે આપણને ચાર વાતો બતાવે છે. (૧) તે તમારામાં રહે છે. (૨) તમને શીખવે છે. (૩) તમને સામર્થ્ય આપે છે. (૪) તે સેવા કરાવે છે.

(૧) **અભિષેક તમારામાં રહે છે.** અભિષેકમાં વપરાવા ઉપરાંત તેલનો બીજો ઉપયોગ પણ હતો. અભિષેકનું તેલ માણસની ઉપર લગાડાતું, પણ એ જ તેલને એક દૃશ્ય પરિણામદર્શક ઉપયોગમાં પણ લેવાતું. તે

બત્તીમાં પૂરવામાં આવતું કે જેથી તે અંધારામાં પ્રકાશ આપે. જૂના કરારની મંડળીમાં પવિત્ર આત્માનો વાસો નહોતો. પ્રકાશને (પવિત્ર આત્માને) પ્રવેશ કરવા સારુ એ મંડપમાં બારી જ ન હતી. તેવે વખતે યાજકોના ઓરડામાં બત્તી અખંડ બળતી રખાતી (નિર્ગ. ૨૭:૨૦).

નવા કરારના જમાનામાં દેવના મહિમાના જ્ઞાનનો પ્રકાશ આપવા સારુ તે આપણાં હૃદયોમાં પ્રકાશ્યો છે (૨જો કો. ૪:૬). શાસ્ત્રની વાત અંધારામાં દીવાની જેમ પ્રકાશ આપનારી છે અને તે તો પવિત્ર આત્માની પ્રેરણા છે (૨જો પી. ૧:૧૯-૨૧). એ માટે બત્તીમાં તેલ ભરીને તમારા દીવા સળગતા રાખો (લૂક. ૧૨:૩૫). જગતમાં જ્યોતિઓ જેવા દેખાઓ (ફિલિ. ૨:૧૫), અને તમારું અજવાળું પ્રકાશવા દો (માથ્થી. ૫:૧૪-૧૬).

(૨) **તે તેમને શિખવશે.** મારે તમને ઘણી વાતો કહેવાની છે, પણ હાલ તમે તે સમજી શકો એમ નથી. પણ પવિત્ર આત્મા આવશે ત્યારે તે તમને બધું શિખવશે (યો. ૧૬:૧૨).

જગતના જ્ઞાનીઓની આંખો ઉઘાડવા સારુ દેવે તમ અજ્ઞાનીઓને પસંદ નથી કર્યા શું? (૧લો કો. ૧:૨૭). પીતરે અને યોહાને વિદ્વાનોની દૃષ્ટિએ અભણ અને અજ્ઞાની છતાં દેવના મર્મથી અધિકારીઓને આંજી નાખ્યા (પ્રે. કૃ. ૪:૧૩). પ્રભુ એ જ આપણી પાસે કરાવવા માગે છે.

(૩) **સામર્થ્ય આપે છે.** આ બાબતે આપણને કશા બારીક પૂરાવાની જરુર નથી. પવિત્ર આત્માના અભિષિક્ત સંતોએ જગતને ઉથલપાથલ કરી નાખેલું તેના પૂરાવાથી ઈતિહાસ ઊભરાઈ રહ્યો છે. આપણે પણ અભિષિક્ત તો છીએ, પણ આપણું સામર્થ્ય કેટલું છે? પરીક્ષણની સામે અને વિરોધભાવની સામે આપણા સત્યનો પ્રભાવ કેવો પડે છે, એ આપણે પોતે જ વિચારવું રહ્યું.

(૪) **તે સેવા કરાવે છે.** કલાકોની ગણતરીથી નહિ પણ સેવાની જરૂરિયાત પ્રમાણે અભિષિક્ત દોરાય છે. કામદારો હોવાથી નહિ, પણ પ્રભુનો હોવાથી તે સેવામાં મચ્યો રહે છે. અભિષેક કરનારો આત્મા વિશ્વાસીને નિષ્ફળ કે આળસુ થવા — રહેવા દેતો નથી. તેના સર્વ દીકરાને સારુ તેની દ્રાક્ષાવાડીમાં પુષ્કળ કામ છે. જ્ઞાનવિજ્ઞાન કે હુન્નરઉદ્યોગનું જે તાલંત માણસને અપાયું છે, તેજ તાલંત સેવાનું સાધન અને સ્થાન છે. ત્યાંથી અજવાળું પ્રકાશે એમ પ્રભુ ચાહે છે. તમામ ખ્રિસ્તીઓ વ્યાવહારિક

કામો છોડી દઈને અલાયદા થએલા સેવકની પેઠે બહાર પડે એવું પ્રભુ માગતો નથી. પ્રભુ તો એ માગે છે કે તમારું અજવાળું પ્રકાશવા દો, એટલે કે તમારી રૂડી કરણીઓથી તમારા ઉદ્ધારનો પૂરાવો આપો.

## ૫. જીવનમાં તેલનું સ્થાન.

તેલ વગર તેઓની મશાલો હોલવાઈ ગઈ અને સદા બહાર રહી (માથ્થી. ૨૫:૮-૧૩). જો માણસ પાણીથી અને આત્માથી જન્મે નહિ, તો આકાશના રાજ્યમાં નહિ જ પેસશે (યો. ૩:૫). પસ્તાવો કરો અને ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરી તેના નામમાં બાપ્તિસ્મા પામો અને તમે પણ પવિત્ર આત્માનું દાન પામશો (પ્રે. ૨:૩૭). તેઓએ વિશ્વાસ કર્યો અને બાપ્તિસ્મા લીધું અને પવિત્ર આત્મા તેઓ પર ઊતર્યો (પ્રે. ૧૯:૫,૬). કોઈ માંદો હોય તો તેને માથે તેલ ચોળીને પ્રાર્થના કરવી અને વિશ્વાસની પ્રાર્થના માંદાને બચાવશે (યા. ૫:૧૪,૧૫). જેને દેવનો આત્મા નથી તે ખ્રિસ્તનો નથી (રૂમી. ૮:૯).

ખોળિયામાં જે સ્થાન જીવનું છે, તે સ્થાન આપણા આત્મામાં પવિત્ર આત્માનું છે. એક જુદી કોમ ગણાવા સારુ દેવે આપણને અભિષિક્ત - અલાયદા કર્યા નથી, પરંતુ તેની સંગતમાં રહેવાની યોગ્યતા મેળવવા માટે અભિષિક્ત કર્યા છે. તમારા દીવા સળગતા રાખો અને તમારી કુપીમાં તેલ રાખો.

પ્રકરણ ૫

# બ્યાનું

**"તેણે અમારા પર મુદ્રા કરી છે અને અમારા હૃદયમાં આત્માનું બ્યાનું આપ્યું છે. જેણે અમને એને અર્થે તૈયાર કર્યા તે દેવ છે. તેણે અમને આત્માનું બ્યાનું આપ્યું છે (૨જો કો. ૧:૨૨, ૨જો કો. ૫:૪)."**

પવિત્ર આત્મા તો ખરીદાએલાઓના ઉદ્ધાર સંબંધી પ્રભુના મહિમાને અર્થે આપણા વારસાનું બ્યાનું છે (એફે. ૧:૧૪).

## ૧. વ્યવહારમાં બ્યાનાનો ઉપયોગ - બ્યાનાની વાત.

વ્યવહારમાં એટલી બધી પ્રચલિત છે કે ભાગ્યે જ કોઈ એ વિષે અજાણ્યું હોય. વિશ્વાસીઓને આશીર્વાદો મળનાર છે, એ બાબતની ખાતરી ઉપજાવવા સારુ વ્યવહારના બ્યાનાની પેઠે આ કરારમાં પવિત્ર આત્મા બ્યાના દાખલ આપવામાં આવ્યો છે.

ખરીદ વેચાણનો જે સોદો તત્કાળ પતી જવાનો ન હોય, તેના સાટા વખતે લેનાર દેનાર વચ્ચે કોલકરાર થાય છે, એ કોલકરાર બેઉ પક્ષોને બંધનકારક છે. તેમ છતાંયે એ કોલકરારને વધારે પાકું સ્વરૂપ આપવા તેની ખાતરી અને સત્યતાના પુરાવા બદલ બ્યાનું અપાય છે. એ બતાવે છે કે કોલકરાર બેઉને બંધનકારક છે. એ કોલકરારની સત્યતાનો પુરાવો છે અને લેવડદેવડની ખાતરી છે.

આપણી બાબતમાં વાત કરીએ, તો દેવે આપણને મહિમાવાન કરવા સારુ ખરીદ્યા છે. એ મહિમા આપણને કેટલો અને કેવો મળશે તેનો ખ્યાલ કરાવીને આપણામાં ખાતરી ઉપજાવવા સારુ હાલ આપણને પવિત્ર આત્મા આપવામાં આવ્યો છે. એ આત્મા આપણામાં રહીને આપણને મળનાર આશીર્વાદોની આ જીવનમાં જ ઝાંખી કરાવે છે. એટલું જ નહિ પણ મળનારો અવર્ણનીય વારસો ભોગવવા જેટલી આપણામાં લાયકાત ઉત્પન્ન કરે છે. આપણને પરિપૂર્ણ કરવા અપાએલા આ પવિત્ર આત્માના દાનને પાઉલ બ્યાના જેવો લખે છે.

**૨. બ્યાનું એ મળનાર મિલકત પેટે કેવળ જૂજ કે પ્રાથમિક ફાળો છે.**

આનો અર્થ એવો નથી કે પવિત્ર આત્મા કંઈ ચીજ છે અને તેનો અમુક હિસ્સો અત્યારે આપી મૂકવામાં આવે છે. પવિત્ર આત્મા તો એક વ્યક્તિ છે અને એ આખી વ્યક્તિ જ આપણાં સંસ્થાપન અને પરિપૂર્ણતાને અર્થે આપણી સેવામાં સોંપાઈ છે, જો એમ હોય તો પછી તે બ્યાનું કેમ કહેવાય?

એનો અર્થ કેવળ એટલો જ છે, કે આપણને મળનારા વારસાને માટે આપણને યોગ્ય કરવા સારુ એક પ્રાથમિક પગથીઆ તરીકે દેવે આપણને પવિત્ર આત્મા મદદરૂપ આપ્યો છે. આ આત્મા આપણામાં દેવની પ્રતિમા ઉત્પન્ન કરે છે, એટલું જ નહિ પણ અનંતજીવનનો પાયો નાખી સ્વર્ગી આનંદની આપણા હૃદયમાં ખાતરી ઉપજાવે છે અને એ ખાતરીનો આનંદ આપણને આસ્થાવાન અને ઉત્સાહી કે વિશ્વાસુ અને જાગૃત રાખે છે. તેના આવા પ્રાથમિક કૃત્યને લીધે તેને બ્યાનું કહેવામાં આવે છે.

આ આત્માના પ્રતાપે આપણે દેવની સંગત અનુભવી શકીએ છીએ, એટલું જ નહિ પણ દૈવી કામો પણ કરી શકીએ છીએ, કે જેથી આપણે દેવના પુત્ર છીએ અને તેથી તેના વારસ પણ છીએ એવું આપણને સ્પષ્ટ ભાન રહે છે. વળી સંકટમાં પણ આનંદ માનીને જયવાન જીવન ગુજારી શકીએ છીએ, એ તો અનંતજીવનની ઉઘાડી સાબિતી અને વારસાનો એક ભાગ છે.

બીજા શબ્દોમાં કહીએ તો પવિત્ર આત્માને આપણી આધીનતાના પ્રમાણમાં જે સામર્થ્ય અને ફળ આપણે ભોગવી છીએ, તે હાલ એટલું તો થોડું છે કે જેને આપણે બ્યાના તરીકે લેખી શકીએ. સુવાર્તાની સેવામાં અને જીંદગીના વ્યવસાયમાં વિજય મેળવવાને જેટલું અગત્યનું છે તેટલું જ તે હાલ પવિત્ર આત્માની મારફતે આપણને આપે છે. એમ આ કાળમાં અનંતજીવનનું બીજ વાવવામાં આવે છે, ને અહીં કેવળ તેની કુમળી ફૂટ જ દેખાય છે. પ્રભુના પૂર્ણ રાજ્યમાં તે પ્રફુલ્લિત ફળવાન વૃક્ષ સમું હશે. એ જોતાં હાલનું ગૌરવ તે કેવળ બ્યાનું જ લેખાય.

કોઈ કહેશે કે ત્યારે મળનારો સંપૂર્ણ ગૌરવ અહીં કેમ અપાતો નથી?

એનો જવાબ કેવળ એટલો જ છે, કે એ અખૂટ ગૌરવ સંઘરવાને આ મર્ત્ય શરીર કે માટીનું પાત્ર યોગ્ય નથી, જેમ સૂર્યની સામે આ દૈહિક આંખોથી મીટ માંડી શકાતી નથી, તેમ જ એ ગૌરવને પણ આ દેહ ખમી શક્તો નથી. દેવનું ગૌરવ જોવાને તલપતા મૂસાને કહેવામાં આવેલું, કે મારું મુખ જોઈને તું જીવતો રહી શકે નહિ (નિર્ગ. ૩૩:૨૦). અરે, દેવની સંગતથી પ્રકાશિત થએલા મૂસાના ચહેરા સામે જ ઈસ્રાએલીઓ જોઈ શકેલા નહિ અને તેથી તેને મુખ પર પડદો

નાખવો પડેલો, તો પછી પવિત્ર આત્માના સંપૂર્ણ ગૌરવની તો વાત શી કરવી! દેવના સાદા પ્રકટીકરણથી પણ લોક મરણતોલ થઈ જતા હોય તો પછી તેનો પૂર્ણ પ્રતાપી અનુભવ આ મર્ત્ય શરીરને માટે કેવો આકરો કહેવાય!

પણ જુઓ, પવિત્ર આત્માની મારફતે આપેલું છે તેટલું જ ગૌરવ આપણાથી ભોગવાતું કે પમાતું નથી, તો પછી વધારાની વાતનો તો અર્થ જ શો? આપણે કલ્પી શકીએ તે કરતાંયે વિશેષ અધિક આપણને અપાયું છે, તેમ છતાં ભોગવી શકીએ તેટલુંયે ભોગવવાની આપણને જિજ્ઞાસા નથી, એ કેવી અબળતા કહેવાય! દેવ પ્રત્યેક વિશ્વાસ કરનારને ઉપરના પરાક્રમથી વેષ્ટિત રાખવા ચાહે છે. હા, એમ કરવા આત્મા આતુરતાથી રાહ જુએ છે, પણ તેની પ્રેરણા ઝીલે છે કેટલા?

## ૩. બ્યાનાથી આપણને દેવના ઘરનાં છોકરાં હોવાની ખાતરી અપાઈ છે.

પવિત્ર આત્મા આપણને સાક્ષી આપે છે, કે આપણે દેવનાં છોકરાં છીએ (રૂમી. ૮:૧૬). વળી તે એટલે સુધી કહે છે કે તમે ભવિષ્યવાદીઓના તથા પ્રેરિતોના પાયા પર બંધાએલા છો અને દેવના ઘરના થયા છો. એટલું જ નહિ પણ દેવના એ રહેઠાણમાં તમે પણ આત્માએ કરીને બંધાએલા છો (એફે. ૨:૧૯-૨૨).

આવી ખાતરીથી જ આપણે ઈશ્વરને પિતા કહીને હાંક મારીએ છીએ અને પ્રાર્થીએ છીએ. મૂસા એવો મહાન છતાં દેવના ઘરમાં કેવળ સેવક હતો. સ્ત્રીઓથી જન્મેલામાં યોહાન બાપ્તિસ્મા કરનાર કરતાં કોઈ મોટો જનમ્યો નથી, છતાં વિશ્વાસીઓમાંનો જે સહુથી નાનો તે પણ યોહાન કરતાં મોટો છે (મા. ૧૧:૧૧).

## ૪. બ્યાનું આપણા વારસાની ખાતરી છે.

પવિત્ર આત્મા કહે છે કે દેવનાં છોકરાં હોવાથી વિશ્વાસીઓ દેવની સંપતનાં વારસ પણ છે (રૂમી. ૮:૧૭). જેમ દુનિયા પરના વ્યાવહારિક બ્યાનાથી માણસને ખરીદેલી મિલકતનો કબજો પામવાની ખાતરી છે, તેમ પવિત્ર આત્મા પામ્યાથી વિશ્વાસીઓને દેવના ઘરમાં તેની સંપતનો સંપૂર્ણ વારસો પામવાની પણ ખાતરી છે. એ વારસાનો હિસ્સો (જો માણસ ઈચ્છે તો) આ દુનિયામાંથી જ ભોગવવાનું શરૂ થઈ જાય છે. વચનો જુઓ. વિશ્વાસ કરનારાઓ કેવાં ચમત્કારિક કામો કરશે તેની નોંધ જે માર્ક ૧૬:૧૭,૧૮માં છે તે પર જો વિચાર ન ઠરે તો, યો. ૧૪:૧૨ તો જુઓ. પ્રભુ ઈસુ કહે છે કે હું તમને ખચીત ખચીત કહું છું, કે જે કામો હું કરું છું તે જ કામો મારા પર વિશ્વાસ કરનારાઓ પણ કરશે. અરે, એ કરતાં પણ મોટાં કામ કરશે, કેમ કે હું બાપની પાસે જાઉં છું. મારે નામે તમે જે કંઈ માગશો તે હું તમને આપીશ, એ માટે કે એથી પિતાનો મહિમા થાય (યો. ૧૪:૧૩,૧૪).

શું વારસાની કંઈ હદ છે? આપણે આમાંનો કેટલો હક કે વારસો ભોગવીએ છીએ? તેમ છતાં આ તો કેવળ બ્યાના પૂરતી જ વાત છે! પાઉલ તો કહે છે કે દુનિયા પરની અમારી ગમે તેવી કપરી વિપત્તિ પણ અમને મળનારા વારસા સાથે સરખાવવા યોગ્ય નથી (૨જો કો. ૪:૧૪, ૫:૧-૫).

વારસાનો પ્રાથમિક હિસ્સો એ તો ખ્રિસ્તમાં વિશ્વાસીઓની પુનરૂત્પત્તિ છે (૨જો કો. ૫:૧૭). પવિત્ર આત્મા દ્વારા થતો વિશ્વાસીઓનો નવો જન્મ સ્વર્ગનું દ્વાર ખોલીને માણસને દેવના ઘરમાં દાખલ કરે છે. નવા દર્શનથી સ્વભાવનું નવું ઘડતર કરે છે. પવિત્ર આત્માએ ભરપૂર એવા સંતો સાથે આત્માના ઐક્યમાં સાથે બાંધે છે અને આકાશી રાજ્યની સત્યતાદર્શક કૃપાનાં ચમત્કારિક કામો કરી વિશ્વાસીઓના વિશ્વાસની વૃદ્ધિ અને દૃઢતા કરે છે.

## ૫. બ્યાનાના લોભ લેનાર આદર્શ મંડળી.

તેઓ પવિત્ર આત્માથી ભરપૂર થયા. એનું પરિણામ એ આવ્યું કે વિશ્વાસીઓનો સમુદાય એક જીવનનો અને એક મનનો થયો. તેઓ સર્વ એકચિત્તે પ્રાર્થનામાં અને એકબીજાની સંગતમાં લાગુ રહ્યા.

મિલકત ધારણ કરવાનો મોહ નાશ પામ્યો અને પાસેનું દ્રવ્ય ગરજવાનોની સેવામાં ખર્ચવા માંડ્યું. તેઓમાંના કોઈને કશાની અછત ન હતી.

તેઓને અધિકારીઓની મના અને સંપ્રયાદોનો વિરોધ, કેદ, માર અને ધમકીઓ છતાંયે તેઓએ નિત્ય મંદિરમાં અને ઘેરેઘેર ઈસુ તેજ ખ્રિસ્ત છે - તારનાર છે તે શિખવવાનું અને પ્રગટ કરવાનું છોડ્યું નહિ. ખ્રિસ્તને પ્રગટ કર્યાને કારણે ભારે સતાવણી થઈ અને ઘરગામ છોડીને નાસી જવું પડ્યું, તોયે જ્યાં ગયાં ત્યાં પ્રગટ કરવાનું છોડ્યું જ નહિ. તેઓએ લોકસેવાનાં અદ્‌ભુત અને ચમત્કારિક કાર્યો કરી સાબિત કરી આપ્યું, કે ખ્રિસ્ત પર વિશ્વાસ કરનારાં સૌ કોઈને પવિત્ર આત્માનાં એવાં કૃપાદાનો મળે છે.

તારણના આનંદમાં ઉપકારસ્તુતિ, પ્રભુ પ્રેમના પ્રદર્શનમાં કૃપાની સાક્ષી, વિશ્વાસની સાબિતીમાં સતાવણીમાંયે સ્થિરતા અને આશાના પૂરાવામાં સ્વાર્પણની સેવા એ તેઓના બ્યાનાના દૃશ્ય પૂરાવા હતા.

બ્યાનાનો ઉપયોગ નહિ કરનારને પ્રભુનો સંદેશો.

"તું નગ્ન, બેહાલ, દરિદ્રી, આંધળો તથા ક્લેષી છે. તારી લાજ ઢાંકવા મારી પાસેથી ઉજળાં વસ્ત્ર લે, ધનવાન થવા સારુ મારી પાસેથી પરખાએલું સોનું વેચાતું લે અને તારો અંધાપો દૂર કરવા સારુ મારી પાસેથી અંજન લે. આ સર્વ

મફત લે અને દરિદ્રી તથા ક્લેષી નહિ, પણ સુખી તથા આબાદ થા (પ્રકટી. ૩:૧૭-૧૯).

ઉડાઉ દીકરો સાવચેત થયો ત્યારે તેણે કહ્યું કે મારા બાપને ત્યાં કેટલા બધા મજૂરોને પુષ્કળ રોટલી મળે છે અને હું અહીં ભૂખે મરું છું. હું ઊઠીને મારા બાપની પાસે જઈશ... તે ગયો, તો જુઓ તેણે ધાર્યો કે કલ્પ્યો ન હતો એવો આવકાર, આશીર્વાદ અને વૈભવ તેને મળ્યો. અન્ન, વસ્ત્ર અને પુત્રપણાનો હક આનંદોત્સવ વચ્ચે આપવામાં આવ્યાં.

પવિત્ર આત્માના બ્યાનામાં અત્રે નવો જન્મ, પવિત્ર આત્માનાં કૃપાદાનો, દૈવી સ્વભાવ, દેવના કામનો કારભાર, પવિત્ર આત્માથી ઉત્પન્ન થતું જીવનફળ (ગલા. ૫:૨૨), અને અનંત જીવનમાં પ્રવેશ વગેરે મળે છે. જેઓને પવિત્ર આત્માનું આવું બ્યાનું મળ્યું છે, તેઓની દૃષ્ટિમાં જગતનું ભરપૂરીપણું અને ગૌરવ કશી વિસાતમાં નથી. પાપના સુખભોગ કરતાં દેવના લોકોની સાથે દુ:ખ સહેવું અને મિસરમાંના દ્રવ્ય કરતાં ખ્રિસ્તને લીધે આવી પડતી નિંદા એ ભારે સંપત છે એમ ગણવું, એ બ્યાનાથી પ્રાપ્ત થતો મહાન આશીર્વાદ છે (હેબ્રી. ૧૧:૨૪,૨૫). આ વારસાની આશા સેવનારાઓનો ઈતિહાસ તો જુઓ (હેબ્રી. ૧૧:૩૩-૪૦). તેઓને કહેવામાં આવે છે કે શાબાશ, તું તારા પ્રભુના આનંદમાં પેસ (મા. ૨૫:૩૦). મારા બાપના આશીર્વાદિતો, તમે આવો, અને જે રાજ્ય જગતનો પાયો નાખ્યાં અગાઉ તમારે સારુ તૈયાર કરેલું છે, તેનો વારસો લો (મા. ૨૫:૩૪). કેવું અહોભાગ્ય!

પ્રકરણ ૬

# અગ્નિની ઉપમા

**માત્થી ૩:૧૧ — તે પવિત્ર આત્માથી તથા અગ્નિથી તમારું બાપ્તિસ્મા કરશે.**

કોઈ ગ્રીક વિદ્વાનો આ ગ્રીક વાક્યમાં આત્મા અને અગ્નિ સાથે વપરાએલા 'en' પ્રત્યયનો અર્થ 'થી'ને બદલે 'માં' કરે છે, અને એમ વાંચે છે કે તે પવિત્ર આત્મામાં અને અગ્નિમાં તમારું બાપ્તિસ્મા કરશે. એટલે કે જેમ પાણીના બાપ્તિસ્મામાં પાણી માણસની માણસની સર્વ બાજુએ ફરી વળે છે, તેમ પવિત્ર આત્મામાં અને અગ્નિમાં પણ તમારાં સર્વાંગ ગરકાવ થશે.

વળી અગ્નિના અર્થ વિષે પણ ઝાઝી ચર્ચા છે. કોઈ સમજે છે કે એ તો દુઃખ કે સતાવણીની ઉપમા છે. કેટલાક તેને શુદ્ધ કરનારો પવિત્ર આત્મા સમજે છે. આપણે એટલું તો નક્કી જાણીએ છીએ, કે ખ્રિસ્તે આપણને દુઃખને સારુ તેડ્યા નથી, પણ સંપૂર્ણ સુખાનુભવને સારુ તેડ્યા છે. ખ્રિસ્તી જીવનમાં દુઃખની તો કશી વિસાત જ નથી (યો. ૧૫:૧૧, ૨જો કો. ૪:૧૭). તેમ છતાં અગ્નિનો અર્થ સમજવા આપણે પ્રયત્ન કરીશું.

### ૧. જૂના કરારમાં અગ્નિનું પ્રકટીકરણ.

ઉત્પત્તિના પુસ્તકમાં જે સૌથી પ્રથમ દૃશ્ય આપણી નજરે આવે છે તે તો અગ્નિનું છે. દેવે કહ્યું કે અજવાળું થાઓ અને અજવાળું થયું. અજવાળું એ તો અગ્નિનું એક પરિણામ છે. દેવ પોતે જ અજવાળું છે, એ જોતાં તો દેવનું સ્વરૂપ જ અગ્નિમય કહેવાય (હેબ્રી. ૧૨:૨૯). આ વાક્યો જોતાં દેવનું સ્વરૂપ અગ્નિ અને પ્રીતિ થયું. તો પ્રીતિ અને અગ્નિનો સંબંધ શો?

પ્રીતિ અને અગ્નિ એ તો એક જ ગુણમાં બે સ્વરૂપ છે. પ્રીતિ એ દેવનો સંયોજક ગુણ દર્શાવે છે અને અગ્નિ એ શુદ્ધતા અને શુદ્ધિકરણનો ગુણ દર્શાવે છે. દેવનાં સર્વ કામો પ્રીતિથી થાય છે અને તે કામોનું નિયમન પ્રીતિમાંના અગ્નિથી થાય છે. કાયદા, કાનૂન, કરાર, શિક્ષા, શુદ્ધિકરણ, વ્યવસ્થા ને કોપ કે શાસન જે

કહો તે સર્વ પ્રીતિમાંથી જ ઉદ્‌ભવે છે, પ્રીતિનું એ સ્વરૂપ અગ્નિથી બતાવવામાં આવ્યું છે. એથી જ એમ પણ બતાવવામાં આવ્યું છે, કે દેવ ખોઈ નાખનાર અગ્નિ છે (હેબ્રી. ૧૦:૨૯). એટલે દેવને શુદ્ધ અગ્નિની પણ ઉપમા આપવામાં આવી છે. અને અગ્નિસ્વરૂપે તે અનેકવાર પ્રગટ પણ થયો છે, કે તે પ્રકારે પોતાની પ્રસન્નતા દેખાડી છે. જુઓ ઈતિહાસ.

(a) અગ્નિરૂપી તરવાર દેવે એદન વાડીની પૂર્વગમ મૂકી (ઉત. ૩:૨૪).

(b) ધૂમાતી સગડી અને બળતી મશાલથી દેવે ઈબ્રાહીમ સાથે કરાર કર્યો (ઉત. ૧૫:૧૭).

(c) મૂસાને બળતા ઝાડવામાં અને બળતા પહાડમાં દેવે દર્શન દીધું (નિર્ગ. ૩:૨, ૧૯:૧૮).

(d) રાત્રે અગ્નિસ્તંભથી તેણે ઈસ્રાએલીઓને દોરી લીધા (નિર્ગ. ૧૩:૨૨).

(e) યશાયાને તેણે અગ્નિથી શુદ્ધ કર્યો (યશા. ૬:૬).

(f) અર્પણો ઉપર અગ્નિ મોકલીને દેવે પોતાની પ્રસન્નતા દાખવી (લેવી. ૯:૨૪, ૧લો રાજા. ૧૮:૩૮).

(g) દેવ ભસ્મ કરનાર અગ્નિ છે (પુન.૪:૨૪, હેબ. ૧૦:૨૯).

(h) દેવના અગ્નિએ ઊતરીને તેઓને ભસ્મ કર્યા (૨જો રા. ૧:૧૦).

(i) અગ્નિઘોડા અને અગ્નિરથથી એલિયા આકાશમાં લઈ જવાયો (૨જો રા. ૨:૧૧).

ઉપરની વાતો પરથી આપણે જોઈ શકીશું કે દેવનાં કાર્યો જેમ પ્રીતિથી યોજાય છે તેમ તે અગ્નિથી શાસિત પણ થાય છે. બલકે અગ્નિ એ પ્રીતિથી ઊલટો ગુણ નથી, પણ તેનું પ્રકટીકરણ છે. એટલે આપણા વાક્યોમાંનો અગ્નિ એ દુઃખ નહિ પણ દેવનો પવિત્ર આત્મા છે.

## ૨. અગ્નિપૂજામાં માણસે ખાધેલો ભૂલાવો.

અગ્નિની ઉપયોગિતા અને તેની મારફતે થતું દેવનું પ્રકીટકરણ જોઈને માણસોના તર્કવિતર્ક ભ્રાંતિરૂપ થયા, તેઓનાં નિર્બુદ્ધ મન અંધરાયાં અને તેમણે અગ્નિની તથા અનેક સૃષ્ટ પદાર્થોની સેવા શરૂ કરી (રૂમી. ૧:૨૧-૨૩). અગ્નિ એ દેવનું સ્વરૂપ છે એમ સમજીને મિસરીઓ, પારસીઓ, હિંદુઓ વગેરે અગ્નિપૂજા અને સૂર્યપૂજા કરતા આવ્યા છે. અરે, ઈશ્વરની સાચી ઓળખ છતાંયે યહૂદીઓએ એ જ પાપમાં પ્રવેશ કરીને માર ખાધો હતો! ઈશ્વરની સ્પષ્ટ આજ્ઞા હતી, કે ઊંચે આકાશમાંની કોઈ ચીજની કે કશા સૃષ્ટની પ્રતિમા કરીને તેની પૂજા ન કર (નિર્ગ.

૨૦:૪, લે. ૧૮:૨૧). ઈશ્વરને નામે પણ આવી પૂજાને ભયંકર પાપ ગણવામાં આવ્યું છે, ને તે કરનારાઓને શિક્ષા પણ થઈ છે (૨જો રાજા. ૧૬:૩).

### ૩. અગ્નિનું ખાસ કામ શુદ્ધિકરણ કરવાનું છે.

ભસ્મ કરવું કે શુદ્ધ કરવું અને પ્રકાશવું કે પ્રકાશિત કરવું એ અગ્નિનું ખાસ કામ છે. તેમ છતાં દેવે તેને માણસોની સેવામાં સ્થાપન કર્યો છે. સૃષ્ટિમાં તેની ઉપયોગિતા બહુ જ વિશાળ છે. વ્યવહારમાં કેટલાં બધાં કામોમાં માણસ માત્ર તેનો ઉપયોગ કરે છે! કેવાં મહાભારત કામો અગ્નિ કરી આપે છે! આપણે તેને સારુ ઈશ્વરનો ઉપકાર માનીએ છીએ શું? જગતમાંની મલીનતાને ભસ્મ કરીને વાતાવરણને શુદ્ધ કરનાર અગ્નિ છે.

અનુભવમાં આવતા દેખીતા અગ્નિની પેઠે જ અદૃશ્ય અગ્નિ માણસના હૃદયમાં રહેલી અદૃશ્ય મલીનતાને ભસ્મ કરીને હૃદયને શુદ્ધ કરી જીવતા દેવને ભજવા સારુ તથા તેની સન્નિધતામાં રહેવા સારુ તૈયાર કરે છે. કોઈપણ વસ્તુ શુદ્ધ કર્યા વિના પ્રકાશિત થતી જ નથી. એથી જ પવિત્ર આત્મા આપણાં હૃદયોમાં પણ પ્રકાશ્યો છે કે આપણે અજવાળારૂપ બનીએ.

આપણી સ્થિતિ એક કોયલાના જેવી છે. ગમે તેવા દ્રાવણે ધોવાથી એની કાળાશ જતી જ નથી. અગ્નિની પાસે રાખવાથી વખતે કોયલો ગરમ થાય ખરો, પણ તેની કાળાશ તો જાય જ નહિ કે તે પ્રકાશિત તો થાય જ નહિ. શુદ્ધતા માટેનો જગતનો કર્મમાર્ગ, ભક્તિમાર્ગ અને જ્ઞાનમાર્ગ એવા જ છે. આ ભયંકર પાપીષ્ટ સ્થિતિ દૂર કરવા સારુ પવિત્ર આત્માનો અગ્નિ આપણા કોયલા સમાન હૃદયમાં આવી વસે છે. એ અગ્નિના સ્પર્શથી કોયલાની કાળાશ જાય છે એટલું જ નહિ, પણ તે પ્રકાશિત અને ગરમ પણ થાય છે, તે પ્રકાશ આપે છે અને પથ્થરને પણ પીગળાવી દે છે! તેનું શુદ્ધ કરવાનું કામ અને બળ કેવું આકર્ષક અને આશીર્વાદિત છે!

### ૪. પાણીના શુદ્ધિકરણ અને અગ્નિના શુદ્ધિકરણમાં ભેદ.

આપણે બહુ સહેલાઈથી સમજી શકીએ છીએ, કે પાણીથી વસ્તુની બહારની સપાટી ચોખ્ખી થાય છે, પરંતુ વસ્તુની અંદરનો મેલ પાણીથી જતો નથી. ડોક્ટરો ઓપરેશનમાં વાપરવાનાં સાધનોને પાણીથી શુદ્ધ કર્યા પછી તેને અગ્નિનો પાસ આપે છે, ત્યારે જ તે પરિશુદ્ધ થાય છે. પાણીથી ધોવાયા છતાં પણ વિનાશક જંતુઓ વસ્તુઓને ચોંટી રહેલાં હોય છે, તેનો નાશ તો અગ્નિ જ કરે છે.

સોનામાં ભળેલો મેલ તો અગ્નિના પાસથી પણ જતો નથી. એને શુદ્ધ

કરવા સારુ તો અગ્નિને ભારે કામ કરવું પડે છે. ઘણી જ ગરમી આપીને તેના આખા ઘાટને ઓગાળી દેવો પડે છે. એથી એક નવો જ લોંદો તૈયાર થાય છે. મૂર્ખાઈ બાળકના હૃદય સાથે ગુંથાએલી હોય છે, તેને શિક્ષાની સોટી જ દૂર કરે છે (ની. વ. ૨૨:૧૫). સીમોન જાદુગર પાણીથી ધોવાયો હતો, પરંતુ અગ્નિથી તે શુદ્ધ કરાયો નહોતો, એથી તે જોખમમાં આવી પડેલો (પ્રે. ૮:૨૨) પાણીથી નાહીને શુદ્ધ થએલા યાજકોને તેઓના હૃદયની મલીનતાને લીધે દેવના અગ્નિએ ધસી આવીને તેઓને ભસ્મ કર્યા (લે. ૧૦:૨). પણ પાપના ભાનવાળા યાજકને અગ્નિએ શુદ્ધ કરીને ઉપયોગી બનાવ્યો (યશા. ૬:૬). આ પરથી આપણે જોઈ શકીશું કે પાપની મલીનતા ટાળવા સારુ અગ્નિની જરૂર પડે છે, પાણીથી તે ધોવાતી નથી. એથી જ પ્રભુ ઈસુએ નીકોદેમસને કહેલું કે જો માણસ પાણીથી તથા આત્માથી ન જન્મે, તો દેવના રાજ્યમાં તેનો હિસ્સો નથી.

**૫. અગ્નિના બાપ્તિસ્માની જરૂર.**

યોહાન બાપ્તિસ્મા કરનારે કહ્યું હતું કે હું તો પાણીથી તમારું બાપ્તિસ્મા કરું છું ખરો, પણ મારી પાછળ જે આવે છે, જેના ચંપલની વાધરી પણ છોડવાને હું લાયક નથી, તે તો પવિત્ર આત્માથી (પવનથી) તથા અગ્નિથી તમારું બાપ્તિસ્મા કરશે (મા. ૩:૧૧).

આ કલમમાં આપણને ત્રણ પ્રકારનાં બાપ્તિસ્માનો ઉલ્લેખ મળે છે. પાપની માફીને અર્થે પાણીનું બાપ્તિસ્મા (લૂક. ૩:૧૬), દેવના કુટુંબમાં જન્મ પામવાને માટે પવિત્ર આત્માનું (પવનનું) બાપ્તિસ્મા (૧લો યો. ૫:૧), અને સેવાને અર્થે શક્તિમાન કરવા સારુ અગ્નિનું બાપ્તિસ્મા (પ્રે. ૨:૩).

પાણીરૂપી કબરમાં માણસનું પાપ અને જૂનું માણસપણું દફનાવાય છે. એના એ દફન પછી તે નવા જીવનનું પુનરુત્થાન પામે છે એટલે પવિત્ર આત્મા તેના હૃદયમાં વાસો કરે છે કે તેને જન્માવે છે, અને એવા જન્મેલાને અગ્નિ શુદ્ધ અને આસ્થાવાન રાખતો રહે છે. નવો જન્મેલો દેવના રાજ્યમાં પૂર્ણ પુરુષત્વ પામેલો નથી (એફે. ૪:૧૩, ૧લો કો. ૨:૨). એને એવી શક્તિની જરૂર છે કે મલીન વિચારોને તે ભસ્મ કરી દઈ શકે, ને પાપ તેના પર રાજ કરી શકે નહિ. એવો ભસ્મકર્તા અગ્નિ પવિત્ર આત્મા છે. આ સ્થિતિ તો આપણી વૃદ્ધિમાં આત્માની ત્રીજી પાયરી કહેવાય. પહેલી પાયરીમાં પવિત્ર આત્માએ આપણને પાપની ખાતરી કરી આપી ખ્રિસ્તનો સ્વીકાર કરવાને પ્રેર્યા. બીજી પાયરીમાં રાજ્યમાં દાખલ કર્યા કે જન્માવ્યા ને ત્રીજીમાં અર્પિત, આસ્થાવાન ને પરાક્રમી સેવક રાખે છે.

યાદ રાખીએ કે પવિત્ર આત્મા વિશ્વાસીમાં એકાદી ખોડ કે ટેવ રહેવા દેતો

નથી, કે ચલાવી લેતો નથી. અગ્નિ તો સર્વાંગ શુદ્ધ કરે છે. જેઓ સેવામાં ઝબકી નીકળ્યા ને જેઓના વિશ્વાસે અગ્નિની જ્વાળાને પણ નિષ્ક્રિય બનાવી, તે તો આ અગ્નિના બાપ્તિસ્માનું પરિણામ હતું.

યાદ રાખો કે પવિત્ર આત્મા હોવો, પવિત્ર આત્માનું દાન હોવું અને પવિત્ર આત્માનું બાપ્તિસ્મા હોવું એ ત્રણે અલગ બાબતો છે. જે સક્રિય વિશ્વાસ કરે છે કે ઈસુ ખ્રિસ્ત મારો તારનાર છે તેનામાં પવિત્ર આત્મા વાસો કરે છે (૧લો કો. ૧૨:૩), એવા માણસને સેવાને અર્થે પવિત્ર આત્મા કંઈને કંઈ દાન આપે છે (૧લો કો. ૧૨:૪-૧૧), અને ખાસ સેવાને સારુ આજ્ઞાંકિત ને આસ્થાવાન સેવકોને પવિત્ર આત્મા સામર્થ્યથી ભરપૂર કરે છે. આ ભરપૂરી તે પવિત્ર આત્માનું બાપ્તિસ્મા કહેવાય છે. એને જ પવિત્ર અગ્નિ કહેવામાં આવે છે. એનાથી જ વ્યક્તિની, મંડળીની કે સમાજની શુદ્ધિ અને જાગૃતિ થાય છે.

જેઓએ વધસ્તંભની વેદી પર પોતાનું સ્વાર્પણ કર્યું છે, તેઓએ પોતાપણાનો હક ઉઠાવી લીધો છે. એ તો દહનિયાર્પણ થયા છે. દહનિયાર્પણના નિયમમાં (લે. ૧:૯) આપણે વાંચીએ છીએ કે મલીનતા સંઘરી રાખનાર આંતરડાંને અને જ્યાં ત્યાં દોડી જનારા પગોને દહન કર્યા પહેલાં ધોવામાં આવતા. એવી જ વાત આપણી પણ છે. પહેલાં ધોવાવું, પછી જનમવું ને પછી અર્પણ થવું. આ બાબતે શિષ્યોનો અનુભવ આપણું માર્ગસૂચન છે.

### ૬. કેટલાકને અગ્નિના બાપ્તિસ્માની બીક લાગે છે.

અગ્નિના બાપ્તિસ્માને સતાવણીનું બાપ્તિસ્મા ગણીને તેથી કેટલાક બીએ છે. એવા શિક્ષણથી કેટલાક ઉપદેશકો લોકોને નાહિમ્મતવાન કરે છે. પણ વિચારો કે અગ્નિનું બાપ્તિસ્મા પામ્યા વગર પણ ક્યું માણસ સતાવણી પામ્યા વિના રહ્યું છે? વ્યવહારમાં આપણી ઓછી સતાવણી થાય છે શું? તો પછી દેવના મહિમાને અર્થે થાય તો તેમાં શું? એ તો ઊલટી આશીર્વાદિત છે. આપણી વ્યાવહારિક સતાવણી તો કલેશ અને દુઃખથી ભરેલી છે, ત્યારે આ તો શાંતિ અને આનંદથી ભરેલી છે.

લેખકના મનમાં ઘણા વખત સુધી આ પ્રશ્ન ત્રાસ ઉપજાવતો હતો. અગ્નિનું નામ સાંભળતાં કે તેના વિચારમાત્રથી ગભરામણ છૂટતી હતી. પણ એક વખતે એક ઉપદેશકની વાણીમાં સાંભળ્યું કે દેવ તમને મારી નાખવા નહિ, પણ ઉપયોગી તથા મહિમાવાન કરવા અને તમારો આનંદ સંપૂર્ણ કરવા સારુ બોલાવી રહ્યો છે. આ સાંભળતાં જ ડર ઝાકળની પેઠે ઊડી ગયો. દેવે આપણને બીકનો નહિ પણ પુત્રપણાનો આત્મા આપ્યા છે (રૂમી. ૮:૧૫). અરે, ડરનો નહિ, પણ સામર્થ્યનો, પ્રેમનો અને સાવધબુદ્ધિનો આત્મા આપ્યો છે (૨જો તી. ૧:૭). જેથી આપણે

વગર ડરે દેવને પિતા કહીને હાંક મારીએ છીએ (ગલા. ૪:૬). કેવી ધન્ય સ્થિતિ!

આપણે જાણીએ છીએ કે ઓક્સિજન ભડકે બળે છે, તેમ છતાંયે આપણે તેને શ્વાસમાં લઈએ છીએ! તે શરીરમાં પ્રવેશ કરીને લોહીમાંની મલીનતા બાળી મૂકે છે, લોહી શુદ્ધ કરે છે અને શરીરને ગરમી પહોંચાડે છે. પણ આપણે એ અગ્નિથી જરાએ બીતા નથી. એ જ આશીર્વાદ આ અગ્નિનો પણ છે.

**૭. અગ્નિનું બાપ્તિસ્મા પામેલા સંતોની સેવાના પ્રકાર.**

આત્મા તો એક છે પણ તેના દાનના અને સેવાના પ્રકાર જુદા છે. તેવી જ વાત આ બાપ્તિસ્માની પણ છે.

આંદ્રિયા કે બાર્નાબાસ જેવા કોઈને, અગ્નિ ઊનો અને આસ્થાવાન રાખી તેને શાંત સેવામાં વાપરે છે (પ્રે. ૧૪:૧.૨). પાઉલ, પીતર જેવા કોઈમાં અગ્નિ ભડકે બળે છે અને સેવાનું સ્થાન જોતાં તે ભભૂકી ઉઠે છે (પ્રે. ૧૭:૧૬). મનાઈ, સત્તા અને જોખમની પણ દરકાર કર્યા વિના તે ભભૂકે છે, કે અમે જે જોયું છે, સાંભળ્યું છે ને અનુભવ્યું છે, તે કહ્યા વિના અમારાથી રહેવાય તેમ નથી (પ્રે. ૪:૨૦). યોહાન બાપ્તિસ્મા કરનારની જેમ કોઈ સળગતા અને પ્રકાશતા જ રહે છે, કે જેની હાજરી હેરોદ જેવા રાજવીને પણ ભારે પડતી (માર્ક. ૬:૨૦).

પ્રાચીન કાળે વેદી પર અગ્નિ અખંડ સળગતો રાખવાનો હુકમ હતો (લે. ૬:૧૩). એટલું જ નહિ પણ મંડપમાંયે દીવો અખંડ સળગતો રાખવાની આજ્ઞા હતી. તેથી જ પ્રભુ ઈસુએ કહેલું કે તમારા દીવા સળગતા અને કમર બાંધેલી રાખો. દીવો કે અગ્નિ સળગતાં રાખવા સારુ બળતણની જરૂર રહે છે. તેલ અને દીવેટ સળગતાં રહે છે ત્યારે જ અગ્નિ - ગરમી અને પ્રકાશ પૂરાં પાડે છે. શાસ્ત્ર વાંચવા કે પ્રાર્થના કરવા સારુ કેટલી બધી વાર આપણને સગવડનો ભોગ આપવા રાજી કે તૈયાર નથી! કોઈવાર તો એ વગર પણ ચલાવી લેવાનું વલણ થતું નથી શું? જેઓ અગ્નિનું બાપ્તિસ્મા પામ્યા, તેઓ વિષે લખેલું છે, કે તેઓ રાતદહાડો પ્રાર્થનામાં દૃઢતાથી લાગુ રહેતા.

મંદમંદ સળગતી દીવેટને પ્રભુ હોલવી નાખશે નહિ, અને સળગતા લાકડાને વધુ પ્રદીપ્ત કરવા સારું તે તેને ખોર્યા વિના રહેશે નહિ. યહોશુઆ યાજક વિષે પ્રભુએ કહ્યું છે, કે એ તો અગ્નિમાંથી ઝડપી લીધેલું ખોયણું છે. તીમોથીને પાઉલ લખે છે કે તને મળેલા કૃપાદાનને ભડકે બળતું રાકવા સારુ તેને ખોર (૨જો તી. ૧:૬).

આપણી અબળતા લક્ષમાં લઈને ચાલો પ્રભુને પ્રાર્થીએ, કે અગ્નિ ભભૂકવા દે, ઓ પવિત્ર આત્મા, અમને બાપ્તિસ્મા દે.

## પ્રકરણ ૭મું

# કબૂતરની ઉપમા

**લૂક. ૩:૨૧-૨૨— અને ઈસુ બાપ્તિસ્મા પામીને પ્રાર્થના કરતો હતો, ત્યારે આકાશ ઉઘડી ગયું અને પવિત્ર આત્મા કબૂતર જેવા દેહાકારે તેના પર ઊતર્યો અને આકાશમાંથી વાણી આવી કે, તું મારો વહાલો દીકરો છે, તારા પર હું પ્રસન્ન છું.**

પ્રાચીન સંતો અને લેખકો પવિત્ર આત્માને કબૂતરની ઉપમા આપતા આવ્યા છે. કહેવાય છે, કે સમરૂનીઓના દેવસ્થાનમાં પવિત્ર આત્માને નામે કબૂતરની પ્રતિમા રાખવામાં આવેલી હતી અને તેઓ તેનું પૂજન કરતા. પ્રભુ ઈસુ પર પવિત્ર આત્મા ઊતર્યો, એમાં તો યોહાનને ખુલ્લેખુલ્લી કબૂતરની પ્રતિમા દૃષ્ટિગોચર થઈ હતી.

પ્રભુ ઈસુ પર ઊતરતાં પવિત્ર આત્માએ ધારણ કરેલું કબૂતરનું સ્વરૂપ અને તેમાં સમાએલી ઉપમા, એ પ્રથમ દૃષ્ટિએ તો સમજવાં અઘરાં લાગે છે. તોપણ જ્યારે તેને આવું સ્વરૂપ અને ઉપમા અપાયાં છે, ત્યારે તેમાં કંઈ અર્થ તો હશે જ, એ અર્થ વિષે વિચાર કરતાં પહેલાં કબૂતરનો પહેલો ઇતિહાસ જોવો ઠીક પડશે.

ઉત્પત્તિ ૮મા અધ્યાયમાં આપણે વાંચીએ છીએ, કે જળપ્રલયનાં પાણી પૃથ્વી પરથી સૂકાયાં છે કે નહિ તેની તપાસ કરવા સારુ નૂહે મજબૂત બાંધાના ચાલાક કાગડાને મોકલ્યો. પરંતુ તેને ગમતું મુડદાંનું સડેલું માંસ તેને મળી આવતાં તે એ મલીનતામાં જ મોજ માણતો ભટકતો ફર્યો. એ પછી નૂહે એક કબૂતરને મોકલ્યું, પરંતુ તેને પગનું તળિયું મૂકવાની પણ જગા જડી નહિ, એટલે એ નૂહ પાસે વહાણમાં પાછું આવ્યું. અહીં જો આપણે કબૂતરને પવિત્ર આત્માને સ્થાને લેખીએ, તો તે નૂહના જમાનાને બરાબર બંધબેસતું આવે છે, માણસજાતમાં વાસો કરવા સારુ કે એદનનો બંધ કરાએલો દરવાજો ઉઘાડવા સારુ આ વેળાએ પવિત્ર આત્માને માટે પૃથ્વી પર સ્થાન ન હતું.

એ પછી ફરીથી કબૂતરને મોકલવામાં આવ્યું, ત્યારે પૃથ્વી વસવાટને માટે તૈયાર થાય છે એવી આશાના ચિન્હ તરીકે તે જૈતવૃક્ષનું પાંદડું ચાંચમાં લઈ આવ્યું. એ તો ઈબ્રાહીમથી શરૂ થતો વિશ્વાસનો જમાનો બતાવે છે.

એ પછી કબૂતરને ત્રીજી વાર મોકલવામાં આવ્યું, ત્યારે તો તે ત્યાં ઠામ કરીને રહ્યું. આ તો પ્રભુ ઈસુથી શરૂ થએલા જમાનાનું ચિત્ર છે. માનવજાતને સારુ પ્રાયશ્ચિત્તના મરણનું બીડું પ્રભુ ઈસુ ઝડપે છે, અને પોતાનું અર્પણ કરી માનવદેહને દફનાવી જગનતાં પાપનું દેવું વાળતાં ઈશ્વરની સમક્ષ હાજર થાય છે, ત્યારે માનવજાતને સારુ બંધ કરેલો દરવાજો (આકાશ) દેવ ઉઘાડે છે! જે પવિત્ર આત્મા એ દરવાજો બંધ રાખવા સારુ ચોકી કરતો હતો, તે હવે ત્યાંથી ખસીને માનવહૃદયમાં પ્રવેશ કરે છે! પહેલા આદમના પાપે દરવાજો બંધ કરાવેલો. બીજા આદમના આજ્ઞાંકિતપણાએ તે ઉઘાડ્યો. માણસની પાસેથી દેવ જે દુઃખી થઈને ચાલ્યો ગએલો, તે હવે પ્રસન્ન થઈને માણસની સાથે વાત કરે છે અને જાહેર કરે છે, કે તું મારો વહાલો દીકરો છે. તારા પર હું પ્રસન્ન છું. કેવો મર્મ! હવે કબૂતરરૂપે પવિત્ર આત્માના ઊતરવામાં આપણે શું સમજવું?

**૧. પવિત્રતા.** (ગી.શા. ૬:૯).

આ કલમમાં વરે પોતાની કન્યાની પવિત્રતાને કબૂતરની પવિત્રતા સાથે સરખાવી છે. પક્ષીઓમાં કબૂતર નિર્દોષ અને નિરુપદ્રવી લેખાય છે. તે કાગડાની પેઠે મલીનતા પર બેસતું નથી કે ગીધની પેઠે મુડદાંની દુર્ગંધ શોધતું ફરતું નથી. તે મરઘાં જેવું સ્વાર્થી, ઈર્ષ્યાળુ ને લડાયક નથી કે ગરૂડ જેવું ગર્વિષ્ઠ નથી.

પ્રભુ ઈસુ વિષે એવી સાક્ષી અપાઈ છે, કે તેના મુખમાં કપટ ન હતું અને તેની જીભે બુરાઈ નહોતી. પરીક્ષણ પામ્યા છતાં તે નિષ્પાપ રહ્યો અને અપમાન વેઠીને કોઈને બુરાઈનો બદલો વાળ્યો નહિ. એ તો દેવનો પવિત્ર હતો એવી સાક્ષી શેતાન સુદ્ધાંએ તેને વિષે આપેલી.

આત્મા પોતે પવિત્ર છે એટલે તે બુરાઈ કે મલીનતા સાથે સંબંધ રાખી શક્તો નથી. પવિત્રતા સાથે જ તેને સંગત છે, માટે આ પવિત્ર વ્યક્તિ પર એ પવિત્ર આત્મા પવિત્ર પક્ષી દ્વારા પ્રકાશમાં આવ્યો.

કેટલાક ખ્રિસ્તીઓ કબૂતરરૂપે પોતા પર પવિત્ર આત્મા ઊતરે એવી અપેક્ષા રાખે છે. આ તૃષ્ણા વાજબી છે કે નહિ એ તો ઈશ્વર જાણે. જો ઈશ્વર એવું થવા દે, તો તેની અગાધ કૃપામાં વધારો ગણાય. પરંતુ આપણે યાદ રાખવું જોઈએ, કે ખ્રિસ્તની કૃપાથી જ આપણાં તો પાપ ધોવાયાં છે. આપણે તો પતિત હોઈને

બાપ્તિસ્મા પામેલા છીએ, અને જીંદગીની છેલ્લી ઘડી સુધી અપૂર્ણ જ રહેવાના છીએ (૧લો કો. ૧૩:૧૨). તો આપણી કઈ લાયકાતથી પ્રભુ ઈસુનું માન આપણને મળે? આપણી કઈ પવિત્રાઈથી પ્રભુ આપણને કબૂતરરૂપે આત્મા આપે? હજી તો આપણને જીવનની ભરપૂરી જોઈએ છીએ, જ્યારે પ્રભુ ઈસુ તો જીવનનું મૂળ હતા. જો આપણી મલીનતા તે રોજ ધોતો ને બાળતો ન રહે, તો આપણું ઠેકાણું ક્યાં થાય?

વળી આપણે ભૂલવું ન જોઈએ, કે પ્રભુ ઈસુ તો પવિત્ર આત્માથી જન્મ્યો, પવિત્ર આત્માથી ઉછર્યો, ને પવિત્રાઈ એ જ તેની પસંદગી હતી. ત્યારે આપણી કલ્પના તો બાળપણથી જ ભૂંડી (ઉત. ૮:૨૧)! સંપૂર્ણ પવિત્રાઈ પર જ સંપૂર્ણ પ્રસન્નતા સંભવે.

મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે એવા સ્વરૂપે આત્મા પામવાની લાયકાત માણસમાં છે જ નહિ. એને તો અગ્નિનું બાપ્તિસ્મા જોઈએ. અને એ જ પ્રભુએ તેને આપ્યું. કબૂતર તો પવિત્ર અર્પણનું સૂચન છે. એ પ્રભુ ઈસુ સિવાય બીજા કોઈ સાથે બંધ બેસે નહિ.

વળી આ પણ યાદ રાખીએ કે માત્ર માણસની મનેચ્છા પૂર્ણ કરવા ખાતર પ્રભુ કોઈને પવિત્ર આત્માનું અમુક દાન આપતો નથી. એનાં સર્વ દાન તો સેવાને અર્થે છે. એથી તે માણસને પૂર્ણ કરે છે અને ઉપયોગી રાખે છે.

## ૨. આજ્ઞાંકિતપણું.

એ કબૂતરનો બીજો મહાન ગુણ છે. પાળેલાં કબૂતરો બોલાવે આવે છે અને મોકલે ત્યાં જાય છે. એના સારાયે જીવનમાં અનાજ્ઞાંકિતપણું દ્દષ્ટિગોચર થતું નથી. પવિત્ર આત્માનો સ્વભાવ એવો જ છે. પિતા અને પવિત્ર આત્મા ભિન્ન વ્યક્તિઓ છતાં સ્વભાવ, મન અને કાર્યમાં એવો તો એક છે, કે એકને બીજાથી જુદા પાડી શકાય નહિ.

પ્રભુ ઈસુની વાત પણ એવી જ છે. તે ઈશ્વર-ઈશ્વરપુત્ર છતાં, જગતનો ઉદ્ધાર કરવા આવેલો છતાં, હા જેઓનો ઉદ્ધાર કરવાનો છે એવાં ધર્મ માતપિતાને પણ તે આધીન અને આજ્ઞાંકિત રહે છે! આત્માએ રાનમાં દોર્યો, ત્યાં તે ૪૦ રાતદહાડા ઉપવાસ સહિત પ્રાર્થનામાં રહે છે. ગેથસેમાનેમાં કડવો પ્યાલો પીવા પિતાની ઈચ્છાને આધીન થયો. અરે, સર્વ પ્રકારે અપમાનયુક્ત મરણ ભોગવવા પોતાને દેવના હાથમાં સોંપ્યો! આજ્ઞાંકિત પવિત્ર આત્મા આજ્ઞાંકિત દેવપુત્ર પર આજ્ઞાંકિત કબૂતરરૂપે ઊતરે એ કેવું સ્વાભાવિક છે.

## ૩. નમ્રતા.

એ કબૂતરનો ત્રીજો ગુણ છે. પોતાને સ્થાને અને પોતાને ધ્યેયે રહેવું એ એની પ્રકૃતિ છે. બીજાને ખસેડીને આગળ આવવાનો ભાવ તેનામાં નથી. જાણે કે તે જગતમાં એકલું જ અને નિરાધાર હોય, તેમ પોતાનું જીવન સંપૂર્ણ રાંકડાપણાથી ગુજાર્યું જાય છે.

પવિત્ર આત્મા દેવનો સર્વસમર્થ શ્વાસ હોવા છતાં ભૂલકણાં, બડાઈખોર, બંડખોર, બીનકદર અને પોતાના જ મદદગારને નહિ ગણકારનારાં સંતોનાના હૃદયમાં વાસો કરીને રહે છે! તેને ન ગણકાર્યા છતાં અને ખેદિત કર્યા છતાંયે તે તેમને તરછોડી દેતો નથી, પણ આસ્થાથી અને અનેક અખતરાથી તે તેમની સહાય કરતો જ રહે છે. કેવું આશ્ચર્ય!

પ્રભુ ઈસુની વાત પણ એવી જ છે, યોહાન જેવા અબળ અને પોતાના જ એલચીને હાથે બાપ્તિસ્મા પામવાની માંગણી કરે છે, હા, તેના વાર્યા છતાંયે તેમ થવા દેવાનો તેને આગ્રહ કરે છે. કેવી નમ્રતા!

આગેવાનો તરફથી અડચણ, અપમાન અને અનાદરભરી સૂચનાઓ છતાં દાણીઓ અને પાપીઓને ઉદ્ધારવા તથા માનવજાતને ભ્રાતૃતાનું શિક્ષણ આપવા પ્રભુ ઈસુએ ધિક્કારાએલાં સાથે વ્યવહાર રાખ્યો. 'માંદાને વૈદની જરૂર છે' એવું કહીને તેણે આગેવાનોનાં બંધ ચક્ષુ ખોલ્યાં અને 'પાપી' ગણાતાંને પણ શિષ્યગણમાં દાખલ કર્યાં, તેમની સેવા કરી અને તેમને ઘરે પરોણો પણ રહ્યો!

આપણી નમ્રતા વિષે શું કહીએ? બે સરખી લાયકાતવાળાં સાથે રહી ન શકે! પોતા કરતાં અધિક ગુણવાન સાથીદાર સાથે કામ કરવા કરતાં પોતાથીયે ઊતરતી લાયકાતના પરદેશીની પરવર્ષી પ્યારી લાગે! નમ્રતાની લાયકાતવાળું પક્ષી નમ્રતાના આત્માના સ્વામી પર આચ્છાદન કરે એ કેવું આવકારદાયક છે, જેનામાં એ વાસો કરે છે, તેનામાં એ જ ગુણ તે ઉત્પન્ન પણ કરે છે. પ્રભુ નમ્રને કૃપા પમાડે છે.

## ૪. સાલસાઈ એ કબૂતરનો ચોથો ગુણ છે.

સાલસાઈમાં હૃદયના સીધાપણાના સર્વ ગુણોનો સમાવેશ થાય છે. ભોળાપણું, નિરુપદ્રવીપણું, નિખાલસપણું અને નમ્રતા જેવા ગુણોને માટે આ પ્રાણી પ્રખ્યાત છે.

શિષ્યોને સુવાર્તા પ્રચાર માટે બહાર મોકલતી વેળા પ્રભુ ઈસુએ તેમને કહ્યું હતું કે જુઓ, હું તમને વરુઓ મધ્યે ઘેટાંનાં બચ્ચાં જેવા મોકલું છું. એ માટે સાપના જેવા હોશિયાર અને કબૂતરના જેવા સાલસ રહેજો.

જગતમાં સંતોની સ્થિતિ વરુઓ મધ્યે હલવાનના જેવી છે. તેઓ નિર્બળ જેવા નિરુપદ્રવી રહી લોકની સેવા કરે એ પ્રભુનો આદેશ છે. જોખમ સામે જવાની કે જોખમને હસી કાઢવાની ઉદ્ધતાઈ સાપ કરતો નથી. જ્યાં આવકાર નથી ત્યાંથી નીકળી જવું. જ્યાં અણધાર્યાં જોખમો આવી પડે, ત્યાં કબૂતરનો ભાવ રાખવો. સામે થવું, લડાઈ કરવી, વેર વાળવું, ઈર્ષ્યા રાખવી કે દ્વેષ કરવો એ પ્રકૃતિ કબૂતરની નથી, એવા તમે સર્વને હિતકર રહો.

સાલસાઈમાં મનનું સીધાપણું, સત્ય સ્વીકારવાની તત્પરતા અને સૌ સાથે સ્નેહભાવે વર્તવાનું વલણ, કોઈને તુચ્છ ન કરવાની કે ન ગણવાની અથવા કટુ વચનથી કોઈનીયે લાગણી ન દુભવવાની નમ્ર અને પવિત્ર વૃત્તિ છે. એવા સ્વભાવવાળા થવાનું એમાં ફરમાન છે.

તેણે પોતા વિષે કહ્યું કે મારી પાસે આવો ને મારી પાસે શીખો, કેમ કે હું મનમાં નમ્ર અને રાંકડો છું. એ જ ગુણ પર આંગળી મૂકીને તેણે આ પણ કહ્યું કે આત્મામાં જે રાંક છે તેને ધન્ય છે, કેમ કે આકાશનું રાજ્ય એવાનું જ છે. કઠોરતા અને નિષ્ઠુરતા, ઉદ્ધતાઈ અને હઠીલાઈ એ પવિત્ર આત્માનાં વલણ નથી. એ રાંક આત્માનું પણ વલણ નથી. રાંક મનને તો દાઉદે યજ્ઞની ઉપમા આપતાં કહ્યું છે, કે ઈશ્વરના યજ્ઞો તો રાંક મન છે. રાંકડો કૃપા પામે છે, પણ ગર્વિષ્ઠ અને હઠીલો આત્મા પોતા પર નાશ લાવે છે.

દગાખોર અને કપટી યહુદા ચુંબન કરીને પ્રભુ ઈસુને પકડાવતો હતો, ત્યારે પણ પ્રભુ તેને કહ્યું કે મિત્ર, તું ચુંબન કરીને મને પરસ્વાધીન કરાવે છે! મોં પર થૂંકનાર, ખીલા ઠોકનાર નિષ્ઠુર, અને ક્રૂર આત્માઓને માટે ક્ષમા માગી. અપમાન કરીને પણ પાછું શરણ લેનાર ચોરને સાથે સ્વર્ગમાં લીધો! કેવો નમ્ર અને સાલસ નમૂનો! આવી લાયકાતવાળા મનુષ્યને આવી લાયકાતવાળા પક્ષીના રૂપે પવિત્ર આત્મા નવાજે એ કેવું ગૌરવભર્યું માન છે.

આપણે તો પ્રાર્થના રૂપે આ ગીત જ ગાવાનું રહ્યું કે,

ઈસુ જેવો હું થાઉં, સાલસ, નમ્ર, દયાળ,<br>
ક્રોધતણાં તે શબ્દ પણ, નવ બોલ્યો કો કાળ. પ્રભુ એ પ્રાર્થના સ્વીકારો.

પ્રકરણ ૮

# અગ્નિ તો છે, પણ ઘેટું ક્યાં છે? (ઉ.ત. ૨૨:૭)

જૂના કરારનું એક અજોડ અર્પણ (ઉત. ૨૨:૧-૧૦).

પવિત્ર શાસ્ત્રમાં અર્પણોનાં સેંકડો દાખલા છે, પરંતુ જે અર્પણો પર ઈશ્વરની સંપૂર્ણ પ્રસન્નતાની સાક્ષી આપી છે, એવાં તો કેવળ બે જ અર્પણો ઈતિહાસમાં નોંધાયા છે. એક તો જૂના કરારમાં ઈસ્હાકનું અને બીજું નવા કરારમાં પ્રભુ ઈસુનું.

જે કલમો વાંચતાં વાંચતાં ગાત્રો શિથિલ થઈ જાય છે એ તો ઉત. ૨૨:૭-૧૦ છે. દેવે ઇબ્રાહીમના તેના ઘડપણના ને વળી વચનના એકના એક પુત્ર ઈસ્હાકનું બલિદાન દેવાનું કહ્યું. જેનાથી રેતીની કણ જેટલાં સંતાનો ઊભાં કરવાનું વચન આપેલું, તેનું જ ખીલતી જુવાનીમાં અર્પણ કરવાનો હુકમ સાંભળીને કોનાં ગાત્રો શિથિલ ન થઈ જાય?

માથે લાકડાંનો ભારો લઈને પિતાની પાછળ પહાડ પર ચઢતો પુત્ર હાથમાં અગ્નિ અને છરો લઈને આગળ ચાલતા પિતાને આશ્ચર્ય સહિત પૂછે છે કે પિતાજી,

**૧. અગ્નિ તો છે, પણ અર્પણ માટે ઘેટું ક્યાં છે?**

કેવો હૃદયભેદક પ્રશ્ન! હૈયે હિંમત રાખીને ઇબ્રાહીમ ઉત્તર આપે છે, કે "દીકરા, દેવ પોતાને સારુ ઘેટું મેળવશે."

ઉપર જઈને વેદી બાંધી અને લાકડાં સીંચ્યા. પણ પછી શું? ઈસ્હાકની અજાયબી વચ્ચે તેના જ હાથપગ બાંધવામાં આવે છે! લગભગ વીસેક વર્ષનો જુવાન મરજી હોત તો બાપને પોકારાવત! પણ થાય છે શું? શાંત પ્રકૃતિનો શાણો ને આજ્ઞાંતિક પુત્ર આધીન થઈ વેદી પર સ્થાન લે છે. ઇબ્રાહીમ હાથમાં છરો લઈને હિંમતનું છેલ્લું કદમ ભરે છે. છોકરાને મારવા હાથ ઊંચો કરીને છરો ઉગામે છે! ઈસ્હાકના સવાલનો જવાબ આપી ચૂક્યો! અગ્નિએ છે અને ઘેટુંએ છે! આ તે ઇબ્રાહીમના વિશ્વાસની કસોટી, કે છોકરાની હિંમત અને તેના આજ્ઞાંકિતપણાની કસોટી? "ઇબ્રાહીમ, છોકરા પર હાથ ન નાખ," આકાશવાણી થાય છે.

### ૨. અર્પણ છે, પણ અગ્નિ ક્યાં છે?

કાર્મેલ પર્વત ઉપર બઆલના ભવિષ્યવાદીઓ અને એલિયા પોત-પોતાનાં અર્પણો તૈયાર કરીને અગ્નિની રાહ જોતા હતા. બઆલ ભક્તોએ સવારથી સાંજ સુધી અગ્નિ ઉતારવા પોકાર કર્યો પણ તે વ્યર્થ ગયું. સાંજને પહોરે એલિયાએ વિનંતી કરી. અગ્નિ એવા તો પરાક્રમથી ઊતર્યો કે પથ્થર, પાણી અને ભૂમિને પણ અર્પણ સાથે ભસ્મ કર્યાં!

એલિયાને અગ્નિનો પ્રબોધક કહીએ તો ચાલે, એણે આસ્થાના અગ્નિથી આકાશ બંધ કરાવ્યું કે સાડા ત્રણ વર્ષ સુધી વરસાદ ન પડે, પોતાને પકડવા આવનાર પચાસ પચાસ સૈનિકોની બે ટુકડીઓને આકાશથી અગ્નિ વરસાવી તેમના સરદારો સાથે ભસ્મ કરી. છેવટે અગ્નિરથ અને અગ્નિઘોડાની મારફતે જીવતો જ આકાશમાં લઈ લેવામાં આવ્યો, અસલના વારામાં દેવના અગ્નિનો અનુભવ તો કોઈ વીરલ સંતને જ થતો. પણ અત્યારે તો સ્થિતિ એથી કેવળ જુદી જ છે. અર્પણ છે પણ અગ્નિ ક્યાં છે?

### ૩. અગ્નિ સૌને સારુ સદાને માટે ઊતરેલો છે.

એલિયા જેવા આસ્થાવાન કોઈ સંતને સારુ જ નહિ, પણ સાત સાત અશુદ્ધ આત્માઓથી જકડાએલી મરિયામ માગદાલેણ જેવાં, સુધરેલા કહેવાતા સમાજની દૃષ્ટિએ પાપી તરીકે પંકાએલા દાણીઓ માત્થી અને જાખી જેવા, અરે, પાપોની પરાકાષ્ટાએ પહોંચેલા અને અધોગતિને આરે અસ્ત થતાં થતાં છેલ્લે પગથીએથી પાછા વળેલા ઉડાઉ દીકરા જેવાને સારુ પણ અગ્નિ ઊતરેલો છે. પ્રભુ ઈસુના નામ પર વિશ્વાસ કરવાની શરતે જ આ શુદ્ધિકર અગ્નિ તેની ઢગલાબંધ કુવાસનાના કચરા પર પડીને પાપના પૂંજને ભસ્મ કરે છે. તેના બેડોળ સ્વભાવઘાટને ગાળી દઈને દેવ સ્વભાવના પરમ સ્વરૂપમાં ફેરવી નાખે છે. પ્રથમ મંડળીના ખ્રિસ્તીઓનો પલટો એવો આકર્ષક અને આશીર્વાદિત નમૂનો છે!

**ઘેટું ક્યાં છે?** એ વાત એ પછી બે હજાર વર્ષે પ્રભુ ઈસુએ પણ કહી. ફસલ તો પુષ્કળ છે, પણ મજૂરો ક્યાં છે? એ પછી આજે બે હજાર વર્ષ બાદ પણ એનો એ જ પ્રશ્ન રહે છે. જોન વેસ્લી કહેતા, કે મને એકસો અર્પિત થએલા માણસો આપો અને જુઓ કે નર્કના પાયા હાલી ઉઠે છે કે નહિ! તો શું, આજે હજારો મિશનેરીઓ અને લાખો કામદારો તથા કરોડો ખ્રિસ્તીઓ છતાં ઘેટું ક્યાં છે એ પ્રશ્ન બાકી રહે? કરોડો રૂપિયાનાં દાન શું કંઈ ગણતરીમાં નથી? એ બધું કિંમતી છે અને ઈશ્વરકૃપાને આભારી છે. આ વ્યવસ્થાને માટે પ્રભુની સ્તુતિ થાઓ.

**અગ્નિ પણ છે અને ઘેટાં પણ છે,** પણ એ બેની વચ્ચે કેટલો અને કેવો સંબંધ છે તે સવાલ છે.

**ઘેટાં તો છે, પણ કેટલાંક તો અગ્નિ દેખીને જ નાસે છે.** અગ્નિ વિધ વિધ પ્રકારે શુદ્ધ કરવા ચાહે છે, પણ વહાલાં પાપોને તજી દેવાની મરજી નથી. લોકલાજને અગત્યનું સ્થાન આપીને અગ્નિની આંચ જ ન લાગે તેમ ભાગતાં ફરે છે.

**ઘેટાં તો છે, પણ કેટલાંક અગ્નિ વગર જ અર્પણ થાય છે.** તેઓ વારે વારે અર્પણ થાય છે, પણ કેટલીકવાર તો એ અર્પણ દેહનું અને દૈહિક ભાવનાવાળું હોય છે. અથવા તો કેવળ લાગણીની ઉશ્કેરણીપૂરતું હોવાથી તેનો તરત જ ઓટ થાય છે. પ્રભુએ તો કહ્યું છે કે ઉપરના પરાક્રમથી વેષ્ટિત થતાં સુધી કામે ચઢતા ના.

**ઘેટાં તો છે, પણ કેટલાંક આજ્ઞાંકિત નથી.** કેટલાકનું ખ્રિસ્તીપણું તો બાહ્ય ક્રિયામાં જ સમાપ્ત થાય છે. પ્રભુ ઈસુએ તો કહ્યું કે મારી આજ્ઞાઓ પાળશો તો જ મારા શિષ્ય થઈ શકશો. પ્રેમ, દયા અને ન્યાયકરણ પડતાં મૂકવામાં આવે, એ પ્રભુ ચાહતો નથી.

**ઘેટાં તો છે, પણ ઈશ્વરેચ્છા પ્રમાણે ચાલતાં નથી.** પોતાને ઠીક લાગે તેમ કરવા, ઠીક લાગે ત્યાં રહેવા અને ઠીક લાગે તે કરવા હંમેશાં ચિંતાતુર રહે છે. જગાઓ, હોદ્દાઓ અને સગવડો માટે લોકોનાં આંગણાં ખૂંદી નાખે છે, પરંતુ ઈશ્વરવાણી સાંભળવાનો અવકાશ નથી.

**ઘેટાં તો છે, પણ બંધાવા ખુશી નથી.** પ્રેમ, વફાદારી, વિશ્વાસ અને આજ્ઞાંકિતપણું એ તો શિષ્યપણાનું નિશાન કે ખ્રિસ્તીપણાનું બંધન છે. એનું પરિણામ સદ્વર્તન છે. પણ કેટલા બધા લોક સદાચાર કે ખ્રિસ્તની સંગત છોડીને મરજી મુજબ વર્તવાની છૂટ રહે એવું સ્થાન, એવું કામ અને એવી સંગત પસંદ કરે છે!

**ઘેટાં તો છે પણ બંધાયા છતાંયે વેદી પર રહેતાં નથી.** દેહનો લોભ, આંખનો લોભ, જીવનનો અહંકાર ને આર્થિક મુશ્કેલીઓ યા અગવડો તેમના પર એવાં તો જય પામે છે, કે તેઓ વેદી પરથી ઉછળીને નીચે પડે છે! પ્રભુને એ રાજીનામાં આપે છે!

**ઘેટાં તો છે પણ લાકડાંનો ભારો ઊંચકવા ખુશી નથી.** કામ તો કરવું છે પણ સહેલું, ગમતું, સગવડ પડતું, મોભાભર્યું. ખ્રિસ્તે રોજ પોતાનો વધસ્તંભ ઊંચકીને પાછળ આવવાની શરતે શિષ્યો સ્વીકારેલા, પણ ઘણી વાર એ વાતનું વિસર્જન થાય છે.

**ઘેટાં તો છે પણ કાપનો છરો જોઈને ખસી જાય છે.** મિશન કે મંડળી સારો પગાર આપતાં નથી, બહાર તો સારો પગાર અને મન માને ત્યાં ફરવાનું ને ચરવાનું અને દિલ ચાહે તે કરવાનું. કોઈ રોકનાર કે ટોકનાર મળે જ નહિ!

**ઘેટાં તો છે પણ અસંતોષીપણે ન છૂટકે વેદી પર રહે છે.** પોતાના વેતનથી કે પોતાની સ્થિતિથી સંતોષી નથી. કચકચ કરતાં નિરાશામાં જીવન ગાળે છે, એથી નથી રહેતો આનંદ એમના જીવનમાં, કે નથી આવતો કામમાં ભલીવાર.

**ઘેટાં તો છે પણ જીવનની ભરપૂરી નથી.** સારા હેતુથી, સારા ભાવથી, ખુશીથી અને બને તેટલું કરવા માણસ પ્રયત્ન કરે છે. જાતજાતના માનસિક અને તાર્કિક અખતરાઓ અજમાવે છે. ગ્રામ્યસુધારણા, મદ્યનિષેધ, કેળવણી, સમાજસુધારણા વગેરે સારાં વાનાં પર ભાર મૂકે છે. પરંતુ જેથી એ બધાની ઉત્પત્તિ છે, એ મૂળને જ વીસરી જવામાં આવે છે. આખાયે ખ્રિસ્તી જીવનનો ઉદ્ભવ અને વિજય પવિત્ર આત્મા ઉપર જ છે એ ભૂલી જવાય છે. બળથી કે કળથી અગ્નિ અને અર્પણનો મેળ સધાતો નથી. પ્રભુની આજ્ઞા તો એ છે કે પવિત્ર આત્મા પામો. એથી ભરપૂર થાઓ

ઈસ્હાકના અર્પણમાં આવી કેટલી બધી વાતો આપણને શીખવાની મળે છે. તમે શું ધારો છો, આમાં બાપની કસોટી છે કે દીકરાની પણ? ઈસ્હાક કેવળ બંધાવા જ નહિ, પરંતુ બલિદાન થવા પણ તૈયાર હતો. કેવું આજ્ઞાંકિતપણું અને કેવી આધીનતા!

પાઉલ તીમોથીને લખે છે કે દેવના કૃપાદાનને પ્રદીપ્ત કર. એવું ખોર કે ભડકે બળે.

અગ્નિ છે અને ઘેટુંયે છે, પણ એ બેઉની જીવાળ સંગત રહેવાની જરૂર છે. પાઉલ કહે છે કે હું રોજ મરું છું. સતાવણીમાં રોજ નવે નામે અર્પણ થાઉં છું. પોતાના મહિમાની ખાતર, લોકના તારણને અર્થે ને આપણા સંસ્થાપન સારુ પ્રભુ આપણને ઉપરના અગ્નિથી શુદ્ધ અને વેષ્ટિત રાખો.

પ્રકરણ ૯

# રોજના જીવનમાં પવિત્ર આત્માનું સ્થાન

આપણે સારી પેઠે જાણીએ છીએ, કે માનવજાતને ઈશ્વરનો રસ્તો બતાવવો, પાપની ખાતરી કરી આપવી અને તારણ માટેની દેવની યોજના સ્વીકારનારાઓને પરિપૂર્ણ સ્થિતિએ પહોંચાડવા એ સેવા સારુ જ પવિત્ર આત્મા આપવામાં આવ્યો છે. મતલબ કે પોતાના હિત કે સ્વાર્થની ખાતર નહિ, પરંતુ માણસના જ હિતની ખાતર કેવળ કૃપાને લીધે દેવે આ મદદગાર મોકલ્યો છે. પાછળ બતાવ્યા પ્રમાણે તે આપણા ઉદ્ધારને લગતું સર્વ પ્રકારનું કામ પૂરી આસ્થાથી વગર વિશ્રાંતિયે અખંડ કરતો જ રહે છે. તેમ છતાં તેનાં કામોની મુખ્ય પ્રવૃત્તિઓ પર આપણે ફરી ધ્યાન દઈશું.

## ૧. પવિત્ર આત્માનું નિત્યકામ.

(૧) પાપનું ભાન કરાવવું અને રખાવવું.

(૨) પસ્તાવો ઉપજાવવો અને શુદ્ધ કરવું.

(૩) માનવહિતના ઈશ્વરેચ્છિત માર્ગે દોરી જવાં.

(૪) સારું કરવા માટે સર્વ પ્રકારે સહાય કરવી.

(૫) આપણા હકમાં ઈશ્વર આગળ મધ્યસ્થી કરવી.

માણસના મનની કલ્પના તેના બાળપણથી ભૂંડી છે (ઉત. ૮:૨૧) અને તેની અસર એટલી તો સ્થાયી છે, કે જો હબસી પોતાની ચામડી અને ચિત્તો પોતાનાં ટપકાં બદલી શકે, તો જ ભૂંડું કરવાને ટેવાએલા લોક ભલું કરી શકે! (યિર્મે. ૧૩:૨૨). માણસની આવી (રૂમી. ૭:૧૭-૨૧) દુર્દશા છતાં, તેને પવિત્ર કરીને પવિત્રાઈ પર પ્રેમ કરતું કરવું, અને પાપ પ્રત્યે અભાવ ઉપજાવવો એ પવિત્ર આત્માની આતુર અપેક્ષા છે. પરંતુ તેની સાથે આપણા પોતાના સહકાર વિના આ ઇચ્છા તે અમલમાં મૂકી શક્તો નથી.

## ૨. આપણી પવિત્રાઈ અને ઉન્નતિ માટે આપણે આપવાનો ફાળો.

(૧) પરીક્ષણ પ્રસંગે દેવ પાસે દોડી જાઓ.

(૨) શેતાનને ઊલટા ઊભા રહો.

(૩) બીજા કામમાં ગુંથાઈ જાઓ.

(૪) પાપ કે પરીક્ષણ સાથે રમત ન કરો.

(૫) મદદ માટે પ્રાર્થના કરો.

આપણે સારી પેઠે યાદ રાખીએ કે આપણા પવિત્રીકરણને અર્થે આપણે કશી પણ પૂણ્યવિધિ કરી શકતા નથી. એ તો માણસની શક્તિ બહારની વાત છે. પરંતુ આપણે જે કરી શકીએ, તે તો એ છે, કે પવિત્ર આત્મા આપણા હકમાં જે કરે છે તે થવા દઈએ અને તેના કાર્યમાં કેવળ સહકાર આપીએ. આ સહકાર એ જ આપણો ફાળો. યહોવાના પર્વત પર ચઢતાં રસ્તે ખાડાટેકરા આવવાના. એ આપણાં પરીક્ષણો. અબળતા દેખાય કે શક્તિ ખૂટે તો જ દેવ પાસે જવું એમ નહિ, પરંતુ પ્રત્યેક પરીક્ષણનો પ્રત્યુત્તર શાસ્ત્રમાંથી શોધવો. એ બાબતે ઈશ્વરવચન શું છે તે જોવા થોભવું અને મદદ કે દોરવણી માટે પ્રાર્થના કરવી એનું જ નામ દેવ પાસે જવું કહેવાય. પરીક્ષણની તરફેણમાં વિચાર કરવો કે સગવડ કરવી, એ તો પાપની સાથે રમત કર્યા બરાબર છે. એક છોકરાને તેની માએ કહ્યું કે મેં તને આ વસ્તુ ખાવાની ના કહેલી છતાંયે શા માટે ખાધી અને હવે માંદો પડ્યો? છોકરાએ કહ્યું, મા, પરીક્ષણ થયું. માએ કહ્યું, તો દેવ પાસે કેમ ન ગયો? છોકરાએ કહ્યું, મા, દેવ પાસે તો ગએલો, પણ ત્યાં એ પરીક્ષણ વિષે વિચાર કરવા લાગ્યો, એટલે તો શેતાને મને ધક્કો માર્યો! આ તો પાપની સાથે રમત કહેવાય.

એક બીજા છોકરાને તેના બાપે કહ્યું, કે રવિવારે માછલાં પકડવા નહિ જવું, એવું મેં તને કેટલી બધી વાર કહ્યું છે, તેમ છતાં આ શું?

છોકરાએ કહ્યું, બાપા, હું માછલાં પકડવા નથી ગયો.

બાપે કહ્યું, તો તારા હાથમાં આ વાંસ, દોરી ને ગલ છે એનો શો અર્થ?

છોકરાએ કહ્યું, હું તો નાહવા ગએલો, પરંતુ જો ત્યાં પરીક્ષણ થાય તો શું કરવું, એટલા પૂરતાં જ આ સાધન મેં સાથે રાખેલાં!

આ તે પરીક્ષણથી બચવાનો માર્ગ કે પરીક્ષણમાં પડવાની સગવડ?

પોટીફારની સ્ત્રી બાબતે યૂસુફે કર્યું તે જ તેનો ફાળો છે (ઉત. ૩૯).

સારા કામમાં રોકાએલા રહેવાથી ભૂંડા વિચારોને ઘુસવાનો લાગ મળતો નથી. પરીક્ષણ વેળા મન બીજા વિષય પર લગાડવાથી સારું પરિણામ આવશે.

### ૩. આપણને પવિત્ર રાખવા માટે પવિત્ર આત્માનો ફાળો.

(૧) પ્રીતિને કારણે તે ખાડામાંથી બહાર કાઢે છે.

(૨) પવિત્રાઈની કિંમત સમજાવવા તે કોઈ વાર શિક્ષા આપે છે.

(૩) પાપની ભયંકરતા વિષે તે કાયમ ચેતવણી આપે છે.

(૪) પવિત્રાઈ અને પાપના પરિણામ વિષે શિક્ષણ આપે છે.

(૫) પાપથી છુટવાની ઇચ્છા કરાવે છે.

પાપમાં સંડોવાએલી એક સ્ત્રીએ સાક્ષી આપી, કે મારું પાપ પ્રગટ થયું અને મારી ફજેતી થઈ, એથી હું પ્રભુનો ઉપકાર માનું છું, કેમ કે જો એમ ન થયું હોત, તો કોણ જાણે હું ક્યારે એ પાપના પંજામાંથી છૂટી થાત! કેમ કે ઘણી વાર તો પાપ પ્રગટ થયાની બીકને લીધે મારે અનિચ્છાએ આધીન થવું પડતું હતું!

દાઉદને અને ઈસ્રાએલને કરી, તેવી શિક્ષા પ્રભુ કોઈ વાર આપે છે, અને એવી શિક્ષાના દાખલામાં રહેલા શિક્ષણથી પવિત્ર આત્મા આપણું મન સાવચેત કરે છે તથા પ્રભુ તરફ વળી આવવાની ઇચ્છા ઉપજાવી આપણને બચાવી લે છે.

પાપથી છુટવાની ઈચ્છા માટે પવિત્ર આત્મા પ્રાર્થનામાં દોરે છે અને પાપ પર અભાવ ઉત્પન્ન કરાવી પાપની સામે ટકવાનું સામર્થ્ય આપે છે (ફિલિ. ૨:૧૨).

પ્રભુ ઈસુ કહે છે કે જેનામાં મારો આત્મા નથી બલકે હું નથી, તે મારો નથી (રૂમી. ૮:૯). હું દ્રાક્ષાવેલો છું અને તમે ડાળીઓ છો. મારામાંની હરેક ડાળી જેને ફળ નથી આવતાં, તે કાપી નાખવામાં આવશે, અને જેને ફળ આવે છે, તેને વધતાં ફળ આવે માટે તેને સોરવામાં આવશે. મારામાં રહ્યા વિના કોઈથી સારાં ફળ આપી શકાતાં નથી.

ખ્રિસ્તીપણું કંઈ ખ્રિસ્તી ગણાવામાં કે ખ્રિસ્તી તરીકે ઓળખાવવામાં નથી. એ તો પ્રભુ ઈસુનું જીવન છે ને તે જીવી બતાવવાનું છે. જીવન ગયું કે મરણ. અને જીવન ન આવ્યું, તો પછી મરણ જ રહ્યું એવું બનવા ન પામે માટે ખ્રિસ્તે વિશ્વાસ કરનારાઓમાં પોતાનો જ આત્મા વસાવ્યો છે, કે જેથી તે માણસના આત્માની ગરજો પૂરી પાડે, અને જીવન સતત ચાલુ રાખે.

ખ્રિસ્તી જીવનની સફળતાનો માર્ગ પ્રભુ ઈસુએ કેટલી સહેલી રીતે સમજાવ્યો છે તે તો જુઓ. ડાળી વેલામાંથી કપાઈ કે ખલાસ! જીવન ગયું, જીવનનો આધાર ગયો અને અગ્નિદંડ ભોગવવાનો રહ્યો. ખ્રિસ્તમાંથી નીકળી જઈને કોઈ જીવી શક્તું નથી કે ખ્રિસ્તમાં મેળવાયા વિના પણ કોઈ જીવી શક્તું નથી. જેઓ પ્રભુ ઈસુને કેવળ એક ઉત્તમ નમૂના તરીકે સ્વીકારે છે, તેઓને ગળે આ સાદું સત્ય ઊતરે તો કેવું સારું! કોઈ એક ડાળી છૂટી રહીને ઉત્તમ વેલાના જેવી ફળવાન થવા પ્રયત્ન કરે, એ સિદ્ધ થાય ખરું!

ખ્રિસ્તે આપણને સ્વર્ગને સારું પવિત્ર આત્મા આપ્યો નથી. સ્વર્ગમાં રહેવાની યોગ્યતા અહીં (પૃથ્વી પર) જ પ્રાપ્ત કરવા સારુ આપ્યો છે. એ માટે જો ખ્રિસ્તી હોઈએ, તો સ્વેચ્છિત જીવન ગણી શકીએ જ નહિ. પાપ કે જીવન વિષે બેફિકરા

રહી શકીએ જ નહિ.

'જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તારી ઇચ્છા પૂરી થાઓ,' એ પ્રાર્થના પ્રભુ ઈસુએ શા હેતુથી શીખવી હશે? શું એ માટે નહિ કે ખ્રિસ્તના લોકોમાં ઈશ્વરેચ્છાનું સામ્રાજ્ય હોય?

દિવસને આરંભે આપણે પ્રાર્થના કરીએ છીએ, કે પ્રભુ, જીવન સાફલ્યને માટે તેં એક નવા દિવસનો લાભ આપ્યો, એ માટે તારો ઉપકાર માનીએ છીએ. કૃપા કરીને આજે અમને પાપ અને પરીક્ષણોથી બચાવ. તારો પવિત્ર આત્મા અમને દોરે, ચલાવે અને વાપરે એવી દયા કર. પવિત્ર આત્માથી અમને ભરપૂર કર અને અમારા જીવનથી તું મહિમા પામ. વગેરે.

હવે આપણે સહજ થોભી જઈએ અને પોતાને પૂછીએ, કે શું આ પ્રાર્થના સાચા દિલની ખરી જ માગણી અને લાગણીવાળી છે કે? બહુ જ અગત્ય જણાયાથી પૂરા વિચારથી અને લાગણીથી આ પ્રાર્થના કરી છે, કે આવડતા શબ્દોનો ઉપયોગ કર્યો છે? 'અમને પવિત્ર આત્માથી ભરપૂર કર' એ શબ્દો સાચેસાચ ભરપૂર થવાની ઇચ્છાથી જ કહ્યા કે? ભલે. આ પ્રાર્થના કરી, પણ એ જ પ્રાર્થના સિદ્ધ થાય એવો ખ્યાલ આખા દિવસભર રાખવામાં આવે છે કે કેમ? ધારો કે આખા મનથી કરી, તો દેવને કે પવિત્ર આત્માને જે કામ સોંપ્યું, તે તેઓ પાર પાડી શકે એવી સગવડ અને એવો સહકાર તેમને આપવામાં આવે છે કે? દેવની સાથે આપણે પ્રામાણિકપણે વર્તીએ છીએ, કે ખ્રિસ્તી હોવાથી પ્રાર્થનાની વિધિ કરી છૂટીએ છીએ? હે પ્રભુ, અમને તારા વિધિઓ શીખવ, એમ કહીને અટકીએ છીએ, કે શીખવા સારુ શાસ્ત્ર હાથમાં લઈએ છીએ?

આવા સીધા પ્રશ્નો ઊભા કરવાનું કારણ એ છે, કે આપણું નિત્યનું જીવન ઉન્નત કરવા સારુ પવિત્ર આત્મા આપણને સહાય કરવા જેવો આતુર છે, તેવા જ જો આપણે તેની સાથે સહકારી હોઈએ, તો પ્રભુને પોતાની મંડળીમાં અને આપણા જીવનમાં મહાન કાર્યો કરવાની તક મળે અને આપણે સાચું ખ્રિસ્તી જીવન ગાળી શકીએ. ચાલો, પવિત્ર આત્માથી દોરાએલાં કેટલાંક મનુષ્યોનું સ્મરણ કરીએ.

પ્રત્યેક મિશન અને મંડળીના સ્થાપકનો ઇતિહાસ જુઓ. અનુભવમાં આવેલા આસ્થાવાન સંતો અને સેવકોની સેવાનો વિચાર કરો. વગર પૈસે અને વગર સગવડે કેવળ વિશ્વાસથી દુઃખનિવારક આશ્રમો સ્થાપનારાં પંડિતા રમાબાઈ, જ્યોર્જ મુલર વગેરેનાં ઉન્નત જીવનનું રહસ્ય શોધો. આપણે કબૂલ કરવું પડશે, કે આવા સાક્ષીરૂપ સંતોની મેઘરૂપ ભીડ છે અને એવા અનેકને આજે પ્રભુ જોવા ઇચ્છે છે, પરંતુ આપણે પોતાનો ફાળો પૂરતા પ્રમાણમાં આપવામાં પાછળ રહ્યા છીએ.

**૧. પ્રભુ ઈસુએ માનવપણામાં આત્મિક જીવન જીવી બતાવ્યું.**

(૧) દેવની તથા માણસોની પ્રસન્નતામાં તે વધતો ગયો (લૂક. ૧:૫૨).

(૨) તે બાપને ગમતાં કામ નિત્ય કરતો હતો (યો. ૮:૨૯).

(૩) તેણે કહ્યું કે બાપની ઈચ્છા પૂરી કરવી એ જ મારું અન્ન છે (યો. ૪:૩૪).

(૪) જ્યાં સુધી દહાડો છે ત્યાં સુધી જેણે મને મોકલ્યો છે તેનાં કામ કરવાં જોઈએ (યો. ૯:૪).

(૫) તે કેવળ ભલું કરતો ફર્યો (પ્રે. ૧૦:૩૮).

(૬) પોતાનો નહિ પણ હમેશાં પિતાનો મહિમા શોધ્યો (યો. ૮:૫૦).

(૭) પરીક્ષણ પામ્યા છતાં નિષ્પાપ રહ્યો (યો. ૮:૪૬, હેબ્રી. ૪:૫૧).

(૮) તેની વાણી અદ્વિતીય હતી ને તેના મુખમાં કપટ નહોતું (યો. ૭:૪૬).

(૯) તે હંમેશ પવિત્ર આત્માથી જ દોરાતો રહ્યો (લૂક. ૪:૧,૧૪,૧૮).

(૧૦) તેણે શિષ્યોને પવિત્ર આત્મા આપ્યો (યો. ૨૦:૨૨, રૂમી. ૮:૯,૧૦).

આ તો નાઝરેથના ઈસુની વાત છે, કે જેને દેવે પવિત્ર આત્માથી અભિષિક્ત કર્યો, તે ભલું કરતો તથા શેતાનથી પીડાતાઓને સાજા કરતો ફર્યો (પ્રે. ૧૦:૩૮). જેના પર પવિત્ર આત્મા કબૂતરરૂપે ઊતર્યો અને ઈશ્વરપિતાએ સાક્ષી આપી કે આ મારો વહાલો પુત્ર છે. એના પર હું પ્રસન્ન છું, એનું સાંભળો.

**૨. શિષ્યોએ આત્મિક જીવન જીવી જાણ્યું (પ્રે. અ. ૨-૮).**

(૧) તેઓ પવિત્ર આત્મા પામ્યા, તેથી ભરપૂર થયા ને ભરપૂર રહ્યા.

(૨) તેઓ સંતોની સંગતમાં તથા પ્રાર્થનામાં દઢતાથી લાગુ રહેતા.

(૩) આખો સમુદાય એક જીવનો ને એક મનનો હોઈ એકત્ર રહેતો.

(૪) કોઈને મિલકતમોહ હતો નહિ, સર્વસ્વ સેવામાં અર્પી આનંદ કરતા.

(૫) હરખે અને ભોળા મને એકબીજાની ને ગરજવાનની સેવા કરતા.

(૬) પ્રાર્થનાસ્તુતિ કરવા નિત્ય મંદિરમાં એક ચિત્તે હાજર રહેતા.

(૭) માર, અપમાન, મના છતાં સુવાર્તાપ્રચાર છોડતા નહિ.

(૮) આત્માએ તેમની મારફતે કૃપાનાં અદ્‌ભુત કામો કરાવ્યાં.

(૯) સતાવનાર પર દ્વેષભાવ ન રાખતાં તેમને સારુ પ્રાર્થના કરતા.

(૧૦) તેમની ચાલથી લોકો તેમના પર પ્રસન્ન હતા ને તેમને માન આપતા.

આવી અનેક વાતો પ્રથમ મંડળીના સભાસદોના જીવનવ્યવહાર વિષે તારવી કાઢી શકાય, પણ આમાંની કેટલીક આપણને આધુનિક જીવન માટે પ્રેરણા મળે એ સારુ તારવી કાઢી છે, "તેઓને જીવન મળે અને તે પુષ્કળ મળે એ માટે હું

આવ્યો છું." એ પ્રભુ ઈસુની વાત આ મંડળીના ઐતિહાસિક જીવનમાં કેવી આબેહૂબ દૃષ્ટિગોચર થાય છે!

## ૩. આપણા વિષે આત્માની આતુર અપેક્ષા.

(૧) **દેવનો આત્મા તમારામાં વસે છે, એ શું તમે નથી જાણતા?** (૧લો કો. ૩:૧૬).

(૨) **દેવના આત્માને ન હોલવો, ને ખેદિત ન કરો.** (એફે. ૪:૩૦, ૧ થે. ૫:૧૯).

(૩) **પવિત્ર આત્માથી વહેતી નદી જેવા ભરપૂર થાઓ** (યો. ૭:૩૮).

(૪) **આત્માએ જીવે તો આત્માએ ચાલે પણ** (ગલા. ૫:૨૫).

(૫) **દેવમાં રહેવા સારુ આત્માએ તમે સંતો સાથે બંધાએલા છો** (એફે. ૨:૨૨).

(૬) **ગાઓ, ખાઓ, કે જે કરો તે આત્માની રાહે કરો** (કલો. ૨:૧૬).

(૭) **આત્માએ ચાલીને આત્માનું ફળ ઉપજાવો** (ગલા. ૫:૨૨).

(૮) **જે પ્રભુ પાસે શીખતો નથી તે શેતાન પાસેથી શીખશે** (યો. ૮:૪૩, ૪૪).

(૯) **જેને ખ્રિસ્તનો આત્મા નથી તે ખ્રિસ્તનો નથી** (રૂમી. ૮:૯).

(૧૦) **આત્માથી પરમ સ્વરૂપમાં બદલાઓ** (રૂમી. ૧૨:૨).

ભાઈઓ, હું તમને વિનંતિ કરું છું કે દેવની દયાની ખાતર તમારાં શરીરોનું જીવતું, પવિત્ર અને દેવને પસંદ પડે એવું અર્પણ કરો, એ તમારી બુદ્ધિપૂર્વક સેવા છે. આ જગતનું રૂપ ન ધરો, પણ તમારાં મનોના નવીનકરણથી પરમરૂપમાં બદલાઓ, એ માટે કે દેવની સારી, માન્ય અને સંપૂર્ણ ઈચ્છા શી છે તે તમે પારખી શકો (રૂમી. ૧૨:૨). જેણે તમને તેડ્યા છે તેના સદ્‌ગુણો પ્રગટ કરો (૧લો પી. ૨:૯).

## ૪. પવિત્ર આત્મા સાથે આપણો વહિવટી સંબંધ.

(૧) **આત્મિક દાનો ચટાવાં** (૧લો કો. ૧૩:૩૧, ૧૪:૧).

આત્મિકપણાની સાબિતી એ આત્મિક વાનાંની ભૂખ છે. દેવનું કામ કરવા સારુ દેવનાં છોકરાંને દેવનો સ્વભાવ અને દેવની યોજના તથા શક્તિ જોઈએ. આત્મિક માણસ આત્માનાં વાનાં પર ચિત્ત લગાડે છે (રૂમી. ૮:૫).

(૨) **દાનોનો સદુપયોગ કરવો** (૧લો કો. ૧૨:૭, ૧૪:૩).
બહુ જ વિચારપૂર્વક યાદ રાખવું જોઈએ, કે આત્માનું કોઈપણ પ્રકારનું દાન - પછી તે પૈસો હોય કે મિલકત હોય, વહીવટ હોય યા કશું બીજું દાન હોય, પણ એ સર્વ મંડળીના હિતને અર્થે ને સૌના સંસ્થાપન, સુબોધ અને દિલાસાને સારુ છે. જેથી ખ્રિસ્તી મંડળીની કે ખ્રિસ્તના નામની નિંદા થાય અથવા પ્રગતિ અટકે, એ આત્મિકપણાનું શિક્ષણ નથી.

(૩) **દાનોને વ્યવસ્થાસર વાપરવાં** (૧લો કો. ૧૪:૨૬,૩૨).
યાદ રાખીએ કે દેવ ગરબડનો નથી, પણ શાંતિનો છે. તે પોતાનાં કામો સમયસર અને વ્યવસ્થિતપણે થવા દે છે. અપ્રેમ, અવ્યવસ્થા, બેમત અને બીનજવાબદારી એ ખ્રિસ્તના આત્માનું લક્ષણ નથી. સર્વને એક જ આત્મા પીવડાવવામાં આવ્યો છે એટલે પ્રેમની એક્તા વિના બીજું સંભવે જ નહિ.

(૪) **ખ્રિસ્ત અને શેતાન વચ્ચે મેળ નથી** (૨જો કો. ૬:૧૪-૧૮).
આત્મિક પ્રગતિને માટે શેતાની યોજના ન ચાલે. સારા કામની સફળતા માટે ભૂંડાનો આશ્રય હોઈ શકે નહિ (રૂમી. ૧૨:૨૧). ખ્રિસ્તને બેલ્યાલ સાથે શો મેળ? શેતાનને ઊલટા ઊભા રહો (યા. ૪:૭).

(૫) **જે સ્થિર છે તે ન પડે માટે સંભાળે** (૧લો કો. ૧૦:૧૨).
પવિત્ર આત્માનું રક્ષણ અને પોષણ છતાં તેને માનવા ન માનવાનો નિશ્ચય માણસની મુક્તેચ્છા ઉપર છે.

પવિત્ર આત્મા આપણી નિર્બળતાની સહાય કરે છે. યથાયોગ્યપણે શી રીતે પ્રાર્થના કરવી એ પણ આપણે જાણતા નથી, માટે આત્મા પોતે અવાચ્ય નિસાસારુે કરીને આપણે સારુ મધ્યસ્થી કરે છે (રૂમી. ૮:૨૬).

જે ખ્રિસ્ત ઈસુમાં છે તે નવી ઉત્પત્તિ થયો છે. જે જૂનું તે વહી ગયું છે, જુઓ, સઘળું નવું થયું છે. ખ્રિસ્તી હોઈને કોઈ પોતાને અર્થે જીવી શક્તો નથી (૨જો કો. ૫:૧૬, ૧૭).

પ્રકરણ ૧૦

# ઉધ્ધારનાં વચનો અને આત્માની અગમવાણી

**૧. દેવનું સાર્વજનિક દાન.**

**દેવ કહે છે કે હું સર્વ દેહધારીઓ પર મારો આત્મા રેડી દઈશ.**
**અને તમારા દીકરા તથા દીકરીઓ ભવિષ્યવાદ કરશે.**
**તમારા વૃધ્ધોને સ્વપ્ન આવશે ને જુવાનોને સંદર્શનો થશે,**
**અને દાસો તથા દાસીઓ પર હું મારો આત્મા રેડી દઈશ.**
**(યોએલ. ૨:૨૮,૨૯).**

કોઈ લોક એવી ભ્રમણા સેવે છે, કે પવિત્ર આત્મા યા તેનું દાન તો કોઈ ગણ્યાગાંઠ્યા પસંદિતોને જ મળે, સૌને નહિ. આ વાત જૂના કરારમાં સાચી હતી ખરી, પરંતુ અત્યારે ખરી નથી. ઉપરનું દેવ વચન તો કહે છે કે સર્વ દેહધારીઓ પર રેડીશ. કોઈ પણ માણસ બાકી રહી જાય એવું ઈશ્વર ચાહતો નથી (૧લો તી. ૨:૪). મા બાપ, દીકરા, દીકરી, નોકર, શેઠ, વૃદ્ધ, જુવાન સૌ પર. ઓનેસીમસ જેવા ગુલામ અને કસબેણો ઉપર પણ! કોઈ પ્રકૃતિનું, કોઈ પંક્તિનું, કે કોઈ પદવીનું માણસ રહી ન જતાં સઘળાં પાપના બંધનથી છૂટીને દેવના સ્વભાવનાં ભાગીદાર થાય એવું દેવ ઈચ્છે છે. શું આના કરતાં વધુ ખાતરી કે ઉત્તેજનની કોઈને જરૂર લાગે છે? વચન છે, આપેલો છે. કેવળ સ્વીકારવાનું જ રહે છે.

પ્રભુએ કહેલું કે હું તમને અનાથ નહિ મૂકીશ, પણ તમારી પાસે પાછો આવીશ. શું ન્યાયકાળે? ના. થોડી જ વાર પછી. પ્રાયશ્ચિત્તની રજૂઆત કરી પરમ પવિત્રસ્થાનનો માર્ગ સૌને માટે ઉઘાડીને ત્રીજે જ દહાડે, તે પણ વળી અવારનવાર દર્શન દઈશ કે આઠ દસ દહાડે મળી જઈશ એમ નહિ. જગતના અંત સુધી હું તમારી (વિશ્વાસીઓની) સાથે છું. અરે, મારે નામે જ્યાં બે અથવા ત્રણ મળેલા હશે તેઓની વચમાં હું છું (મા. ૨૮:૨૦, ૧૮:૨૦).

ડૉ. જ્યોર્જ વિલ્સન કહે છે કે પવિત્ર આત્મા એટલે મારે મન તો ઈમાનુએલ. શાસ્ત્ર કહે છે કે ઈમાનુએલ એટલે દેવ આપણી સાથે. પ્રભુ ઈસુ કહે છે કે પવિત્ર આત્મા તમારામાં વાસો કરશે. હા, હું તથા બાપ પણ આવીને તમારી સાથે વસીશું (યો. ૧૪:૨૭).

ખ્રિસ્ત પર વિશ્વાસ કરનારને ત્રિએક દેવની કેવી અખંડ સંગત! એ કરતાં મોટો આશીર્વાદ બીજો શો હોઈ શકે? શેતાનની સામે આપણે પક્ષે લડનાર અને જીવનના સર્વ સંજોગોમાં આપણી સહાય કરનાર આ દૈવી વ્યવસ્થા દુનિયામાં બીજા કોઈ પણ ધર્મમાં છે જ નહિ. God is at work in you, both to will and to work (ફિલિ. ૨:૧૨). કેવી અજબ કૃપા! દેવના અનિર્વાચ્ય દાનોને માટે તેની સ્તુતિ થાઓ.

## ૨. આગ્રહી આમંત્રણ.

પ્રભુ ઈસુએ કહ્યું, કે જુઓ, હું મારા બાપનું વચન તમારા પર મોકલું છું, પણ તમે ઉપરથી પરાક્રમે વેષ્ટિત થાઓ ત્યાં સુધી શહેરમાં રહેજો (લૂક. ૨૪:૪૯) કેમ કે

પવિત્ર આત્મા તમારા પર આવશે, ત્યારે જ તમે સામર્થ્ય પામશો અને પૃથ્વીના છેડા સુધી મારા સાક્ષી થશો (પ્રે. ૧:૮).

ઓ સઘળા વૈતરૂં કરનારાઓ તથા ભારથી લદાએલાઓ, તમે મારી પાસે આવો અને હું તમને વિસામો આપીશ. મારી ઝૂંસરી પોતા પર લો અને મારી પાસે શીખો, કેમ કે હું મનમાં નમ્ર તથા રાંકડો છું અને તમે પોતાના જીવનમાં વિસામો પામશો (માથ્થી. ૧૧:૨૮,૨૯).

પવિત્ર આત્મા કહે છે કે હાલ માન્યકાળ છે. સમય પૂરો થયો છે. માટે આજ તમે દેવવાણી સાંભળો, ને રાનમાં પરીક્ષણના દહાડાઓમાં જેમ ઈસ્રાએલે કરેલું, તેમ તમારાં હૃદય કઠણ કરશો નહિ (હેબ્રી. ૩:૭, ૮).

આત્મા તથા મંડળી કહે છે કે આવો, જેને તરસ લાગે છે તે આવે, જે ચાહે તે આવે અને જીવનનું પાણી મફત લે (પ્રકટી. ૨૨:૧૭).

જુઓ, હું બારણા આગળ ઊભો રહીને ઠોકું છું, જો કોઈ મારી વાણી સાંભળે ને બારણું ઉઘાડે, તો હું તેની પાસે માંહે આવીશ, ને તેની સાથે જમીશ અને તે મારી સાથે જમશે (પ્રકટી. ૩:૨૦).

હું પ્રાતઃકાળે ઊઠીને તથા મારા સેવકોને તમારી પાસે મોકલીને તમને વીનવી રહ્યો છું (યર. ૭:૨૫), પણ બારણું બંધ થશે અને તમે કહેશો કે સ્વામી, અમારે સારુ ઉઘાડ, ત્યારે તમને સાફ કહીશ, કે હું તમને ઓળખતો નથી. ઓ ભૂંડું કરનારા - શાપિતો, જે સાર્વકાળિક અગ્નિ શેતાન તથા તેના દૂતોને સારુ તૈયાર કરેલો છે, તેમાં તમે મારી આગળથી જાઓ (મા. ૨૫:૪૧).

માઠા દિવસો આવ્યા અગાઉ અને જે વિષે તું કહેશે કે એમાં મને કંઈ શાંતિ નથી. તે નજદીક આવી પહોંચ્યા પહેલાં તારા ઉત્પન્નકર્તાનું સ્મરણ કર (સભા. ૧૨:૧), અને પવિત્ર આત્મા જેણે તને ઉદ્ધારના દહાડાને સારુ મુદ્રિત કર્યો તેને ખેદિત ન કર (એફે. ૪:૩૦).

પવિત્ર આત્મા શું કહે છે, તે જેને કાન છે તે સાંભળે (પ્રકટી. ૨:૭).

**૩. આત્માની અગમવાણી** (પ્રકટી. અ. ૨,૩)

તારાં કામ, શ્રમ, ધીર, સહનતા, પ્રેમ, વિશ્વાસ ને સેવા હું જાણું છું.
તું પાપનો વિરોધ કરે છે અને વાત પાળે છે એ પણ હું જાણું છું.
તે વિશ્વાસ નકાર્યો નથી ને તારાં કામ પહેલાંના કરતાં સારા છે તે જાણું છું,
તારી વિપત્તિ ને દરિદ્રતા, તારાં જોખમી સ્થાન ને વાતાવરણ જાણું છું.
પણ તું નામે જીવે છે પણ મૂએલો છે, તું નથી ટાઢો કે ઊનો,
તેં તારા પહેલા પ્રેમનો ત્યાગ કર્યો છે.
મૂર્તિઓનું નૈવેદ ખાનાર ને વ્યભિચારીઓને તું સાંખે છે,
તું કહે છે કે હું ધનવાન છું ને મને કશાની ગરજ નથી,
પણ તું કંગાળ, બેહાલ, દરિદ્રી, આંધળો તથા નગ્ન છે,
તારાં કામ સંપૂર્ણ થએલાં મેં જોયાં નથી,
માટે તું જાગૃત થા, પસ્તાવો કર અને પ્રથમનાં કામ કરવા માંડ,
તારું જે છે તે ધરી રાખ, કે કોઈ તારો મુગટ લઈ ન લે.
તું મરણ સુધી વિશ્વાસુ થઈ રહે.
ધનવાન થવા મારી પાસેથી પરખેલું સોનું લે,
લાજ ઢાંકવા ઉજળાં વસ્ત્ર ને દેખતો થવા અંજન લે.
હું તારું બારણું ઠોકું છું, ઊઘાડશે તો માંહે આવીને તારી સાથે જમીશ,
નહિ તો મારા મુખની તલવારથી તારી સામે લડીશ ને તને ઓકી કાઢીશ
જેટલાં પર પ્રેમ કરું છું, તેટલાને ઠપકો તથા શિક્ષા આપું છું
શેતાન તને બંદીખાને નાખવાનો છે, તને દસ દહાડાની વિપત્તિ થશે.
છતાં એ કસોટીના સમયથી તને બચાવીશ, તેઓ તારે પગે પડશે.
જે જીતે છે તેને પારાદૈશમાંના જીવનના ઝાડ પરનું ખાવાને આપીશ.
જે જીતે છે તેને જીવનનો મુગટ આપીશ.
તેને બીજા મરણનું દુઃખ લાગશે નહિ.

X X X

જે જીતે છે તેને મારા રાજ્યાસન પર મારી પાસે બેસવા દઈશ.
પ્રત્યેકને તેનાં કામ પ્રમાણે ભરી આપવાને મારી પાસે બદલો છે.
ઈશ્વર જગત સાથે વારેવારે ને અનેક પ્રકારે બોલ્યો છે.
જો આજે તેની વાણી સાંભળો તો કેવું સારું. "જો તે તને બોલાવે છે."
ઈશ્વર પિતાનો પ્રેમ, પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપા, ને પવિત્ર આત્માની સંગત.
તમારા આત્માની સાથે સદાકાળ હો. આમેન.

## ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના અન્ય પ્રકાશનો

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત |
|---|---|---|
| ૧. | કલશોર | ૨૦-૦૦ |
| ૨. | ફૂલદાની | ૧૫-૦૦ |
| ૩. | સાચો મિત્ર | ૨૫-૦૦ |
| ૪. | તમારા સંજોગોનો સંચાલક | ૨૫-૦૦ |
| ૫. | વધસ્તંભની વાટે | ૩૦-૦૦ |
| ૬. | ઉત્પત્તિ અને ઉત્ક્રાંતિવાદ | ૪૦-૦૦ |
| ૭. | જખમ અને જીવન | ૩૦-૦૦ |
| ૮. | યાત્રાકારી ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૯. | માણસના મૃત્યુ પછી તેના શરીર અને આત્માનું શું થાય છે? | ૪૦-૦૦ |
| ૧૦. | વિશ્વ વ્યાપી જળપ્રલય | ૩૦-૦૦ |
| ૧૧. | પ્રાર્થનાંજલી | ૦૫-૦૦ |
| ૧૨. | ઉત્પત્તિનો સંદેશ | ૪૦-૦૦ |
| ૧૩. | અનોખી ઈઝરાએલ પ્રજા | ૧૨૫-૦૦ |
| ૧૪. | જૂનો કરાર તેની રચના તથા સંદેશા | ૬૫-૦૦ |
| ૧૫. | બાઈબલનો શબ્દકોશ | ૫૦-૦૦ |
| ૧૬. | હિબ્રુઓને પત્રનો સંદેશ | ૫૦-૦૦ |
| ૧૭. | એ શી તરેહનું માણસ | ૩૦-૦૦ |
| ૧૮. | જનસામાન્ય માટે બાઈબલ માર્ગદર્શિકા | ૪૦-૦૦ |
| ૧૯. | જીવન સાફલ્ય ને મનન | ૬૦-૦૦ |
| ૨૦. | યશાયા | ૧૨૫-૦૦ |
| ૨૧. | અયૂબ | ૬૦-૦૦ |
| ૨૨. | સાચુ મોતી | ૧૦-૦૦ |
| ૨૩. | માર્કનો સંદેશો | ૫૦-૦૦ |
| ૨૪. | પ્રેષિતોના કાર્ય દ્વારા મળતો ઈશ્વરીય સંદેશ | ૮૦-૦૦ |
| ૨૫. | ફિલિપ્પીનો પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૨૬. | ગિરિપ્રવચન | ૪૦-૦૦ |
| ૨૭. | કરંથિઓનો પહેલા પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૨૮. | કરંથિઓનો બીજા પત્રનો સંદેશ | ૩૦-૦૦ |
| ૨૯. | સભાશિક્ષક | ૩૦-૦૦ |
| ૩૦. | ટેકરીઓનો સાદ | ૧૦૦-૦૦ |
| ૩૧. | દૈનિક પ્રકાશ | ૭૫-૦૦ |
| ૩૨. | સમૃદ્ધ ખ્રિસ્તી જીવન | ૩૦-૦૦ |
| ૩૩. | પ્રાર્થનાનો પડકાર | ૩૦-૦૦ |
| ૩૪. | નામકોષ | ૫૦-૦૦ |
| ૩૫. | પવિત્ર શાસ્ત્રનો અભ્યાસી | ૬૦-૦૦ |

## ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના અન્ય પ્રકાશનો

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત |
|---|---|---|
| ૩૬. | યશાયા | ૧૨૫-૦૦ |
| ૩૭. | ક્ષિતિજને પેલે પારથી | ૨૦-૦૦ |
| ૩૮. | દાઉદ ભક્તના પસંદિત ગીતો આધારીત મનન | ૪૦-૦૦ |
| ૩૯. | ઈસુના પગલે પગલે | ૨૦-૦૦ |
| ૪૦. | સ્વર્ગ યાત્રા | ૨૦-૦૦ |
| ૪૧. | માર્કનો સંદેશો | ૫૦-૦ |
| ૪૨. | અયૂબ | ૬૦-૦૦ |
| ૪૩. | ટેકરીઓનો સાદ | ૧૦૦-૦૦ |
| ૪૪. | જૂનો કરાર, તેની રચના તથા સંદેશો | ૬૫-૦૦ |
| ૪૫. | પ્રાર્થના પરાયણ જોન હાઈડ | ૩૦-૦૦ |
| ૪૬. | પરિવર્તન પામેલાં પાત્રો | ૧૫-૦૦ |
| ૪૭. | બારાબ્બાસ | ૩૦-૦૦ |
| ૪૮. | પ્રેષિતોના કૃત્યો | ૮૦-૦૦ |
| ૪૯. | ચિત્રમય બાઇબલ અભ્યાસક્રમ સેટ | ૧૫-૦૦ |
| ૫૦. | ધી રોબ | ૨૦-૦૦ |
| ૫૧. | પ્રબોધકો અને તેના કાર્યો | ૨૦-૦૦ |
| ૫૨. | અનોખી ઈઝરાયેલ પ્રજા | ૧૨૫-૦૦ |
| ૫૩. | સભા શિક્ષક | ૩૦-૦૦ |
| ૫૪. | અનેક માની આંસુભરી પ્રાર્થનાના પરિણામ | ૧૫-૦૦ |
| ૫૫. | યાત્રાકારી | ૨૦-૦૦ |
| ૫૬. | વધસ્તંભના સાપ્તવચન | ૧૫-૦૦ |
| ૫૭. | કૌટુંબિક વેદી | ૧૦-૦૦ |
| ૫૮. | બેનહર | ૩૦-૦૦ |
| ૫૯. | કલશોર | ૨૦-૦૦ |
| ૬૦. | પવિત્રશાસ્ત્રનો અભ્યાસી | ૬૦-૦૦ |
| ૬૧. | ફિલિપીઓના પત્રનો સંદેશો | ૪૦-૦૦ |
| ૬૨. | ફૂલદાની | ૧૫-૦૦ |
| ૬૩. | ટૈટસ | ૩૫-૦૦ |
| ૬૪. | શબ ગુફાનો શહીદ અને ઓરિસ્સાની પ્રજ્વલિત શહાદત | ૧૫-૦૦ |

## ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના અન્ય પ્રકાશનો

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત |
|---|---|---|
| ૬૫. | જીવન સાફલ્ય અને મનન | ૬૦-૦૦ |
| ૬૬. | જનસામાન્ય માટે બાઇબલ માર્ગદર્શિકા | ૪૦-૦૦ |
| ૬૭. | એ શી તરહેનું માણસ | ૩૦-૦૦ |
| ૬૮. | હિબ્રુઓને પત્રનો સંદેશ | ૫૦-૦૦ |
| ૬૯. | બાઈબલનો શબ્દકોશ | ૫૦-૦૦ |
| ૭૦. | જૂનો કરાર અને તેની રચના તથા સંદેશા | ૬૫-૦૦ |
| ૭૧. | ઉત્પત્તિનો સંદેશ | ૪૦-૦૦ |
| ૭૨. | પ્રાર્થનાંજલી | ૦૫-૦૦ |
| ૭૩. | વિશ્વ વ્યાપી જળપ્રરલય | ૩૦-૦૦ |
| ૭૪. | માણસના મૃત્યુ પછી તેના શરીર અને આત્માનું શું થાય છે? | ૪૦-૦૦ |
| ૭૫. | યાત્રાકારી ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૭૬. | જખમ અને જીવન | ૩૦-૦૦ |
| ૭૭. | ઉત્પત્તિ અને ઉત્ક્રાંતિવાદ | ૪૦-૦૦ |
| ૭૮. | વધસ્તંભની વાટે | ૩૦-૦૦ |
| ૭૯. | તમારા સંજોગોનો સંચાલક | ૨૫-૦૦ |
| ૮૦. | સાચો મિત્ર | ૨૫-૦૦ |
| ૮૧. | ફૂલદાની | ૧૫-૦૦ |
| ૮૨. | કલશોર | ૨૦-૦૦ |
| ૮૩. | પરિવર્તન પામેલા પાત્રો | ૧૫-૦૦ |
| ૮૪. | જેમ્સ હડસન ટેલર | ૧૫-૦૦ |
| ૮૫. | કલરવ | ૨૫-૦૦ |
| ૮૬. | વિલ્યમ કેરી | ૧૫-૦૦ |
| ૮૭. | શરણાગતી | ૨૦-૦૦ |
| ૮૮. | જીવન જીવી જાણનારા અપંગો | ૨૦-૦૦ |
| ૮૯. | રાજાનો કેદી દાનિયેલ | ૧૫-૦૦ |
| ૯૦. | વૈદિક ખોજની પરિપૂર્ણતા ઈસુખ્રિસ્ત | ૨૫-૦૦ |
| ૯૧. | ખ્રિસ્તી ઈશ્વર વિદ્યાના તત્વો | ૩૫-૦૦ |
| ૯૨. | હૃદય પલટો વિશ્વ પલટો | ૧૦-૦૦ |
| ૯૩. | ગીતોનું ગીત | ૬૦-૦૦ |
| ૯૪. | નાતાલની વાતો | ૧૦-૦૦ |
| ૯૫. | ડેવિડ બાઉમન | ૨૦-૦૦ |

## [THOUGHTS ON THE HOLY SPIRIT]

by Rev. Dr. G. K. Satvedi (D.D.)



**રેવ. ડૉ. જેમ્સ ગ્લાસગો**

(ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના સ્થાપક - પથદર્શક)

*Published & Distributed by :*

**GUJARAT TRACT AND BOOK**

Sahitya Seva Sadan, Near Gujarat C

Ellisbridge, Ahmedabad-380 006. IND

9BGP2